ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# ઈષ્ટોપદેશ પ્રવચન

(શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી ઈષ્ટોપદેશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અલગથી ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત
૨૦૭૫

વીર સંવત
૨૫૪૫

ઈ. સન
૨૦૧૯


**પ્રકાશન**

તા. ૧૭-૮-૨૦૧૯, શ્રાવણ વદ ૨

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૬મી જન્મ જયંતી



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬

www.vitragvani.com, email-info@vitragvani.com



ટાઈપ સેટિંગ

પૂજા ઈમ્પ્રેશન્સ

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

# પ્રકાશકીય નિવેદન

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખેથી નીકળેલ દિવ્યધ્વનિમાં, સંસારદુઃખથી તપ્ત જીવોનું આત્મહિત કેમ થાય તથા શાશ્વત સિદ્ધિ સુખની પ્રાપ્તિનો ઉપાય વિશદ્ રૂપે પ્રકાશિત થયેલ છે. જેમણે સ્વયંના પુરુષાર્થ પરાક્રમથી સમસ્ત વિભાવભાવોનો ધ્વંસ કરી સ્વરૂપ સામ્રાજ્યની પ્રાપ્તિ કરી તેઓ જ હિતોપદેશી કહેવાને યોગ્ય છે. પરિપૂર્ણ નિર્દોષ પરમાત્મા જ નિર્દોષ થવાનો માર્ગ સ્પષ્ટપણે પ્રકાશી શકે છે, અન્ય કોઈ નહિ. પ્રવર્તમાન શ્રી મહાવીર ભગવાનના શાસનમાં અનેક આચાર્યોએ જિનેન્દ્રદેવ પ્રણીત મોક્ષમાર્ગને આકાશના સ્તંભ બનીને જીવંત રાખ્યો છે. પરમાગમોમાં જિનેન્દ્રદેવ પ્રણીત સમ્યક્ મોક્ષમાર્ગનું નિરૂપણ કરીને વર્તમાન ભવ્ય જીવો ઉપર અનંત અનંત ઉપકાર કર્યો છે.

આચાર્ય ભગવંતોએ સ્વયંના અનુભવમાં કલમને બોળીને, નિર્વિકલ્પ દશામાં ઝુલતા ઝુલતા સવિકલ્પાત્મક દશામાં આવીને ભવ્ય જીવોના હિતને માટે મહાન પરમાગમોની રચના કરી છે. જિનશાસન પરંપરામાં અનેક મહાન આચાર્યો થયા, એમાં શ્રીમદ્ પૂજ્યપાદસ્વામીનું નામ પણ પ્રચલિત છે. તેઓ કર્ણાટક પ્રાંતના રહીશ બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલ પ્રખર વિદ્વાન હતા. એટલું જ નહિ તેઓ ઉત્કૃષ્ટ ચારિત્રના સાધક પણ હતા. તેઓ ભારતભૂમિમાં છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધમાં થઈ ગયા—એમ વિદ્વાનોનું માનવું છે. તેમનું દીક્ષાનામ દેવનંદી હતું અને પાછળથી તેઓ પૂજ્યપાદ, જિનેન્દ્રબુદ્ધિ આદિ અપર નામોથી પ્રસિદ્ધ થયા હતા.

પ્રાચીન શિલાલેખમાં તેઓશ્રીનો ઉલ્લેખ પણ જોવામાં આવે છે. પૂજ્યપાદ નામ શાના ઉપરથી પડ્યું તેનો ઉલ્લેખ પણ જોવા મળે છે, જે પાઠકવર્ગે જાણવાયોગ્ય છે. શ્રી પૂજ્યપાદે ધર્મરાજ્યનો ઉદ્ધાર કર્યો, દેવોના અધિપતિઓએ તેમનું પાદપૂજન કર્યું તેથી તેઓ પૂજ્યપાદ કહેવાયા. આ શિલાલેખોમાં એવો પણ ઉલ્લેખ છે કે તેઓ અદ્વિતીય ઔષધઋદ્ધિના ધારક હતા. વિદેહક્ષેત્રસ્થિત જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેઓ પવિત્ર થયા હતા તથા તેમના ચરણજળના સ્પર્શથી એક વખત લોઢું પણ સુવર્ણ થઈ ગયું હતું. મહા યોગીઓ માટે આવી ઘટના બનવી અસંભવિત નથી.

તેમની કૃતિઓમાં જૈનેન્દ્રવ્યાકરણ, સર્વાર્થસિદ્ધિ, સમાધિતંત્ર, ઈષ્ટોપદેશ આદિ ગ્રંથો તે તે વિષયોમાં જૈનસમાજમાં બહુ આધારભૂત મનાય છે. તેમની ભાષાશૈલી સરળ, રોચક તથા હૃદયસ્પર્શી છે. શિલાલેખો, ઉપલબ્ધ ગ્રંથો અને ઐતિહાસિક ગવેષણાથી જણાય છે કે પૂજ્યપાદસ્વામી એક સુપ્રતિષ્ઠિત જૈનાચાર્ય, મહાન દાર્શનિક, ધુરંધર કવિ, મહાન તપસ્વી હતા. તેમના દિગંતવ્યાપી યશ અને વિદ્વત્તાથી આકર્ષાઈને કર્ણાટકના ઈ.સ. ૮, ૯ અને ૧૦મી

શતાબ્દીના પ્રાયઃ સર્વ પ્રાચીન વિદ્વાન કવિઓએ પોતપોતાના ગ્રંથોમાં બહુ ભક્તિ-ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પી તેમની મુક્તકંઠે ખૂબ ખૂબ પ્રશંસા કરી છે.

મહાન જંગલવાસી ભાવલિંગી સંતોની સ્વરૂપસદશ્ય પરિણતિની તો વાત જ શું કરવી? તેના દર્શનમાત્રથી સંસારીજીવના પરિભ્રમણનો છેદ થઈ જાય. પરંતુ આવા મહાન ભાવલિંગી સંતની ઓળખાણ કરાવનાર આ કાળના અધ્યાત્મયોગી વિદેહવાસી દિવ્ય કરુણામૂર્તિ ભાવિ તીર્થાધિનાથ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી, એક અદ્વિતીય સત્પુરુષ થયા. લુપ્ત પ્રાયઃ મોક્ષમાર્ગને જીવંત કરી શ્રી મહાવીરસ્વામીની પરંપરાગત દેશનાને સજીવન કરી મૃતકસમ જીવોને પ્રાણ અર્પી નવજીવન આપ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના વર્તમાન જીવનકાળ દરમ્યાન તેઓશ્રી અનેક દિગંબર ગ્રંથનો ઊંડાણથી અભ્યાસ કરી, જેમ સમુદ્રમાંથી મોતી કાઢી આપે, તેમ તેઓશ્રીએ મહાન પરમાગમરૂપી સમુદ્રનું મંથન કરીને દિવ્ય મોતીમાળા મુમુક્ષુજીવોને કરકમળમાં આપી છે. અનેક જૈનાચાર્યોના હૃદયમાં પેસી તેમના હાર્દને, રહસ્યને સમાજમાં દાંડી પીટીને જાહેર કર્યા છે. તેઓશ્રીની સ્વતંત્રતાની ઘોષણા, સિંહનાદના આજે પણ ટેપમાં સ્પષ્ટ દર્શન થાય છે. ભાવિ તીર્થંકરદ્રવ્યની દેશનાના દર્શન, શ્રવણનો લાભ સાંપ્રત સમાજને પ્રાપ્ત થયો છે. સમીપવાસી જીવોએ દિવ્ય દેશનામૃતના ઘૂંટડા ભરી ભરી દીધા તેઓ ધન્ય છે!

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનસમુદ્રનું એક દિવ્ય બિંદુ છે—ઈષ્ટોપદેશ ઉપરના તેઓશ્રીના અક્ષરશઃ પ્રવચનો. પ્રત્યેક પ્રવચનમાં ભૂતાર્થ જ્ઞાયકસ્વભાવના આશ્રયને કેન્દ્રબિંદુમાં રાખીને આવેલી તેમની પ્રવચનશૈલી ખરેખર હૃદયસ્પર્શી છે. અનેક શાસ્ત્રો ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીની વીતરાગતાસભર વાણીનો સંગ્રહ વર્તમાન મુમુક્ષુ સમાજને ઉપલબ્ધ છે, જે મહાભાગ્યની વાત છે. પ્રસ્તુત ઈષ્ટોપદેશ ગ્રંથ ઉપરના પ્રવચનો મુમુક્ષુજીવને આત્મહિતમાં અવશ્ય ઉપકારી થાય એવા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દેશના મુમુક્ષુજીવને અંતઃકરણને જાગૃત કરીને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે અવશ્ય પ્રેરણાસ્પદ થાય છે. અધ્યાત્મરસ સભર શૈલી, આત્મહિતને પ્રગટરૂપે દર્શાવનારી પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાનું વર્ણન કરવાને અસમર્થ છીએ; છતાં તેઓશ્રીને પ્રાપ્ત શ્રુતલબ્ધિ પ્રત્યે તથા ભવનાશક ભગવતી પ્રજ્ઞા પ્રત્યે અહોભાવપૂર્વક પવિત્ર ચરણોમાં નત મસ્તક કરીએ છીએ. પૂજ્ય ગુરુદેવ મહિમાપ્રકાશક તદ્ભક્ત ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન તથા અન્ય ધર્માત્માઓને સ્મરણમાં લઈ તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ. તત્પશ્ચાત્ દિવ્ય વીતરાગ વાણીને સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com)ના માધ્યમથી જન જન સુધી પહોંચાડવાના ઉમદા કાર્યનું સૌભાગ્ય

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા મુંબઈને સંપ્રાપ્ત થયું. આ જ પ્રવચનોને ગ્રંથારૂઢ કરવાનું પણ વિશેષ સૌભાગ્ય ટ્રસ્ટને પ્રાપ્ત થયું છે. તેથી આ પ્રસંગે ઈષ્ટોપદેશ ગ્રંથના વિભિન્ન સમયે થયેલા પ્રવચનો જે પાછળથી ઉપલબ્ધ થયા તેમને એકત્રિત કરી પ્રસ્તુત પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. આ પ્રવચનોને સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ તથા શ્રીમતી મંજુબેન ગાલા, સાંતાક્રુઝ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો સમસ્ત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલેપાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષિતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | ગાથા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૦૧ | ૨૫.૦૯.૧૯૫૬ | ૧૬, ૧૭ | ૦૪ |
| ૦૨ | ૦૧.૧૦.૧૯૫૬ | ૧૭ | ૧૭ |
| ૦૩ | ૦૨.૧૦.૧૯૫૬ | ૨૨, ૨૩ | ૩૧ |
| ૦૪ | ૦૫.૧૦.૧૯૫૬ | ૨૫, ૨૬ | ૪૬ |
| ૦૫ | ૦૮.૧૦.૧૯૫૬ | ૨૯ થી ૩૧ | ૫૭ |
| ૦૬ (૮૧૦)[૧] | ૦૭.૧૦.૧૯૫૬ | ૨૮, ૨૯ | ૮૦ |


૧. www.vitragvani.com પ્રમાણે પ્રવચન ૮૧૦




# શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી આચાર્યદેવ

ॐ

परमात्मने नमः।

# ઈષ્ટોપદેશ પ્રવચન

(શ્રીમદ્ પૂજ્યપાદસ્વામી વિરચિત શ્રી ઈષ્ટોપદેશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અલગથી ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

यहाँ पर शिष्य का कहना है कि धन जिससे पुण्य का उपार्जन किया जाता है, वह निंद्य-निंदा के योग्य क्यों है? पात्रों को दान देना, देव की पूजा करना, आदि क्रियाएँ पुण्य की कारण हैं, वे सब धन के बिना हो नहीं सकती। इसलिए पुण्य का साधनरूप धन निंद्य क्यों? वह तो प्रशंसनीय ही है। इसलिये जैसे बने वैसे धन को कमाकर पात्रादिकों में देकर सुख के लिए पुण्य संचय करना चाहिये। इस विषय में आचार्य कहते हैं—

त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः।
स्वशरीरं स पङ्केन स्नास्यामीति विलम्पति।।१६।।

पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।
स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।

अर्थ :— जो निर्धन, पुण्यप्राप्ति होगी इसलिये दान करने के लिये धन कमाता या जोड़ता है, वह 'स्नान कर लूँगा' ऐसे ख्याल से अपने शरीर को कीचड़ से लपेटता है।

अर्थ—जो निर्धन ऐसा ख्याल करे कि 'पात्रदान, देवपूजा आदि करने से

नवीन पुण्य की प्राप्ति और पूर्वोपार्जित पाप की हानि होगी, इसलिये पात्रदानादि करने के लिए धन कमाना चाहिये।' नौकरी, खेती आदि करके धन कमाता है, समझना चाहिये कि वह 'स्नान कर डालूँगा' ऐसा विचार कर अपने शरीर को कीचड़ से लिप्त करता है। खुलासा यह है कि जैसे कोई आदमी अपने निर्मल अंक को 'स्नान कर लूँगा'का ख्याल कर कीचड़ से लिप्त कर डाले, तो वह बेवकूफ ही गिना जाएगा। उसी तरह पाप के द्वारा पहिले धन कमा लिया जाय, पीछे पात्रदानादि के पुण्य से उसे नष्ट कर डालूँगा, ऐसे ख्याल से धन के कमाने में लगा हुआ व्यक्ति भी समझना चाहिए। संस्कृत टीका में यह भी लिखा हुआ है कि, चक्रवर्ती आदिकों की तरह जिस को बिना यत्न किये हुए धन की प्राप्ति हो जाय, तो वह उस धन से कल्याण के लिये पात्रदानादिक करे तो करे।

फिर किसी को भी धन का उपार्जन, शुद्ध वृत्ति से हो भी नहीं सकता, जैसा कि श्रीगुणभद्राचार्य ने आत्मानुशासन में कहा है—'शुद्धैर्धनैर्विवर्धन्ते०'

अर्थ :— 'सत्पुरुषों की सम्पत्तियाँ, शुद्ध ही शुद्ध धन से बढ़ती हैं, यह बात नहीं है। देखो, नदियाँ स्वच्छ जल से ही परिपूर्ण नहीं हुआ करती है। वर्षा में गँदे पानी से भी भरी रहती है।'।।१६।।

---

અહીં, આચાર્ય કહે છે—

દાન-હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,
દેહે કાદવ લેપીને, માને 'સ્નાન કરેય'. ૧૬.

અન્વયાર્થ :— [यः] જે [अवित्तः] નિર્ધન [श्रेयसे] પુણ્યની પ્રાપ્તિ અર્થે [त्यागाय] દાન કરવા માટે [वित्तं] ધનનો [संचिनोति] સંચય કરે છે, [सः] તે [स्नास्यामि इति] 'સ્નાન કરી લઈશ' એમ સમજી [स्वशरीरं] પોતાના શરીરને [पङ्केन] કાદવથી [विलिम्पति] ખરડે છે-(અર્થાત્ પોતાના શરીરે કાદવ લપેડે છે).

ટીકા :— જે પૈસા વિનાનો એટલે નિર્ધન છે, તે નોકરી, ખેતી આદિ કાર્યથી સંચય કરે છે—ઉપાર્જન કરે છે. શું તે (સંચય કરે છે)? વિત્ત એટલે ધન. શા માટે? ત્યાગ માટે અર્થાત્ પાત્રદાન, દેવપૂજા આદિ (કાર્ય) માટે; કારણ કે 'ત્યાગ' શબ્દમાં દેવ-પૂજાદિનો અર્થ ગર્ભિત છે. શાને માટે ત્યાગ? કલ્યાણ એટલે અપૂર્વ પુણ્યને માટે અને પૂર્વોપાર્જિત પાપના ક્ષયને માટે.

જેને ચક્રવર્તી આદિની માફક યત્ન વિના ધનની સિદ્ધિ (પ્રાપ્તિ) હોય છે,

તો તે ધનથી પુણ્યાર્થે પાત્રદાનાદિક કરે—એવો ભાવ છે.

(શિષ્ય) પૂછે છે—'તે શું કરે છે?' લપેડે છે—ખરડે છે (ચોપડે છે). કોણ તે? તે (ત્યાગ કરનાર). કોને (ખરડે છે)? પોતાના શરીરને. શા વડે? પંક વડે- કાદવ વડે.

(શિષ્ય) પૂછે છે—'શું સમજીને?' 'સ્નાન કરી લઈશ' એમ સમજીને, આનો અર્થ એ છે કે—જેમ કોઈ એક (મનુષ્ય), 'સ્નાન કરી લઈશ' એમ સમજી પોતાના નિર્મળ (સ્વચ્છ) અંગને (શરીરને) કાદવથી ખરડે છે, તે અવિચારી (મૂર્ખ) છે, તેમ પાપથી ધનોપાર્જિત કરી પાત્રદાનાદિના પુણ્યથી તેનો (પાપનો) નાશ કરીશ, એમ સમજી ધન કમાવાની પ્રવૃત્તિ કરનાર મનુષ્ય પણ તેવો છે (અવિચારી છે). કોઈને પણ શુદ્ધ વૃત્તિથી (દાનતથી) ધનોપાર્જન સંભવતું નથી.

વળી, 'આત્માનુશાસન'માં કહ્યું છે કે—

સત્પુરુષોની સમ્પત્તિ શુદ્ધ ધનથી (ન્યાયોપાર્જિત ધનથી) વધતી નથી. નદીઓમાં કદી પણ સ્વચ્છ પાણીનું પૂર આવતું નથી. (અર્થાત્ તે વર્ષાઋતુમાં મેલા પાણીથી જ ભરપૂર રહે છે) (જેમ વર્ષાઋતુમાં નદીઓમાં મેલા પાણીનું પૂર આવે છે, તેમ અન્યાયથી ઉપાર્જિત ધનથી ધનમાં ઘણો વધારો થાય છે).

ભાવાર્થ :— 'પૂજા-પાત્રદાનાદિમાં ધન ખર્ચ કરવાથી નવીન પુણ્યની પ્રાપ્તિ થશે અને પૂર્વોપાર્જિત પાપનો ક્ષય થશે'—એમ સમજી ધનહીન માણસ દાન માટે નોકરી, ખેતી આદિ કાર્ય કરી ધન કમાય છે. (ધન કમાવાનો ભાવ સ્વયં પાપભાવ છે). તે માણસ 'સ્નાન કરી લઈશ' એમ સમજી પોતાના શરીર ઉપર કાદવ ચોપડનાર મૂર્ખ માણસ જેવો છે.

જેમ કોઈ માણસ પોતાના નિર્મળ શરીર ઉપર કાદવ ચોપડી પછી સ્નાન કરે તો તે મૂર્ખ ગણાય છે, તેમ કોઈ માણસ ધન કમાઈ તે ધન દાનાદિમાં ખર્ચ કરે તો તે માણસ પણ તેવો જ મૂર્ખ છે, કારણ કે તે એમ સમજે છે કે ધનોપાર્જનમાં જે પાપ થશે તે દાનાદિથી ઉપાર્જિત પુણ્યથી નાશ પામશે, પણ આ એનો ભ્રમ છે.

જેમ વર્ષાઋતુમાં નદીઓ મેલા પાણીથી જ ઉભરાય છે, તેમ પાપભાવી ધનનું ઉપાર્જન થાય છે. માટે ધનોપાર્જન કરવાનો પાપભાવ કરવો અને પછી તે ધનને પુણ્યોપાર્જન માટે પૂજા-પાત્રદાનાદિ શુભકાર્યમાં 'હું તે ખર્ચીશ' એવો અજ્ઞાનભાવ કરવો મૂઢતા છે. ૧૬.

**ભાદરવા વદ ૫, મંગળવાર તા. ૨૫-૯-૧૯૫૬**
**ગાથા-૧૬, ૧૭. પ્રવચન-૧**

... એ તો પૂર્વના પુણ્ય લઈને આવ્યા હોય ત્યાં જન્મે ત્યાં એની આસપાસના દરિયાના પાણીમાં માછલામાં મોતી પાકે. પહેલા પાકે નહિ, એ જ્યાં જન્મ્યો ત્યાં માછલા એવા પાકે (કે) ત્યાં મોતી પેટમાં પાકે કરોડોના. એટલો માછલાઓ લાખો કરોડો થઈ જાય અને એમાં મોતી પાકે. આસપાસની જમીનના પત્થરના વળામાં નિલમણિ પાકે. જ્યાં પથરા પાકતા હોય ત્યાં ઉત્તમ પુણ્યવંત પ્રાણી ધર્મ આત્માની દૃષ્ટિ કરીને જેને કાંઈ રાગ મંદ રહી ગયો હોય અને એમાં પુણ્ય બંધાઈ ગયું હોય. એ પુણ્યને લઈને ક્યાંક અવતરે (તો) આસપાસના પત્થરની શિલાઓ નિલમણિપણે થઈ જાય, પરિણમી જાય. એટલે એને તો યત્ન વિના સહેજે એવી લક્ષ્મી મળી ગયેલી હોય છે. સમજાય છે? સમજાય છે કે નહિ? આ અત્યારનું તો બધું સમજવા જેવું છે રાજા ને બધાય. પૂંછડા વેરા, મુડા વેરા, ઢીકણા વેરા નાખી નાખીને કમાવે છે એ તો કાંઈ પુણ્ય પણ સાચા નથી.

ઓલા તો પુણ્યવંત પ્રાણી આત્માનું ભાન કરેલા, આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ છે એનું ભાન કરેલું પણ એમાં રમણતા પૂરી નહિ થયેલી એટલે ભવ આવી ગયો રાગને લઈને. પણ એ રાગમાં પુણ્ય બંધાઈ ગયેલા અને પુણ્યને યોગે એવી સામગ્રી મળે, વિના યત્ને એને મળે. ભાઈ! એમ લખ્યું છે.

'**ફિર કિસીકો ભી ધનકા ઉપાર્જન, શુદ્ધ વૃત્તિસે હો ભી નહીં સકતા જૈસા કિ શ્રીગુણભદ્રાચાર્યને આત્માનુશાસનમેં કહા હૈ.**' પૈસા કમાવાનો ભાવ તો પાપ જ છે. પછી નોકરી કરીને, વકિલાત કરીને, વેપાર કરીને, હીરા-માણેકના ધંધા કરીને કે ગમે તે જાતનો... સમજ્યાને? તમારે શું ધંધો છે? એ જાતનો કાપડનો, કરિયાણાનો, મણિયારાનો સમજાણું કાંઈ? અને કાં દલાલીનો લ્યોને ભાઈ. દલાલીનો હોય છે ને? એક બીજાના એક બીજાના અટક દલાલીયા. પણ એ બધા પોતાના ભાવ કરીને પછી પુણ્ય કરશું, અનુકંપા પ્રાણીની (કરશું),... સમજાય છે? એવો ભાવ સહેજે પૈસા મળ્યા અને એ ભાવ કરે તો ઓલો અશુભભાવ ટળીને એને શુભભાવ થાય છે. અથવા અશુભના સ્થાન નથી ત્યારે શુભભાવ હોય છે.

ત્યારે કહે છે કે કોઈ એમ કહે કે પણ પૈસા પેદા કરવામાં અમારી શુદ્ધ બુદ્ધિ છે. અમારી કાંઈ બુદ્ધિની અશુદ્ધતા નથી. અમારો હેતુ બીજો છે એમ ભાઈ કહે છે. અમારે તો પછી પુણ્ય કરવો એવો હેતુ છે. પૈસા પેદા કરવામાં. તો (કહે છે), '**શુદ્ધ વૃત્તિ સે હો ભી નહીં સકતા...**' આચાર્ય કહે છે કે શુદ્ધ વૃત્તિ પૈસા પેદા કરવામાં હોઈ શકે જ

નહિ. પૈસા પેદા કરવામાં મલિન વૃત્તિ જ છે, તૃષ્ણા જ છે, લોભ જ છે. રળવાનો ભાવ જ લોભ છે. પછી વળી કરીશ, ન કરીશનો પ્રશ્ન પછી છે. પૈસા મારી પાસે આવે એવો મમત્વભાવ જ પહેલો લેપાઈને પડેલો છે.

શ્રી ગુણભદ્રાચાર્ય કહતે હૈં કિ '**સત્પુરુષોંકી સમ્પત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ.**' જુઓ! શું કહે છે? જ્ઞાનીપુરુષને પણ લક્ષ્મી જે મળે એને પણ જરી રાગ તો લક્ષ્મી રળવાનો કે અમુક ભાવ તો થાય. એ રાગ થાય ત્યારે પૂર્વનું પુણ્ય હોય તો મળે છે એટલે '**શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ. દેખો, નદિયાં સ્વચ્છ જલસે હી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈ. વર્ષા મેં ગંદે પાની સે ભરી રહતી હૈ.**' બીજી રીતે કહીએ તો સ્વચ્છ પાણીથી નદી પહેલી આખી ભરેલી ન હોય. ભાઈ! શું કીધું? નદી બે પૂરે આવે અને એકલું સ્વચ્છ પાણી હોય એમ બને જ નહિ. એ પછી ઘટતો મેલ બેસીને પાણી ભલે ઘટે. પણ બે પૂરે જ્યારે નદી આવી હોય અને પાણી એકલું નિર્મળ હોય એમ બને જ નહિ. એમાં મેલનો જ્યારે ... થાય અને મેલું પાણી અને મેલ ગરે ત્યારે બે પૂરે આવે છે. શું કહ્યું સમજાણું કાંઈ આમાં?

એમ કોઈની બુદ્ધિમાં શુદ્ધ બુદ્ધિ છે ને હું પૈસા પેદા કરું અને મારી લક્ષ્મીના ઢગલા થાય એમ ત્રણ કાળમાં બને નહિ. એ લક્ષ્મીની વૃદ્ધિમાં મેલપના પરિણામ ભૂંડા ભાવ પડ્યા છે. જુઓ! આચાર્ય ન્યાય આપે છે. બરાબર છે આમાં? ઉત્તમચંદભાઈ! કહે છે કે '**સત્પુરુષોંકી સંપત્તિયાં, શુદ્ધ હી શુદ્ધ ધનસે બઢતી હૈં, યહ બાત નહીં હૈ.**' સારા ભાવથી જ લક્ષ્મી મળે છે એવું નથી. કારણ કે લક્ષ્મી રળવાનો ભાવ, કમાવાનો ભાવ જ પાપ છે. '**યહ બાત નહીં હૈ. દેખો, નદિયાં સ્વચ્છ જલસે હી પરિપૂર્ણ નહીં હુઆ કરતી હૈ.**' એનો અર્થ આ લેવો. નદી પરિપૂર્ણ થાય અને સ્વચ્છ જળથી ભરેલી હોય... હોય ક્યાંય? એ તો નીતરી ગયેલું પાણી અને હેઠે મેલ થઈ ગયો અને નીતરી ગયેલું પછી ક્યાંક આઘે જાય સાધારણ નદીમાં. એકદમ ઓલું નીતરેલું આવી જાય બંધ ફૂટે અને બંધ તૂટ્યો હોય (તો) ભરાય. પણ પહેલું જ્યાં પૂર ભરાણું હતું જ્યાં, ત્યાં તો મેલું પાણી આવ્યા વિના એનો પુરાવો હોઈ શકે નહિ. એમ હશે ને? વજુભાઈ! આ તળાવ-બળાવના પાણીમાં શું હશે?

એમ કહે છે કે પૈસો પેદા કરવામાં એકલો પાપભાવ પહેલો છે. પછી એને તું લક્ષ્મીનો ઉપયોગ આમ કરું ને આમ કરીશ અને પુણ્ય કરીશ. મોટો મૂઢ અને અવિવેકી છે. એને આત્મા.. અરે..! એ ધનની ક્રિયા એ જડની મારી નહિ. મરતા પચાસ લાખ હોય, વિચાર થયો (કે) આ બે છોકરા છે. ૨૫-૨૫ લાખ એને આવશે, એ કરતા હું થોડો મારો ભાગ તો પાડું. હું એક ૫-૫ લાખ બાપા તમને ૨૫-૨૫ નહિ, ૨૦-૨૦ આવશે. મારે ૧૦ લાખ દેવાના, ૧૦ લાખ દેવાના ભાવ થયા. ભાવ થયા અને જીભ ન ચાલી. લવો વળ્યો. કહો, સમજાણું?

એ તો પર ક્રિયા છે. તારે આધીન નથી. અને લવો વળ્યો અને લવો.. લવો સમજો છો ને ભાષા? એ ભાષા જરી તોતડી થવા માંડી. એમાં કાંઈક પ્રભાવના ખાતે, અનુકંપા ખાતે, સાચા ધર્મ માટે, શાસ્ત્ર ખાતે આપજે. એમ જરીક કાંઈક બોલાણું તોતડું-તોતડું. ત્યાં છોકરો બીજો અર્થ કરે. બાપા! એ હમણાં અત્યારે સંભારવા જેવું નથી. અત્યારે સંભારવા જેવું નથી. અત્યારે તો ભગવાનનું નામ સંભારો. ત્યાં ઓલાની તૈયારી થઈ ગઈ હોય લવો ટૂંકો થવાની. ભાષા ટૂંકી થવાની તૈયારી થઈ ગઈ. ઓલો સમજ્યો કે હવે કાંઈ લાંબુ કરશે નહિ. બાપા! એ ૧૦ લાખ, ૧૦ લાખ અત્યારે (ન કરાય), થાવું હોય એ થાશે દસ લાખનું. આવવા હશે તો આવશે અને જાવા હશે તો જશે. ઓલો કહે, પણ એલા હું કાંઈક કહું છું અને બોલે છે શું આ? એમ બને છે. મરતા ઓલો કાંઈક કહેવા માગે તો લવો વળે તો સમજે નહિ. બાપા! દસ લાખનું થાવું હોય એ થાશે. પણ તમે તો હવે આત્માનું સંભાળો. વાહ રે વાહ! ઓલો કહે ભારે ભાઈ નિકળી આની. પછી બોલવાની તેવડ ન હોય અને અંદર ખેદ થાય. જોકે બોલે તોય ઓલા પાછળવાળા ગાંડો જ ગણે એને. અત્યાર સુધી કર્યું નથી વળી અત્યારે કરવા નવરો ક્યાં થયો? ૫૦ લાખમાંથી દસ લાખ આપું.

અહીં કહે છે કે કદાચિત્ એને ભાવ થયો, ક્રિયા ન થઈ તો એના ભાવનું પુણ્ય છે એ જાતું નથી. અને એણે કીધું અને ઓલાએ કર્યું તો એનું પુણ્ય કાંઈ આને આવતું નથી. એના ભાવ કર્યા એટલું એને પુણ્ય આવે છે. ઓલા નવા કરે રાગ ઘટાડીને તો એને એ પુણ્ય થાય. ન (કરે તો) એણે બાપનો વિશ્વાસઘાત કર્યો. બાપે કીધું એનો વિશ્વાસઘાત એણે કર્યો તો એનું પાપ ઓલાને લાગે.

અહીં કહે છે કે તારા આત્માને લક્ષ્મી કમાઈને પેદા કરું અથવા લક્ષ્મી કમાવામાં પાપ નથી, અમારો હેતુ ફેર છે એ તારી બેય માન્યતા ખોટી છે. આ બે માન્યતાની ભાઈ વાત કરી. કહો, સમજાણું કાંઈ? ભોગીભાઈ!

**पुण्य हेतु दानादिको, निर्धन धन संचेय।**
**स्नान हेतु निज तन कुधी, कीचड़से लिम्पेय।।१६।।**

એમાં એ શ્લોક નથી નાખ્યો. આણે એક નાખ્યો છે. ભાઈનો શીતલપ્રસાદનો.

પુણ્ય હેતુ દાન ધર્મમાં એટલે પુણ્યમાં ખર્ચું. નિર્ધન એ માટે નિર્ધન ધનને સંચય કરે. **'स्नान हेतु निज तन कुधी' 'कुधी'** નામ મૂરખ (બુદ્ધિ). **'कुधी'** મુરખબુદ્ધિ. એ સ્નાન કરીને... પછી સ્નાન કરીશ પહેલો કીચડ ચોપડી લઉં એવો એ મૂરખ છે. એને કાંઈ પણ વિવેક નથી.

उत्थानिका—फिर शिष्य कहता है कि भगवन्! धन के कमाने में यदि ज्यादातर पाप होता है, और दुःख का कारण होने से निंद्य है, तो धन के बिना भोग और उपभोग भी नहीं हो सकते, इसलिए उनके लिए धन होना ही चाहिए, और इस तरह धन प्रशंसनीय माना जाना चाहिए। इस विषय में आचार्य कहते हैं कि 'यह बात भी नहीं है' अर्थात् 'पुण्य का कारण होने से धन प्रशंसनीय है' यह जो तुमने कहा था, सो वैसा ख्याल कर धन कमाना उचित नहीं, यह पहिले ही बताया जा चुका है। 'भोग और उपभोग के लिए धन साधन है' यह जो तुम कह रहे हो, सो भी बात नहीं है, यदि कहो क्यों? तो उसके लिये कहते हैं :—

आरम्भे तापकान्प्राप्तावर्तप्तिप्रतिपादकान्।
अन्ते सुदुस्त्यजान् कामान् कामं कः सेवते सुधी।।१७।।

भोगार्जन दुःखद महा, भोगत तृष्णा बाढ़।
अंत त्यजत गुरु कष्ट हो, को बुध भोगत गाढ़।।१७।।

अर्थ :— आरंभ में संताप के कारण और प्राप्त होने पर अतृप्ति के करनेवाले तथा अन्त में जो बड़ी मुश्किलों से भी छोड़े नहीं जा सकते, ऐसे भोगोपभोगों को कौन विद्वान—समझदार-ज्यादती व आसक्ति के साथ सेवन करेगा?

विशदार्थ—भोगोपभोग कमाये जाने के समय, शरीर इन्द्रिय और मन को क्लेश पहुँचाने का कारण होते हैं। यह सभी जन जानते हैं कि गेहूँ, चना, जौ आदि अन्नादिक भोग्य द्रव्यों के पैदा करने के लिये खेती करने में एड़ी से चोटी तक पसीना बहाना आदि दुःसह क्लेश हुआ करते हैं। कदाचित् यह कहो कि भोगे जा रहे भोगोपभोग तो सुख के कारण होते हैं। इसके लिये यह कहना है कि इन्द्रियों के द्वारा सम्बन्ध होने पर वे अतृप्ति यानी बढ़ी हुई तृष्णा के कारण होते हैं, जैसा कि कहा गया है :— 'अपि संकल्पिता; कामाः०'

'ज्यों ज्यों संकल्पित किये हुए भोगोपभोग, प्राप्त होते जाते हैं, त्यों त्यों मनुष्यों की तृष्णा बढ़ती हुई सारे लौक में फैलती जाती है। मनुष्य चाहता है, कि अमुक मिले। उसके मिल जाने पर आगे बढ़ता है, कि अमुक और मिल जाय। उसके भी मिल जाने पर मनुष्य की तृष्णा विश्व के समस्त ही पदार्थों को चाहने लग जाती है कि ये सब ही मुझे मिल जाएँ। परंतु यदि

यथेष्ट भोगोपभोगों को भोगकर तृप्त हो जाय तब तो तृष्णारूपी सन्ताप ठण्डा पड़ जाएगा। इसलिये वे करने योग्य हैं। आचार्य कहते हैं कि वे भोग लेने पर अन्त में छोड़े नहीं जा सकते, अर्थात् उनके खूब भोग लेने पर भी मन की आसक्ति नहीं हटती.' जैसा कि कहा भी है—'दहनस्तृणकाष्ठसंयैरपि०'

'यद्यपि अग्नि घास, लकड़ी आदि के ढेर से तृप्त हो जाय। समुद्र, सैंकड़ों नदियों से तृप्त हो जाय, परंतु वह पुरुष इच्छित सुखों से कभी भी तृप्त नहीं होता। अहो! कर्मों की कोई ऐसी ही सामर्थ्य या जबर्दस्ती है।' और भी कहा है :- 'किमपीदं विषयमयं०'

'अहो! यह विषयमयी विष कैसा गजब का विषय है, कि जेसे जबर्दस्ती खाकर यह मनुष्य, भव भव में नहीं चेत पाता है।'

इस तरह आरम्भ, मध्य और अन्त में क्लेश-तृष्णा एवं आसक्ति के कारणभूत इन भोगोपभोगों को कौन बुद्धिमान् इन्द्रियरूपी नलियों से अनुभवन करेगा? कोई भी नहीं।

यहाँ पर शिष्य शंका करता है कि तत्त्वज्ञानियों ने भोगों को न भोगा हो यह बात सुनने में नहीं आती है। अर्थात् बड़े बड़े तत्त्वज्ञानियोंने भी भोगों को भोगा है, यही प्रसिद्धि है। तब 'भोगों को कौन बुद्धिमान-तत्त्वज्ञानी सेवन करेगा?' यह उपदेश कैसे मान्य किया जाय? इस बात कैसे श्रद्धान किया जाय? आचार्य जवाब देते हैं—कि हमने उपर्युक्त कथन के साथ 'कामं अत्यर्थ०' आसक्ति के साथ रुचिपूर्वक यह भी विशेषण लगाया है। तात्पर्य यह है, कि चारित्रमोह के उदय से भोगों को छोड़ने के लिये असमर्थ होते हुए भी तत्त्वज्ञानी पुरुष भोगों को त्याज्य-छोड़ने योग्य समझते हुए ही सेवन करते हैं। और जिसका मोहोदय मंद पड़ गया है, वह ज्ञान-वैराग्य की भावना से इन्द्रियों को रोककर, इन्द्रियों को वश में कर, शीघ्र ही अपने (आत्म) कार्य करने के लिये कटिबद्ध-तैयार हो जाता है—जैसा कि कहा गया है—'इदं फलमियं क्रिया०'

'यह फल है, यह क्रिया है, यह कारण है, यह क्रम-सिलसिला है, यह खर्च है, यह आनुषंगिक (ऊपरी) फल है, यह मेरी अवस्था है, यह मित्र है, यह शत्रु है, यह देश है, यह काल है, इन सब बातों पर ख्याल देते हुए बुद्धिमान पुरुष प्रयत्न किया करता है। मूर्ख ऐसा नहीं करता।'।।१७।।

શિષ્ય ફરીથી કહે છે—'ભોગ અને ઉપભોગને માટે' હે ભગવન્! જો એ રીતે ધનોપાર્જનમાં પ્રાયઃ પાપ હોય, ધન દુઃખનું કારણ હોય અને તેથી તે નિંદ્ય હોય, તો ધન વિના સુખના કારણરૂપ ભોગ-ઉપભોગ અસંભવિત બને; તેથી તે (ભોગ-ઉપભોગ) માટે ધન હોય તો તે પ્રશંસનીય છે.

ભોજન, તામ્બુલ આદિ તે ભોગ છે અને વસ્તુ, સ્ત્રી આદિ ઉપભોગ છે. ભોગ અને ઉપભોગ—તે ભોગોપભોગ—તે માટે (ધન હોવું યોગ્ય છે, એમ શિષ્યની દલીલ છે).

અહીં, આચાર્ય કહે છે—તે વાત પણ નથી. 'પુણ્યના કારણ ધન પ્રશંસનીય છે—એમ જે તેં કહ્યું તે રીતે (પ્રશંસનીય) હોઈ શકે નહિ. વળી ભોગ-ઉપભોગ માટે તેનું (ધનનું) સાધન પ્રશંસનીય છે, એમ જે તેં હમણાં કહ્યું તે પણ કેમ બની શકે? જો તું કહે, 'કેમ' તો કારણ એ છે કે :—'

ભોગાર્જન દુઃખદ મહા, પામ્યે તૃષ્ણા અમાપ,
ત્યાગ-સમય અતિ કષ્ટ જ્યાં, કો સેવે ધીમાન? ૧૭.

અન્વયાર્થ :— **[आरम्भे]** આરંભમાં **[तापकान्]** સંતાપ કરનાર, **[प्राप्तौ अतृप्तिप्रतिपादकान्]** પ્રાપ્ત થતાં અતૃપ્તિ કરનાર અને **[अन्ते सुदुस्त्यजान्]** અંતમાં મહા મુશ્કેલીથી પણ છોડી ન શકાય તેવા **[कामान्]** ભોગોપભોગોને **[कः सुधीः]** કોણ બુદ્ધિશાળી **[कामं]** આસક્તિથી **[सेवते]** સેવશે?

ટીકા :— કોણ? કોઈ બુદ્ધિશાળી—વિદ્વાન્ સેવશે નહિ અર્થાત્ ઇન્દ્રિયો દ્વારા ભોગવશે નહિ. કોને? ભોગોપભોગોને. કહ્યું છે કે—'तदात्त्वेसुखसंज्ञेषु....'

તે વખતે સુખ નામથી ઓળખાતા ભોગોમાં અજ્ઞાની (હેય-ઉપાદેયનો વિવેક નહિ કરનાર) અનુરાગ કરે છે, પરંતુ પરીક્ષાપ્રધાની જનો બરાબર પરીક્ષા કરીને હિતને જ અનુસરે છે (જેનાથી હિત થાય તેનું જ અનુસરણ કરે છે).

કેમ (ભોગોપભોગોને)? સંતાપ કરનાર અર્થાત્ દેહ, ઇન્દ્રિયો અને મનને ક્લેશના કારણરૂપ. ક્યારે? આરંભમાં—ઉત્પત્તિના ક્રમમાં, કારણ કે અન્નાદિ ભોગ્ય દ્રવ્ય (વસ્તુ) સંપાદન કરવામાં ખેતી આદિ સંબંધી બહુ ક્લેશ રહે છે એ સર્વ જનોમાં સુપ્રસિદ્ધ છે. ત્યારે કહે છે કે ભોગવવામાં આવતા ભોગો તો સુખનું કારણ છે, તેથી તે સેવવા યોગ્ય છે. તો (જવાબમાં) કહે છે કે—प्राप्तावित्यादि-પ્રાપ્તિ સમયે એટલે ઇન્દ્રિયો સાથે સંબંધ થતાં તે (ભોગો) અતૃપ્તિ કરનાર અર્થાત્ બહુ તૃષ્ણા ઉત્પન્ન કરનાર છે. કહ્યું છે કે—'अपि संकल्पिताः'

'જેમ જેમ સંકલ્પિત (કલ્પેલા) ભોગોપભોગ પ્રાપ્ત થાય છે, તેમ તેમ મનુષ્યોની

તૃષ્ણા (વધી જઈ) બધા વિશ્વમાં ફેલાઈ જાય છે.'

(શિષ્ય) કહે છે—ત્યારે ઈચ્છા પ્રમાણે તે (ભોગોપભોગને) ભોગવીને તૃપ્ત થતાં, તૃષ્ણારૂપી સંતાપ શમી જશે. તેથી તે સેવવા યોગ્ય છે.

(આચાર્ય) કહે છે—અંતે તે છોડવા મુશ્કેલ છે અર્થાત્ ભોગવ્યા પછી તેઓ છોડવા અશક્ય છે, કારણ કે તેમને સારી રીતે ભોગવવા છતાં, મનની આસક્તિ નિવારવી મુશ્કેલ છે. કહ્યું છે કે—'दहन...'

જોકે અગ્નિ ઘાસ, લાકડાં આદિના ઢગલાથી તૃપ્ત થઈ જાય અને સમુદ્ર સેંકડો નદીઓથી તૃપ્ત થઈ જાય, પરંતુ પુરુષ ઈચ્છિત સુખોથી તૃપ્ત થતો નથી. અહો! કર્મની એવી કોઈ (વિચિત્ર) બળજબરાઈ (બળવાનપણું) છે!

વળી, કહ્યું છે કે—'किमपीदं...'

'અહો! આ વિષયમયી વિષય કેવું અતિ વિષમ (ભયંકર) છે, કે જેથી આ પુરુષ તેનો ભવ ભવમાં અત્યંત અનુભવ કરવા છતાં (વિષયસુખના અનુભવથી ઉત્પન્ન થતાં દુઃખોને અનુભવવા છતાં) તેનું મન ચેતતું જ નથી.'

શિષ્ય પૂછે છે—તત્ત્વજ્ઞાનીઓએ પણ ભોગો ન ભોગવ્યા હોય, એમ સાંભળવામાં આવ્યું નથી (અર્થાત્ તત્ત્વજ્ઞાનીઓ પણ ભોગો ભોગવે છે એ જાણીતું છે); તો 'કોણ બુદ્ધિમાન ભોગોને સેવશે (ભોગવશે)'—એવા ઉપદેશમાં કેવી રીતે શ્રદ્ધા કરાય? (અર્થાત્ એવો ઉપદેશ કેવી રીતે મનાય?)...

આચાર્ય કહે છે—(જ્ઞાની) 'कामम्' એટલે અતિશયપણે (આસક્તિપૂર્વક—રુચિપૂર્વક તે સેવતો નથી) અહીં તાત્પર્ય એ છે કે—

ચારિત્રમોહના ઉદયથી ભોગોને છોડવા અસમર્થ હોવા છતાં, તત્ત્વજ્ઞાની ભોગોને હેયરૂપે સમજીને (એટલે તેઓ છોડવા યોગ્ય છે એમ સમજીને) સેવે છે. જેનો મોહનો ઉદય મંદ પડી ગયો છે, તેવો તે (જ્ઞાની) જ્ઞાન અને વૈરાગ્યની ભાવનાથી ઈન્દ્રિય-સમૂહને વશ કરી (ઈન્દ્રિયો તરફના વલણને સંયમિત કરી) એકાએક (શીઘ્ર) આત્મકાર્ય માટે ઉત્સાહિત થાય છે; તથા કહ્યું છે કે—'इदंफलमियं...'

'આ ફલ છે, આ ક્રિયા છે, આ કરણ છે, આ ક્રમ છે, આ વ્યય (હાનિ-ખર્ચ) છે, આ આનુષંગિક (ભોગોને અનુસરતું) ફલ છે, આ મારી દશા છે, આ મિત્ર છે, આ શત્રુ છે, આ દેશ છે, આ કાલ છે—એ સર્વ વાતો ઉપર પૂરો ખ્યાલ રાખી બુદ્ધિમાન્ પુરુષ પ્રયત્ન કરે છે, પરંતુ બીજો (કોઈ મૂર્ખ) તેમ કરતો નથી.'

આચાર્ય ફરીથી કહે છે—'यदर्थमेतदेवंविधमिति'.

ભાવાર્થ :— આદિ, મધ્ય અને અંતમાં ભોગોપભોગ કલેશ, તૃષ્ણા અને

આસક્તિના કારણભૂત છે. ભોગ્ય વસ્તુઓને પ્રાપ્ત કરવામાં કૃષિ, નોકરી આદિ કારણોથી આરંભમાં શરીર, ઇન્દ્રિયો અને મન સંબંધી ક્લેશ થાય છે—અત્યંત કષ્ટ પડે છે. જ્યારે ભોગ્ય વસ્તુઓ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. ત્યારે તેને ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી, ફરી ફરી તે ભોગવવાની ઇચ્છા થાય છે અને તેથી ચિત્ત વ્યાકુલ રહે છે. અતૃપ્તિવશ તેને (ભોગોને) છોડવાનો ભાવ થતો નથી.

જેમ અગ્નિમાં ગમે તેટલાં કાષ્ઠ-તૃણ નાખો, તોપણ તે તૃપ્ત થતી નથી અને સમુદ્ર સેંકડો નદીઓનાં પાણીથી પણ તૃપ્ત થતો નથી, તેમ મનુષ્યની તૃષ્ણા અનેક ભોગોથી પણ કદી તૃપ્ત થતી નથી, કિન્તુ વધતી જાય છે.

ક્લેશજનક, અતૃપ્તિકારક અને આસક્તિને લીધે છોડવા મુશ્કેલ—એવા ભોગોને કોણ બુદ્ધિમાન પુરુષ સેવશે? અર્થાત્ કોઈ બુદ્ધિમાન સેવશે નહિ.

અહીં શિષ્યનો પ્રશ્ન છે, કે જો ભોગો ભોગવવાનો ભાવ અહિતકર હોય અને તે સેવવા યોગ્ય નથી—એવો જો તમારો ઉપદેશ હોય તો ભરત જેવા જ્ઞાની પુરુષોને પણ ભોગો ભોગવતા સાંભળવામાં આવ્યા છે. તો આ વાત આપના ઉપદેશ સાથે અસંગત ઠરે છે (-બંધબેસતી નથી). તેનું કેમ?

આચાર્ય સમાધાન કરે છે—જોકે જ્ઞાનીપુરુષો ચારિત્રમોહનીય કર્મના ઉદયવશ ભોગોને ભોગવવાનો ભાવ છોડવા અસમર્થ છે, પરંતુ તેમને તે પ્રતિ આન્તરિક રાગ નથી. શ્રદ્ધા અને જ્ઞાનમાં તેઓ તે રાગને અહિતકર માને છે, તેથી જેવી રીતે અજ્ઞાની ભોગોને હિતકર સમજી તેને એકતાબુદ્ધિથી ભોગવે છે, તેવી રીતે જ્ઞાનીને ભોગવવાનો ભાવ નથી. તેને પરદ્રવ્યના સ્વામીપણાનો તથા કર્તાપણાનો અભિપ્રાય નથી. રાગરૂપ પરિણમન છે તે ચારિત્રની નબળાઈથી છે. તેનો તે જ્ઞાતા છે, તેથી અજ્ઞાનરૂપ કર્તાપણું કે ભોક્તાપણું તેને નથી. એ અપેક્ષાએ જ્ઞાની ભોગોને સેવતો *હોવા છતાં તે સેવતો નથી, કારણ કે ભોગવવાની ક્રિયા વખતે પણ તેનું જ્ઞાનરૂપ પરિણમન છૂટતું નથી. અસ્થિરતાને લીધે જે રાગ દેખાય છે, તેનો અભિપ્રાયમાં તેને નિષેધ છે. ૧૭.

* જુઓ, શ્રી સમયસાર ગાથા ૧૯૫, ૧૯૬, ૧૯૭

## ગાથા-૧૭ ઉપર પ્રવચન

**'ફિર શિષ્ય કહતા હૈ કિ ભગવન્! ધનકે કમાનેમેં યદિ જ્યાદાતર પાપ હોતા હૈ, ઔર દુઃખકા કારણ હોનેસે ધન નિંદ્ય હૈ,...'** જો પ્રભુ! લક્ષ્મી પેદા કરવામાં મોટું પાપ થાય, લક્ષ્મી પેદા કરવામાં મોટું પાપ અને દુઃખનું કારણ ખેદ (થાય). શરીરમાં પરસેવા ઉતરે ત્યાં બે ટંકના એક ટંક થઈ જાય. ક્યાંના ક્યાં જાય. કપાસ તોડવા જાવું ચૈત્રના બાર વાગે તોપણ ઓલું શું માથે કહેવાય? કાંટો. કાંટો લઈને. પચાસ-હજાર લાખની મુડી હોય, પણ કહે છે, ત્યાં સોંઘો મળે છે, ૫૦ મણ, સો મણ. નહિતર બીજો આવીને લઈ જશે સાડ છએ. મને મળશે સાડા પાંચે. ફટ દઈને લેવા જાય. એકદમ કરીને. બાર વાગ્યા હોય. કેળયું ને કાંટા લઈને નથી જતા વાણિયા? ...ભાઈ! ચૈત્ર મહિને બાર વાગે જાય કેળયું ને કાંટા. શું છે? પૈસા પેદા કરવા (છે). આહાહા..! શરીરે તડકા પડે, તૃષા લાગે, છત્રી હોય નહિ. કાંટો ઉપાડવો હોય, છત્રી ક્યાં રાખવી માથે? એ કેળયા સમજ્યા ને? ઓલું તોળવાનું હોય છે ને. એ .. લઈને જાય. આ તો એક દાખલો હોં. બધા કેળયા ને કાંટા જ છે.

મુમુક્ષુ :— ..

ઉત્તર :— એ કેળયા ને કાંટા છે. હીરા-માણેક સાધારણ માણસને, ફુવડ જેવી બાઈ નીકળી હોય અને મોટો વેપાર જબરો હોય અને તોય એક ચિમની-બિમની જોતી હોય. કેમ બા! હોય સાધારણ .. કેમ બા શું લેવા નીકળ્યા? કહે, કોંટો જોવે છે ચીમનીનો. આવો આવો બા મારી પાસે. કારણ કે ઓલો પાંચ આનાનો લઈ જાય તો બે આના મળે એવું હોય. આહાહા..! ત્યાં થઈ ગઈ બા.

કમાવવા માટે તો માખણ ચોપડવા પડે કંઈકના. એમ હીરા-માણેક લેવા આવ્યા હોય તો કોણ આવ્યું ને કોણ... ઓલા બુદ્ધિ વિનાના રાજા હોય. કે ઓલા પણે મહારાજા સાહેબ પધારો પધારો. કહેવું પડે કે નહિ એને? મહારાજ કહે. હોય તો બુદ્ધિના બારદાન રાણી અને રાજા બેય. પણ પૈસા એની પાસે પાંચ કરોડ, દસ કરોડ હોય અને પાંચ, પચાસ, હજાર લાખના હીરા લેવા આવે તો કહે આવો બા.. આવો બા.. બેસો. ખુરશી નાખો. એય.. આને નાખી દ્યો આમ. સારી ગાદી નાખી દે. તકિયા નાખી દે, ફલાણું કરી દે. એમાંથી દસ હજાર, વીસ હજાર પેદા થવાના હોય તો કહે છે કે શરીરને ખેદ, મનમાં રાગનો ખેદ અને જ્યાદાતર કમાનેમેં પાપ મોટો હોય. એ માટે તો નિંદા યોગ્ય છે.

**'તો ધન કે બિના ભોગ ઔર ઉપભોગ ભી નહીં હો સકતે,...'** હવે વાત

આવી. ઓલા પુણ્યની વાત ગઈ પછી કમાવવામાં પાપ છે એ વાત કબુલ કરી પાછી વિશેષ. કમાવવામાં પાપ છે અને પાપ કરીને પુણ્ય કરવું એ વ્યાજબી નથી. હવે વાત આવી પણ કહે છે, ઈ પુણ્ય હશે તો આ ભોગ-ઉપભોગ મળશે, સામગ્રી મળશે, ખાવા-પીવા, તકિયા, બંગલા, આ મોટરું મળે. ભલે પાપ થાય કમાવવામાં, પણ મળશે તો સુખનું સાધન ને? હવે અહીં આવ્યા.

શિષ્યે અહીં પ્રશ્ન કર્યો. પણ પુણ્ય કરશું. ભલે પાપ તો છે ભાઈ વાત સાચી. પણ પાપ છે, પણ પાપને લઈને પછી આ પુણ્ય થશે, કમાઈમાં એને પૈસા મળશે. પૈસાને લઈને આપણને ભોગ-ઉપભોગ મળશે. ભોગવવા યોગ્ય વસ્તુ શું? એકવાર ભોગવાય તે ભોગ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. એકવાર એટલે દાળ, ભાત, રોટલા, શાક એકવાર ભોગવાય. લક્ષ્મી, દાગીના, શરીર, કુટુંબ, મકાન વારંવાર ભોગવવામાં નિમિત્ત થાય. વારંવાર ભોગવવાનું કારણ એને ઉપભોગ કહે છે. અને દાળ, ભાત પણ એકવાર ખવાય છે. બે વાર ખવાય છે? એ દાળભાત એકવાર ખાઈને બીજી વાર ખવાય છે? તો દાળ, ભાત, રોટલા, શાક, ચા, દૂધ તો એને પીધું એકવાર ખવાણું. અને દાગીના, લૂગડા, સ્ત્રી, મકાન, ભાડા, દાગીના, લૂગડા, હીરા, માણેક એ વારંવાર પહેરવા એ ઉપભોગ કહેવાય. એ પુણ્ય વિના તો ધન વિના તો નહિ મળે. '**ઈસલિયે ઉનકે લિયે ધન હોના હી ચાહિયે,...**' ભાઈ સારી સામગ્રી હોય તો એને માટે તો ધન જોઈએ ને? '**ઈસ તરહ ધન પ્રશંસનીય માના જાના ચાહિયે.**' એ માટે ધનને સારું માનવું જોઈએ. આ પૈસા મળે એ ભલે. અને પૈસા મળે તો ભોગ-ઉપભોગ (ભોગવાય). નિર્ધનને મળે. નિર્ધનને સારો ડૉક્ટર પણ સામું ન જોવે. પૈસાવાળાને તરત ચાલો ભાઈ શેઠ બોલાવે છે ઈંજેક્શન માટે. પાંચ રૂપિયા મળશે. ફટ દઈને આવે. કોઈપણ માણસ અંદર (આવી જાય).

એક કહેતો હતો શેઠ એક ગામનો. અમે પૈસાવાળા અમને જ્યોતિષો પૂછે. બધા અમને પૂછવા આવે. એમ કોઈ કહેતો હતો એક જણ. મૂડી તો બે-ત્રણ લાખની હતી. પણ આમ દાની માણસ ખરો. પૈસા ઘણા ખર્ચે અને ઘણા લાખો આપેલા. મૂડી થોડી અને દાન થોડા થોડા કરતા ઘણા થયેલા. પછી ગરમ મગજમાં થઈ ગયેલો. પછી કહે કે જુઓ, આ જગતના જેટલા ખેલાડુ, જેટલા જ્યોતિષીઓ, જેટલા બધા બહારની કારીગરી અને કળા બતાવનાર એ બધા અમારી પાસે આવે. શેઠ આમાં ટિકીટ લેવી પડશે. આટલા પૈસા તમારે ભરવા પડશે. બધા અમારા ઓશિયાળ, માટે અમારી લક્ષ્મી કાંઈક જગતમાં ઊંચી લાગે છે. સમજાણું કાંઈ? મોહનભાઈ! ઈ એક આવ્યો હતો, ..ઓલો આવ્યો હતો ને રાજકોટમાં ૯૦ની સાલ. રાજકોટમાં. લુહાણાનો છોકરો હતો ને મોટો એ ઝેરી સર્પ કરડાવતો અહીં જીભ ઉપર. કારણ કે એને સર્પ ચડતો નહિ. જીભ ઉપર એને એ જાતનું પહેલેથી હતું. શું કહેવાય? મીંદડીને હોય ને પગમાં? એવું એને જીભમાં પહેલેથી હતું. નાની ઉંમરમાંથી જંગલમાં વયો ગયેલો.

પછી એક બાવાએ એની જીભ બહાર કાઢીને જોઈ કે આને સર્પ કરડે એવું નથી લાગતું. એટલે એક પડકું (નાનો સાપ) લાવીને આમ જીભે કરડાવ્યું. નાની ઉંમરમાં. પણ (ઝેર) ચડ્યું નહિ. કરતાં કરતાં .. ચડી ગયું કાળા નાગ આકરા હોય એને આમ કરડાવતો. એ ત્યાં આવ્યો હતો ૯૦માં. મારી પાસે આવ્યો હતો. એ કાલનો ખેલ છે મારો ત્રણ-ત્રણ રૂપિયાની ટિકીટ છે ને આ બધા શેઠિયા પાસે આવું છું મારી ટીકીટ દેવા. પણ સર્પ કેવો? કે કાળો નાગ. એના ઘરનો નહિ.

એક ગામનો વોરો હતો. એ સર્પને પકડવાની તાકાત. અને સર્પ ક્યાં રહે એની ખબર હતી. કાળો નાગ આકરો સર્પ લઈ આવ્યો જંગલમાંથી. જોયો, એણે છોકરાએ કીધું કે આ સર્પ કડક છે. ઘેન મારું ચોવીસ કલાક રહેશે. કોઈ મારીને બાળશો નહિ મને. અસર થઈ ગઈ. મને ખ્યાલ બહાર વાત વઈ ગઈ છે. કારણ કે કડક છે. પણ મરીશ નહિ. એવા પણ ઓલા શેઠિયાના ઓશિયાળ થઈને આવતા હશે. શેઠે કીધું, જોયું! આ મારી પાસે ટિકીટ લેવા આવ્યો. આ બધા પૈસાવાળાના ઓશિયાળા છે. પછી સર્પ લાવીને કરડાવ્યો અને બધા માણસો આમ હાથમાં રાખીને... અહીં કરડે તો ત્યાં પછી જીભ ચાટે. અહીં જો ઓલો ડંખ મારી દે તો જીભ કાઢે તો ત્યાં કરડાવી દે. પછી ઘણા લોકો તો ઓહોહો..! જુવાન છોકરો હતો. .. એને પછી મળેલા પેલા.. શું કહેવાય? .... મળીને. પછી બીજે દિવસે હજી ઘેન થોડું હતું અને મારી પાસે આવ્યો હતો. લ્યો! સાહેબ! આ પ્રમાણે ઘેન તો છે થોડું. પણ આકરું મને થતું નથી. મોઢામાં જીભમાં જ મને .. છે. એવો જ પહેલેથી જન્મથી. પણ એવા શેઠિયાના ઓશિયાળા. પૈસા મોટા થયા કે નહિ? ખેલ કરનાર પણ તમારી પાસે આવે લ્યો. સાહેબ કાંઈક ટિકિટો લેજો, હોં! હુકમ બોલાવીને બે-બે રૂપિયાની ટિકિટ અને પચાસ તો તમારી કપાવી પડશે. જ્યોતિષો પણ તમારી પાસે (આવે છે). ભાઈ! કાંઈક તો તમારે દેવું પડશે. મુહૂર્ત તમારું કરવું છે પહેલું અમારે. પહેલું બતાવજો, લ્યો. એમ પૈસાવાળાના ઓશિયાળા બીજા બધા. માટે પૈસાની જરૂર ખરી કે નહિ? આ ભોગ-ઉપભોગ મેળવવા માટે જરૂરી ખરી કે નહિ? એમ શિષ્યે પ્રશ્ન કર્યો.

**‘ઈસ વિષયમેં આચાર્ય કહતે હૈં કિ યહ બાત ભી નહીં હૈ અર્થાત્ પુણ્યકા કારણ હોને સે ધન પ્રશંસનીય હૈ, યહ જો તુમને કહા થા,...’** પુણ્યને કારણે લક્ષ્મી મળે અને લક્ષ્મી મળે તો ભોગ-ઉપભોગ મળે. માટે તેને—પુણ્યને સારું કહેવું કે ધનને પ્રશંસનીય કહેવું **‘સો વૈસા ખ્યાલ કર ધન કમાના ઉચિત નહીં,...’** આવો ખ્યાલ કરીને. પહેલું પુણ્યને માટે હતું. હવે ભોગ-ઉપભોગ માટે છે. સારા ભોગ-ઉપભોગ મળે. એય.. ચેનથી રહીએ. પછી નિવૃત્તિ હશે તો ધર્મધ્યાન કરશું. પૈસા નહિ હોય ને નિવૃત્તિ ઠેઠ સુધી બીડીયું વાળવું પડે લ્યો. આઠ આનાની, રૂપિયાની. અત્યારે વળે છે ને હજાર. રૂપિયા, દોઢ રૂપિયાની. દરરોજ હજાર વાળે તો દોઢ રૂપિયો મળે. હવે એને તે બિચારો નિવૃત્તિ કે દિ’ પામે? પણ

જો આપણે પહેલા પૈસા-બૈસા કમાયા અને ભોગસામગ્રી ને ઉપભોગ બધું હોય તો નિરાંતે ધર્મધ્યાન થાય. એ કહે છે કે મૂઢ છો. પૈસાના પહેલા જ કમાવાના ભાવ પાપ છે અને ધનથી ધર્મ-બર્મ થાતા નથી. પૈસાવાળા તો ઘણા છે (પણ) નિવૃત્તિ કાંઈ લેતા નથી. અને નિર્ધન પણ નિવૃત્તિ લે છે. બાર મહિને પાંચસો પેદા થતા હોય, બે જણા હોય તો અમારે કાંઈ જરૂર નથી. અમારે પાંચસોનું વ્યાજ આવે છે. પાંચસોનું વ્યાજ આવે, બે જણા ખાઈએ અઢીસો-અઢીસો. એક પાઈની જરૂર નથી. રળવાનું કામ નથી. એવા પણ છે. છે કે નહિ? ભીખાભાઈ! અને અહીં મહિને પાંચ હજાર-દસ હજાર મળતા હોય વ્યાજના. તોય વેઠું મૂકતા ન હોય. રળવું, રળવું ને કમાવવું. એનું કાંઈ ઠેકાણું રહેતું નથી.

માટે કહે છે કે '**તુમને કહા થા, સો વૈસા ખ્યાલ કર ધન કમાના ઉચિત નહીં, યહ પહિલે હી બતાયા જા ચુકા હૈ. ભોગ ઔર ઉપભોગકે લિયે ધન સાધન હૈ, યહ જો તુમ કહ રહે હો, સો ભી બાત નહીં હૈ,...**' કહો, ભોગ-ઉપભોગનું ધન સાધન એ પણ વાત નથી. '**યદિ કહો ક્યોં? તો ઉસકે લિયે કહતે હૈં :-**' દેખો હવે.

**आरम्भे तापकान्प्राप्तावतृप्तिप्रतिपादकान्।**
**अन्ते सुदुस्त्यजान, कामान् कामं कः सेवते सुधीः।।१७।।**

ઓહોહો..! ગાથા ઘણી લાંબી છે. '**આરંભ મેં સન્તાપકે કારણ...**' એક તો જાણે પૈસા પેદા કરવામાં મોટો સંતાપ છે. આકુળતા બળી રહી છે. આનું આમ થાય, વિચાર પણ કેવા આવે? સમજાણું? ઓલા વાણિયાનો દાખલો આપે છેને? એક વાણિયો જાતો હતો ઘી લેવા ક્યાંક. ઘી લેવા જાતો હતો તો એમ કે ઓલા સુકાળ હતો બધો તો ઘી અમને સોંઘુ મળશે. તો સોઘું ઘી મળ્યું અને પછી જાણે લીધા પહેલા કે ભાઈ સુકાળ પડે અને વરસાદ બહુ થાય ને તો ઘી સોંઘા મળે. એ જ્યાં ઘી લઈને આવ્યો ત્યારે વિચાર ફર્યા. એક ઘરે ઉતર્યો પહેલા જતાં. એ બિચારાને.. ફરીને ઉતર્યો કે હવે તો કાંઈક જો દુકાળ પડે ને વરસાદ-બરસાદ ન હોય ને ઢોર-બોર ઓછા થઈ જાય તો ઘી મોંઘા થાય તો પુડલાના ભાવ વધે. અર..ર..! બુદ્ધિ જુઓ. બુદ્ધિમાં શું આવ્યું? અને એક ચામડા લેવા જાતો હતો એ પણ એ માણસને ઘરે ઉતર્યો હતો. અરે..! સમજાય છે ને? સુકાળ હોય તો ચામડા ઓછા મળે. દુકાળ હોય તો ચામડા બહુ મળે. દુકાળ હોય તો એને ચામડા બહુ મળે. ઢોર બહુ મરી જાય ખરા ને. અને સુકાળ હોય તો ઓછા મળે. બેયની ભાવનામાં ફેર. જ્યારે ચામડા લેવા જાતો હોય ત્યારે દુકાળ હોય તો ઠીક. ચામડા લઈને આવ્યો અને પછી કહે સુકાળ પડે ને તો ચામડા મોંઘા થાય. જુઓ આ ભાવ! મોહનભાઈ! થવાનું તો થાય છે પણ આની કલ્પનાના ઘોડા... ઘોડા દોડાવે.

કાપડ લઈ ગયો પાંચ લાખનું અને એમાં ભાવ જ્યારે વધવા માંડે. બહુ ખુશી (થાય). પણ આ ગરીબ માણસને હેરાન થવાના.. પણ આપણે તો દોઢા થાય છે. સાડા સાત

લાખ થાશે લ્યો. અને જ્યારે પાંચ લાખ આપ્યા. ઘરમાંથી કાપડ દઈ દીધું હોય અને ભાવ ઘટે તો સારું થયું હવે. આપણે વેચી નાખ્યા પછી ઘટ્યા. કહો, ધરમચંદભાઈ! દૃષ્ટિમાં ફેર છે કે બીજું કાંઈ? બાકી તો થવાનું હોય એ થાય. એની કલ્પના. હવે ઘટ્યા ભાવ તો વાંધો નહિ. પણ શું તું શેની કલ્પના કરે છે? પાંચ લાખનો માલ લઈને હવે વધે ને દોઢા થાય ને બહુ સારું. પણ આ ગરીબને મોંઘા મળે અને ગરીબ પાસે નથી. એનું ગમે તેમ થાય, પણ આપણા ઘર તો ભરાય. એવા જેના ભાવ માટે પાપ લઈને કમાવવું એ બુદ્ધિ જ સારી નથી. એનાથી પછી ભોગ સુખ મળશે એમ માનીને કમાવવું એ વ્યાજબી નથી. કેમ કે આરંભમાં સંતાપ. શરૂઆતમાં સંતાપ, શરૂઆતમાં સંતાપ. સમજાણું કાંઈ?

વખાર હોય એક પાંચ હજાર તલની ગુણની. અને જ્યારે વેચવાની હોય ત્યારે ભાવ ઘટે નહિ તો સારું. ધ્યાન રાખજો વખારનું. વરસાદ-બરસાદ પડે નહિ, ધ્યાન રાખજો. વેચાઈ ગઈ અને ઓલાને રૂપિયા ઘરમાં આવ્યા. વખાર ભલે એમ ને એમ પડી હોય. તાળું એનું હોય. હવે ભલે માથે ચુવે અને ભલે માથે વીજળી પડે અને ભલે ભાવ ઘટી જાય. શું થયું પણ આ? ચીજ તો એની એ છે. હજી તો તાળુ ફર્યું કુંચી. એના હાથમાંથી ઓલાના હાથમાં ગઈ. પૈસા આના ઘરમાં ગયા. હવે આપણા તલ ક્યાં છે. હવે ખોટ જાય તો એને અને વરસાદ પડે ને બગડી જાય તો એને. અજ્ઞાનીની દૃષ્ટિ પર ઉપર છે પણ એ બહારમાં થવું હોય એ થાશે. મારે આ સંતાપ ક્લેશ થાય છે પરમાં એ જ મને દુઃખદાયક છે. મારી સંતાપ વિનાની ચીજ આત્મા છે એની ઓળખાણ ને શ્રદ્ધા-જ્ઞાન કરું એવા આરંભ કરનારને એ વિચાર રહેતો નથી. માટે પૈસા પેદા કરીને ભોગ-સુખ મળશે એ તારી વ્યાજબી વૃત્તિ નથી. એનો ખુલાસો વિશેષ આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૧૨, સોમવાર તા. ૧-૧૦-૧૯૫૬**
**ગાથા-૧૭, પ્રવચન-૨**

પૈસા.. લક્ષ્મીમાં માલ નહિ. આ એનો ઉત્તર ૧૭મી ગાથામાં આપે છે. અહીં તત્ત્વદૃષ્ટિની વાત છે હોં! એકલી બાહ્ય લક્ષ્મી છોડી દે એ અહીં વસ્તુ નથી. પણ લક્ષ્મીથી અમને ભોગ અને ઉપભોગ મળે એવી બુદ્ધિ છે એ જ મિથ્યા દૃષ્ટિ છે. અજ્ઞાની છે. અમને આ લક્ષ્મી મળે અને લક્ષ્મીથી સારી સામગ્રી મળે. એની બુદ્ધિમાં જ વિપરીતતા અને ભ્રમણા પડી છે. ભોગ-ઉપભોગનું સાધન ધન અને ધનને લઈને એ મળે માટે સુખ છે એ ત્રણ કાળમાં વાત સાચી નથી.

ત્યારે કહે છે કે લક્ષ્મી મેળવવામાં શરૂઆતમાં સંતાપનું કારણ. લક્ષ્મી ઉપાર્જન કરવામાં પણ સંતાપ. ત્યાં શાંતિ-બાંતિ નથી. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેના તરફનો પ્રારંભ અને શરૂઆત કરે તો એમાં શ્રદ્ધા-જ્ઞાનની એને શાંતિ મળે. પણ લક્ષ્મી રળવામાં તો પહેલી જ શરૂઆતમાં હોળી સંતાપ છે, કહે છે. સાચું હશે? મોહનભાઈ! લાગ્યો હતો સંતાપ તે દી? એ જ કહે છે આ. એ પ્રશ્ન અત્યારનો નથી, આ તો અનંત કાળથી વાત ચાલી આવે છે.

આત્મા એક સમયમાં આનંદ અને જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છે. એની શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી અને શાંતિ કરતો નથી. અને લક્ષ્મી રળીને અમને ભોગ-ઉપભોગ મળશે અને અમે જગતમાં મોટા કહેવાશું. એવી જેની બુદ્ધિ છે એને રળવામાં શરૂઆતમાં જ સંતાપ છે કહે છે. ઝાઝી લક્ષ્મી આવશે તો અમને બીજા .. પૂછશે બધા, પાંચમાં પૂછાશું લ્યો. ગરીબને કોઈ પૂછે નહિ. .. કહે છે કે નિંદનીક છે, ધન નિંદનીક છે. ધનમાં માલમાં નથી. તો અમને એ વાત બેસતી નથી. અમને તો એમાં મજા લાગે છે.

કહે છે કે ધન રળવાની શરૂઆતમાં સંતાપ, '**પ્રાપ્ત હોને પર અતૃપ્તિ કે કરનેવાલે...**' આ પચાસ લાખ મળ્યા તો કરોડની અતૃપ્તિ, એમ કહે છે. જેટલું મળ્યું એમાં સંતોષ નહિ અને આગળ વધવાની જ વાત, વધવાની જ વાત તૃષ્ણામાં અને અતૃપ્તિમાં. અને '**અંતમેં જો બડી મુશ્કિલોંસે ભી છોડે નહીં જા સકતે,...**' છેલ્લે તો એ મરવા ટાણે એ છોડવા હાય.. હાય... આટલી વ્યવસ્થા કરતો જાઉં, બાયડીની, છોકરાની. એ બધી લક્ષ્મીની મમતા મહા મુશ્કેલીથી છૂટે છે, કહે છે.

'**ઐસે ભોગોપભોગોંકો કૌન વિદ્વાન-સમજદાર-જ્યાદતી વ આસક્તિ કે સાથ સેવન કરેગા?**' આટલો શબ્દ છે હોં. એ શબ્દ શું કરવા મૂક્યો? તત્ત્વજ્ઞાની ધર્માત્માને ભોગ-ઉપભોગ હોય છે. લક્ષ્મી પણ હોય છે. પણ આ લક્ષ્મીના ભોગો સુખના કારણ છે અને સુખ છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? '**कामान् कामं कः सेवते सुधीः**'

એમ છે ને? એનો અર્થ પછી કર્યો કે **'સમજદાર-જ્યાદતી વ આસક્તિ...'** આ ભોગ ને લક્ષ્મી ને સાધન.. તત્ત્વજ્ઞાની ત્રણ કાળમાં સેવતો નથી. અને અજ્ઞાનીની તો એ બુદ્ધિ તો એ લક્ષ્મી મળી ને સાધન મળ્યા, ભોગો મળ્યા, અમને સાહેબી મળી અને અમે સુખી છીએ. એમ મંદ મિથ્યાદૃષ્ટિ ધન અને ભોગ-ઉપભોગમાં લાભ માની રહ્યા છે. એની અહીંયાં વાત કરી રહ્યા છે. ઓલાને અહીં 'સુધી' ગણ્યા છે. 'સુધી' કહો, સમજાણું કાંઈ?

**'સમજદાર-જ્યાદતી વ આસક્તિ કે સાથ સેવન કરેગા?'** નહીં કરેગા. એમ કહે છે. તત્ત્વજ્ઞાની... ઇન્દ્રના પદ મળે કે ચક્રવર્તીના રાજ મળે કે છન્નું હજાર સ્ત્રી મળે એ તો જડ પર વસ્તુ અને આત્મા પર છે. મારામાં એના પ્રત્યેનો જરી રાગ થાય તે મને દુઃખદાયક છે. મારા અંતર જ્ઞાનાનંદમાં રુચિ અને પરિણતિ અને એકાગ્રતા તે મને સુખદાયક છે. એમ ધર્માત્મા અંતરમાં સુખ માને છે. એ ભોગમાં રહ્યો છતાં ભોગ અને રાગમાં સુખ માનતો નથી. કહો, સમજાય છે કાંઈ? ભગવાનજીભાઈ! પાછા એમ કહે.. એ પ્રશ્ન આગળ કરશે. ચક્રવર્તી, તીર્થંકરો તો જ્ઞાની.. સમકિતી હતા એ કેમ છન્નું હજાર સ્ત્રીને ભોગ લેતા? તમે કહો કે તત્ત્વજ્ઞાની ભોગ લે નહિ, તત્ત્વજ્ઞાની ભોગ લે નહિ. સાંભળ તો ખરો. એ ભોગ લેતા જ નહોતા. એ તો .. સામગ્રીમાં જોડાય એમ અજ્ઞાનીને દેખાતું. અંતર જોવે નહિ અને ઉપરની ક્રિયામાં સરખા દેખે એ કાંઈ વસ્તુની સ્થિતિ નથી. .. ઠીક કર્યો છે.

**'ભોગોપભોગ કમાયે જાને કે સમય,...'** જ્યારે ભોગ અને ઉપભોગ મેળવવાને કાળે. આ મોટરું મેળવવી ને બંગલા મેળવવા અને ધૂળ મેળવવી. ધૂળ એટલે દાગીના, લૂગડાં એ બધી ધૂળ છે કે નહિ? એ મેળવવા ટાણે આમ વલખા મારતો હોય.. સોનાની બંગડી રતન જડેલા. એમાં આવી જાતની એક લાખની આવે છે, એક પાંચ લાખની આવે અને એક દસ લાખની આવે. એમાં એકબીજાને મેળવવા માટે **'ભોગોપભોગ કમાયે જાને કે સમય, શરીર ઇન્દ્રિય ઔર મનકો ક્લેશ પહુંચાનેકા કારણ હોતા હૈ.'** શરીર, મન અને ઇન્દ્રિયમાં ક્લેશ... ક્લેશ.. ક્લેશ... આ વળી લાવ્યો હોય દાગીના સરખા. વળી અહીં બાયડી પાસે લાવીને બાયડી પાસ ન કરે. આવી છાપનું શું લાવ્યા? તમને એટલી ખબર નથી? ઓલા સારા સાડલા હમણા છપાણા છે ફલાણે ઠેકાણે. આવી જાતની મોટર મેં કીધી હતી. એવી મોટરું તો આપણે ઘરે ઘણી છે. બીજી જાતની નાની મોટર હમણાં આમ નીકળી અને હળવે ચાલે ને આમ થાય ને નાનું પૈડું ફલાણું થાય, ઢીંકણું થાય. ઘણી જાતના છે ને અત્યારે. એ તમને કહ્યું, એટલું લેતા પણ આવડ્યું નહિ તમને? હોળી અંદર સળગે પાછી. કલ્પનાનો ક્લેશ, મનમાં ક્લેશ, ઢીંકણામાં ક્લેશ. આ બંગડી તમને કહી હતી? તમને નહોતું અહીં કહ્યું કે આવી બંગડી એમાં કરકરિયા હોય અને વચ્ચે એવી રીતે અહીંયાં મણિરત્ન જડ્યા અંદર ખુણામાં માથેથી સોનાની આમ વળાવ હોય એવી તમને કહી હતી અને તમે આ લઈને આવ્યા. હવે ભાઈ ફરીને લેવા જાઈએ. મોહનભાઈ!

આ બહારના દાળ, ભાત, રોટલા, શાક. દાળ-ભાત લેવા જાય કે નહિ? દાળ-ભાત એટલે રાંધેલા નહિ હોં! ચોખા લેવા જાય, કુલફાના લેવા જાય અને આવી જાય કાંઈક ને કાંઈક થોડા. પાતળા બહાને આવી ગયા બીજા. તરત ઓલા ના પાડે કે એલા કે આ તું કેમ લાવ્યો? કહે છે કે એ શરીર, ઈન્દ્રિય અને મનમાં એ ચીજોને લેવામાં, પ્રાપ્ત કરવામાં, મેળવવામાં, ભેગા કરવામાં એકલો ક્લેશ જ છે. સાચી વાત હશે આમાં? .. કે આચાર્યોને સૂઝકો નહિ પડ્યો હોય? નહિ સૂઝ્યું હોય? અમને લાગે છે સુખ અને આ કહે છે ક્લેશ.

**'યહ સભી જન જાનતે હૈં કિ ગેહું, ચના, જૌ આદિ અન્નાદિક ભોગ્ય દ્રવ્યોંકે પૈદા કરને કે લિયે ખેતી કરનેમેં એડીસે ચોટી તક પસીના બહાના આદિ દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં.' 'એડી સે ચોટી તક..'** પગથી માથા સુધી એ ઘઉં નીપજે, બાજરા નીપજે એ બધા ખેતીવાળાને કેટલી મહેનત કરવી પડે? મહામહેનત કરવી પડે. કહે છે, ચણા, ઘઉં સમજ્યાને? વગેરે. **'આદિ દુઃસહ ક્લેશ હુઆ કરતે હૈં. કદાચિત યહ કહો કિ ભોગે જા રહે ભોગોપભોગ તો સુખકે કારણ હોતે હૈં!'** ભલે એ વખતે ક્લેશ થયો હોય પણ ખાવા વખતે આમ દાળ, ભાત, રોટલા ઊના-ઊના ધોળા ફુલકા. ધોળા ઘઉંના, એના લોટ કરીને ધોળા લાડવા, ચુરમા (ખાય) એ વખતે સુખ છે કે નહિ? એમ અજ્ઞાનીએ પ્રશ્ન કર્યો.

**'ઈસકે લિયે યહ કહના હૈ કિ ઈન્દ્રિયોંકે દ્વારા સંબંધ હોને પર વે અતૃપ્તિ બઢી હુઈ તૃષ્ણા કે કારણ હોતે હૈં,...'** સાંભળ! જેમ જેમ તું સ્ત્રીનો ભોગ, દાગીનાનો ભોગ, લૂગડાનો ભોગ, લાડવાનો ભોગ કર, તેમ તેમ તને તૃષ્ણા વધતી જશે. આના કરતાં આમ ભોગવું ને આના કરતાં આમ ભોગવું. તારી તૃષ્ણા જ વધશે. તારા આત્માના સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન વિના તારું ક્યાંય પૂરું પડે એવું નથી. એમ કહેવા માગે છે. કેશવમલજી! સમજ્યા? એંસી લાખ થયા હોય તો કરોડ, કરોડ હોય તો બે કરોડ. એ તૃષ્ણા.. તૃષ્ણા ને ભોગ. ચુરમાના લાડવા ખાધા. પણ સાંજે ફલાણા ઢોકળા કરજો, સાંજે આ કરજો. આવા ઢોકળા છાપવાળા કરજો. એવા એવા વાટકા આવે છે એમાં નાખીને કરજો. ખાતા ખાતા પણ સારા લાગે. સખ ન મળે. એમાં કાંઈક ખાટા-બાટા હોય ને કાંઈ થઈ ગયું અરેરે..! આહાહા..! અરે.. ભાઈ! આ તો ખટાશ રહી ગઈ. આવડ્યું નહિ હોય. તમે આથો કેટલા કલાકનો નાખ્યો? એ હોળી ક્લેશની. એ પદાર્થના ભોગ ઉપભોગમાં પણ શાંતિ નથી. અજ્ઞાની મૂઢ માની બેઠો છે. ..ભાઈ! સાચું હશે આ?

**'ઈસકે લિયે યહ કહના હૈ કિ ઈન્દ્રિયોંકે દ્વારા સંબંધ હોનેપર વે અતૃપ્તિ યાની બઢી હુઈ તૃષ્ણા કે કારણ હોતે હૈં, જૈસા કિ કહા ગયા હૈ.'** એનો શ્લોક આપ્યો છે. **'જ્યોં જ્યોં સંકલ્પિત કિયે હુએ ભોગોપભોગ, પ્રાપ્ત હોતે જાતે હૈં,...'** જેમ સંકલ્પમાં આવ્યા એમ પુણ્યને કારણે ભોગ અને ઉપભોગ—એકવાર ભોગવાય એવા દાળ,

ભાત, શાક આદિ, વારંવાર ભોગવાય એવા સ્ત્રી, દાગીનો, લૂગડા, મોટરું અને હજીરા. હજીરા એટલે મકાન. એ વારંવાર ભોગવાય એવી ચીજો. '**ત્યોં ત્યોં મનુષ્યોંકી તૃષ્ણા બઢતી હુઈ સારે લોકમાં ફૈલતી જાતી હૈ.**' લ્યો! આટલું પછી આટલું, આટલા પછી આટલું. એમાં પછી આવતું નથી, ભાઈ! એ શ્લોકનો અર્થ કર્યો છે. લાંબો અર્થ કર્યો છે. મૂળ શ્લોક ટીકાથી બહુ લાંબો કર્યો છે. આ તો મૂળ ટીકાનો અર્થ છે. સમજાય છે કાંઈ?

એકમાંથી બીજું. ત્રણ છોકરા થયા તો ચાર. ચાર હોય તો પાંચ. છોડીયું હોય તો આ સારા લગન કરવા ને સારું આ કરવું, ઢીંકણું આ કરવું. એમાં કાંઈ વેવાઈનું મન સચવાણું ન હોય. પૈસા હતા. .. સચવાણું ન હોય તો કાચલી માટે વિવાહ બગાડે. અરેરે..! આટલું આવડ્યું નહિ. પાપડ તમને કરી રાખવાનું નહોતું કહ્યું? આટલા પાપડ કરજો, ભાઈ! વેવાઈ આકરો છે. પાપડ ભજે. એ પાપડ લાવો... પાપડ લાવો. પાપડ નથી. આને આવડ્યું નહિ વેવાઈને. જાવ. કહે છે કે મનુષ્યોની તૃષ્ણા એવા ભોગોપભોગની દૃષ્ટિ ધ્યેય ત્યાં પડ્યું છે એથી એની તૃષ્ણામાં વધારો થયા કરે છે.

'**મનુષ્ય ચાહતા હૈ, કિ અમુક મિલે. ઉસકે મિલ જાનેપર આગે બઢતા હૈ, કિ અમુક ઔર મિલ જાય.**' પાંચ લાખ મળે તો પછી આગળ દસ લાખનો વધારો કરે છે. '**અમુક ઔર મિલ જાય.**' વળી દસ લાખ મળે તો '**અમુક ઔર મિલ જાય.**' બે-ચાર મિલ થઈ જાય અને બાર મહિના બે લાખ, પાંચ લાખની ઊપજ સીધી થઈ જાય તો છોકરાને રળવું મટે. ત્યાં પેદાશ માટે મીલ એક લઈ લે પાંચ-દસ લાખનું, એમાં પાંચ લાખ પેદા થયા જ કરે. છોકરા ન ધંધો કરે તો ચાલ્યા જ કરે. એમ મૂઢને એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી તૃષ્ણા વધે જ જાય છે. આત્મા જ્ઞાનાનંદ છે એ તૃષ્ણાના વિકલ્પ વિનાનો છે. ભોગોપભોગમાં ત્રણ કાળમાં સુખ નથી. એવી અંતર દૃષ્ટિ કર્યા વિના એની તૃષ્ણાનો ઘટાડો થાય નહિ.

અહીં એમ નથી કહેતો હોં કે ઓલા ભોગઉપભોગ છૂટી ગયા માટે ત્યાગી-ધર્મી થઈ ગયો. અને ભોગોપભોગ પડ્યા છે માટે એ ધર્મી નથી. એમ અહીંયાં વાત નથી. અહીં તો જેની દૃષ્ટિ પુણ્યના પરિણામ ઉપર છે, ધન ઉપર છે, અને ધનથી મળેલી ભોગ-ઉપભોગ સામગ્રી ઉપર છે એ મહાતૃષ્ણાવંત, મૂઢ ને અવિવેકી છે. સમજાય છે કાંઈ?

'**ઉસકે ભી મિલ જાનેપર મનુષ્યકી તૃષ્ણા વિશ્વકે સમસ્ત હી પદાર્થોંકો ચાહને લગ જાતી હૈ.**' લ્યો! વિશ્વ. આખી દુનિયાનું રાજ લઈ લઉં. સમજાણું? એક જણો કહેતો હતો નાસ્તિક કે મને જો રાજ મળે ને... શું કહેવાય? સર. સરમુખત્યાર જો હું થાઉં તો દુનિયામાંથી પહેલા તો ધર્મના સ્થાનો નાબુદ કરી દઉં. આ જુઓ જગતના અભિપ્રાય. જુવાન માણસ અને ફાટેલ મગજ. મને જો સરમુખત્યાર હિન્દુસ્તાનનો કરે તો પહેલા દરજ્જે જેટલા ધર્મના સ્થાનોનો નાશ કરાવી દઉં. ધર્મે તો નખોદ વાળી નાખ્યું જગતને. કારણ કે ખાવા-

પીવાની મોજું લહેર કરીએ એમાં કહે કે ધર્મ કરો. નહિતર પરલોકમાં નરકમાં જશો. આ તમારા પૂર્વના પુણ્યને લઈને મળે છે. હવે આ હોળીમાં કેટલું દુઃખ? મૂકને પડતી હોળી. હોળી સમજો છો? અગ્નિ. અમારી ભાષા છે કાઠિયાવાડી.

કહે છે કે આખા લોકની વિશ્વની પ્રાપ્ય પદાર્થની તૃષ્ણા એને (રહે છે). કેમ? કેમ? કે આત્માનો મૂળ સ્વભાવ તો લોક અને અલોકને જાણવાનો છે. આત્માનો સ્વભાવ લોકાલોકને–વિશ્વને, વિશ્વ નામ આખા જગતના જેટલા પદાર્થો છે એને જાણવાનો છે. એ જાણવાનો સ્વભાવ મારો એમ પ્રતીતમાં ન લીધું, શ્રદ્ધામાં ન લીધું એટલે વિશ્વને હું ભોગવું એવી દૃષ્ટિ એમાં ઊભી થઈ. સમજાય છે કાંઈ? જાય ક્યાં? આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ તો ત્રણ કાળ ત્રણ લોકના પદાર્થને જાણે... જાણે... જાણે... જાણે... જાણવાનો એનો સ્વભાવ અને જાણવામાં જે અતીન્દ્રિય આનંદ આવે એ પોતાનો સ્વભાવ છે. એ જાણવાનું, જગતના જ્ઞેયોને જાણવાનો સ્વભાવ ન માનતા જગતના પદાર્થને ભોગવું એમ માન્યું એટલે એને લોકને આખા વિશ્વના પદાર્થને ભોગવું એવી તૃષ્ણા વધી ગઈ છે. વિશ્વને જાણવાનો ભાવ ઊંધો પડ્યો એટલે તૃષ્ણામાં ગયો. એટલે એને આત્મા શું ચીજ છે એની શ્રદ્ધા અને જ્ઞાન કરવાનો અવસર એને રહેતો નથી.

‘**સબ હી મુજે મિલ જાયેં.**’ આખી દુનિયા મને મળે. એક એક વ્યક્તિ કહે કે, આખું રાજ મને મળે. વસ્તુ તો જેટલી છે એટલી છે. છે એટલી છેને? એક કહે, મને બધું મળે, બીજો કહે બધું મને મળો, ત્રીજો કહે બધું (મને) મળે, ચોથો કહે મને મળો. તો પછી હવે ભાગ કેટલા પાડવા? પણ એક કહે કે હું બધાને જાણું, બીજો કહે હું બધાને જાણું, ત્રીજો કહે હું બધાને જાણું. તો તો આત્માનો સ્વભાવ જ્ઞાન છે એ તો બની શકે એમ છે. એમાં કાંઈ ભાગલા પડતા નથી. હું પણ લોકાલોક જગતને જાણનારો, આ આત્મા પણ જાણનારો, બીજો પણ જાણનારો, જાણનારો. એમાં કાંઈ ભાગલા પાડવા પડતા નથી. પણ અજ્ઞાની જ્ઞાનસ્વભાવી આત્મા ચિદાનંદ હું છું એની શ્રદ્ધા અને જ્ઞાનના ભરોસા વિના એ જગતની ચીજ એક મેળવવા જાય, બીજો મેળવવા જાય, ત્રીજો (જાય), ચીજ તો જેટલી છે એટલી છે. એના કાંઈ ભાગલા પડતા નથી. એટલે એની તૃષ્ણામાં અનંતો વધારો થઈ જાય છે.

જુઓને, આ બધા વેપાર કરે છે. શું કહેવાય ઓલા? ખેળા ખેળા કહે છે ને કાંઈક? ખેલા. એ શું, એક હાથ વેપાર. એક હાથ વેપાર. પાંચ કરોડ અને દસ કરોડના તજનો, કપૂરનો, લવિંગનો, ઢિકણાનો. કરે છે ને એક હાથ વેપાર આખો. આ શું તૃષ્ણા! કહે છે કે બધાને જાણવાનો તારો સ્વભાવ છે એ તારી શ્રદ્ધામાં ગુલાંટ ખાઈ ગયો છે. આ બધી જ્ઞેયોને લઈને તૃપ્તિ કરું, જ્ઞેયોને ભોગવીને તૃપ્તિ કરું, પદાર્થ લાવીને તૃપ્તિ કરું. બીજાથી અધિક પૈસા કરીને, વેપાર કરીને મોટો અધિક થઈને તૃપ્તિ કરું (એમાં), હું બીજા જગતના પદાર્થને

રાગથી અધિક મારું જ્ઞાનસ્વરૂપ છે એમ શ્રદ્ધા-જ્ઞાન કરીને તૃપ્તિ કરું એ વાત રહી નહિ. અને જગતના પદાર્થો જેને મળ્યા એકને એથી બીજાને વધારે મળે તો મને ઠીક પડે. એમ કરીને અજ્ઞાનની તૃષ્ણા અનંતગુણી થઈ ગઈ છે.

**'પરંતુ યથેષ્ટ ભોગોપભોગોંકો ભોગકર તૃપ્ત હો જાય તબ તો તૃષ્ણારૂપી સન્તાપ ઠંડા પડ જાયગા!'** સમજાણું? **'ઈસલિયે વે સેવન કરને યોગ્ય હૈં.'** એમ શિષ્ય કહે છે. મહારાજ! તમે વાત કરો છો પણ તમને ભોગ ભોગવવાની ખબર નથી. અમે ભોગ સારી રીતે ખાઈ રહીએ ને તૃપ્ત થશું. ૬૦-૬૫-૭૦ના જ્યારે થાશું પછી અમને તૃપ્તિ થઈ જશે તો છોડી દઈશું. પછી અમે ભોગવીને, ભોગોપભોગને સેવીને... સમજાણું? **'તૃપ્ત હો જાય...'** અમારી તૃપ્તિ થઈ જશે. હવે લક્ષ્મી બધી થઈ. હવે મારે કાંઈ કરવું નથી. હવે હું તૃપ્ત થઈ ગયો. એવા કારણે ભોગોપભોગ સંતોષનું કારણ છે એમ તો કહો. પછી **'તૃષ્ણારૂપી સન્તાપ ઠંડા પડ જાયગા! ઈસલિયે વે સેવન કરને યોગ્ય હૈં.'** એટલું તો કહો કાંઈ સેવન કાંઈ કરવા લાયક છે.

**'આચાર્ય કહતે હૈં કિ વે ભોગ લેનેપર અન્તમેં છોડે નહીં જા સકતે,...'** એ ભોગમાં તૃષ્ણા વધતા એ ભોગનું લક્ષ તારું છૂટશે નહિ. ત્યાં તે ઘટ ઘટ આમ વારંવાર કર્યું કે આ હોય તો ઠીક, બાયડી હોય તો ઠીક, લક્ષ્મી હોય તો ઠીક, આબરૂ હોય તો ઠીક, ધૂળ હોય તો ઠીક. એમાંથી તારી તૃષ્ણા ઘટશે નહિ અને સંતોષ આવશે નહિ. **'ઉનકે ખુબ ભોગ લેનેપર ભી મનકી આસક્તિ નહીં હટતી,..'** એક શ્લોક ત્યાં મૂક્યો છે.

**'યદ્યપિ અગ્નિ,...'** દાખલો આપ્યો. અગ્નિમાં ઘાસ નાખો, લાકડી નાખો, પાંદડા નાખો, ભૂકો બધો આખો ઉકરડો નાખો **'આદિકે ઢેરસે તૃપ્ત હો જાય. સમુદ્ર સૈંકડોં નદિયોંસે તૃપ્ત હો જાય, પરંતુ વહ પુરુષ ઈચ્છિત સુખોંસે કભી ભી તૃપ્ત નહીં હોતા.'** ઓલામાં તો કદાચિત અગ્નિમાં ઓલું થાય પણ તારી તૃષ્ણા અનંતી અનંતી વધતી ગઈ. બીજાની બાયડી આવી, મારી આવી, બીજાને મોટર આવી, મારે આવા. બીજાના મકાન જુઓ તો કેવા માથે ગોળા મૂક્યા લાલ, લીલા, ફલાણા, ઢીકણા આમ ચારે કોર. અને એક ૭૦ ફૂટ ઊંચો પોણો સો ફૂટ છે ને તમારે વાંકાનેરમાં નથી? એઈ..! શું છે ઓલું?

મુમુક્ષુ :- .. ટાવર

ઉત્તર :- હા. ટાવર મોટો. ઓલા ઉપર આમ બાર ગાઉમાં મોરબી દેખાય. આ રાજાનો ટાવર. બાપા! એ તો અમે અધિક છીએ. પૈસા હોય તો થાય, રાંકા ભિખારા શું કરતા હતા? મરી જઈશ, કહે છે, તૃષ્ણામાં. અને એ જ્યારે રાજ સોંપવાના આવ્યા... સહી કરવી પડી તો આંખમાંથી આંસુ ચાલ્યા ગયા. સાચી વાત છે ને? આમ જ્યાં આમ કરતો, મોટો વીર્યવાળો રાજા. અને આમ જ્યારે દસ લાખનો તાલુકો, આ સ્થિતિ, આમ કરેલા, હુશિયાર મોટો અને જ્યારે રાજની સહી કરવી પડી કે રાજ આપી દો. આજીવિકા. આંખમાંથી આંસુની

ધારા વહે.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ... એ તો છે પણ હોય શું? હાય હાય! હવે? અમારો હુકમ કોણ માને? જુઓ! આ છોડવા વખતે મુશ્કેલ. ભોગવવા વખતે મુશ્કેલ, મેળવવા વખતે મુશ્કેલ, આ છોડવા વખતે મુશ્કેલ. બરાબર છે? કેસરીમલજી! છોકરાઓ ભાગ પડાવે ત્યાં બાપ બેઠો હોય ને. પાડો ભાગ. પણ આ ધોતિયું લાજે મારું, હું છું ત્યાં સુધી. બાપા! એ ભલે તમારું બહાર પાડશો નહિ. પણ વહેંચી દો. નહિતર પાછળ થાશે તકરાર. શું કરવું પણ હવે? ૬૦-૬૦ લાખના ભાગ પાડો એક એકને ૧૫-૧૫ લાખ. એના મકાન જુદા, એના દાગીના તમે કરતા જાવ હોં. નહિતર લાકડીયું ઉડશે. હાય હાય. મેળવવામાં પાપ, ભોગવવામાં પાપ, આ વહેંચી દેવાને હવે હું અધિકાર ઉઠાવી લઉં તો એમાં પણ પાપ. એમાં આત્માનો સંતોષ છે નહિ. ભગવાનજીભાઈ! વાત સાચી હશે કે નહિ? ત્યાં તો લહેર કરે છે બધા. કેટલાક તો કરોડપતિ, ઢીકણા પતિ અને ફલાણા પતિ.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— હા હા તો છે ને. થાય ને પણ એમાં શું થાય? ઓછા પડે છે. કોર્ટમાં તકરાર કરે. એ તો બીજા ઘણા સાંભળ્યા છેને. એક પાંચ-છ કરોડવાળાનો દીકરો. પૈસા ન આપ્યા તો કહે, લાવ હું કોર્ટમાં જાઉં છું. એ તો બીજા બધા એ જ છે. પણ કાલે નહોતું આવ્યું? કે ઈ એના, મારે નહિ. હરણિયા અને સિંહ બળતા હતા અને જે માણસ જે ઝાડ ઉપર ઉભો હતો, ચારે કોર જંગલ બળતું હતું, પોતે જરી ૨૫-૫૦ હાથ છેટે અગ્નિ હતી. એટલે હું તો બચી ગયો છું. આ બધા બળે છે. પણ હમણા અગ્નિ આવીને ઝાડ અને તું ભેગા બધા (બળી જશો). એમ એને એમ હતું. એના દીકરાએ આમ કર્યું. અમારા દીકરા તો સોજા સરવા જેવા છે, સર્પ જેવા છે. સોજા સર્પ જેવા એટલે હળવે હળવે આમ કહીને ચાલ્યા જાય. કહો, સમજાણું કાંઈ?

ભાઈ! તને પદાર્થની ખબર નથી. તારા આત્મા સિવાય અનંત પદાર્થો તારે માટે એકલા જાણવાલાયક છે. કોઈ ઈષ્ટ-અનિષ્ટ છે નહિ. પણ અહીં ભોગ-ઉપભોગને ઈષ્ટ માને છે એ બુદ્ધિ મૂઢ છે એમ કહેવા માગે છે. ભાઈ! ભોગોપભોગ તો જ્ઞાનીને હોય છે. તત્ત્વજ્ઞાનીને, સમકિતીને. ત્રણ લોકના નાથ તીર્થંકર જ્યારે મુનિ ન થાય ત્યાં સુધી ઘરે છન્નું હજાર સ્ત્રી હોય છે. સુખ નહિ, સુખ નહિ, સુખ નહિ. સુખ તો મારા આત્મામાં છે. અંતર્મુખ દૃષ્ટિના અવલોકનમાં સુખ છે. બહિર્મુખ જેટલું મારું વલણ જાય છે એ બધું દુઃખદાયક, દુઃખનો જ ઉપાય છે. એમ હેયબુદ્ધિએ વર્તે છે અને સુખબુદ્ધિએ વર્તતા નથી. પણ અજ્ઞાની તો આમ લહેર કરે છે કે અરે..! હમણા કરતાં કરતાં તમને શું ખબર પડે? સુખ ભોગવ્યા પછી અમને સંતોષ છે. નિરાંતે પછી ભગવાનનું નામ લઈશું લ્યો. 'હમણાં પછી ગોવિંદ ગાશું.'

આવે છે ને? હમણા તો માળા કરવા છે, હમણા તો આ મિલ બંધાવા છે. પછી નિરાંતે ભગવાનની માળા કરીશું. મરી જઈશ ત્યાં પછી ક્યાંથી માળા કરીશ? ત્યારે છોકરા કહે .. વહેંચવામાં તકરાર. એ કોર્ટું ચડે. સગા બે ભાઈ ફળિયાના વહેંચણીમાં કોર્ટે ચડે. મોહનભાઈ! સગા બે ભાઈને થાતું હશે કે નહિ?

મુમુક્ષુ :— ઘેર-ઘેર થાય.

ઉત્તર :— ઘેર-ઘેર છે. એ પદાર્થ જુદો, તું જુદો. એના વિચાર કેવા આવે, તારા વિચાર કેવા? બેય સ્વતંત્ર ચીજ છે. તું કહે કે મારા વિચાર પ્રમાણે એના વિચાર આવે. તારી બુદ્ધિમાં ભ્રમ પડ્યો છે. કદાચિત્ તારા વિચાર પ્રમાણે એના આવ્યા પણ એને કારણે આવ્યા, તારે કારણે નહિ. માટે તું એમ માની બેસે કે મારે કારણે આનું આમ આવ્યું. માટે એટલો તો આપણને સંતોષ છે ને? કે નહિ.

**'વહ પુરુષ...'** અગ્નિમાં ઘાસ, લાકડીથી કદાચ તૃપ્ત થઈ જાય, અગ્નિ ઓલવાઈ જાય બહુ ભાર પડી જાય તો એમ કહે છે. અગ્નિમાં બહુ ભાર પડે. **'સમુદ્ર, સેંકડો નદિયોંસે તૃપ્ત હો જાય,...'** કદાચિત ભરતીનો કાળ હોય ને ભરતી દેખાય જાય. પણ જે મનુષ્યને આત્માનું જ્ઞાન નથી, આત્મા પૂર્ણાનંદ પ્રભુ છે એના સ્વભાવની દૃષ્ટિ, શ્રદ્ધા, જ્ઞાન કરતો નથી અને પુણ્ય અને લક્ષ્મીના ભોગોપભોગ સાધનમાં સુખ માની બેઠો છે એની તૃષ્ણા કદી તૃપ્ત થતી નથી. કહો, વાત બરાબર હશે આ? ભીખાભાઈ! પૈસાવાળાને સખ નથી આવતું.

**'અહો! કર્મોંકી કોઈ ઐસી હી સામર્થ્ય યા જબર્દસ્તી હૈ. અહો! યહ વિષયમયી વિષ કૈસા ગજબકા વિષ હૈ...'** કર્મોનો અર્થ તેં ભાવ કર્યા અને એનું બંધન થયું અને એનું જે ફળ મળ્યું એમાં તારું લક્ષ ગયું એટલે કર્મની જબરદસ્તી એમ કહેવામાં આવે છે. બાકી તો તારા ભાવમાં જ મૂઢતા પડી છે. હવે વિષયની વ્યાખ્યા જરી કરે છે. **'અહો! યહ વિષયમયી વિષ કૈસા ગજબકા વિષ હૈ...'** પાંચ ઇન્દ્રિયના લક્ષ્મીથી મળતા ભોગો, એના તરફનો તારો રાગ એ તો ઝેર છે, ઝેર છે. વિષય એટલે ઝેર. **'કિ જિસે જબરદસ્તી ખાકર યહ મનુષ્ય, ભવ ભવમેં નહીં ચેત પાતા હૈ.'** કેવું ઝેર છે? ઓલું ઝેર તો એકવાર દેહને છોડે. કાળકૂટ ઝેર. વિષયનું ઝેર—પાંચ ઇન્દ્રિયના વિષયમાં મજા અમને છે. અમને લહેર છે. અરે..! આબરૂ કીર્તિ સાંભળીએ, બાપા! આ જશ ન મળે તો જીવન શા? અને જશ માટે એકવાર જીવન ખોઈએ તોપણ વાંધો નથી. એવું આવે છે હોં! ઓલા ચારણો લડાવે ભારે. જીવન જશ વિનાના કામના નહિ. ત્યાં ઓલા ચઢે જાય. મરી જાઈશ પણ તારા જશ ક્યાં ન્યાં ઘરેણે મૂકાય એવા છે? મરી જાઈશ. ત્યાં ઘરેણે મૂકાય એવું છે? ઘરેણે સમજો છો? શું કહે છે? ગિરવી. ગિરવી રાખે કે મેં ઘણી આબરૂ કરી હતી હવે મારે જાવું છે પરલોકમાં. દેહ છૂટવાના ટાણે ગિરવી મૂકો બાપુ આબરૂને. મૂક્યા. ચાલ્યો જા તૃષ્ણા

કરીને બીજે ભવે. આત્મા ક્યાં ન્યાં નાશ થાય એવો છે?

અહીં તો સચ્ચિદાનંદ પ્રભુ એની શ્રદ્ધા-જ્ઞાન કરતો નથી અને પૈસા ને લક્ષ્મી ને ભોગ-ઉપભોગને ભરોસે પડ્યો છે. એને કહે છે કે તારા વિષય તો ગજબનું વિષ છે. '**કિ જિસે જબરદસ્તી ખાકર...**' જબરદસ્તી એટલે? હોંશથી ખાય. ઓલું ઝેર તો જરી અણ.. આ તો હોંશથી ખાય. વિષય લેવા એ તો અમારા કામ છે બરાબર. અને રાજના કુંવર હોય ને વિષય ફાટેલા હોય ને સાલમપાક ખાતા હોય ને મુસળીપાક ખાતા હોય અને એમાં ચડ્યા હોય, એમાં લસણના મસાલા અને શરીર ફાટે. ભોગ લેવા જાય. નાની ઉંમરની દીકરી આમ ચાલી જતી હોય તો નાખો આમાં મોટરમાં. લાવો .. અરે..! મરી જઈશ આમાં. પણ લક્ષ્મીને કારણે મળેલી ચીજો આંખ્યું અજ્ઞાનની અંધારે આવી. સમજાય છે? એ સ્ત્રી ઈચ્છતી ન હોય એના ઉપર હાથ નાખવા જાય તો મારે થપાટ ઓલી. કોણ છે હરામી? હાય-હાય. એલા..! હું મોટો પાંચ કરોડ, દસ કરોડનો આસામી. હું તને ઈચ્છવા ગયો ત્યાં તેં મારી થપાટ, તેં મારી એક લાકડી. કહેવું કોને મારે કે આણે મને લાકડી મારી. સમજાય છે? કે આણે મને થપાટ મારી દીધી અને માર્યો ધક્કો. અરે..! અમારી આબરૂ. અમને તું આવો આવો કહે મેં તને ઈચ્છી એમાં આ? હોળી ત્યાં ઈ છે. તારી તૃષ્ણાના અંત આવે એવા નથી. જુઓ, અહીં કહે છે. કેવું ઝેર? હોંશથી ખાય.

'**યહ મનુષ્ય, ભવ ભવમેં નહીં ચેત પાતા હૈ.**' ક્યાંય ભવભ્રમણમાં એને જાણવાનું મળતું નથી. એમાં ને એમાં ખૂંચ્યો. મૂઢ થઈને રખડી રહ્યો છે. અહીં તો કહે છે કે તારી બુદ્ધિમાં એમ આવે કે દુનિયાને લાભ દઈ દઉં પુણ્ય કરીને અને બીજાને સહાય કરું તો તારી ઈચ્છા પુણ્યની છે અને પુણ્યની ઈચ્છાવાળાને ભોગની જ ઈચ્છા છે. જેને શુભભાવની ઈચ્છા છે એને શુભભાવથી મળેલા ભોગોપભોગની જ ઈચ્છા છે. ભોગ-ઉપભોગથી નિવર્ત્યો નથી. ભલે ત્યાગી થઈને બેઠો હોય બાહ્યમાં. સમજાણું કાંઈ? પણ હું પરની કરુણાથી કામ કરું, અનુકંપાથી કામ કરું, ઢીંકણાથી... એ ભાવ મને લાભદાયક છે. તો એના ફળને ભોગને, ઉપભોગને લાભદાયક માન્યા વિના રહેતો નથી. માટે .. છોડ. ધન પણ લાભદાયક નથી, એના કારણે મળેલા ભોગપભોગ પણ કારણ નથી. ધનનું કારણ જે બંધ લાભદાયક નથી અને બંધનું કારણ તારા શુભભાવ પણ લાભદાયક નથી. સમજાય છે કાંઈ?

એટલે કહે છે, અહો..! એને મનુષ્ય ખાઈમાં ભવોભવમાં ક્યાંય એને પરના લક્ષથી છૂટીને નિર્ભોગસ્વરૂપ રાગ અને સંયોગ વિનાની આત્માની ચીજ, એને ચેતવાનો જાણવાનો અવકાશ મળતો નથી. એમાં ને એમાં ખૂંચ્યા કરે છે. '**ઈસ તરહ આરંભ, મધ્ય ઔર અંતમેં ક્લેશ...**' જુઓ! શરૂઆતમાં ક્લેશ, મધ્યમાં ક્લેશ, અંતમાં ક્લેશ '**એવં આસક્તિકે કારણભૂત ઈન ભોગોપભોગોંકો કૌન બુદ્ધિમાન ઈન્દ્રિયરૂપી નલિયોંસે અનુભવન કરેગા?**' ઈન્દ્રિયરૂપી નળીયો. આ નળીયું છે ને બધી? એ દ્વારા પાણી લાવે છે ને? આ

ઈન્દ્રિયના આંખ, કાન, ઈન્દ્રિય, ભોગ વિષય એ દ્વારા તત્ત્વજ્ઞાની ભોગ લેવાની વૃત્તિ રાખતા નથી. એમાં એની સુખબુદ્ધિ હોતી નથી. '**કોઈ ભી નહીં.**' સાચો તત્ત્વજ્ઞાની પરપદાર્થને ભોગબુદ્ધિએ અને પરપદાર્થના કારણ ધનને અને ધનના કારણ પુણ્યને સાચો તત્ત્વજ્ઞાની ત્રણ કાળમાં દૃષ્ટિમાં ઈચ્છતો નથી.

'**યહાં પર શિષ્ય શંકા કરતા હૈ...**' ભાઈ! હવે આવ્યું. '**કિ તત્ત્વજ્ઞાનિયોંને ભોગોંકો ન ભોગા હો યહ બાત સુનનેમેં નહીં આતી હૈ.**' આપે આટલી બધી વાત કરી. ભોગઉપભોગ તત્ત્વજ્ઞાની ન સેવે. અમે તો સાંભળ્યું છે કે તીર્થંકરો તત્ત્વજ્ઞાની હતા અને છન્નું હજાર સ્ત્રી હતી. બળદેવ મહાજ્ઞાની એ ભવે મોક્ષ જનારા હોય, સમકિતી હોય અને ઘણા સંસાર અને બધા રાજ હતા. '**બડે બડે તત્ત્વજ્ઞાનિયોંને ભી ભોગોંકો ભોગા હૈ, યહી પ્રસિદ્ધ હૈ.**' શાસ્ત્રમાં વાત આવે છે. આવે છે ને? આણે કહ્યું, તત્ત્વજ્ઞાની છે એ ભોગને ભોગવે નહિ. ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે અમે તો સાંભળ્યું છે, સમ્યગ્જ્ઞાન થાય, આત્માનો અનુભવ થાય, આત્માનું ભાન થાય. છતાં સ્ત્રીનો વિષય ભોગ ને રાજ ભોગવે એમ અમે નજરે જોયું અને શાસ્ત્રમાં કહ્યું છે. લ્યો. શિષ્ય છે ને અંદરનો જાણનાર? ઘરનો જાણનાર છે કે નહિ? શાસ્ત્ર વાંચ્યા છે એણે. હા. તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ધર્મી જીવ એ બાયડી, છોકરા, પૈસા, ધન, ભોગ, ઉપભોગ ભોગવે નહિ. તો અમે તો સાંભળ્યું છે કે તત્ત્વજ્ઞાની પણ '**બડે બડે તત્ત્વજ્ઞાનિયોં...**' વળી. ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર, ત્રણ જ્ઞાનના ધણી ચક્રવર્તી તે સંસારમાં તીર્થંકરપણે આવ્યા હોય. વગેરે કોઈ બળદેવો, વાસુદેવો, બીજા જીવો પણ સમકિતી ઘણા હોય છે. અરે..! પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક. પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવક એને હજારો સ્ત્રી ને મોટા રાજપાટ હોય ને અબજો રૂપિયા ઘરે હોય છે. તમે કહો એ ભોગ ઉપભોગને ભોગવે નહિ. અમને વાત બેસતી નથી.

'**તબ ભોગોંકો કૌન બુદ્ધિમાન તત્ત્વજ્ઞાની સેવન કરેગા? યહ ઉપદેશ કૈસે માન્ય કિયા જાય?**' એ તમારો ઉપદેશ અમારે કેમ મનાય? બરાબર છે? સમજાણું કાંઈ? મોહનભાઈ! શું કીધું પ્રશ્ન સમજાણો? કે તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ધર્માત્મા આત્મા અખંડાનંદ છે. મારામાં સુખ છે, મારામાં શાંતિ છે, એ પુણ્ય-પાપના ભાવમાં શાંતિ નથી. એ પુણ્યને લઈને મળેલી સામગ્રી ચક્રવર્તીના રાજ કે જેને અત્યારે છે નહિ, એવા રાજ મળે તો એમાં સુખ નથી. તો અમે તો સાંભળીએ છીએ કે જ્ઞાનીએ પણ ભોગ તો ભોગવ્યા છે. મોટા મોટા તત્ત્વજ્ઞાની છ ખંડમાં રહ્યા છે. છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીઓ હતી. અહીં તો ફૂહડ જેવી અત્યારે સરખી નથી. અને એ વખતે તો મહા ધર્માત્માને છન્નું-છન્નું હજાર. કેસરમલજી! પદમણી જેવી આમ સ્ત્રીઓ. એવી એકને જોવે ને બીજી ભૂલે. ચક્રવર્તીને તો વળી એક (મુખ્ય) સ્ત્રીની હજાર દેવ સેવા કરે. તીર્થંકર ચક્રવર્તી શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ. એક સ્ત્રી જેને હોય એની હજાર દેવ સેવા કરે. એવી બીજી છન્નું હજારમાં એક ઓછી અને બીજી

પણ મોટી પદમણી જેવી સ્રીઓ.

તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગ ન ભોગવે. તો તમારો ઉપદેશ કેમ માન્ય કરાય? બરાબર છે કે નહિ? **'ઇસ બાત પર કૈસે શ્રદ્ધાન કિયા જાય?'** જે ભોગ ન ભોગવે તો તત્ત્વજ્ઞાની અને ભોગ ભોગવે તો અજ્ઞાની. એ આપ કહેવા માગો છો એ વાતનો વિશ્વાસ અમને આવતો નથી. વાતું કરે જ્ઞાનની આત્મા આનંદ છે, જ્ઞાની છે, સમકિતી છીએ, શ્રાવક અમે છીએ, પાંચમા ગુણસ્થાનવાળા છીએ. રળે છે, ભોગ લે છે, ઉપભોગ લે છે. સારી ચીજ ન થઈ હોય તો કહે છે કે આમ કરો. રોટલી બગડી ગઈ, સારી પૂરી બનાવો. પુડલા બનાવો, ફલાણું કરો. આ શું? અમે શાસ્રમાં સાંભળ્યું છે ને. ભોગીભાઈ! તું બાવો થઈને બેસી જાય તો જ એમ કે ત્યાગ થાય એમ તમે કહેવા માગો છો? તો એમ હોય તો તમારી વાત બેસતી નથી. કારણ કે તત્ત્વજ્ઞાની તો અહીં બધું ભોગવે છે.

**'યહ ઉપદેશ કૈસે માન્ય કિયા જાય?'** પ્રભુ! ગુરુને શિષ્ય પૂછે છે. **'આચાર્ય જવાબ દેતે હૈં—કિ હમને ઉપર્યુક્ત કથનકે સાથ 'कामं अत्यर्थ०' આસક્તિકે સાથ રુચિપૂર્વક યહ ભી વિશેષણ લગાયા હૈ.'** એમાં ટીકામાં ભાઈ છે ઇ. રુચિપૂર્વક ભોગનું અમે ત્યાં વિશેષણ લગાવ્યું હતું. એ સામગ્રી તો જ્ઞાનીને, અત્યારે તો અજ્ઞાનીને કાંઈ નથી. એ વખતે જ્ઞાનીને તો સામગ્રીનો પાર નહોતો. ઇન્દ્રો જેની સેવા કરે, દેવો જેના સહાયમાં આવે. સમવસરણ રચે ત્યારે દેવ ઉપરથી ઉતરે. પણ એ રુચિમાં નહિ, આ નહિ.. આ નહિ... એ સ્મશાનના લાકડા પાલિસ કરીને સળગાવે તો મડદાને સખ આવે એમ છે નહિ. મારો આત્મા આનંદપૂર છે. આનંદનું પૂર છે. એ પૂરમાં મારે વહન કરવું જોઈએ. અંતરમાં આવવું જોઈએ પણ મારી જરી નબળાઈ છે એથી આસક્તિનો વિષયનો ભોગનો રાગ થાય છે, પણ રાગમાં પણ સુખ નથી અને પરમાં પણ સુખ છે નહિ. એવી રુચિ જ્ઞાનીને હોતી નથી. અહીં રુચિની જ વાત છે. સમજાણું કાંઈ? ઓલા (કહે), ધન કમાશું તો પુણ્ય કરશું અને પછી દાન-પૂજા ને ભક્તિ કરશું અને દેરાસર બનાવશું. ત્યાં પાપબુદ્ધિ એની છે. પુણ્યના પરિણામ બંધના કારણ એમાંથી લક્ષ્મી મળે અને તું આ કરીશ એ કર્તાબુદ્ધિથી એમાં ધર્મ-બર્મ છે નહિ.

અહીં કહે છે, **'હમને ઉપર્યુક્ત કથનકે સાથ 'कामं अत्यर्थ०' આસક્તિકે સાથ રુચિપૂર્વક યહ ભી વિશેષણ લગાયા હૈ.'** ધર્મીજીવ વિષયોમાં સામગ્રીમાં બેઠો દેખાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ આત્માનું ભાન છે કે હું આત્મા જ્ઞાનાનંદ છું. છતાં પૂર્વના પૂણ્યને લઈને મળેલી સામગ્રી એમાં એને રુચિ હોતી નથી. અરે..! ભિખારી ત્યાગી મુનિ સાધુ થાય. પણ જેને અંદરમાં એક રાગનો કણિયો આવે છે મહાવ્રતનો, એ કણિયો સારો છે એમ માનનાર ભોગને જ ઇચ્છે છે. સમજાણું કાંઈ? ઓહોહો..! વાડીભાઈ! મુનિ નગ્ન દિગંબર થયો. હજારો રાણીનો ત્યાગ, રાજપાટ છોડીને મુનિ નગ્ન દિગંબર (થયો). અંતરમાં પરની દયા પાળવાનો ભાવ આવ્યો શુભરાગ એ મને હિતકર છે, લાભકારક છે એમ માનનાર ભોગ-ઉપભોગને

જ ઈચ્છી રહ્યો છે. ઓહોહો..! સમજાણું કાંઈ? ભલે ત્યાગી દેખાય, મોટો ભોગી છે. અને તત્ત્વજ્ઞાની (હોય), એક પણ ત્યાગ બહારથી દેખાતો નથી. અનેક સ્ત્રીઓ, અનેક રાજ-પાટ, ખાવાના હીરાના થાળ, મણિરતનના થાળ, હીરાના વાટકા, બદામના મૈસુબ અંદર પડ્યા હોય અને માખણિયા... શું કહેવાય તમારા ઓલા? જાંબુ. માખણના કહેવાય છે ને આમ? માખણ નહિ હોં માવો-માવો. ભૂલી જઈએ છીએ. માવાના જાંબુડા. માવાના જાંબુડા. આમ પડ્યા હોય ને ઘીમાં તળેલા ૨૫-૫૦ સરખા કરીને ગોઠવ્યા. આ ખાય પણ છે અને કહે ભોગ-ઉપભોગમાં ભોગવે તો એ મૂઢ છે. તો મહારાજ તમારી વાત અમને બેસતી નથી.

ભાઈ! સાંભળ તો ખરો. અમે તો કહ્યું હતું કે આસક્તિમાં રુચિ હતી. સમજાય છે? જ્ઞાનીને જરી આસક્તિનો અંશ આવી જાય છે પણ એમાં રુચિ નથી. રુચિ નથી, રુચિ નથી. સમજાણું? મોઢામાં વિષ્ટા આવી જાય છે કોઈ વખતે. આંતરડામાં ફેર પડી જાય છે તો વિષ્ટા આમ ન નીકળતા, હેઠે ન નીકળતા મોઢામાં આવી જાય. ઊલટીમાં. ઊલટીમાં હોં! ગાંઠો આવ્યો એક જણને આવડો મોટો વિષ્ટાનો. કારણ કે આંતરડું એકદમ ફર્યું ને ઊલટી એવી આવી, એવી આવી કે આમ હેઠેથી જે નીકળવું જોઈએ વિષ્ટાનો એ આમ આવ્યો. મોટો. નીકળતા નીકળતા વાર લાગી અહીંથી. સ્વાદ માટે રાખ્યું હશે? બનેલું છે ભાઈ. બનેલી વાત છે. કહો, સમજાણું કાંઈ? આ આંતરડું કોણ જાણે અંદર આટલો વિષ્ટાનો લાટો એ અંદરમાંથી અહીં આવી ગયો. હવે એ ભાઈ પીડા અને એમાંથી કાઢવો. બે મિનિટ કે અડધી મિનિટ રહે, કોઈ દેખે કે આને વિષ્ટાનો સ્વાદ આવતો હશે. એમ હશે? સાંભળ તો ખરો. એ અવળી રગે વિષ્ટા ચડીને અહીંથી નીકળી એનો સ્વાદ નથી લેતો.

એમ ધર્મી જીવ મારો આનંદ તો અંતર સ્વરૂપમાં જ્ઞાન અને શુદ્ધતામાં આનંદ છે. જરીક આ રાગ આવ્યો એ તો વિષ્ટાનો સ્વાદ, મારો સ્વાદ નહિ. મારું સ્વરૂપ નથી. હેયબુદ્ધિ વર્તે છે. અને બહારના ભોગ પ્રત્યે એ તો મારાથી પૃથક્ છે. મને કોઈ રીતે આદરણીય છે નહિ.

એવા જ્ઞાની '**તાત્પર્ય યહ હૈ કિ ચારિત્રમોહકે ઉદયસે ભોગોંકો છોડને કે લિયે અસમર્થ હોતે હુએ ભી...**' ધર્માત્મા, ધર્મીજીવ આત્મજ્ઞાનનું ભાન હોવા છતાં, આત્મામાં આનંદ છે એમ માનવા છતાં ચારિત્રમોહ એટલે સ્વરૂપની અસ્થિરતાના કારણમાં એક ચારિત્રમોહ નામનું નિમિત્ત કર્મ છે એના તરફનું જોડાણ હજી છૂટ્યું નથી. એટલે જ્ઞાનીને જરી તૃષ્ણા, રાગ, વિષયભોગની વાસના આવે છે. એ તેને છોડવાને '**અસમર્થ હોતે હુએ ભી તત્ત્વજ્ઞાની પુરુષ ભોગોંકો ત્યાજ્ય-છોડને યોગ્ય સમજતે હુએ હી સેવન કરતે હૈં.**' એ છોડવા લાયક. એ ગાંઠો આમ નીકળી જાય તો ઠીક, નીકળી જાય તો ઠીક એમ માને છે કે રાખવો ઠીક છે? કહો, સમજાણું કાંઈ? એમ ધર્માત્માને અરે.. ગળામાં આમ લોહી આવ્યું લ્યોને ક્યાંકથી. .. નથી આવતું? અંદર પડ્યું અને ગળામાંથી લોહી. આ સારું લાગે છે? આમ જોવે લોહી થૂ એમ કરી નાખે છે. ભાઈ રાખને થોડી વાર. બાપુ! હતું તો ખરું અંદર.

આ નથી ચવાઈ જતું? ચવાઈ જાય અને લોહી નીકળે. હવે એકદમ સાફ થાય નહિ અને ભેગું ઓલું થાય. પણ એ લોહી પીવાનો કામી છે? લોહી ખાવાનો કામી છે? પછી જરી એકદમ ખાવું બંધ કરી દે અને નીકળેલું લોહી સાફ કરતાં વાર લાગે. રુજાય ત્યારે ખાય. એ લોહી જરી રાખ્યું, મોઢામાં જરી રહ્યું. એક બે-પાંચ સેકન્ડ તો રહે કે નહિ દળ? રાજી છે રાખવાને?

એમ ધર્મી જીવ આત્મા આનંદ મારું સ્વરૂપ મારો આનંદ. આ સ્વ સ્ત્રીમાં પણ જે રાગ થઈને લક્ષ જાય છે એ દુઃખદાયક છે. છન્નું હજાર. મહારાજ! દુઃખદાયક કહે ને છોડે નહિ. ઓલા મશ્કરી કરે. સમજાય છે? સાંભળ તો ખરો હવે.

'શ્રીમદ્'ને માટે એમ કહેતાને લોકો? લ્યો, આ કહે મોટી વાતું કરે. અમે ત્યાગી બધા બ્રહ્મચારીઓ. એને ઘરે છોકરા થાય, એના ઘરે બાયડી, મોટા ઝવેરાતના વેપાર અને કહે, હું ધર્મી અને અમને બધાને ઠરાવે સમજણ વિનાના. સમજણ વિનાના એમ રાખો. કહો, સમજાણું કાંઈ? ભાઈ! સાંભળ તો ખરો. ધર્મીની દૃષ્ટિ ક્યાં પડી છે? એને રાગનો આદર નથી, એને ભોગનો આદર નથી. છતાં નબળાઈને કારણે જરી થઈ જાય છે એ છોડવાનો જ કામી છે, એ આદરવાનો કામી છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

**'તત્ત્વજ્ઞાની પુરુષ ભોગોંકો ત્યાજ્ય છોડને યોગ્ય સમજતે હુએ હી સેવન કરતે હૈં. ઔર જિસકા મોહોદય મંદ પડ ગયા હૈ,...'** આત્માના જ્ઞાન અને આનંદની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં એકાગ્ર થતાં થતાં રાગ મંદ પડી ગયો, ભોગ છોડી દે છે પછી. પછી તો સેવવાની વૃત્તિ પણ આવતી નથી. **'મંદ પડ ગયા હૈ, વહ જ્ઞાન-વૈરાગ્યકી ભાવના સે...'** પોતાની સમજણ અંતરની અને વૈરાગ્ય ભાવના. રાગરહિત છું, નિમિત્તરહિત છું, મારો સ્વાભાવ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. એવું ભાન થઈને પછી ક્રમે ક્રમે જેમ એકાગ્ર થતો જાય તેમ રાગ ઘટતો જાય, ભોગનું લક્ષ છોડી અને ભોગ છૂટી જાય. અને સમજ્યા વિનાના ભોગ છોડીને બેઠે એ તો સમૂળગા મોટા તૃષ્ણાના બીજામાં જોડાઈ જાય.

**'ઇન્દ્રિયોંકો રોકકર ઇન્દ્રિયોંકો વશમેં કર શીઘ્ર હી અપને (આત્મ)કાર્ય કરને કે લિયે કટિબદ્ધ—તયાર હો જાતા હૈ-'** બહુ સારું ટીકા પ્રમાણે કર્યું છે. સમજાણું કાંઈ? થોડો થોડો અર્થ હશે એમાં. ધર્મીજીવનો પ્રસંગ જ્યારે પોતાને ભાન થયું છતાં હજી સ્ત્રી, કુટુંબ, પરિવાર પ્રત્યેનો રાગ છૂટતો નથી. પાછું છૂટતો નથી એમાં કર્મ કારણ નથી હોં! કે કર્મ છૂટે તો એ છૂટે એમ નથી. ભારે લાકડા નાખે. એ તો અંતરમાં એકાગ્રતાની કચાશ છે એથી રાગનો જરી ભાગ આવે છે અને તેથી ભોગ-ઉપભોગ ઉપર એની વૃત્તિ જાય છે. પણ સ્વરૂપમાં જ્યારે એકાગ્ર થતાં રાગ મંદ પડી જાય એટલે ભોગ ઉપરનું લક્ષ છૂટી જાય. એ સ્ત્રી, કુટુંબ છોડીને મુનિ નગ્ન દિગંબર મુનિ થઈને આત્માનું ધ્યાન કરીને મોક્ષને સાધવા તૈયાર થઈ જાય. જોયું!

**'અપને કાર્ય કરને કે લિયે..'** એટલે શું? શીઘ્ર પોતાનું કાર્ય. ઓલો રાગ છે એ પોતાનું કાર્ય નથી. સામગ્રી મેળવવી એ પોતાનું કાર્ય નથી. ભોગ-ઉપભોગ એ પોતાનું કાર્ય નથી. એ તો આવી પડેલો ઉપાધિ રાગ ભાગ છે. એ ક્રિયા તો બહારની પરને લઈને થાય છે. અંતરમાં પોતાનું કાર્ય રાગરહિત થઈને સ્થિર થવાનું કાર્ય શીઘ્ર કરે છે. **'જૈસા કિ કહા ગયા હૈ 'इदं फलमियं क्रिया०'..'** આદિ. એક શ્લોક છે અંદર.

જ્ઞાનીને આમ ભાન વર્તે છે એમ કહેવું છે, ભાઈ! ધર્મીજીવને.. એક શ્લોક છે અંદર. બધું લાંબા લખાણ પછી છેલ્લો છે. **'યહ ફલ હૈ,..'** જ્ઞાનીને અંતરમાં ભાન હોય છે કે આ રાગનું ફળ દુઃખદાયક છે અને આ સ્વભાવનું ફળ શાંતદાયક છે. આત્માના જ્ઞાનાનંદમાં રહેવું તેનું ફળ શાંતિ છે અને પુણ્ય-પાપના ભાવમાં રહેવું તે દુઃખદાયક છે. એવું જ્ઞાનીના ભાનમાં ફળનું ભાન વર્તે છે. અજ્ઞાનીને વર્તતું નથી. એ તો રાગ કરીને સુખ ને આનંદ માને છે. અને રાગથી તો પુણ્ય બંધાશે અને પુણ્યથી તો પછી સારા સ્વર્ગ મળશે, ધૂળ મળશે. હવે ધૂળ મળ્યા સાંભળ તો ખરો. તારા રાગ અને રાગના ફળનું પણ તને ભાન નથી. જ્ઞાનીને રાગના ફળ આદિનું ભાન છે, ધર્મના ફળનું (ભાન છે), બેયનું લેવું.

**'યહ ક્રિયા હૈ,...'** ભાન છે કે આ ક્રિયા જડની થાય છે. શરીર, વાણી, મન અને ભોગોપભોગની ખાવા-પીવાની ક્રિયા મારી નથી, એ તો જડની ક્રિયા છે. મને રાગ થાય તે વિકારી ક્રિયા છે. સ્વભાવની એકાગ્રતા તે નિર્વિકારી ક્રિયા છે. એ ત્રણે ક્રિયાનું જ્ઞાનીને ભાન છે. સમજાણું કાંઈ? અજ્ઞાની .. હલાવે અને ભોગ લે તો હું લઉં છું. આ શરીર મેં આ કર્યું, રાગ કર્યો તો મારો સ્વભાવ. એ બધાને ખીચડો ખતવે છે. જ્ઞાનીને ક્રિયાનું ભાન છે. દેહની ક્રિયા થાય છે, આ પરનો ભાવ છે, આ રાગ ઉપાધિભાવ છે, એનું ફળ દુઃખદાયક છે. આત્મા આનંદકંદ છે, એની એકાગ્રતા તે શાંતિ છે, એના પરંપરાએ પણ ફળ સુખરૂપ છે.

**'યહ કરણ હૈ,...'** કરણ નામ સાધન. જુઓ! જ્ઞાનીને ભાન છે કરણનું. શું કરણનું? કે જડના સાધન મારા અધિકારની વાત નથી. મેં રાગના સાધન વડે પરને મેળવ્યા એ મારા અધિકારની વાત નથી.

यहाँ पर शिष्य कहता है कि यदि इस तरह का आत्मा है तो उसकी उपासना कैसे की जानी चाहिए? इसमें आत्मध्यान या आत्मभावना करने के उपायों को पूछा गया है।

आचार्य कहते हैं—

संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः।
आत्मानमात्मवान्‌ ध्यायेदात्मनैवात्मनि स्थितम्‌।।२२।।

मनको कर एकाग्र, सब इन्द्रियविषय मिटाय।
आतमज्ञानी आत्मामें, निजको निजसे ध्याय।।२२।।

अर्थ :— मन की एकाग्रता से इन्द्रियों को वश में कर ध्वस्त-नष्ट कर दी है, स्वच्छन्द वृत्ति जिसने ऐसा पुरुष अपने में ही स्थित आत्मा को अपने ही द्वारा ध्यावे।

विशदार्थ—जिसने इन्द्रिय और मन को रोक लिया है अथवा जिसने इन्द्रिय और मन की उच्छृंखला एवं स्वैराचाररूप प्रवृत्ति को ध्वस्त कर दिया है, ऐसा आत्मा जिसका स्वरूप पहिले (न. २१ के श्लोक में) बता आये हैं, आत्मा को आत्मा से ही यानी स्वसंवेदनरूप प्रत्यक्ष ज्ञान से ही ध्यावे, कारण कि स्वयं आत्मा में ही उसकी ज्ञप्ति (ज्ञान) होती है। उस ज्ञप्ति में और कोई करणान्तर नहीं होते। जैसा कि तत्त्वानुशासन में कहा है—'स्वपरज्ञप्तिरूपत्वात्‌०'

'वह आत्मा स्वपर-प्रतिभासस्वरूप है। वह स्वयं ही स्वयं को जानता है, और पर को भी जानता है। उसमें उससे भिन्न अन्य करणों की आवश्यकता नहीं। इसलिये चिन्ता को छोड़कर स्वसंवित्ति-स्वसंवेदन के द्वारा ही उसे जानो, जो कि खुद में ही स्थित है। कारण कि परमार्थ से सभी पदार्थ स्वरूप में ही रहा करते हैं। इसके लिए उचित है कि मन को एकाग्र कर चक्षु आदिक इन्द्रियों की अपने-अपने विषयों (रूप आदि को) से व्यावृत्ति करे।' यहाँ पर संस्कृत टीकाकार पंडित आशाधरजी ने 'एकाग्र' शब्द के दो अर्थ प्रदर्शित किये हैं। एक कहिए विवक्षित कोई एक आत्मा, अथवा कोई एक द्रव्य, अथवा पर्याय, यही है अग्र कहिए प्रधानता से आलम्बनभूत विषय जिसका ऐसे मन को कहेंगे 'एकाग्र'। अथवा एक कहिए पूर्वापर पर्यायों में अविच्छिनरूप से प्रवर्तमान द्रव्य-आत्मा ही है, अग्र-आत्मग्राह्य जिसका ऐसे मन को एकाग्र कहेंगे।

सारांश यह है, कि जहाँ कहीं अथवा आत्मा में ही श्रुतज्ञान के सहारे

से भावनायुक्त हुए मन के द्वारा इन्द्रियों को रोक कर स्वात्मा की भावना कर उसीमें एकाग्रता को प्राप्त कर चिन्ता को छोड़कर स्वसंवेदन के ही द्वारा आत्मा का अनुभव करे। जैसा कि कहा भी है—'गहियं तं सुअणाणा०'

अर्थ—'उस (आत्मा) को श्रुतज्ञान के द्वारा जानकर पीछे संवेदन (स्वसंवेदन) में अनुभव करे। जो श्रुतज्ञान का आलम्बन नहीं लेता वह आत्मस्वभाव के विषय में गड़बड़ा जाता है। इसी तरह यह भी भावना करे कि जैसा कि पूज्यपादस्वामी के समाधिशतक में कहा है—'प्राच्याव्य विषयेभ्योऽहं०'

'मैं इन्द्रियों के विषयों से अपने को हटाकर अपने में स्थित ज्ञानस्वरूप एवं परमानन्दमयी आप को अपने ही द्वारा प्राप्त हुआ हूँ।'।।२२।।

---

અહીં શિષ્ય કહે છે કે જો આત્મા આવા પ્રકારનો છે, તો તેની ઉપાસના કેવી રીતે કરવી જોઈએ? આત્મ-ઉપાસનાના ઉપાયનો આ પ્રશ્ન છે—એ સ્પષ્ટ છે.

આચાર્ય કહે છે :—

ઈન્દ્રિય-વિષયો નિગ્રહી, મન એકાગ્ર લગાય,
આત્મામાં સ્થિત આત્મને, જ્ઞાની નિજથી ધ્યાય. ૨૨.

અન્વયાર્થ :— [चेतसः] (ભાવ) મનની [एकाग्रत्वेन] એકાગ્રતાથી [करणग्रामं] ઈન્દ્રિયોના સમૂહને [संयम्य] વશ કરી [आत्मवान्] આત્મવાન્ પુરુષે [आत्मनि] પોતાનામાં (આત્મામાં) [स्थितं] સ્થિત [आत्मानं] આત્માને [आत्मना एव] આત્મા દ્વારા જ [ध्यायेत्] ધ્યાવવો જોઈએ.

ટીકા :— ધ્યાવવો જોઈએ—ભાવવો જોઈએ. કોણે? આત્મવાન્ (પુરુષે) અર્થાત્ જેણે ઈન્દ્રિયો અને મનને ગોપવેલ છે. (સંયમમાં રાખેલ છે) અથવા જેણે ઈન્દ્રિયો અને મનની સ્વૈરાચારરૂપ (સ્વચ્છંદ) પ્રવૃત્તિનો નાશ કરી દીધો છે એવા આત્માએ. કોને (ધ્યાવવો)? આત્માને એટલે જેનો સ્વભાવ પહેલાં (શ્લોક ૨૧માં) બતાવ્યો છે તેવા પુરુષને (આત્માને); શા વડે? આત્મા વડે જ અર્થાત્ સ્વસંવેદનરૂપ પોતાથી જ (પ્રત્યક્ષ જ્ઞાનથી જ) (ધ્યાવવો જોઈએ), કારણ કે તે જ્ઞપ્તિમાં બીજા કરણ (સાધન)નો અભાવ છે. (સ્વયં આત્મા જ જ્ઞપ્તિનું સાધન છે).

'तत्त्वानुशासन'—શ્લોક ૧૬૨માં કહ્યું છે કે :—

'તે આત્મા સ્વ-પર જ્ઞપ્તિરૂપ હોવાથી (અર્થાત્ તે સ્વયં સ્વને અને પરને પણ જાણતો હોવાથી તેને (તેનાથી ભિન્ન) અન્ય કરણનો (સાધનનો) અભાવ છે. માટે ચિંતાને છોડી સ્વસંવિત્તિ (એટલે સ્વસંવેદન) દ્વારા જ તેને જાણવો જોઈએ.'

(શિષ્યે) પૂછ્યું—ક્યાં રહેલા (આત્માને)? આત્મામાં સ્થિત (થયેલાને), કારણ

કે વસ્તુતઃ (વાસ્તવિક રીતે) સર્વ પદાર્થોને સ્વરૂપમાત્ર જ આધાર છે (અર્થાત્ સર્વ પદાર્થો પોતપોતાના સ્વરૂપમાં જ સ્થિત હોય છે). શું કરીને? રૂપાદિ (વિષયોથી) રોકીને (સંયમિત કરીને) અર્થાત્ પાછા વાળીને. કોને? ઇન્દ્રિયોના સમૂહને—એટલે ચક્ષુ આદિ ઇન્દ્રિય-ગણને. ક્યા ઉપાયથી? એકાગ્રપણાથી—અર્થાત્ એક એટલે વિવક્ષિત આત્મા તે દ્રવ્ય વા પર્યાય—તે અગ્ર એટલે પ્રધાનપણે અવલંબનભૂત વિષય છે, જેનો—તે એકાગ્ર;

એકાગ્રનો બીજો અર્થ :—

એક એટલે પૂર્વાપર પર્યાયોમાં અનુસ્યૂતરૂપથી (અવિચ્છિન્નરૂપથી) પ્રવર્તમાન અગ્ર એટલે આત્મા જેનો—તે એકાગ્ર—તેના ભાવથી એટલે એકાગ્રતાથી.

કોના? ચિત્તના—(ભાવ) મનના. તેનો આ અર્થ છે—જ્યાં કહી અથવા આત્મામાં જ શ્રુતજ્ઞાનની સહાયથી, મનના આલંબન દ્વારા ઇન્દ્રિયોને રોકીને તથા પોતાના આત્માને ભાવીને તેમાં એકાગ્રતા પ્રાપ્ત કરી, ચિંતા છોડી, સ્વસંવેદન દ્વારા જ આત્માનો અનુભવ કરવો.

'अनगारधर्मामृत—तृतीय अध्याय' —માં કહ્યું છે કે—

'તેને (આત્માને) શ્રુતજ્ઞાન દ્વારા ગ્રહણ કરી (જાણી) સંવેદન (સ્વસંવેદન) દ્વારા અનુભવ કરવો. જે શ્રુતજ્ઞાનનું અવલંબન લેતો નથી તે આત્મસ્વભાવના વિષયમાં મુંઝાઈ જાય છે (ગભરાઈ જાય છે).'

તથા 'समाधिशतक'- શ્લોક ૩૨માં કહ્યું છે કે :—

'હું ઇન્દ્રિયોના વિષયોથી હટાવી પોતાનામાં સ્થિત જ્ઞાનસ્વરૂપ તથા પરમાનંદમયી આત્માને આત્મા દ્વારા જ પ્રાપ્ત થયો છું.'

ભાવાર્થ :— પ્રથમ શ્રુતજ્ઞાન દ્વારા આત્માને જાણવો. પછી આત્મામાં એકાગ્ર થવાથી ઇન્દ્રિયોની બાહ્ય પ્રવૃત્તિ સ્વયં અટકી જશે અર્થાત્ તેમની સ્વચ્છંદ પ્રવૃત્તિનો નાશ થશે અને તે એકાગ્રતાથી અન્ય ચિંતાનો નિરોધ થઈ ધ્યાનાવસ્થામાં સ્વસંવેદન દ્વારા આત્માનો અનુભવ થશે.

'જે જ્ઞાન પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતું હતું, તે જ્ઞાન સર્વ બાજુથી સમેટાઈ નિર્વિકલ્પ અનુભવમાં કેવળ સ્વરૂપસન્મુખ થયું, કેમ કે આ જ્ઞાન ક્ષયોપશમરૂપ છે. તે એક કાળમાં એક જ્ઞેયને જ જાણી શકે. હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજ જ બંધ થયું. ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દાદિક વિકાર હોવા છતાં પણ સ્વરૂપધ્યાનીને તેની કાંઈ ખબર નથી. એ પ્રમાણે મતિજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું. વળી નયાદિકના વિચારો મટવાથી શ્રુતજ્ઞાન પણ સ્વરૂપસન્મુખ થયું... તેવી જે જ્ઞાન ઇન્દ્રિયો અને મન દ્વારા પ્રવર્તતું

હતું તે જ જ્ઞાન હવે નિજ અનુભવમાં પ્રવર્તે છે, તથાપિ આ જ્ઞાનને અતીન્દ્રિય કહીએ છીએ.'

આત્મા સ્વ-પર પ્રતિભાસસ્વરૂપ છે અર્થાત્ સ્વ-પર પ્રકાશક છે. તે સ્વયં પોતાને જાણતાં પર જણાઈ જાય છે, તેથી જાણવા માટે તેને બીજા કરણોની (સાધાનોની) આવશ્યકતા રહેતી નથી.

સ્વ-સંવેદનમાં જ્ઞપ્તિ-ક્રિયાની નિષ્પત્તિ માટે બીજું કોઈ કરણ અથવા સાધકતમ હેતુ નથી, કારણ કે આત્મા સ્વયં સ્વ-પર જ્ઞપ્તિરૂપ છે. માટે કારણાન્તરની (બીજા કારણની) ચિંતા છોડી સ્વ-જ્ઞપ્તિ દ્વારા જ આત્માને જાણવો જોઈએ. ૨૨.

---

**ભાદરવા વદ ૧૩, મંગળવાર તા. ૨-૧૦-૧૯૫૬**
**ગાથા-૨૨-૨૩, પ્રવચન-૩**

૨૨મી ગાથા ચાલે છે. એમાં એમ કહ્યું. શિષ્યે એમ પૂછયું હતું કે ક્યા ઉપાયે આત્માની સેવા કરવી? આત્માની ઉપાસના ક્યા પ્રકારે કરવી?

એના ઉત્તરમાં કહ્યું કે આત્મા ઈન્દ્રિય અને મનથી જુદો છે અને પોતાના જ્ઞાન-દર્શન આદિ સ્વરૂપથી સ્થિત છે. જે પદાર્થ છે એ પોતાના સ્વભાવમાં રહેલો છે. એ પદાર્થ તરફ દૃષ્ટિ કરીને ઈન્દ્રિય અને મનથી ખસીને આત્માનું સ્વરૂપ સ્વપરપ્રકાશક સામર્થ્ય જે છે એનું અંતર વેદન કરવું, જ્ઞાન દ્વારા જ્ઞાનને જાણવું અને જ્ઞાન દ્વારા જ્ઞાનને વેદવું એ આત્માના હિતનો ઉપાય છે. કહો, સમજાણું?

હવે એને કહે છે, આત્માનો અનુભવ કરે સ્વસંવેદન દ્વારા... એ કાલે આવી ગયું છે કે આત્મા સ્વપરપ્રકાશક છે. એથી એને સ્વપ્રકાશ માટે પરના રાગના, મનના, વાણીના કે સંયોગની જરૂર નથી. એમ આત્મા પરપ્રકાશક પણ પોતાના સ્વ સામર્થ્યથી છે. એ કાંઈ પરને લઈને પરને જાણવું એવું સામર્થ્ય નથી. પોતાને જાણવામાં એ સ્વસામર્થ્ય સત્તા છે, અને પરનું જાણવું એ પણ પોતાનો સ્વસામર્થ્ય સ્વભાવ છે. એટલે સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. એટલે સ્વને જાણવા માટે નિમિત્તની જરૂર નથી, રાગની જરૂર નથી અને પરને જાણવા માટે પરના નિમિત્ત અને સહારાની જરૂર નથી. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સ્વપરપ્રકાશક સ્વપર પ્રતિભાસરૂપ છે. એટલે એ સ્વભાવ એનામાં છે. એને મન, ઈન્દ્રિય અને રાગથી છૂટો(ને સ્વમાં) એકાગ્ર કરીને, મન-ઈન્દ્રિય અને રાગથી છૂટો કરીને જ્ઞાન અંતર સ્વભાવમાં એકાગ્ર થઈને સ્વને-પરને પ્રકાશે એવા સામર્થ્યમાં વેદન કરવું

એ આત્માને મોક્ષનો ઉપાય છે. એ આત્માને શાંતિનો ઉપાય છે.

ત્યારે હવે જરી કહે છે કે પણ એમાં શ્રુતજ્ઞાનના અવલંબનની જરૂર છે. કહે છે કે એ આત્મા કેવો છે? એ પોતાની કલ્પનાએ માંડીને, માનીને—માંડીને અને માનીને કોઈ એકાગ્ર થવા માગે તો એને એકાગ્ર થઈ શકે નહિ. માટે પહેલું સર્વજ્ઞ ભગવાન શ્રુત વાણીમાં, ઉપદેશમાં, આગમમાં શું કહે છે અને ગુરુગમે તે આત્મા કેવો છે એ પહેલો એને જાણવો જોઈએ. એને વિરુદ્ધ જાણતા અનેક પ્રકારના કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને જાણે અને એ આત્માનું સ્વરૂપ (કહે) તેવું આત્માનું સ્વરૂપ છે નહિ. એક સમયમાં આત્મા કેવો અને કેમ છે એ શ્રુતજ્ઞાન દ્વારા પહેલો જાણવો જોઈએ. એ જાણ્યા વિના જો ધ્યાન કરવા બેસે તો બધો ગડબડ અને કોલાહલ મિથ્યાત્વનો ઊભો થાય. એમાં એકાગ્રતા આત્મામાં થાય નહિ.

અર્થ નીચે. '**ઉસ (આત્મા)કો શ્રુતજ્ઞાનકે દ્વારા જાનકર...**' પહેલો તો આત્માને ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ જાણ્યો અને આગમ વાણી દ્વારા કહ્યો અને ગુરુએ જાણીને... એ ગુરુ વાણી દ્વારા કહે છે એને પહેલો જાણવો જોઈએ. એમાં હશે ભાઈ ઓલામાં. એ શ્લોક છે. '**ઉસ (આત્મા)કો શ્રુતજ્ઞાનકે દ્વારા જાનકર...**' ૨૨મી ગાથાનો પાછળ છેલ્લો છે. છે? સમજાય છે કાંઈ? '**શ્રુતજ્ઞાન કે દ્વારા...**' એમ કેમ કહ્યું? કે પહેલું તો એણે જ્ઞાની પાસે, સાચા જ્ઞાની પાસે આત્મા કેવો છે એવો એણે જાણીને નક્કી કરવો જોઈએ. નહિતર તો ઘણા ધ્યાન કરે છે સમજ્યા વિના. અમે ધ્યાનમાં ઉતરીએ, અમે ધ્યાનમાં, અમને આમ ધોળા દેખાય, પીળું દેખાય, ફલાણું દેખાય એ તો બધું જડ છે. સમજ્યા વિનાના અને વાસ્તવિક આત્મપદાર્થને એવો સર્વજ્ઞે જોયો એવો શાસ્ત્ર અને ગુરુગમથી ન જાણે તો એનું ધ્યાન અને એકાગ્રતા સાચી હોઈ શકે નહિ. ભ્રમણાની એકાગ્રતા થાય અને જડ થઈ જાય. કોઈ શુભ આદિક બાંધે અને સ્વર્ગાદિમાં જાય પણ આત્માનું ભાન થાય નહિ. મૂઢ રહે મૂઢ.

અત્યારે ઘણું ચાલ્યું છે ને. હવે ત્યારે ક્રિયાકાંડ નહિ, આત્માનું ધ્યાન કરો, આત્માનું ધ્યાન કરો. પણ શેનું ધ્યાન? હજી ચીજ શું છે? આત્મા શું પદાર્થ છે? અને એની સ્થિતિ સર્વજ્ઞ ભગવાને કેવી જોઈ છે? એને લક્ષમાં લીધા વિના, સ્વભાવનો પક્ષ થયા વિના સ્વભાવ તરફની એકાગ્રતા એમાં થઈ શકે નહિ.

એટલે કહે છે, '**ઉસ (આત્મા) કો શ્રુતજ્ઞાનકે દ્વારા જાનકર...**' આત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાન, આનંદની શક્તિ સંપન્ન છે. દ્રવ્ય સ્વભાવે પૂર્ણ છે, એની પર્યાયમાં અલ્પજ્ઞતા અને રાગ-દ્વેષ છે. એને કર્માદિ, રાગમાં, પર ઉપર લક્ષ જાય છે એટલે નિમિત્ત પણ કહેવાય છે. એનું લક્ષ છોડે અને સ્વભાવની દૃષ્ટિ કરે તો અંતર પર્યાયમાં નિર્મળતા થાય છે. અનંત ગુણો આત્મામાં પડ્યા છે. એમાંથી એક એક ગુણની સમયે સમયે પર્યાય થયા કરે છે. એ પરને લક્ષે વિપરીત થાય છે અને સ્વને આશ્રયે અવિપરીત નામ સમ્યક્ થાય છે. એવું વાસ્તવિક સમ્યગ્જ્ઞાન શાસ્ત્ર દ્વારા એણે આત્માને જાણવો જોઈએ.

'**પીછે સંવેદન (સ્વસંવેદન)મેં અનુભવ** કરે.' પછી અંતરમાં જ્ઞાનાનંદ છું એમ જ્ઞાન દ્વારા જ્ઞાનમાં સ્વસંવેદનથી પોતાને જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ આત્માનો અનુભવ કરે. એ આત્માને મોક્ષનો ઉપાય છે. કહો, સમજાય છે કાંઈ? પહેલા શ્રુતજ્ઞાનને જાણ્યા વિના... માલને તોળ્યા વિના પાધરો ખાવા માંડે, માલ શું છે? ભાવ શું છે? કેટલો લેવો છે? ક્યા ભાવનો છે? કઈ ચીજ લેવી છે એમ નક્કી કર્યા વિના કંદોઈની દુકાને જાય અને માલ પાધરો ખાવા માંડે અંદર બરફી ને જે હોય એ. ધબો મારે ઓલો. મૂરખ છો? પણ હું માલ લેવા આવ્યો છું ને? પણ લેવા આવ્યો તો પૂછ તો ખરો. કઈ ચીજ જોવે છે, કેટલે રૂપિયે શેર કેટલી મળે છે? કેટલી તારે જોવે છે? એમ નક્કી કર્યા વિના ખાવા મંડ તો મૂરખ કહેવાય.

એમ આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં ત્રિકાળ શુદ્ધ આનંદકંદનો અંશ દ્રવ્યસ્વભાવ છે, પર્યાયમાં અલ્પજ્ઞે રાગ-દ્વેષ છે, એનું પલટવું થાય છે, વસ્તુ તરીકે—સદૃશ્ય તરીકે ધ્રુવ રહે છે એના અંતરમાંથી, દ્રવ્યમાંથી નિર્મળ પર્યાય આવે છે, અલ્પ પર્યાય રાગ-દ્વેષ અને નિમિત્તમાંથી આવતી નથી. એવો આત્મા પહેલો લક્ષગત કર્યા વિના એનું સાચું ધ્યાન અને સમ્યગ્દર્શન થઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ?

કહે છે કે '**શ્રુતજ્ઞાનકે દ્વારા જાનકર પીછે...**' પીછે શબ્દ લીધો એટલે પહેલું આવું (હોય છે). પહેલું શાસ્ત્ર દ્વારા (અને) ગુરુગમે જેવો આત્મા છે એવો જાણીને પછીનો અર્થ? પછી એટલે કે આવો છે એના લક્ષમાં લેવો જોઈએ. પછી સ્વસ્વરૂપમાં અંતર વેદન દ્વારા જ્ઞાનને જ્ઞાન દ્વારા એકાગ્ર કરીને વેદન કરવું એ આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર છે. '**જો શ્રુતજ્ઞાનકા આલંબન નહીં** લેતા...' ભગવાન સર્વજ્ઞદેવે આગમમાં કહેલો આત્મા, એવા આત્માને શ્રુતજ્ઞાન દ્વારા જે જાણતો નથી '**વહ આત્મસ્વભાવકે વિષયમેં** ગડબડા **જાતા હૈ.**' એ આત્મા કેવો છે એમાં એની ગડબડી થાય છે. એને વાસ્તવિક જણાતું નથી.

'**ઈસી તરહ યહ ભી ભાવના કરે કિ જૈસા કિ પૂજ્યપાદસ્વામીકે સમાધિશતકમેં કહા હૈ-**' એ શ્લોકનો દાખલો આપ્યો. '**મૈં ઈન્દ્રિયોંકે વિષયોંસે અપનેકો હટાકર...**' એમાં એટલું તો પહેલું સિદ્ધ થયું કે ઈન્દ્રિય છે, ભાવેન્દ્રિય ખંડ ખંડ થાય છે, દ્રવ્યેન્દ્રિય જડ નિમિત્ત છે, બાહ્યના પરપદાર્થોની હયાતી જ્ઞાનનો બાહ્ય વિષય છે અને વિષય કરનાર જ્ઞાનની પર્યાય બહારમાં ઝુકે છે અને એ વિષય અને ઈન્દ્રિય ખંડ ખંડ અને દ્રવ્યેન્દ્રિય, એનું લક્ષ છોડીને જ્ઞાનાનંદ તરફમાં વલણ કરે તો નિર્મળ અવસ્થા થઈ શકે છે. એવી રીતે '**ઈન્દ્રિયોંકે વિષયોંસે અપનેકો હટાકર...**' અપને કો હટાકર. પોતાને હટાવીને. રાગથી નહિ, પોતાનો આત્મા આનંદ અને જ્ઞાન છે એ રાગ અને પુણ્યમાં જે લક્ષ કરીને રહ્યો છે એને હટાવીને '**અપનેમેં સ્થિત જ્ઞાનસ્વરૂપ...**' જુઓ! વળી આત્મામાં જ્ઞાન અને આનંદ તો રહેલો જ છે. આત્માની અંતર શક્તિના પદાર્થ સ્વભાવમાં જ્ઞાન અને આનંદ છે. એવા જ્ઞાનસ્વરૂપ એવું પરમાનંદમય **આપ** કો. જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ તો આત્માના સ્વભાવમાં

એના અસંખ્ય પ્રદેશમાં, સ્વક્ષેત્રમાં, સ્વભાવમાં એ વસ્તુ પડી છે.

**'આપકો અપને હી દ્વારા...'** રાગ દ્વારા નહિ, મન દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ, પોતાને જ્ઞાન દ્વારા અને જ્ઞાન દ્વારા જ્ઞાનમાં એકાગ્ર થઈને આત્માને **'પ્રાપ્ત હુઆ હૂં.'** લ્યો, આ રીતે આત્માની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ? એ બહારથી કોઈ પદાર્થથી થતી નથી, ઇન્દ્રિયથી થતી નથી, ભાવેન્દ્રિય ખંડ ખંડ જે પર ઉપર લક્ષ કરે એનાથી સ્વસંવેદન જ્ઞાન થતું નથી. અને સ્વસંવેદન પ્રમાણજ્ઞાન વિના, મુખ્ય પ્રમાણ વિના બીજા પ્રમાણો પણ વ્યવહારે સાચા હોઈ શકતા નથી. સમજાય છે કાંઈ? બધા પ્રમાણજ્ઞાનમાં મુખ્ય પ્રમાણજ્ઞાન સ્વસંવેદન છે. એના અંતરના ભાન વિના વ્યવહાર આગમ, અનુમાન, અટકળ, પરોક્ષ એ બધા જ્ઞાનો સમ્યક્ પ્રત્યક્ષ સ્વસંવેદન વિના તેને બીજાને વ્યવહાર જ્ઞાન પણ કહેવામાં આવતું નથી. સમજાય છે કાંઈ? એનો શ્લોક શીતલપ્રસાદે કર્યો છે જરી.

**दोहा–मनको कर एकाग्र, सब इंद्रियविषय मिटाय।**
**आतमज्ञानी आत्ममें, निजको निजसे ध्याय।।२२।।**

ભગવાન આત્માને મન અને ઇન્દ્રિયથી ખસેડીને **'સબ ઇન્દ્રિયવિષય મિટાય...'** ઇન્દ્રિય વિષય મટ્યા એટલે ઇન્દ્રિયનું લક્ષ પણ છૂટીને. **'આતમજ્ઞાની આત્મમેં...'** પોતાના આત્મામાં જ્ઞાનમાં, આત્મજ્ઞાની આત્મામાં **'નિજકો નિજસે ધ્યાય.'** પોતાને પોતાથી ધ્યાન કરે તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાનો ઉપાય છે. એને મોક્ષનો ઉપાય આ કહેવાય. બીજો કોઈ ઉપાય છે નહિ. બહુ ટૂંકું અને બહુ મોટું. એ જ માર્ગ છે. બાકી બધા આ અને ઇન્દ્રિયો ને મન ને નિમિત્ત ને બાહ્ય ને બાહ્ય પદાર્થ ને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના વિકલ્પો એ તો બધો રાગ છે. એ કાંઈ સમ્યગ્દર્શન પામવાનો ઉપાય નથી. એમ આત્માની પ્રાપ્તિના એ કારણો જ નથી.

એક ભગવાન આત્મા શાસ્ત્રજ્ઞાન દ્વારા.. તો શાસ્ત્ર એ કહે છે કે જે કરવા માગે છે તે કહે છે. જે શાસ્ત્ર અને ગુરુ અને સર્વજ્ઞની વાણી એમ કહે કે તારો આત્મા વસ્તુ છે. તારામાં જ્ઞાન અને આનંદ છે એ પર તરફ વળીને ઇન્દ્રિયો અને મન તરફ તારી પર્યાય એટલે અવસ્થા વળીને પર તરફ ઝુકી ગયો છો એનું નામ સંસાર છે. એનું વલણ અંતરમાં, ઇન્દ્રિય, મનથી રોકીને અંતરમાં કર એ મોક્ષ અને છૂટકારાનો ઉપાય છે. શાસ્ત્રએ એમ કહ્યું અને એમ શિષ્યે કર્યું. શાસ્ત્રએ બીજું કહ્યું નથી કે અમારા સામું જોઈને તને રાગ થાય છે, દાય, દાન થાય એ તારે કરવા જેવો (છે), એમાં તારે રહેવા જેવું છે એમ શાસ્ત્રે કહ્યું નથી. શેઠી! તારી પર્યાયમાં જેટલા પુણ્યના ભાવ દયા, દાન, વિકલ્પ આદિ આવે અને ઇન્દ્રિયો અને મન નિમિત્ત તરીકે જણાય અને બાહ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર પણ સંયોગ તરીકે નિમિત્ત ગણાય એમાં રહેવા જેવું છે એમ શાસ્ત્રે કહ્યું નથી. કારણ કે શિષ્ય કરવા માગે છે એ શાસ્ત્રે કહ્યું છે તે કરવા માગે છે. શાસ્ત્રે એ કહ્યું હતું કે પરથી હઠી સ્વમાં આવ. પરમાં રહી અને સ્વમાં

આવ એમ બની શકે એવું નથી. સમજાય છે કાંઈ?

ભાઈ, પહેલી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ કરે તો અંતરમાં આવી શકે એમ નથી. એ રાગમાં પણ એ સાંભળ્યું હતું કે અંતરના લક્ષમાં વળ તો લાભ (થશે અને) લક્ષમાં પણ એ વાત આવી હતી. એટલે અનંત આચાર્યો, અનંત જ્ઞાનીઓ, અનંત શાસ્ત્રો એના આત્માના સ્વસંવેદન તરફ વાળવાની જ વાત કરે છે. રાગ ને પુણ્ય ને વિકલ્પ ને નિમિત્ત ને મન ને ઈન્દ્રિય બાહ્ય હોય એના તરફ રહેવાની વાત કરતા નથી. એ છે એમ જાણવાની વાત કરે, એ છે એમ જાણવાની કરે, પણ એમાં રહેવાથી આત્માનું જ્ઞાન અને આત્મકલ્યાણ થાય એમ કોઈ શાસ્ત્ર સાચા કહે નહિ. અને બીજી રીતે કહે તો એ શાસ્ત્ર સાચા છે નહિ. કહો, સમજાણું કાંઈ?

---

यहाँ पर शिष्य का कहना ह कि भगवन्! आत्मा से अथवा आत्मा की उपासना करने से क्या मतलब सधेगा—क्या फल मिलेगा? क्योंकि विचारवानों की प्रवृत्ति तो फलज्ञानपूर्वक हुआ करती है, इस प्रकार पूछे जाने पर आचार्य जवाब देते हैं—

अज्ञानोपास्तिरज्ञानं ज्ञानं ज्ञानिसमाश्रयः।
ददाति यत्तु यस्मास्ति सुप्रसिद्धमिदं वचः।।२३।।

अज्ञभक्ति अज्ञानको, ज्ञानभक्ति दे ज्ञान।
लोकोक्ती जो जो धरे, करे सो ताको दान।।२३।।

अर्थ :— अज्ञान कहिये ज्ञान से रहित शरीरादिक की सेवा अज्ञान को देती है, और ज्ञानी पुरुषों की सेवा ज्ञान को देती है। यह बात प्रसिद्ध है, कि जिसके पास जो कुछ होता है, वह उसीको देता है, दूसरी चीज जो उसके पास है नहीं, वह दूसरे को कहाँ से देगा?

विशदार्थ—अज्ञान शब्द के दो अर्थ हैं, एक तो ज्ञान रहित शरीरादिक और दूसरे मिथ्याज्ञान (मोह-भ्रांति-संदेह)वाले मूढ़-भ्रांत तथा संदिग्ध गुरु आदिक। सो इनकी उपासना या सेवा अज्ञान तथा मोह-भ्रमव संदेह लक्षणात्मक मिथ्याज्ञान को देती है। और ज्ञानी कहिये, ज्ञानस्वभाव आत्मा तथा आत्मज्ञानसम्पन्न गुरुओं की तत्परता के साथ सेवा, स्वार्थावबोधरूप ज्ञान को देती है। जैसा कि श्री गुणभद्राचार्य ने आत्मानुशासन में कहा है—'ज्ञानमेव फलं ज्ञाने०'

ज्ञान होने का फल, प्रशंसनीय एवं अविनाशी ज्ञान का होना ही है, यह निश्चय से जानो। अहो! यह मोह का ही माहात्म्य है, जो इसमें ज्ञान

को छोड़ कुछ और ही फल ढूँढा जाता है। ज्ञानात्मा से ज्ञान की ही प्राप्ति होना न्याय है। इसलिये हे भद्र! ज्ञानी की उपासना करके प्रगट हुई है स्व पर विवेकरूपी ज्योति जिसको ऐसा आत्मा, आत्मा के द्वारा आत्मा में ही सेवनीय है, अनन्य शरण होकर भावना करने के योग्य है।।२३।।

## ગાથા-૨૩ ઉપર પ્રવચન

હવે વિશેષ લે છે, જુઓ! '**યહાં પર શિષ્યકા કહના હૈ કિ ભગવન્! આત્મા સે અથવા આત્માકી ઉપાસના કરનેસે...**' આત્માથી અથવા આપના (—પોતાના) આત્માની સેવા. ભઈ, દુનિયા તો બહારની સેવાની વાત કરે છે. શિષ્ય તો અહીં આત્માની સેવાનું પૂછે છે. '**આત્મા સે...**' આત્માથી. આત્માથી આત્માની ઉપાસના—સેવા '**સેવા કરનેસે ક્યા મતલબ સધેગા?**' ભગવાન! એની સેવા કરવાથી ફળ શું આવશે?

'**ક્યોંકિ વિચારવાનોંકી પ્રવૃત્તિ તો ફલજ્ઞાનપૂર્વક હુઆ કરતી હૈ,...**' વિચારવાનની પ્રવૃત્તિ તો જે કરે તેનું ફળ શું એના જ્ઞાનપૂર્વક હોય છે. શું કીધું? કોઈપણ કામ કરે તો વિચારવાનને આનું ફળ શું એનું જ્ઞાન પહેલું હોવું જોઈએ. બરાબર છે? શેઠી! વિચારવાનને. મૂરખની વાત અહીં નથી. '**વિચારવાનોંકી પ્રવૃત્તિ તો ફલજ્ઞાનપૂર્વક...**' જે કાંઈ હું કરું છું એનું ફળ શું હશે? એના જ્ઞાનપૂર્વક, ફળના જ્ઞાનપૂર્વક, ફળના જ્ઞાનપૂર્વક, કાર્યના જ્ઞાનપૂર્વક એ વિચારવાનની પ્રવૃત્તિ હોય છે. ફળજ્ઞાનપૂર્વક વિનાની વિચારવાનોની પ્રવૃત્તિ હોતી નથી.

'**ઈસપ્રકાર પૂછે જાને પર આચાર્ય જવાબ દેતે હૈં :-**' ખુબી શું છે? શિષ્યે તો એમ પૂછ્યું કે પ્રભુ! આ આત્માની સેવા કરવાનું ફળ શું? એ ફળનું જ્ઞાન તો પહેલું બતાવો. એ ફળના જ્ઞાન વિના અમે કાંઈ પ્રવૃત્તિ વિચારવાન કરતા નથી. સમજાણું કાંઈ? હવે આમ કરો, પરની સેવા કરો, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ (કરો) તો એનું ફળ શું? પુણ્ય. એનું ફળ શું? સંયોગ. વિચારવાન પ્રવૃત્તિ કરે એનું ફળ યથાર્થ પોતાને મળે એવું હોવું જોઈએ. ઓલો તો સંયોગ મળે છે. શુભભાવ કરે, વ્યવહારરત્નત્રય આદિ કરે, વિકલ્પ કરે એમાં તો પુણ્ય બંધાય અને પુણ્યથી તો સંયોગ ફળ (મળે). તો વિચારવાનની પ્રવૃત્તિ એવા સંયોગફળ મળે એવા જ્ઞાનપૂર્વક હોતી નથી. બરાબર છે? જમુભાઈ! ઓહોહો..! કહો, બેચરભાઈ!

શું કહે છે? અમને શું ફળ મળશે એના જ્ઞાનપૂર્વક વિચારવાનની પ્રવૃત્તિ હોય છે. મૂઢની જેમતેમ નહિ. શું કરશું અને આ ક્યાં જાશે ફળ ને શું આવશે? કર્યા રહો. ક્રિયાકાંડ કરો, વ્રત કરો, તપ કરો, કાંઈક તો મળશે. એ તો મૂઢ છે. કહે છે કે એના ફળમાં પુણ્ય આવશે અને એના ફળમાં સંયોગ આવશે. તો વિચારવાનની પ્રવૃત્તિ ફળજ્ઞાનપૂર્વક હોય. તો જેનું ફળ

બંધ અને સંયોગ મળે એવી વિચારવાનની પ્રવૃત્તિ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ?

**'ફળજ્ઞાનપૂર્વક હુઆ કરતી હૈ,...'** એટલે મૂઢપણે હુઆ કરતી નહિ એમ કહે છે. અમે સેવા કરીએ આત્માની (તો) ફળ શું? દુનિયાની સેવા કરીએ, રાજાની સેવા કરીએ તો કાંઈક પૈસા આદિ મળે એમ ધારીને કરે. શેઠિયાની સેવા પણ કાંઈ પૈસા-બૈસા આપે તો સેવા કરે. તો આત્માની સેવા કરવાથી મળે શું? એવો વિચારપૂર્વક જ્ઞાન હોય તો એ પ્રવૃત્તિ કરે, નહિતર જ્ઞાની વિચારવાન પ્રવૃત્તિ કરતા નથી. એનો ઉત્તર આપે છે.

अज्ञानोपास्तिरज्ञानं, ज्ञानं ज्ञानिसमाश्रयः।
ददाति यत्तु यस्यास्ति, सुप्रसिद्धमिदं वचः।।२३।।

**'અર્થ :- અજ્ઞાન કહીયે જ્ઞાનસે રહિત...'** જુઓ! શું ઉત્તર આપે છે ગુરુ પૂજ્યપાદસ્વામી? **'જ્ઞાનસે રહિત શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,...'** શું કહે છે? હે શિષ્ય! આ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એ સિવાય આ પુણ્ય ને પાપ ને રાગ ને દ્વેષ ને દયા-દાન અજ્ઞાનભાવ છે. કારણ કે એમાં જ્ઞાનસ્વભાવ નથી. પુણ્યના પરિણામ અજ્ઞાનભાવ. અજ્ઞાનભાવ એટલે શું? કે એમાં જ્ઞાન નથી. એ પુણ્યભાવ તો જ્ઞાનીને પણ થાય. પણ ભાવ છતાં એ અજ્ઞાનભાવ એટલે કે એમાં જ્ઞાનપણું નથી. એમાં મિથ્યાપણું છે એમ નહિ. પણ એમાં જ્ઞાનની જાગૃતિ નથી. પુણ્યના ભાવમાં, પાપના ભાવમાં, શરીરના ભાવમાં, શરીરની અવસ્થામાં, વાણીની અવસ્થામાં, પર શરીર, વાણી, ઈન્દ્રિય, મનમાં આ આત્માનો જે જ્ઞાનસ્વભાવ છે એનો વિકારમાં, મનમાં, ઈન્દ્રિયમાં, શરીરમાં અભાવ છે. એવું જે અજ્ઞાન.. ભાઈ! આ અજ્ઞાન હોં! ઓલી વિપરીત બુદ્ધિ અહીં અત્યારે નથી.

અહીં તો જ્ઞાન **'અજ્ઞાન કહીયે જ્ઞાનસે રહિત...'** આમ ચિદાનંદ ભગવાન જ્ઞાનસ્વભાવી વસ્તુ, એનાથી ઊલ્ટી પુણ્ય-પાપની અવસ્થા, શરીર-વાણી-મન એમાં કાંઈ આત્માનું જ્ઞાન નથી. એવા **'શરીરાદિકકી સેવા અજ્ઞાનકો દેતી હૈ,..'** કહો, એને અજ્ઞાન આપે છે. એટલે પુણ્યની સેવા, શરીર ઉપરના લક્ષની, પરપદાર્થના આશ્રયના લક્ષની સેવામાં તો પુણ્યબંધન થઈ કે પાપબંધન થઈ અને સંયોગ મળે. એમાં અજ્ઞાનની સેવાથી અજ્ઞાન આપે છે. ભારે ટૂંકી વ્યાખ્યા. શું કહ્યું સમજાય છે?

બે વાત અહીંયાં લેવી છે. ફક્ત જ્ઞાન અને અજ્ઞાન. પ્રભુ! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આમ જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય સ્વભાવનું સત્ત્વ છે એ જ્ઞાન છે. અને પુણ્ય ને પાપ, કામ અને ક્રોધ, દયા ને દાન, મન ને વાણી ને ઈન્દ્રિય અને પરપદાર્થ અનંત, એ બધામાં સેવા નામ રોકાવાથી અજ્ઞાનની એટલે રાગ અને વિકારની પ્રાપ્તિ થાય છે. એમાં આત્માના સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. કહો, સમજાય છે કાંઈ?

બે બોલ. એક કોર રામ અને એક કોર ગામ. એક કોર ચૈતન્યરામ. જ્ઞાનસ્વભાવ એ પદાર્થમાં જ્ઞાન અને આનંદ અંતરમાં છે. શક્તિરૂપે ન હોય તો આવે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ

છે. એમાં છે. એનાથી વિરૂદ્ધ પુણ્ય અને પાપના ભાવ, આસ્રવભાવ એ પણ અહીં અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? કે એમાં જ્ઞાનની જાગૃતિનો ભાવ નથી. એટલે પુણ્ય અને પાપ, શરીર, વાણી, ઈન્દ્રિયની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શેઠી! એટલે આત્માની જાગૃતિ થતી નથી. પણ આત્મા અવરાઈને ઢંકાઈ જાય છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનસે રહિત શરીરાદિક...**' આદિમાં બધું આવ્યું. પુણ્યના પરિણામ, વ્યવહાર રત્નત્રયના પરિણામ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના (પરિણામ), પંચ મહાવ્રતના પરિણામ એ રાગ. રાગની સેવા કરવાથી રાગ પ્રાપ્ત થાય છે. એટલે કે એમાં આત્મા પ્રાપ્ત થતો નથી. ઓહોહો..! કહો, સમજાણું કાંઈ? '**સેવા અજ્ઞાનકો દેતી હૈ,...**' એટલે આત્માના જ્ઞાનને આવરે, ઢાંકે, શક્તિની વ્યક્તતા થવા ન દે એવા ભાવને તે આપે છે. બરાબર છે? શેઠી!

'**ઔર જ્ઞાની પુરુષોંકી સેવા જ્ઞાનકો દેતી હૈ.**' જ્ઞાનીના બે અર્થ કરશે. જ્ઞાની આત્મા અને જ્ઞાની ધર્માત્મા. જ્ઞાની આત્મા અને જ્ઞાની ધર્માત્મા બીજો. એની સેવા કરવાથી એટલે ધર્માત્મા પણ એ જ કહે કે અંદર અંતરની એકાગ્રતા કર. ધર્માત્મા, સર્વજ્ઞ કેવળીઓ, શાસ્ત્રો, સમકિતી, શ્રાવક કે મુનિ બધાનો એક જ ઉપદેશ છે કે તારો આત્મા અંતર જ્ઞાનાનંદ સ્વભાવમાં ભરેલો છે, આનંદથી ભરેલો છે એની સેવા કર. એટલે ધર્માત્માની ત્યારે સેવા કરી કહેવાય. ધર્માત્માએ કહેલો આત્માના સ્વભાવ તરફની સેવા કરે ત્યારે ધર્માત્માની અને આત્માની સેવા કરી એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બહુ ટૂંકું.

બે ભાગ. વ્યવહારની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ છે. ભાઈ! એમ કહે છે. મોહનભાઈ! ઓહો..! ભારે કઠણ વાત જગતને. ઓલા કહે કે વ્યવહાર હશે તો નિશ્ચય થાશે. અહીં કહે છે કે વ્યવહારના રાગની સેવા કરવાથી અજ્ઞાન પ્રાપ્ત થશે. એટલે કે જ્ઞાનની જાગૃતિ થશે નહિ પણ એના રાગમાં જ્ઞાન અવરાઈને ઢંકાઈ જશે. સમજાય છે કાંઈ?

'**યહ બાત પ્રસિદ્ધ હૈ, કિ જિસકે પાસ જો કુછ હોતા હૈ, વહ ઉસી કો દેતા હૈ,...**' ચમારની-ચામડાની મોચીની દુકાને જાય તો ચામડા આપે, હીરા-માણેકની દુકાને જાય તો હીરા આપે. જેની પાસે જાય એ હોય એ આપે. એમ આત્મા પાસે અંદર જ્ઞાનસ્વભાવ છે અને ધર્માત્મા પાસે દૃષ્ટિના વિષયમાં આત્મા જ્ઞાનમૂર્તિ જ છે. એટલે ધર્માત્મા કે આત્મા બેની સેવા કરવાથી જ્ઞાન અને આનંદની પ્રાપ્તિ થાય છે. સમજાય છે કાંઈ?

'**યહ બાત પ્રસિદ્ધ હૈ,...**' આવ્યું છેને? એ તો '**सुप्रसिद्धमिदं वचः**' જગતમાં પ્રસિદ્ધ છે કે જેની પાસે હશે એ આપશે બાપા. નહિ હોય એ શું આપશે? માણસ એમ નથી કહેતા કે ગાળ્યું આપે. બાપુ! તારી પાસે ગાળ્યું છે તો ગાળ્યું દે. અમારી પાસે કાંઈ ગાળ્યું નથી તો અમે ગાળ્યું ક્યાંથી દઈએ? એમ કહે છે કે નહિ? શેઠી! ગાળ્યુંને શું કહે છે? ગાલી-ગાલી. ગાલિયાં. બહુ ગાળ દે. ભાઈ! તારી પાસે ગાળ્યું પડી હશે, બાપા, તારી ખાણમાં. તો તું આપ. અમારી પાસે તો કાંઈ છે નહિ. એમ કહે છે માણસ.

એમ અહીંયાં કહે છે કે ભાઈ! અમારી પાસે તો અનાજ છે. આ રાંધીને.. અમારી પાસે પૈસા નથી. તારે જોઈતું હોય તો અનાજ લઈ જા. રસોડે જઈને હીરા-માણેક માગે તો? દુકાને જઈને માગે. લ્યો, દુકાન હોય. આ મોટા શાહુકારની સારી. બે તકિયા પડ્યા હોય અને બે માણસ બેઠા હોય. અરે..! બાપા! વધ્યા-ઘટ્યા ચોખા, રોટલા, દાળ-ભાત આપજો. પણ અહીં જોતો નથી? સામી ભીંત દેખાય છે અને ત્રણ દુકાનમાં બેઠા છીએ. અહીં ક્યાં બાયડી છે? અહીં ક્યાં રસોડું છે? અહીં ક્યાં ચુલો? સમજાણું? એવું થયું હતું એક ઠેકાણે. બહુરૂપિયો છેને બહુરૂપિયો? બહુરૂપિયો ભિખારી થઈને આવ્યો. વાળ આમ હોય છે ને વાળની ગાંઠ આમ નાખીને. ગુમડું જાણે મોટું હોય. એમ રાખે. મા-બાપ! કાંઈ વધ્યું ઘટ્યું (હોય તો આપજો). કારણ કે એ તો બહુરૂપિયો હતો. એને ખબર છે (કે) અહીં નથી. નથી ખબર? ત્યારે ઓલો કહે કે એલા ખબર નથી તને અહીં સામી ભીંત દેખાય છે. અહીં ચાર હાથનું અહીં મકાન છે. અહીં બેઠા છીએ બે તકિયે, એક ઈ, હું અને આ. અમે કાંઈ નથી. આ શું કહેવાય આ લાકડાનું? હડફો. આ હડફો છે. એટલી અક્કલ નથી (કે) અહીં રોટલા ને દાળ, ભાત માગવા જાય છે? ઓલો તો જાણતો હતો કે ખબર છે મને. કારણ કે એ તો બહુરૂપિયો હતો એટલે એ તો, આપોને મા-બાપ, એમ કરીને આ ઓળખે છે નહિ? (તપાસતો હતો). પહેલે દિ' આવ્યો હતો મોટો ગોરો થઈને. ગોરો બરાબર ટોપો અને હાથમાં.. એ રસીદ આવી કે નહિ? આ ફલાણું આવ્યું કે નહિ? કેટલી પેટી મોકલી? ઓલા તો હબબ થઈ ગયા. આને હા, ના શી રીતે પાડવી? ગોરો છે મોટો. એમ રોફ બરાબર. પછી એને થયું, ઠીક, આ ઓલો બહુરૂપિયો દરરોજ વેષ લઈને આવે છે એ લાગે છે આ. એલા તું તો ભાંડ. દાંત કાઢીને વયો ગયો. આવે છે ને ભાઈ આપણે 'સમયસાર'માં? જેનું જે રૂપ છે એ પ્રકાશે એટલે એના પોગળ ખુલ્લા થઈ જાય.

એમ આત્મા. એના સ્વભાવમાં તો જ્ઞાન અને આનંદની ખાણ પડી છે. એની પાસે માંગ કે પુણ્ય દેજે, પાપ દેજે, વિકાર દેજે, સ્વર્ગ દેજે, નરક દેજે, શેઠાઈ દેજે, ચક્રવર્તી પદ દેજે. આત્માની ખાણમાં ઈ નથી. સમજાય છે કાંઈ? આત્મામાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ અંતરમાં પડી છે. એની પાસે સેવા કર તો જ્ઞાન અને શાંતિ મળશે. અને પુણ્ય અને પાપના રાગની સેવા કર તો પુણ્ય-પાપનું બંધન થઈને સંયોગ મળશે. એમાં આત્મા—જ્ઞાન મળશે નહિ. કહો, બરાબર છે? વાડીભાઈ! પાછું લાવીને મૂક્યું નિશ્ચય.

'**યહ બાત પ્રસિદ્ધ હૈ, કિ જિસકે પાસ જો કુછ હોતા હૈ, વહ ઉસી કો દેતા હૈ, દૂસરી ચીજ જો ઉસકે પાસ હૈ નહીં, વહ દૂસરેકો કહાં સે દેગા?**' જેની પાસે એ નથી એ આપશે ક્યાંથી? લૂગડા હોય એ લૂગડું આપે. બાપુ! કાંઈક લૂગડું વધ્યું ઘટ્યું આપજો. આ આપજો, પાણી પાજો. તૃષા લાગી છે પાણી તો આપો. બાપા! બીજું તમે ન આપી શકો તો પાણી તો પાવ. તો એની પાસે પાણી હોય તો ગરીબ માણસ

પાણી પણ આપે. જેની પાસે હોય તે આપે. એમ આત્મામાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પદાર્થના સ્વભાવમાં શાંતિ, આનંદ અને પૂર્ણ વીર્ય પડ્યું છે. એના તરફનો ઝુકાવ સેવા કરે તો એ મળે. અને રાગ ને પુણ્ય ને નિમિત્તમાં કાંઈ તારો સ્વભાવ નથી કે નિમિત્તની સેવા ને રાગ-દ્વેષની સેવા કરવાથી તને આત્મલાભ થાય. ત્યાં તો અજ્ઞાનનો લાભ થાય. અજ્ઞાનનો એટલે પુણ્ય-પાપનો લાભ થશે અને એનાથી સંયોગો મળશે. ભાઈ! બરાબર છે? કહો, સમજાણું કાંઈ આમાં?

'**વિશદાર્થ :— અજ્ઞાન શબ્દ કે દો અર્થ હૈં,...**' વિશદાર્થ. વિશદ-ઘણો વિસ્તાર અર્થ. '**એક તો જ્ઞાન રહિત શરીરાદિક...**' એક તો જ્ઞાનરહિત શરીર, વાણી, મન, પુણ્ય, પાપના ભાવ '**ઔર દૂસરે મિથ્યાજ્ઞાન (મોહ-ભ્રાંતિ-સંદેહ)વાલે મૂઢ-ભ્રાંત તથા સંદિગ્ધ ગુરુ આદિક.**' એક તો પુણ્ય-પાપ અને શરીરમાં અજ્ઞાન નથી અને મિથ્યાજ્ઞાની મૂઢ પ્રાણી, મૂઢ-ભ્રાંત સંદિગ્ધ ગુરુ. કેવો આત્મા હશે? કેમ પ્રાપ્ત થાય? આમ હશે? રાગથી થતો હશે? પુણ્યથી થતો હશે? સંયોગથી થતો હશે? કોઈ ઈશ્વરની કૃપા થાય તો થઈ જતો હશે? ખુબ ભક્તિ ભગવાનની કરીએ ત્રાટક કરીને, એકાકાર કરીને તો થઈ જતો હશે? એમ જેને સંદેહ અને શંકા છે અને વાસ્તવિક પદાર્થનું ભાન નથી એવા ગુરુની સેવા કરે તો, કહે છે, અજ્ઞાન મળશે. એવા ગુરુ પાસે તો એ કહેશે કે એ તો આમ કર, પહેલું આમ કરજે, પછી આમ કરજે. પછી કરતાં કરતાં આમ થઈ જશે. રાગ કરજે, પુણ્ય કરજે, વિકલ્પ કરજે, વિકલ્પ કરતાં કરતાં નિર્વિકલ્પ થઈ જવાશે. ત્રણ કાળમાં થાય નહિ અને એની મૂઢતા જાય નહિ. સમજાય છે કાંઈ? કારણ કે રાગ અને પર ઉપર રુચિ કરાવે છે અને એના આશ્રયે સ્વભાવને લાભ બતાવે છે તો એનો અભાવ કરીને સ્વભાવનો લાભનો જે રસ્તો છે એ રસ્તો તો એણે જાણ્યો નથી. એટલે મૂઢની સેવા કરવાથી મૂઢતાની પ્રાપ્તિ થશે.

'**સો ઈનકી ઉપાસના યા સેવા અજ્ઞાન તથા મોહ-ભ્રમ વ સંદેહ લક્ષણાત્મક મિથ્યાજ્ઞાનકો દેતી હૈ.**' અજ્ઞાનીની સેવાથી મિથ્યાજ્ઞાનની પ્રાપ્તિ થશે. કહો, ભગવાનજીભાઈ! બરાબર છે? એ બીજું એ કહેશે કે તમે આ બધી વાતું કરો છો પણ આત્મા... આત્મા... આત્મા.. આવડો અને તો આત્મા અનંત કાળમાં પ્રાપ્ત નથી થયો શું કરવા? કે પરની આશા રાખી હતી. આશાથી કરણી (કરી હતી). આશા વિના જો કરણી કરો પુણ્યની તો તમારું કલ્યાણ થશે. એ મૂઢ જીવો આમ લાકડા ખોશી ઘાલશે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! ભગવાનની કૃપા થઈ જશે કો'ક દિ', (બસ) કરતા રહો. 'ચલા જાયે દરબાર મેં પલા પકડે ન કોઈ' ખખડાવવું બારણું. અને ખખડાવતા-ખખડાવતા કો'ક દિ' અંદર (જવાશે). પણ બારણું જોવે, અંદર રાજા જોવે એનું ભાન હોય કે નહિ? અંદર ભિખારી બેઠો હોય અને બારણું એકલું સારું હોય સારું તો? એમ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પુણ્ય અને પાપ ને બાહ્ય વલણથી લાભ માની બેઠો એને બાહ્યથી લાભ મનાવનારા કુગુરુ મળી જાય તો એને અજ્ઞાનની

પ્રાપ્તિ થશે. મગનભાઈ! બરાબર છે? જુઓ! વાત જરી ઝીણી છે.

કહે છે, કોઈ નિમિત્તની સેવા કરવાથી લાભ બતાવે મૂઢ (તો) મૂઢતાની પ્રાપ્તિ કરશે. એમ કહે છે લ્યો. ભાઈ! ઓહોહો..! કારણ કે નિમિત્તની સેવામાં આ જ્ઞાનસ્વભાવ પડ્યો છે? આત્માનો પદાર્થ સ્વભાવ તો અંદરમાં પડ્યો છે. એ નિમિત્તની સેવા (કરવા જાય છે) અને અંતરમાં પ્રભુ પડ્યો એને શોધવા-ગોતવા-રુચિ કરવા જાતો નથી. ... પણ મારામાં રહીને જાણનાર દેખનાર અને મને પણ મારામાં રહીને જાણનાર-દેખનાર .. કરે તો આત્માની સેવા કરે ધર્માત્મા સ્વપરપ્રકાશ .. કરે એમ કહે છે. અર્થ (ધન) હોય અને રાગ આવે એ જુદી વાત છે. પણ એ વડે હું પરની સેવા કરી શકું છું એ વાત વસ્તુના સ્વરૂપમાં નથી. ત્યારે કહે છે કે રાગની સેવા, એમાં એકાગ્ર થવું, એના કરતાં જ્ઞાનમાં એકાગ્ર થવું. એ અવિનાશી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરાવનાર છે, જે આવ્યું એ જાય નહિ. અને આ રાગની સેવાથી સંયોગો આવશે, વયા જશે. વળી બીજો અશુભ રાગ કર્યો એનું પાપ આવે તો પ્રતિકૂળ સંયોગ થશે. એ તો કોઈ નાશવાન ચીજ છે, કોઈ અવિનશ્વર નથી. પુણ્ય ઘણા કર્યા હોય તો પાંચ-પચાસ-સો વર્ષ લક્ષ્મી મળે. કહો, સમજાણું? કેટલી લક્ષ્મી આદિ મળી, છેલ્લે ફૂ થઈ ગયું એકદમ ચાલી ગયું બધું. એક હતો દાખલો. એકદમ બધું વયું ગયું. ગરીબ માણસ થઈ ગયા. ઓય.. આ! કહો, સમજાણું?

રાત્રે મુંબઈમાં થયું હતું ને પહેલા. સૂતા હતા તો ઓલો ધૂમાડો લાગ્યો. બારણા બંધ. બધા મરી ગયા ગુંગળાઈને. રૂપિયા, પૈસા, મકાન ને દાગીના પડ્યા રહ્યા એમ ને એમ. બારણા બંધ કર્યા અને ધૂમાડો લાગ્યો. સૂતા હતા એટલે પછી આમ ત્યાં મૂંઝવણ આવી એની ખબર ન રહી ને એમાં મરી ગયા એકસાથે. બાયડી-છોકરા-આદમી બધું એકસાથે. પણ એવું થાય છે. અનંત વાર દરેકને થયું છે. આ જાણે કે મારે ઘેર નથી. ઓલામાં દાખલો નહોતો આપ્યો? વૃક્ષ ઉપર માણસ બેઠો હતો. ચારે કોર વન સળગ્યું. છેટું પચ્ચીસ હાથ હતું. પણ હવે વાર ક્યાં છે સળગતા તારા ઘરને. એ જાણે કહે, એ સિંહ સળગે, મૃગલા સળગે, ઝાડ સળગે. પણ આવા આખા વનમાં સળગતું સળગતું અહીં આવે છે. જો અહીં બધું ખડ છે. આ તારું સળગશે. માથે ઊભો હતો આમ. જુઓ, આ બધા સળગે, જુઓ, ચારે કોર સળગે. આપણે એક કોરા રહ્યા છીએ. વાંધો નહિ, હમણા દસ મિનિટ છે. ઝાડ સળગતા સળગતા પાધરુ આખું ઝાડ પડશે હેઠે, ફડાક. પણ એ અજ્ઞાની જોતો નથી. એમ બીજા દુઃખી, બીજાને આપદા, બીજાને પ્રતિકૂળતા, બીજાને સંયોગ નહિ, એના દીકરા ખરાબ, એની બાયડી ખરાબ. મારે તો બધું સારું છે. કેમ ભીખાભાઈ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ રાગમાં દેખતો નથી. ઘરે મરણ હોય ને છોકરાનું. આમ તૈયારી હોય મરણની. રાગી છેને. બીજાને ઘરે જાય તો કહે હવે ભાઈ આપણે ધ્યાન રાખવું, હવે સંભાળવું.

બસ, એમ કહી દે. એટલે કે આ બચશે નહિ. બીજાના કો'કના છોકરાનો મંદવાડ હોય તો જુઓ... કારણ કે ન્યાં ક્યાં ઘરનો છોકરો છે? .. હવે તો આમાં કાંઈ... ઘરના છોકરાને એવું આવ્યું હોય તો ઓલો રાગ છેને. વાંધો નહિ. હમણા બચી જશે, હમણા આમ થઈ જશે. બીજા કહે પણ આ ડાહ્યો માણસ, એના છોકરાને ઘરે આ સમજતો નથી. પણ ન સમજે. રાગના માર્યા યથાર્થ જોઈ શકે નહિ.

એમ અજ્ઞાની પુણ્ય અને પાપ ને પરપદાર્થની રુચિવાળા, આ મારી રુચિ ખોટી છે અને આ બીજું સ્વરૂપ કાંઈક જુદું છે એ કોઈ રીતે સાવધાન થઈને સમજી શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'અનન્ય શરણ હોકર ભાવના કરનેકે યોગ્ય હૈ.'** લ્યો! શું કીધું? અનન્ય શરણ હોકર. અનન્ય શરણ એટલે? બીજું કોઈ શરણ નથી. પુણ્ય-પાપ નિમિત્ત શરીર વાણી મન. અનન્ય શરણ એટલે આત્મા જ એક શરણ છે. બીજું કોઈ શરણ નથી. અનન્ય શરણ ભાષા કેવી વાપરી. જોયું! એક જ વાત. એમ. એક જ આત્મા શરણ. અનન્ય શરણ. અનન્ય એટલે અનેરૂ કોઈ શરણ નથી. પુણ્ય નહિ, પાપ નહિ, શરીર નહિ, વાણી નહિ, મન નહિ, દેહ નહિ, ગુરુ નહિ, શાસ્ત્ર નહિ. એક ચૈતન્ય આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો એવા **'હોકર ભાવના કરને યોગ્ય હૈ.'**

**अज्ञभक्ति अज्ञानको, ज्ञानभक्ति दे ज्ञान।**
**लोकोक्ती जो जो घरे, करे सो ताको दान।।२३।।**

લ્યો, અજ્ઞભક્તિ અજ્ઞાનની સેવા તે અજ્ઞાનને આપે, જ્ઞાનની સેવા તે જ્ઞાન આપે. લોકમાં પણ કહેવાય એની પાસે જે હશે એ આપશે, બાપા! એની પાસે જે નહિ હોય એ શું આપશે? સમજ્યાને? શાસ્ત્રની વાત કર આત્માની. પણ એની પાસે કથા અને વાર્તા પડ્યું હોય તો કથા વાર્તા આપે. અધ્યાત્મની વાત ન હોય તે આપે ક્યાંથી? ગોળણ પાસે લેવા જાય કે આપજે માખણ. પણ અહીં માખણ ક્યાં હતા? અહીં તો ગોળના ભેલા પડ્યા છે. જે હોય તે આપે. એમ **'लोकोक्ती जो जो घरे, करे सो ताको दान।'** જે એની પાસે હોય તે આપે. જ્ઞાની જ્ઞાન આપે, આત્મા જ્ઞાન આપે અને પુણ્ય-પાપની સેવા અજ્ઞાન આપે. એટલે જેની તારે સેવા કરવી હોય તે કર. ઓલી તો કરી અનાદિ કાળની હવે. હવે આ આત્માની સેવા કરવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

यहाँ पर शिष्य का कहना है कि भगवन्! यदि आत्मद्रव्य और कर्मद्रव्य का अध्यात्मयोग के बल से बन्ध न होना बतलाया जाता है, तो फिर किस प्रकार से उन दोनों में (आत्मा और कर्मरूप पुद्‌गल द्रव्यों में) परस्पर एक के प्रदेशों में दूसरे के प्रदेशों का मिल जाना रूप बंध होगा? क्योंकि बन्धभाव तो बंधपूर्वक ही होगा। और बंध का प्रतिपक्षी, संपूर्ण कर्मों की विमुक्तावस्थारूप मोक्ष भी जीव को कैसे बन सकेगा? जो कि अविच्छिन्न अविनाशी सुख का कारण होने से योगियों के द्वारा प्रार्थनीय हुआ करता है?

आचार्य कहते हैं—

बध्यते मुच्यते जीवः सममो निर्ममः क्रमात्।
तस्मात्सर्वप्रयत्नेन निर्ममत्वं विचिन्तयेत्।।२६।।

मोही बाँधत कर्मको, निर्मोही छूट जाय।
यातें गाढ़ प्रयत्नसे, निर्ममता उपजाय।।२६।।

अर्थ :— 'ममतावाला जीव बँधता है और ममता रहित जीव मुक्त होता है। इसलिये हर तरह से पूरी कोशिश के साथ निर्ममता का ही ख्याल रक्खे।'

विशदार्थ—अव्ययों के अनेक अर्थ होते हैं, इसलिये, 'मम' इस अव्यय का अर्थ 'अभिनिवेश' है, इसलिये 'समम' कहिए 'यह मेरा है' इस प्रकार के अभिनिवेशवाला जीव भी कर्मों से बँधता है। उपलक्षण से यह भी अर्थ लगा लेना कि 'मैं इसका हूँ' ऐसे अभिनिवेश वाला जीव भी बँधता है, जैसा कि अमृतचंद्राचार्य ने समयसार कलश में कहा है—'न कर्म बहुलं जगन्न०'

अर्थ—न तो कर्मस्कन्धों से भरा हुआ यह जगत बंध का कारण है, और न हलन-चलनादिरूप क्रिया ही, न इन्द्रियाँ कारण हैं और न चेतन-अचेतन पदार्थों का विनाश करना ही बन्ध का कारण है। किन्तु जो उपयोगस्वरूपी जमीन रागादिकों के साथ एकता को प्राप्त होती है, सिर्फ वही अर्थात् जीवों का रागादिक सहित उपयोग ही बन्ध का कारण है। यदि यही जीव निर्मम रागादि रहित-उपयोग वाला हो जाय, तो कर्मों से छूट जाता है। कहा भी है कि-'अकिंचनोऽह०'

मैं अकिंचन हूँ, मेरा कुछ भी नहीं, बस ऐसे होकर बैठे रहो और तीन लोक के स्वामी हो जाओ। यह तुम्हें बड़े योगियों के द्वारा जाने जा-सकने लायक परमात्मा का रहस्य बतला दिया है।

और भी कहा है—'रागी बन्धाति कर्मणि०' रागी जीव कर्मों को बाँधता

है। रागादि से रहित हुआ जीव मुक्त हो जाता है। बस यही संक्षेप में बंध मोक्ष विषयक जिनेन्द्र का उपदेश है। जब कि ऐसा है, तब हर एक व्रतादिकों में चित्त लगाकर अथवा मन, वचन, काय की सावधानता से निर्ममता का ही ख्याल रखना चाहिए 'मत्तः कायादयो भिन्नास्०'

'शरीरादिक मुझ से भिन्न हैं, मैं भी परमार्थ से इनसे भिन्न हूँ, न मैं इनका कुछ हूँ, न मेरे ही ये कुछ हैं।' इत्यादिक श्रुतज्ञान की भावना से मुमुक्षु को भावना रखनी चाहिए। आत्मानुशासन में गुणभद्रस्वामी ने कहा है।– 'निवृत्तिं भावयेत्०'

जब तक मुक्ति नहीं हुई तब तक परद्रव्यों से हटने की भावना करे। जब उसका अभाव हो जाएगा, तब प्रवृत्ति ही न रहेगी। बस यही अविनाशी पद जानो।।२६।।

---

અહીં શિષ્ય કહે છે—ત્યારે બંધ અને તેનો પ્રતિપક્ષરૂપ મોક્ષ કેવી રીતે? ભગવાન! જો અધ્યાત્મયોગથી આત્મદ્રવ્ય અને દ્રવ્યકર્મનો વિશ્લેષ (એક બીજાથી ભિન્ન) કરવામાં આવે, તો કેવી રીતે એટલે ક્યા પ્રકારના ઉપાય વડે, તે બંનેનો બંધ—અર્થાત્ પરસ્પર પ્રદેશાનુપ્રવેશલક્ષણ સંશ્લેષ (સંયોગરૂપ બંધ) હોય? કારણ કે તે પૂર્વક (બંધપૂર્વક) જ વિશ્લેષ (વિયોગ) હોય; અને તેનો પ્રતિપક્ષી એટલે બન્ધવિરોધી મોક્ષ જે સંપૂર્ણ કર્મોના વિશ્લેષ (અભાવ) લક્ષણવાળો છે તે જીવને કેવી રીતે હોઈ શકે? કારણ કે અનંતસુખનું કારણ હોવાથી યોગીઓ દ્વારા તે પ્રાર્થનીય છે.

ગુરુ કહે છે :—

મોહી બાંધે કર્મને, નિર્મમ જીવ મુકાય,
તેથી સઘળા યત્નથી, નિર્મમ ભાવ જગાય. ૨૬.

અન્વયાર્થ :— [सममः जीवः] મમતાવાળો જીવ અને [निर्ममः जीवः] મમતારહિત જીવ [क्रमात्] અનુક્રમે [बध्यते] બંધાય છે અને [मुच्यते] મુક્ત થાય છે (બંધનથી છૂટે છે); [तस्मात्] તેથી [सर्वप्रयत्नेन] પૂરા પ્રયત્નથી [निर्ममत्वं] નિર્મમત્વનું [विचिन्तयेत्] વિશેષ કરીને ચિંતવન કરવું જોઈએ.

ટીકા :— અવ્યયોના અનેક અર્થ હોય છે, 'मम' એ અવ્યય છે. તેનો અર્થ અભિનિવેશ થાય છે, તેથી 'सममः' અર્થાત્ 'मम इदम्' 'આ મારું છે' એવા અભિનિવેશવાળો (જીવ) તથા ઉપલક્ષણથી 'अहम् अस्यं'—હું આનો છું—એવા અભિનિવેશવાળો જીવ કર્મોથી બંધાય છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસાર કલશ શ્લોક ૧૬૪માં કહ્યું છે કે :—

'કર્મબંધ કરનારું કારણ, નથી બહુ કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક, નથી ચલનરૂપ કર્મ (અર્થાત્ કાય-વચન-મનની ક્રિયારૂપ યોગ), નથી અનેક પ્રકારનાં કરણો (ઈન્દ્રિયો) કે નથી ચેતન-અચેતનનો ઘાત, 'ઉપયોગ ભૂ' અર્થાત્ આત્મા રાગાદિક સાથે જે ઐક્ય પામે છે તે જ એક (—માત્ર રાગાદિક સાથે એકપણું પામવું તે જ) ખરેખર પુરુષોને બંધનું કારણ છે.'

તથા તે જ જીવ જો નિર્મમ એટલે તેનાથી વિપરીત (અર્થાત્ રાગાદિથી રહિત ઉપયોગવાળો) થાય, તો તે કર્મોથી છૂટી જાય છે.

(અનુક્રમ સંખ્યાની યોજની માટે શ્લોકમાં 'क्रमात्' શબ્દ વાપર્યો છે, (જેમ કે-सममः, बध्यते, निर्ममः मुच्यते).

'आत्मानुशासन'— શ્લોક ૧૧૦માં કહ્યું છે કે :—

'હું અકંચિન છું (એટલે મારું કોઈ પણ નથી)—એમ ભાવના કરી બેસી રહો (પરિણમો) અને ત્રણ લોકના સ્વામી બની જાઓ. આ તને યોગીઓને ગમ્ય (જાણી શકાય તેવું)—એવું પરમાત્માનું રહસ્ય બતાવ્યું છે.' અથવા 'ज्ञानार्णव' પૃષ્ઠ ૨૪૨માં કહ્યું છે કે રાગીઃ—

'રાગી (જીવ) કર્મો બાંધે છે અને વીતરાગી જીવ (રાગાદિથી રહિત જીવ) કર્મોથી મુક્ત થાય છે. બંધ-મોક્ષ સંબંધી જિનેન્દ્રનો આ સંક્ષેપમાં ઉપદેશ છે.'

તેથી સર્વ પ્રયત્નથી વ્રતાદિમાં (શુદ્ધ પરિણમનમાં) અવધાનથી (ચિત્ત લગાવી) અથવા મન, વચન, કાયની સાવધાનીથી નિર્મમત્વનું વિશેષ પ્રકારે ચિંતવન કરવું જોઈએ. મારાથી શરીરાદિ ભિન્ન છે અને પરમાર્થે તેમનાથી હું પણ ભિન્ન છું. હું તેનો કાંઈ પણ નથી અને તેઓ પણ મારા કાંઈપણ નથી.

ઈત્યાદિ શ્રુતજ્ઞાનની ભાવનાથી મુમુક્ષુએ (ખાસ કરીને) ભાવવું જોઈએ.

શ્રી ગુણભદ્રાચાર્યે 'आत्मानुशासन' શ્લોક ૨૩૬માં કહ્યું છે કે :—

'જ્યાં સુધી મુક્તિ ન થાય ત્યાં સુધી (પરભાવોથી) નિવૃત્તિની (પાછા હઠવાની) ભાવના કરવી. તેના (પરભાવના) અભાવમાં પ્રવૃત્તિ અને નિવ-ત્તિ જ રહેશે નહિ. તે જ અવિનાશી પદ છે.'

ભાવાર્થ :— જ્યારે સ્ત્રી-પુત્રાદિ મારાં અને હું તેમનો—એવા મમકારરૂપ વિભાવ પરિણામોથી જીવ પરિણમે છે, ત્યારે રાગ-દ્વેષરૂપ પરિણતિના નિમિત્તે શુભાશુભ કર્મનો બંધ થાય છે, કિન્તુ જ્યારે સ્ત્રી, પુત્રાદિ પદાર્થોમાં મારાપણાની કલ્પના છોડી દે છે, ત્યારે નિર્મમ પરિણામોથી શુભાશુભ કર્મનો બંધ થતો નથી. માટે નિર્મમત્વનું જ ચિંતવન કરવું જોઈએ.

જે સમયે ઉપયોગ વિભાવ ભાવોથી એકરૂપ થાય છે. તે સમયે રાગ-દ્વેષ

સાથે એકતાબુદ્ધિથી પરિણામરૂપ અધ્યવસાનભાવથી બંધ થાય છે. રાગાદિથી એકતારૂપ ઉપયોગ જ કર્મબંધનું કારણ છે, પરંતુ રાગાદિથી એકતારહિત ઉપયોગ બંધનું કારણ નથી—તે કર્મથી—મુક્તિનું કારણ છે.

જે પરને પર અને આત્માને આત્મા માની રાગી-દ્વેષી થતો નથી અને પર પદાર્થોમાં સુખ-દુઃખની કલ્પના કરતો નથી, પરંતુ તે પ્રત્યે સમભાવી રહે છે તે કર્મોથી છૂટે છે અને પરમાત્મા બને છે.

રાગી કર્મથી બંધાય છે અને વિરાગી કર્મથી છૂટે છે એવો જિનેન્દ્ર ભગવાનનો બંધ-મોક્ષનો સંક્ષેપમાં ઉપદેશ છે.

'પર દ્રવ્ય મારું નથી' એવું પરિણમન જ્યારે થાય છે, ત્યારે તે પરમ ઉદાસીનતારૂપ પરિણમે છે અને તેનું ફળ ત્રણ લોકના જીવો જેને પોતાનો સ્વામી માને તેવું પદ તે પ્રાપ્ત કરે છે.

જ્યારે પર ભાવથી રહિત થઈ મુક્ત થાય, ત્યારે નથી પ્રવૃત્તિ કે નથી નિવૃત્તિ, કેવલ શુદ્ધસ્વરૂપ જ છે. ૨૬.

---

**આસો સુદ ૧, શુક્રવાર તા. ૫-૧૦-૧૯૫૬**
**ગાથા-૨૫, ૨૬, પ્રવચન-૪**

પૂરી અને નિર્મમ નામ પર પ્રત્યે એ હું છું ને મારા એવી દૃષ્ટિ છૂટી સ્થિર થાય એ બંધથી છૂટીને મુક્ત થાય છે. બહુ ટૂંકી વ્યાખ્યા બંધમાર્ગ અને મોક્ષ માર્ગની.

'**ઈસલિયે હર તરહ સે પૂરી કોશિશ કે સાથ...**' છે ને પ્રયત્ન. સર્વ પ્રયત્નને લીધું છે હોં! સર્વ પૂરી કોશિશ કરવાની. પૂરે '**પુરુષાર્થ કે સાથ નિર્મમતા કા ખ્યાલ હી રખે.**' પૂરા પ્રયત્નથી નિર્મમત્વનો ખ્યાલ કરે. ૨૬મી ગાથામાં છે ને, ભગવાનજીભાઈ! અર્થ છે અર્થ. સમજાણું કાંઈ? શું કહ્યું શેઠી? પૂરી કોશિશ કે સાથ પ્રયત્ન કરે. કિસકા? '**નિર્મમતાકા ખ્યાલ રખે.**' એનો અર્થ જ એ આવ્યો. અહીં તો પુરુષાર્થ પૂર્ણ કહે છે અને તમે ક્રમબદ્ધ કહો એમાં પુરુષાર્થ કાંઈ રહેતો નથી. રાડ્યું પાડે છે ને માણસ? ક્રમબદ્ધ થાય છે. પરપદાર્થમાં ક્રમબદ્ધ પર્યાય અને પોતામાં ક્રમબદ્ધ ક્રમે ક્રમે થવાવાળી થાય છે. એમાં '**तस्मात्सर्वप्रयत्नेन, निर्ममत्वं विचिन्तयेत्**' બધા પુરુષાર્થની નિર્મમત્વની ભાવના કરવી એ એમાં ક્યાં આવ્યું? ભાઈ! એમાં આ પુરુષાર્થ આવ્યો. અનંતા પરપદાર્થ એની પર્યાય એને લઈને, એ મારા નહિ. મમત્વરહિત કહ્યું છેને? નિર્મમ કહ્યું છેને?

પર અનંત પદાર્થ એ મારા નહિ અને હું એની પર્યાય કરતો નથી. એને લઈને થાય

છે. મારામાં પણ જે ક્રમે પર્યાય થાય એ તો દ્રવ્યમાંથી થાય છે દ્રવ્યથી. એટલે દ્રવ્ય જોવે તો શુદ્ધ અને જ્ઞાયકમૂર્તિ છે. જ્ઞાયકમૂર્તિનો પ્રયત્ન સર્વ પ્રયત્ન દ્વારા સ્વભાવ સન્મુખ કર્યો એ નિર્મમત્વ થયો અને એ મુક્તિનું કારણ થયું. કહો, માલચંદજી! ક્રમબદ્ધમાં પણ બહુ પુરુષાર્થ છે. પુરુષાર્થ નથી રહેતો, નિયત થઈ જાય છે એમ કહે છે. એકાંત નિયત થઈ જાય છે. અરે..! ભાઈ! એમાં તો જ્ઞાતા-દૃષ્ટામાં નિર્મમત્વનો પુરુષાર્થ આવ્યો. મારે અને શરીરને, કર્મને અનંત અનંત પદાર્થને કાંઈ સંબંધ નથી. એની કોઈ રીતે મારા વિકલ્પને કારણે વ્યવસ્થા રહે એવું બનતું નથી. મારા વિકલ્પને કારણે વ્યવસ્થા અનંત પરની રહે એમ બનતું નથી. મારા જ્ઞાનની વિચિક્ષણતાને કારણે સાવધાનીથી તેમાં અવસ્થા રહે એમ બનતું નથી. એમ અનંત પરપદાર્થ પ્રત્યેની મમતા ઉઠી ગઈ. અને સ્વભાવ સન્મુખની પ્રયત્ન દશા થઈ. હું જાણનાર, દેખનાર. ક્રમનો જાણનાર દેખનાર છું. એવા જ્ઞાતા-દૃષ્ટા પ્રત્યે, પર પ્રત્યેનો નિર્મમત્વ ભાવ કરી, સ્વભાવ સન્મુખ થઈને સર્વ પ્રયત્ન દ્વારા એકાગ્ર થવું એનું નામ ક્રમબદ્ધનું કાર્ય અને ફળ છે.

હવે કહે છે, પણ અમારા ભવ દસ ભગવાને દીઠા હોય તો દસથી ઓછા ન કરે? અરે..! પ્રભુ! આ ભગવાને દીઠા એમ જોવા જાય તો જ્ઞાનના મહાત્મ્ય તરફ વળ્યો. એને ભવ અને ભવના કારણના મહાત્મ્ય ઉપર એની દૃષ્ટિ નથી. ભવ અને ભવના કારણ તો વિકાર છે. એ મારા એ તો મમત્વ છે. એને ભગવાનનું જ્ઞાન અને ભગવાનના કહેલા ભાવની પ્રતીત નથી. નિર્મમ. ભવ અને ભવના કારણ, પર બધા જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયા. એટલે જ્યાં જ્ઞાતા જ્ઞાતા થઈ ગયો એને ભવ અલ્પ જ હોય, એને ભવ વિશેષ હોતા નથી. સમજાય છે કાંઈ?

... ભવ ઉપર દૃષ્ટિ છે? ભવના ભાળનાર, ભવના ભાળનાર જ્ઞાનસ્વરૂપી હતા. ચોર્યાશી (લાખ યોનીમાં) અવતારના—ભવના ભાળનાર કેવળજ્ઞાની કેવળદર્શની હતા. એવા કેવળજ્ઞાન અને કેવળદર્શનનું જેને અંદરમાં ભાન અને ભાસ અને પ્રતિબુદ્ધ અંતરમાં થયો એને અનંતા પરપદાર્થની મમતા ટળી, સ્વભાવની એકાગ્રતા થઈ. એને ભવ વિશેષ હોય નહિ. ભગવાને એના વધારે ભવ ભાળ્યા (એમ) હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? આમાં સર્વ પ્રયત્નનું આવ્યું છેને? પ્રયત્ન તો તમારે કોશિશમાં, કોશિશ કરવી તો રહેતી નથી. ભાઈ! ત્યારે વિકાર તો થવો હશે એ થાશે અને સમ્યગ્દર્શન-જ્ઞાન પણ થવું હશે તે દિ' થાશે. કારણ કે ક્રમબદ્ધમાં થવું હશે તે દિ' થાશે. આ સર્વ પ્રયત્ન પૂજ્યપાદસ્વામી કહેવા માગે એ ક્યાં લાગુ પડે છે? શેઠિયા! એમ કહે છે માણસો.

અરે..! ભગવાન! સાંભળ પ્રભુ! તને (નિજ) ભગવાનનું માહાત્મ્ય આવે છે કે ભવનું માહાત્મ્ય છે? (નિજ) ભગવાનનું માહાત્મ્ય છે કે ભવનું માહાત્મ્ય છે? તને (નિજ) ભગવાનનું માહાત્મ્ય છે કે વિકારનું માહાત્મ્ય છે? તને ભગવાન સ્વભાવ પ્રત્યેની એકાગ્રતા છે કે વિકાર

અને ભવ અને પર પ્રત્યે એકાગ્રતા છે? જેને પર પ્રત્યેની એકાગ્રતા (છે) એને પરની મમતા છે. અને સ્વની એકાગ્રતા છે એને પરની મમતા નથી. ગમે તે થાવ મારાથી થતું નથી. સમજાય છે?

ધર્મના સમજનાર પણ સમજે તો મારાથી સમજતા નથી. એની લાયકાતથી સમજે છે. એકદમ અનંત પરપદાર્થની મમતા છૂટી અને નિર્મમ થયો. ઓલો કહે કે હું આને કરી દઉં, હું આને મનાવી દઉં, હું આમ કરી દઉં, હું આમ કરી દઉં, ધર્મને ઘટાડી દઉં, મમતા આવી એને છોડી દઉં એ તો બધી દૃષ્ટિ મમતા છોડી તો મમતામાં ગઈ. આત્મા નિર્મમસ્વરૂપ જ્ઞાનાનંદ છે એના પ્રયત્નમાં મમતાવાળો જે બંધાય છે એ જ નિર્મમત્વ પ્રયત્નવાળો મૂકાઈ જાય છે. લ્યો! બહુ ટૂંકું. કહો, વાડીભાઈ! આ બધા રાડ્યું પાડે છે. તમે બધા હા પાડો છો પણ ઓલા બધા કહે છે, આમ થાય, આમ થાય.

ઈ પ્રશ્ન તો ભાઈ અમારે સંપ્રદાયમાં (સંવત) ૧૯૭૨ની સાલમાં ઉઠ્યો હતો. સમજાય છે ને? અમારા ગુરુ હતા એ તો બિચારાને એમ થઈ ગયું કે અર..ર..! કેવળજ્ઞાનીએ ભવ દીઠા છે તો ભવ ફરે નહિ. માટે ભગવાને ભવ દીઠા નથી. કેમ? આમ ભદ્રિક, પણ એને એમ કે પુરુષાર્થ રહેતો નથી એમ થઈ ગયું. પણ સાંભળેલી વાત નહિ. અને જોડે જે હતા મૂળચંદજી એ કહે, નહિ, ભગવાને ભાળ્યા ભવ તે દિ' ટળશે. હમણા નહિ ટળે. આ ભાષા કોની? આ આગમભાષા હોય નહિ, આવી શાસ્ત્રભાષા હોય નહિ. વીતરાગ એમ કોઈ દિ' બોલે નહિ. વીતરાગ બોલે કે પરપદાર્થ પ્રત્યેથી ખસી, અમે અમારા સ્વપદાર્થમાં આવ્યા ત્યારે અમારી મુક્તિ થઈ છે. પરપદાર્થની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા. એવી વાણીમાં આવે પરપદાર્થની ઉપેક્ષા અને સ્વની અપેક્ષા, (એમ) કરનારને ભગવાને એના ભવ અનંત દીઠા હોય જ નહિ. શેઠી! ઝીણી બહુ વાત પણ.

જુઓ! '**હર તરફ સે...**' એમ છેને? ટીકામાં હશે કે નહિ એનો શબ્દ? એનો શબ્દાર્થ. સર્વ પ્રયત્ન નિર્મમત્વં. '**ઈસલિયે હર તરહસે પૂરી કોશિશકે સાથ નિર્મમતાકા હી ખ્યાલ રક્ખે.**' અરે..! હું તો આત્મા છું, જાણનાર-દેખનાર છું. 'એગો અહં' મારું કોઈ છે નહિ. બધા સંયોગી પદાર્થ અને પુણ્ય-પાપ સંયોગીભાવ. ભાવ મારો એકરૂપ સ્વભાવી છે એવી અંતર એકાગ્રતા કરીને પરનું મમત્વ ન કરે, આ નિર્મમ થાય તેની મુક્તિ થાય. રાગ આવે એની મમતા કરે, નિમિત્તની મમતા કરે એ તો બંધાય. નિમિત્તની મમતા કરે કે આવા નિમિત્ત મેળવું, રાગની મમતા કરે કે આવો રાગ લાવું અને ટાળું. એ તો મમતા થઈ. એને સમતા નથી. જ્ઞાનસ્વરૂપી આત્મા એ શું કરે? સમજાણું? એ જાણવાનું કામ કરે, એ જાણવાનો સંબંધ જ્ઞાન સાથે કરે, એ જાણવાનો સંબંધ પર સાથે સંબંધ કરીને જાણે એમ છે નહિ. ટૂંકામાં શિષ્યે પૂછ્યું એવો જવાબ ટૂંકામાં કહ્યો.

'**અવ્યયોંકો અનેક અર્થ હોતે હૈં, ઈસલિયે, 'મમ' ઈસ અવ્યયકા અર્થ 'અભિનિવેશ'**

હૈ.’ અભિપ્રાય. ‘**ઈસલિયે ‘સમમ’ કહીયે ‘મેરા યહ હૈ’ ઈસ પ્રકારકે અભિનિવેશવાલા જીવ ભી કર્મોંસે બંધતા હૈ.**’ એ તો અભિપ્રાયની વાત લીધી. વિપરીત અભિપ્રાય. મમતાનો અર્થ જ વિપરીત અભિનિવેશ. તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં આવે છેને? વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધા તે તત્ત્વાર્થ શ્રદ્ધાન છે. અહીં મમતાનો અર્થ કે જે ચીજ એની નથી તેમાં વિપરીતતાનો ભાવ કરવો કે આ મારા છે એવા અભિનિવેશ—આગ્રહને મિથ્યાત્વભાવ કહે છે. અને એનાથી જીવ બંધાય છે.

‘**મેરા યહ હૈ ઈસ પ્રકારકે અભિનિવેશવાલા જીવ ભી કર્મોંસે બંધતા હૈ. ઉપલક્ષણસે યહ ભી અર્થ લગા લેના કિ મૈં ઈસકા હૂં.**’ આટલું કહ્યું કે ‘**મેરા યહ હૈ**’ એ તો પાઠમાં છે. પણ ‘**મૈં ઈસકા હૂં.**’ હું કર્મનો છું, શરીરનો છું, દેશનો છું, કુટુંબનો છું, એ માન્યતા વિપરીત અભિનિવેશ મિથ્યાદૃષ્ટિની છે. એ મિથ્યાદૃષ્ટિના ભાવને જ અહીંયાં મમ કહ્યો છે. એને જ મમકાર કહ્યો છે. સમજાય છે કાંઈ? ‘**મૈં ઈસકા હૂં એસે અભિનિવેશવાલા જીવ ભી બંધતા હૈ,...**’ વ્યવહારથી. શરીર, કર્માદિ મારા છે, દેશ-કુટુંબ મારા છે, રળવું-કમાવું, નોકર-ચાકર, બાયડી-સ્ત્રી મારા અને હું એનો છું—એ વિપરીત અભિનિવેશ સંસાર પરિભ્રમણનું દુઃખનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? ‘**ઐસે અભિનિવેશવાલા જીવ ભી બંધતા હૈ, જૈસા કિ અમૃતચંદ્રાચાર્યને સમયસાર કલશમેં કહા હૈ.**’ બંધ અધિકાર છે ને? બંધ અધિકારની પહેલી ગાથા હોં!

કહે છે કે ‘**ન તો કર્મસ્કંધોંસે ભરા હુઆ યહ જગત્ બંધકા કારણ હૈ,...**’ કર્મના સ્કંધોથી ભરેલું આ જગત આત્માને બંધનનું કારણ નથી. એ કર્મ પડ્યા એ બંધનનું કારણ નથી. કર્મના રજકણ થવાની લાયકાત છે ને વર્ગણા? એ કાંઈ બંધનનું કારણ નથી. ‘**ઔર ન હલન-ચલનાદિરૂપ ક્રિયા હી,...**’ આ હાલવા-ચાલવાની જડની ક્રિયા એ કાંઈ આત્માને બંધનનું કારણ નથી. આ ઈન્દ્રિયો બંધનું કારણ નથી. જડ ઈન્દ્રિય એ પણ બંધનું કારણ નથી.

‘**ઔર ન ચેતન અચેતન પદાર્થોંકા વિનાશ કરના હી બંધકા કારણ હૈ.**’ બીજા જીવ મરે કે બીજા જડના કટકા થાય, ચેતન-અચેતન પદાર્થનો વિનાશ કરવાની ક્રિયા થાય એ પણ આત્માને બંધનનું કારણ નથી. એકેન્દ્રિય, લીલોતરી આદિ પંચેન્દ્રિયનો વધ થાય એ આત્માને બંધનું કારણ નથી. ઓહોહો..! એ આત્માને બંધનું કારણ નથી. ..ભાઈ! લીલોતરી હણાય અને પંચેન્દ્રિય મરે એ બંધનું કારણ નથી એમ કહે છે. એ નથી. (એનો) પરપદાર્થ છે. એ પરની ક્રિયા કરી શકતો જ નથી તું. પરમાં જેટલો ઉપયોગ એકાકાર થયો મમતાનો એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

‘**કિંતુ જો ઉપયોગરૂપી જમીન રાગાદિકોંકે સાથ એકતાકો પ્રાપ્ત હોતી હૈ, સિર્ફ વહી અર્થાત્ જીવોંકા રાગાદિક સહિત ઉપયોગ હી બંધકા કારણ હૈ.**’ આત્માના

જ્ઞાન વેપારમાં આ પદાર્થમાં જોડી દીધો પરમાં અને રાગ સાથે એકત્વ કર્યું, પુણ્ય પરિણામ સાથે ઉપયોગને એકત્વ કર્યો એ એક જ બંધનનું કારણ છે. પરપદાર્થની કોઈ ક્રિયા જ્ઞાનીને કે અજ્ઞાનીને બંધનું કારણ છે નહિ. આવે છે ને દાખલો? બધો ઘણો આવે છે. તાડ (આદિ) વૃક્ષને કાપે છે ને. સચેત અચેત વસ્તુને કાપે છે. જ્ઞાની સમકિતી સચેત-અચેતને ભોગવે છે એ બંધનું કારણ નથી. ભોગવતો જ નથી. એ તો દુનિયા દેખે માટે બતાવે છે. જ્ઞાની પરપદાર્થને અનુભવતો નથી. દુનિયા દેખે. જુઓ આને રાણી, જુઓ આને વેપાર, જુઓ આને ધંધો, જુઓ આને હાલવા-ચાલવાની ક્રિયા, એના પગથી જીવ હણાઈ ગયા, ઘરમાં રાંધવાની ક્રિયાથી... જુઓ! એ હુકમ કરે તો રાંધવું થાતું હશે કે નહિ? આ હુકમ પણ આત્મા નહિ, રાંધવાની ક્રિયા આત્મા નહિ. આ આત્માના જ્ઞાનનો વેપાર એમાં રાગ અને એકત્વબુદ્ધિ કરે, રાગથી એકત્વબુદ્ધિ કરે તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'**ઉપયોગરૂપી જમીન રાગાદિકોં કે સાથ...**' એમ પાછું. પરની સાથે નથી કર્યું. એની પર્યાયમાં પુણ્ય-પાપના ભાવ અને વિકલ્પો જે ઉઠે એને આત્માના જ્ઞાનવેપાર સાથે જે પુણ્ય-પાપની વૃત્તિઓને એકાકાર કરે '**સિર્ફ વહી...**' '**એકતા કો પ્રાપ્ત હોતી હૈ...**' એનો અર્થ શું? એ કાંઈ કર્મ કરાવતું નથી. એ તો ભ્રાંતિ પોતે કરે છે. જ્ઞાનના ઉપયોગમાં જાણવા-દેખવાના વેપારમાં પુણ્ય-પાપની લાગણીને એકરૂપ કરીને જે પૃથક્ થવું જોઈએ એને ઠેકાણે એકરૂપ કરે છે. '**સિર્ફ વહી અર્થાત્ જીવોંકા રાગાદિક સહિત ઉપયોગ હી બંધકા કારણ હૈ.**' આ જ આત્માને બંધનું કારણ છે. કોઈ ક્રિયા બંધનું કારણ નથી. શરીરની ક્રિયા નહિ. રાડ્યું પાડે છે ને તેથી. ત્યારે વાંધો નહિ, શરીરથી કરો બધું હવે. પણ કરી શકતો નથી પછી કરવાનો પ્રશ્ન (ક્યાં આવ્યો)? આંગળી ચાલે કે ન ચાલે, પગ ચાલે ન ચાલે (એ) આત્માના અધિકારની વાત નથી. એ માટે તો આ શ્લોક મૂક્યો આધારમાં.

સચેતન-અચેતન પદાર્થનો નાશ કરવો એ પણ આત્માને બંધનું કારણ નથી. નાશ કરના એ પણ બોલે. નાશ કરી શકતો નથી. ભાષા તો એવી જ આવે ને. ફક્ત જ્ઞાન પ્રભુ ચૈતન્ય ભગવાન પોતાના જાણક વેપારમાં એ રાગને પુણ્ય અને પાપની ચીકાશની એકતાબુદ્ધિ કરે એવો મમત્વભાવ—એ મિથ્યાત્વભાવ—એ વિપરીત અભિનિવેશ એ સંસારના બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ?

'**યદિ વહી જીવ નિર્મમ-રાગાદિ રહિત-ઉપયોગવાલા હો જાય, તો કર્મોંસે છૂટ જાતા હૈ.**' એ જ જ્ઞાન ઉપયોગમાં પોતાના સ્વભાવ તરફ વાળીને, રાગ ને પુણ્યથી પૃથક્ કરીને જ્ઞાનના વેપારમાં રાગ અને પુણ્યની એકતા ન કરે અને સ્વભાવની એકતા કરે એ નિર્મત્વ આત્મા બંધથી છૂટી જાય છે. બંધથી છૂટવું અને મૂકવાનો રસ્તો આ છે. બીજો કોઈ રસ્તો નથી. બાયડી છોકરા છોડીને જંગલમાં ચાલ્યા જાવ, એકલા બેસો, કોઈ સામું જોવે નહિ એમ એકાંત ઝાડ તળે, એને ધર્મ થાય. એમ ધર્મ છે નહિ. એ બધી ક્રિયા જડની ક્રિયા

કાળે પોતાને જે રાગ કાળે રાગ થયો, એના રાગ અને જ્ઞાનની એકતા કરી તે જ સંસાર અને બંધનું કારણ છે. એ ક્રિયાઓ કોઈ બંધનનું કારણ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**જીવ નિર્મમ-રાગાદિ રહિત-ઉપયોગવાલા હો જાય,...**' પોતાના જ્ઞાનસ્વભાવમાં લીન થઈ જાય. ક્રિયા તો શરીર આદિની બાહ્ય પદાર્થની થવાની તે થયા કરે છે. એને લઈને આત્માને બંધન કે છૂટવું છે નહિ. ઉપયોગમાં મમતા પરપદાર્થની કરે અને ઉપયોગમાં સ્વભાવની દઢતા કરે એ પહેલો ભાવ બંધનનો અને બીજો ભાવ છૂટવાનો, બીજો કોઈ ઉપાય અને રસ્તો નથી.

'**કહા ભી હૈ કિ-'अकिंचनोऽहं'. મૈં અકિંચન હૂં.**' '**મૈં અકિંચન હૂં.**' 'અ' નામ નહિ કાંઈ મારો. જુઓ! આ ભાવ. જગતમાં મારું કાંઈ નથી. શરીર, વાણી, મન, પુણ્ય-પાપના વિકલ્પ-વૃત્તિઓ, દેશ-કુટુંબ-પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર, ડુંગર-પર્વત અને બહારના વનો. અકિંચન—મારું કાંઈ નથી. '**મેરા કુછ ભી નહીં, બસ ઐસે હોકર બૈઠે રહો ઔર તીન લોકકે સ્વામી હો જાઓ.**' ઠીક! આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં કોઈપણ રાગ અને પુણ્ય ને મન-વાણી-દેહ પરપદાર્થ કોઈ મારા નથી. હું તો જ્ઞાન અને આનંદ છું એમ અંતર બેસી રહો, મોક્ષ થઈ જશે. ત્રણ લોકનો સ્વામી કેવળજ્ઞાની થઈ જશે. બહું ટૂંકી વાત ભાઈ! '**ઔર તીન લોકકે સ્વામી હો જાઓ. યહ તુમ્હેં બડે યોગિયોંકે દ્વારા જાને જા સકને લાયક પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.**' લ્યો! કહે છે, તમને કેવું રહસ્ય બતાવ્યું? મોટા મોટા મહામુનિઓ ધર્માત્મા ગણધરો એના દ્વારા જે જાણેલું, '**જાને જા સકને લાયક...**' જાણવામાં આવે એવું. આ '**પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.**' ટૂંકામાં એક સમયમાં ભગવાન જ્ઞાનાનંદ છે એમાં એકાગ્ર થઈને બેસી જા, મુક્તિ થઈને કેવળ થશે. બીજો ઉપાય નથી.

એક રાગનો વિકલ્પ, મન, વાણી, દેશ, પરદેશ મારા અને હું એનાથી એવી મમતા. બેસી રહે એમાં તો નિગોદમાં જાઈશ. કહો, સમજાણું કાંઈ? આ દૃષ્ટિ ફેરવે દોલત મળે એવી છે. એમ કહે છે. દૃષ્ટિ પુણ્ય અને પાપ ને સંયોગની ક્રિયા મારાથી છે અને હું એનો છું એ જ સંસાર છે. દૃષ્ટિએ દોલત ભાળી જ્ઞાનાનંદ સ્વભાવ મારી સંપદા છે. એવી દૃષ્ટિ થઈ (તો) બેસી રહે એમાં. બેસી રહે એટલે સ્થિર થઈ જા. સ્થિર થઈ જા, કેવળજ્ઞાન થઈ જશે. શેઠી!

શ્રીમદ્‌ના વખતમાં એક શેઠિયા થયેલા. શ્રીમદ્ રાજચંદ્રના વખતમાં. નામ તો સાંભળ્યું હશે. પછી એણે કહ્યું... શેઠિયો હાથમાં બીડી પીતો હતો. બીડી પીતો હતો. શ્રીમદ્ આમ બેઠેલા ગાદી-તકિયે. કહે, સાહેબ! મુક્તિ કેમ થાય? હાથમાં બીડી અને પીતા પીતા (પૂછ્યું), સાહેબ! મુક્તિ કેમ થાય? એટલે કહ્યું, આ એમ ને એમ. એમ ને એમ. એમને એમના બે અર્થ થાય. તારા મુક્તિના પૂછવાના ઢંગ તો જો. હાથમાં બીડી, પાછળ... સમજ્યાને?

તકિયો. અને (પૂછ્યું), સાહેબ! મુક્તિ કેમ થાય? એમ ને એમ. બીજી રીતે કહે તો આ જેમ છે તેમ ઠરી જા જ્ઞાનમાં તો મુક્તિ થાય. બાકી મુક્તિ-બુક્તિ બીજે રસ્તે નથી. ભાઈ! એ દામનગરના કેશવલાલ શેઠ હતા. જેઠાલાલના ભાઈ. એ ત્યાં ગયા હતા આમ પૂછ્યું. એવો તરત જ જવાબ કીધા ભેગો. સાહેબ! મુક્તિ કેમ થાય? મારો મોક્ષ કેમ (થાય)? એમ ને એમ. એના અર્થ બે. આવી મમતા અને ઊભો આ રીતે (અને કરે) મોક્ષના પ્રશ્ન અને બીજી રીતે એમ ને એમ ઠરી જા. તારો સ્વભાવ છે એમાં ઠરી જા તો મુક્તિ થાય. બાકી કરવાનું આ કર્યું અને તે કર્યું અને આ કર્યા ને દેહને હલવ્યો ને એ બધી ક્રિયાઓ જાણવા જેવી છે. એ આદરવા જેવી છે નહિ.

અહીં તો આચાર્ય કહેવા માગે છે, '**યહ તુમ્હેં બડે યોગિયોંકે...**' મહા મહા મુનિઓ દ્વારા જે રહસ્ય હતું એ રહસ્ય તમને કહી દીધું. ટૂંકામાં. ઓલા શ્લોકમાં આવ્યું છે ખરું ને એટલે. એક કોર પ્રભુ આત્મા અને એક કોર પુણ્ય-પાપ, વિકાર, શરીર, વાણી, મન, કર્મ અને શરીર—દેહ બધું. આ આત્મા પ્રત્યેની એકાગ્રતા એ નિર્મમ દશા તે મુક્તિનું કારણ. અને એ સિવાયનો રાગ પુણ્યનો ઉઠે એ મારા અને એ બંધન અને સંસારનું કારણ છે. ચોર્યાશીના અવતારના બીજડા—પરમાં એકાકાર. આત્માના સ્વભાવમાં એકાકાર, જ્ઞાનમૂર્તિ પવિત્ર આત્મા, એમાં એકાગ્રતા વિશેષ એકાગ્રતા (થાય) તો કેવળજ્ઞાન, ઓછી એકાગ્રતા તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (થાય). પણ એના તરફની પરથી મમતા (છોડીને) એક સ્વમાં સ્થિરતા (થાય) એ જ મુક્તિનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ. ઓહોહો..! પણ તારા ચૌદ પૂર્વ અને બાર અંગના લખાણ! આટલું બધું લખાણ કર્યું. બાર અંગમાં આમ, ચૌદ પૂર્વમાં આમ, આમ પ્રાયશ્ચિત લેવા, આમાં આમ કરવું, આમાં આમ કરવું, એવું લખાણ બહુ આવે છે, લ્યો. આમ જાત્રા કરવી, મુનિને પણ જાત્રા હોય. લ્યો! એવું આવે છે. આહારક શરીર કરે છે ત્યારે. આવે છેને? ગોમ્મટસારમાં. કોઈ જાત્રા માટે પણ આહારક શરીર કરે છે. કોઈ પ્રાયશ્ચિત્ત માટે કે કોઈ વિનય માટે. એવું કાંઈક આવે છે. ગુરુ જ્યાં હોય ત્યાં સેવા કરવા જાય. આ માટે શરીર બને ને આમ કરે અને આમ કરે. ભાઈ! એ વખતનો વિકલ્પ અને એ વખતની ક્રિયાનું જ્ઞાન કરાવ્યું છે. બાકી ધર્માત્માનું વલણ સ્વભાવ તરફ છે એ એક જ મુક્તિનું કારણ છે. બાકી વચમાં આવો રાગ આવે અને આ જાતની અવસ્થા થવાયોગ્ય થાય તેને જણાવવાયોગ્ય છે તેને જણાવી છે. પણ તે બાહ્યની ક્રિયાથી મુક્તિને કાંઈ મદદ મળે અને સહાય થાય એવું સ્વભાવના વાસ્તવિક પદાર્થમાં નથી. એવું પરમાત્માને પહોંચવાનું રહસ્ય આ છે. કહ્યું ને માથે?

'**બડે યોગિયોંકે દ્વારા જાને જા સકને લાયક...**' જાણી શકાય એવો '**પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.**' એવું તારું પરમાત્મા અંતર સ્વરૂપ છે એની અંતર શ્રદ્ધા, એનું અંતર જ્ઞાન અને અંતર રમણતા એ નિર્મમ સ્વભાવ એક જ ચૌદ પૂર્વ અને બાર અંગનો

નિર્મમત્વ તે મોક્ષ એ સાધન (છે). પાછા નિર્મમત્વની વાત તો કરે, પણ પાછા આ અમે મૂકીએ અને આ અમે છોડીએ તો અમારી મુક્તિ છે. વળી પાછું લપ નાખે. વળી નિર્મમ અને વળી આ મેં મૂક્યું આવ્યું ક્યાંથી એમાં? નિર્મમનો અર્થ જ પહેલે સમયે એવો નિર્ણય થઈ ગયો (કે) અકિંચન—મારો રાગ અને કોઈ પદાર્થ મારામાં છે જ નહિ. એ મારામાં છે નહિ એને લાવવું-ટાળવું કે ઝુટાવવું કે છોડવું એ મારામાં છે જ નહિ. મારો સ્વભાવ પૂર્ણ જ્ઞાન અને આનંદથી ભરેલો છે. એમાં એકાગ્ર થવું એ જ મારી ક્રિયા છે અને એને નિર્મમત્વ કહેવાય છે. એ '**પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.**' લ્યો! પરમાત્માનું આ રહસ્ય છે. શેઠી!

'**रागी बध्नाति कर्माणि**' '**રાગી જીવ કર્મોંકો બાંધતા હૈ.**' લ્યો! રાગીનો અર્થ પાછો આ દુનિયા કહે એમ નહિ. એકતા. પરપદાર્થ મારા, એનું કરી શકું અને અંદર રાગ આવે એ મારો એવો રાગી કર્મથી બંધાય છે એમ કહે છે. રાગી બંધાય માટે રાગ આપણે છોડવા માંડો, રાગ ઘટાડવા માંડો. શી રીતે ઘટે? રાગીનો અર્થ પુણ્ય અને પાપના જ્ઞાનના વેપારમાં એકતાબુદ્ધિ તેને રાગી કહે છે. પુણ્ય-પાપના ભાવમાં જ્ઞાનભાવની એકતાબુદ્ધિ તેને રાગી કહે છે. એ રાગી કર્મથી બંધાય છે. પરની સાથે તો એકતા ક્યાં કરી શકે? માને તો (પણ) કાંઈ કરી શકે છે? અને આમાં તો માને તો માન્યતામાં તો કરી શકે કે આ પુણ્ય-પાપની વૃત્તિઓ કૃત્રિમ, અનિત્ય, ઉપાધિ મારા છે એમ એકતાબુદ્ધિ થઈ એ જ સંસાર અને રાગ બંધનનું કારણ છે.

'**રાગાદિસે રહિત હુઆ જીવ મુક્ત હો જાતા હૈ.**' રાગ-દ્વેષ આદિ રહિત એટલે? પાછો રહિતનો અર્થ હું પૃથક્ કરું એમ નથી. એમ કહે કે રાગ-દ્વેષ પૃથક્ કરો બાપુ! એ એક મોક્ષનો ઉપાય છે. એ તો એનું એ આવ્યું. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એમાં રાગ જ નથી અને વિકાર નથી એમ દૃષ્ટિમાં એકાગ્ર થઈને સ્થિર થવું એ '**રાગાદિસે રહિત હુઆ જીવ મુક્ત હો જાતા હૈ.**' આ રાગને પૃથક્ કરું, આ રાગને પૃથક્ કરું. શું કરે? આ રાગને આત્મા પૃથક્ કરે ત્યાં વિકલ્પ ઉઠે છે. એ જ વિકલ્પ છે, એ જ રાગ છે. એમ નહિ.

મુમુક્ષુ :— કોરું..

ઉત્તર :— એ કોરું રહી શકે છે. કહે છે, જુઓને પાંદડા એવા હોય છે કે નહિ? કમળના પાંદડા પાણીમાં રહ્યા છતાં કાંઈ અડે (નહિ) અને આભડે (નહિ). ઊંચું પાંદડું કર્યું તો કોરું કરાટ. એવો આત્મા જ્ઞાનસ્વભાવી નિર્લેપ, એને પુણ્ય અને પાપની સાથે એકત્વબુદ્ધિ કરવી મમતા, એને સ્વભાવ સાથે એકતા કરતાં રાગની મમતા છૂટી એનું નામ મુક્તિ. બીજો કોઈ મુક્તિનો ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

फिर भावना करने वाला सोचता है कि पुद्गल-शरीरादिकरूपी मूर्तद्रव्य के साथ जैसा कि आगम में सुना जाता है, जीव का सम्बन्ध है। उस सम्बन्ध के कारण ही जीव का मरण व रोगादिक होते हैं, तथा मरणादि सम्बन्धी बाधायें भी होती हैं। तब इन्हें कैसे व किस भावना से हटाया जाये? वह भावना करने वाला स्वयं ही समाधान कर लेता है कि—

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधि कुतो व्यथा।
नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले।।२९।।

मरण रोग मोमें नहीं, तातें सदा निशंक।
बाल तरुण नहिं वृद्ध हूँ, ये सब पुद्गल अंक।।२९।।

अर्थ :— मेरी मृत्यु नहीं तब डर किसका? मुझे व्याधि नहीं, तब पीड़ा कैसे? न मैं बालक हूँ, न बूढा हूँ, न जवान हूँ। ये सब बाते (दशाएं) पुद्गल में ही पाई जाती हैं।

विशदार्थ—'एकोहं निर्ममः शुद्धः' इत्यादिरूप से जिसका स्वस्वरूप निश्चित हो गया है, ऐसा जो मैं हूँ, उसका प्राणत्यागरूप मरण नहीं हो सकता, कारण कि चित्शक्तिरूप भावप्राणों का कभी भी विछोह नहीं हो सकता। जब कि मेरा मरण नहीं, तब मरण के कारणभूत काले नाग आदिकों से मुझे भय क्यों? अर्थात् मैं किसीसे भी नहीं डरता हूँ। इसी प्रकार वात, पित्त, कफ आदि की विषमता को व्याधि कहते हैं, और वह मुझे है नहीं, कारण कि वात आदिक मूर्तपदार्थ से ही सम्बन्ध रखनेवाले हैं। जब ऐसा है, तब ज्वर आदि विकारों से मुझे व्यथा तकलीफ कैसी? उसी तरह मैं बाल-वृद्ध आदि अवस्थावाला भी नहीं हूँ। तब बाल-वृद्ध अवस्थाओं से पैदा होनेवाले दुःखों-क्लेशों से मैं कैसे दुःखी हो सकता हूँ? अच्छा यदि मृत्यु वगैरह आत्मा में नहीं होते, तो किसमें होते हैं? इसका जवाब यह है कि 'एतानि पुद्गले' ये मृत्यु-व्याधि और बाल-वृद्ध आदि दशाएँ पुद्गल-मूर्त शरीर आदिकों में ही हो सकती हैं। कारण कि ये सब मूर्तिमान पदार्थों के धर्म हैं। मैं तो अमूर्त हूँ, मुझमें वे कदापि नहीं हो सकती।

---

વળી તે આવી રીતે વિચારે છે :—

પુદ્ગલ (શરીરાદિ મૂર્ત દ્રવ્ય) સાથે ખરેખર (જીવનો) સંયોગ છે. તેની અપેક્ષાવાળાં મરણાદિ અને તેનાં દુઃખો કેવી રીતે દૂર કરી શકાય? પુદ્ગલ સાથે

એટલે શરીર સાથે—મૂર્ત દ્રવ્ય સાથે—જીવનો સંબંધ આગમમાં સાંભળવામાં આવે છે. તેના કારણે એટલે પુદ્‌ગલના સંયોગ નિમિત્તે જીવને મરણાદિ અર્થાત્ મરણ-રોગાદિ સંભવે છે. તેને જેમ મરણાદિ સંભવે છે, તેમ મરણાદિ સંબંધી બાધાઓ (દુઃખો) પણ સંભવે છે; તો કેવી રીતે-ક્યા પ્રકારની ભાવનાથી મારે તે (દુઃખાદિઃ પરિહરવાં? અર્થાત્ તેનું આક્રમણ (હુમલાં) કેવી રીતે નિવારી શકાય? એવો અર્થ છે.

સ્વયં જ તેનું સમાધાન કરે છે :—

ક્યાં ભીતિ જ્યાં અમર હું ક્યાં પીડા વણ રોગ?<br>
બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્‌ગલ જોગ. ૨૯.

અન્વયાર્થ :— [मे मृत्युः न] મારું મરણ નથી, તો [कुतः भीतिः] ડર કોનો? [मे व्याधिः न] મને વ્યાધિ નથી તો [व्यथा कुतः] પીડા કેવી? [अहं न बालः] હું બાલક નથી, [अहं न वृद्धः] હું વૃદ્ધ નથી, [अहं न युवा] હું યુવાન નથી [एतानि] એ (સર્વ અવસ્થાઓ) [पुद्‌गले सन्ति] પુદ્‌ગલની છે.

ટીકા :— 'एकोऽहं' ઈત્યાદિથી જેનું આત્મસ્વરૂપ નિશ્ચિત થયું છે એવા મને મરણ એટલે પ્રાણત્યાગ નથી, કારણ કે ચિત્‌શક્તિરૂપ ભાવપ્રાણોનો કદી પણ ત્યાગ (નાશ) હોતો નથી, કારણ કે મારું મરણ નથી. તેથી મરણના કારણભૂત કાળા નાગ આદિનો ભય-ભીતિ મને ક્યાંથી હોય? અર્થાત્ હું કોઈનાથી બીતો નથી એવો અર્થ છે; તથા વ્યાધિ અર્થાત્ વાતાદિ દોષની વિષમતા મને નથી, કારણ કે વાતાદિનો મૂર્ત પદાર્થ સાથે સંબંધ છે. તેથી જ્વરાદિ વિકારોથી મને વ્યથા (પીડા) કેમ હોય? તથા હું બાલાદિ અવસ્થાવાળો નથી. તેથી બાલાદિ અવસ્થાઓથી ઉત્પન્ન થતાં દુઃખોથી હું કેવી રીતે ઘેરાઉં? (કેવી રીતે દુઃખી થાઉં?) એમ સામર્થ્યથી અહીં સમજવું.

પૂછે છે—ત્યારે મૃત્યુ વગેરે શામાં હોય છે? એ મૃત્યુ, વ્યાધિ, બાલાદિ (અવસ્થાઓ) પુદ્‌ગલમાં એટલે મૂર્ત શરીરાદિમાં જ સંભવે છે. કારણ કે તેઓ મૂર્ત પદાર્થોના ધર્મો હોવાથી, અમૂર્ત એવા મારામાં તેમનો બિલકુલ સંભવ નથી.

ભાવાર્થ :— જે જીવને પોતાના ચિદાનંદ સ્વરૂપનો નિશ્ચય થઈ ગયો છે, તેને (સમ્યગ્દષ્ટિને) દ્રવ્યપ્રાણના ત્યાગરૂપ મરણનો ભય હોતો નથી, કારણ કે તે નિઃશંક છે કે શરીરનો (પર્યાયદષ્ટિએ) નાશ થાય છે. પરંતુ ચિત્શક્તિલક્ષણાત્મક જ્ઞાનદર્શનરૂપ ભાવપ્રાણનો કદી પણ નાશ થતો નથી. તેને મરણનો ભય નથી, તો મરણના કારણભૂત કૃષ્ણ સર્પાદિનો ક્યાંથી ભય હોય? ન જ હોય.

વળી, તેને વાત-પિત્ત-કફની વિષમતાથી (અસમાનતાથી) ઉત્પન્ન થતા

વ્યાધિઓનો પણ ડર હોતો નથી. કારણ કે તે જાણે છે કે તેમનો સંબંધ મૂર્ત પદાર્થો (શરીરાદિ) સાથે છે. આત્મા સાથે નથી; તેથી જ્વરાદિની પીડા તેને કેમ હોય? ન જ હોય.

મૃત્યુ, વ્યાધિ તથા બાલ વૃદ્ધાદિ અવસ્થાઓ પુદ્‌ગલ-મૂર્ત શરીરાદિમાં જ હોઈ શકે છે. કારણ કે તે બધા મૂર્તમાન પુદ્‌ગલના ધર્મો છે. જીવ તો અમૂર્તિક ચેતન છે. તેમાં તે ધર્મો કદાપિ પણ હોઈ શકે નહિ. ૨૯.

---

**આસો સુદ ૫, સોમવાર તા. ૮-૧૦-૧૯૫૬**
**ગાથા-૨૯ થી ૩૧, પ્રવચન-૫**

૨૯મી ગાથાનો છેલ્લો ભાગ છે થોડો. કહે છે કે આ શરીર આદિનું મૃત્યુ જે દેખાય છે એ કાંઈ મારું મૃત્યું નથી. ધર્મીએ પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ અને નિત્યાનંદ સ્વરૂપ તરીકે શ્રદ્ધા જ્ઞાનમાં લીધો છે. આ (શરીર) જડ છે. મારે ને એને કાંઈ સંબંધ છે નહિ. **'मरण रोग मोमें नहीं,'** મરણ અને રોગ મારા આત્મામાં છે નહિ. **'तातें सदा निशंक'** હું તો નિઃશંક છું. દેહ છૂટે તો મને મરણ થશે, આ રોગ થાય તો મને દુઃખ થશે એ મારા આત્મામાં છે નહિ. **'बाल तरुण नहि वृद्ध हूँ, ये सब पुद्गल अंक'** અંક-અંક. એ પુદ્‌ગલના બધા લક્ષણ છે. યુવાનપણું, વૃદ્ધપણું, બાળપણું એ પુદ્‌ગલ જડનું લક્ષણ, મારું લક્ષણ નથી. હું તો જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા થઈ શકું એવી તાકાતવાળો છું. એમ ધર્મીજીવ પોતાના આત્માને પરના લક્ષણે લક્ષિત ન માનતા જ્ઞાનલક્ષણે લક્ષિત જાણનાર માનું છું. અને પરના બધા લક્ષણો જડનું હાલવું, ચાલવું, બોલવું એ મારી ક્રિયા નથી. એ અંક-લક્ષણ તો જડના છે. એ ૨૯ ગાથાનું પૂરું કર્યું.

જુઓ! આ ભેદજ્ઞાનની વાત ચાલે છે. ભેદજ્ઞાન એટલે શરીરમાં કાંઈ થતાં મને કાંઈ થાય એમ જ્ઞાની માનતો નથી. અને અજ્ઞાની શરીરમાં કાંઈ મૃત્યુ રોગાદિ થતાં મને થાય એ અજ્ઞાની ને પર સાથે એક બુદ્ધિવાળો છે. અરે..! શરીરના કામ આટલા થયા, હજી આટલા બાકી રહ્યા મારે કરવા હતા, હોં! પણ અરે..! વૃદ્ધાવસ્થા આવી ગઈ. મૂઢ મિથ્યાદૃષ્ટિ શરીરની અવસ્થાથી કામ કરતો એમ માનતો હતો અને અત્યારે થતા નથી માટે ઓરતો (ઈચ્છા) કરે છે એ શરીર અને આત્મા એક જ માનનારા છે. કહો, સમજાણું? ખરે ટાણે શરીર હતું જ્યારે સારું, અપવાસ કરવાની ક્રિયા ને એ બધા તપસ્યાઓ અને એ ટાણે થાત. અરે..રે..! હવે અમે કર્યા નહિ અને શરીર પડ્યું નબળું. એમ અજ્ઞાનીને શરીર પ્રત્યે રુચિ છે અને આત્મા શરીરથી ભિન્ન છે એનું એને ભાન નથી. વળી વધારે લે છે ૩૦માં.

फिर भी भावना करनेवाला खुद शंका करता है, कि यदि कही हुई नीति के अनुसार मुझे भय आदि न होवे न सही, परन्तु जो जन्म से लगाकर अपनाई गई थी और भले ही जिन्हें मैंने भेद-भावना के बल से छोड़ दिया है; ऐसी देहादिक वस्तुएँ चिरकाल के अभ्यस्त-अभेद संस्कार के वश से पश्चात्ताप करनेवाली हो सकती हैं, कि 'अपनी इन चीजों को मैंने क्यों छोड़ दिया?'

भावक-भावना करने वाला स्वयं ही प्रतिबोध हो सोचता है कि नहीं, ऐसा हो सकता है, कारण कि—

भुक्तोज्झिता मुरुर्मोहान्मया सर्वेऽपिपुद्गलाः।
उच्छिष्टेष्विव तेष्वद्य मम विज्ञस्य का स्पृहा।।३०।।

सब पुद्गलको मोहसे, भोग भोगकर त्याग।
मैं ज्ञानी करता नहीं, उस उच्छिष्टमें राग।।३०।।

अर्थ :— मोह से मैंने समस्त ही पुद्गलों को बार-बार भोगा और छोड़ा। भोग-भोगकर छोड़ दिया। अब जूठन के लिए (मानिन्द) उन पदार्थों में मेरी क्या चाहना हो सकती है? अर्थात् उन भोगों के प्रति मेरी चाहना-इच्छा ही नहीं है।

विशदार्थ—अविद्या के आवेश के वश से अनादि काल से ही मुझ संसारीजीव को कर्म आदि के रूप में समस्त पुद्गलों को बार-बार पहिले भोगा, और पीछे उन्हें नीरस (कर्मत्यादि रहित) कर-करके छोड़ दिया। जब ऐसा है, तब स्वयं भोगकर छोड़ दिये गये, जूठन-उच्छिष्ट भोजन, गन्ध, मालादिकों में जैसे लोगों को फिर भोगने की स्पृहा नहीं होती, उसी तरह इस समय तत्त्वज्ञान से विशिष्ट हुए मेरी उन छिनकी हुई रेंट (नाक) सरीखें पुद्गलों में क्या अभिलाषा हो सकती है? नहीं नहीं, हरगिज नहीं। भैया! जब की तुम मोक्षार्थी हो तब तुम्हें निर्ममत्व की ही भावना करनी चाहिए (ऐसा स्वयं को संबोधन करते हैं)।।३०।।

---

ફરીથી ભાવક (ભાવના કરનાર) જ સ્વયં આશંકા કરે છે. ત્યારે પ્રાપ્ત કરીને છોડી દીધેલી તે (શરીરાદિ વસ્તુઓ) પશ્ચાત્તાપકારી બનશે; અર્થાત્ જો ઉક્ત નીતિ અનુસાર મને ભયાદિ ન હોય, તો એ દેહાદિ વસ્તુઓને પ્રાપ્ત કરીને—એટલે જન્મથી માંડીને તેમને આત્મીયભાવે સ્વીકારીને—હવે મેં છોડી દીધી અર્થાત્ ભેદભાવનાના બળથી મેં ત્યજી દીધી; તો તે દેહાદિ વસ્તુઓ, ચિરકાલના અભ્યસ્ત અભેદ

(એકત્વબુદ્ધિના અભ્યાસના) સંસ્કારને લીધે શું પશ્ચાત્તાપકારી બનશે? અર્થાત્ પોતાની માની લીધેલી તે વસ્તુઓને મેં છોડી દીધી, તેથી શું તે (વસ્તુઓ) મને પશ્ચાત્તાપજનક થઈ પડશે?

અહીં ભાવક સ્વયં જ પ્રતિષેધનો વિચાર કરી કહે છે—

'ના, એમ બની શકશે નહિ,' કારણ કે :—

મોહે ભોગવી પુદ્ગલો, કર્યો, સર્વનો ત્યાગ,
મુજ જ્ઞાનીને ક્યાં હવે, એ એંઠોંમાં રાગ? ૩૦.

અન્વયાર્થ :— [मोहात्] મોહથી [सर्वे अपि] બધાય [पुद्गला] પુદ્ગલો [मुहुः] વારંવાર [मया भुक्तोज्झिताः] મેં ભોગવ્યાં અને છોડી દીધાં. [उच्छिष्टेषु एव तेषु] ઉચ્છિષ્ટ (એંઠા) જેવા તે પદાર્થોમાં [अद्य] હવે [मम विज्ञस्य] મારા જેવા ભેદજ્ઞાનીને [का स्पृहा] શી સ્પૃહા (ચાહના) હોય? (અર્થાત્ એ ભોગોની મને હવે ઇચ્છા નથી).

ટીકા :— મોહથી અર્થાત્ અવિદ્યાના આવેશવશ અનાદિકાલથી મેં—સંસારી જીવે સર્વ પુદ્ગલોને કર્માદિભાવે ગ્રહણ કરીને વારંવાર પહેલાં ભોગવ્યાં અને પછી તેમને નીરસ કરીને છોડી દીધાં. જો એમ છે તો સ્વયં ભોગવીને છોડી દીધેલા ઉચ્છિષ્ટ (એંઠા) જેવાં ભોજન, ગંધ, માલાદિમાં—જેમ લોકને ભોગવીને છોડી દીધેલા (પદાર્થોમાં) સ્પૃહા (ઇચ્છા) હોતી નથી,—તેમ હવે તત્ત્વજ્ઞાનથી પરિણત વિજ્ઞ (જ્ઞાની) એવા મને તે ઉચ્છિષ્ટ (ભોગવીને છોડી દીધેલાં) જેવા પુદ્ગલોમાં શી સ્પૃહા હોય? કદાપિ ન હોય, વત્સ! તું મોક્ષાર્થી છે તો તારે નિર્મમત્વની ભાવના વિશેષ કરવી જોઈએ. (એમ સ્વયં સંબોધે છે).

ભાવાર્થ :— જ્ઞાની વિચારે છે કે જેમ કોઈ ભોજનાદિ પદાર્થોને સ્વયં ભોગવીને છોડી દે અને છોડી દીધેલા ઉચ્છિષ્ટ (એંઠા) પદાર્થોને ફરીથી ભોગવવા ઇચ્છે નહિ, તેમ અવિદ્યાના સંસ્કારવશે અનાદિકાળથી અનેકવાર ભોગવીને છોડી દીધેલા પદાર્થોને હવે—જ્ઞાની થયાથી—હું ભોગવવા ઇચ્છતો નથી અર્થાત્ તે ભોગો પ્રતિ હવે તેને સ્પૃહા જ થતી નથી.

અહીં આચાર્યે 'સર્વ પુદ્ગલોને મેં વારંવાર ભોગવ્યાં અને છોડી દીધાં'—એમ જ કહ્યું છે તે વ્યવહારનયનું કથન છે, કારણ કે જે પરદ્રવ્ય છે તે ગ્રહી શકાતું નથી તથા છોડી શકાતું નથી. એવો કોઈ તેનો (આત્માનો) પ્રાયોગિક (પરનિમિત્તથી થયેલો) તેમ જ વૈસ્રસિક (સ્વાભાવિક) ગુણ છે. ૩૦.

## ગાથા-૩૦ ઉપર પ્રવચન

**'ફિર ભી ભાવના કરનેવાલા ખુદ શંકા કરતા હૈ,...'** હું શરીર, વાણી, મન અને કર્મથી જુદો છું. આ એને જરી શંકા કરીને, વિકલ્પ કરીને વિશેષ જ્ઞાન કરે છે. **'કિ યદિ કહી હુઈ નીતિકે અનુસાર...'** આ શરીરને મૃત્યુ છે એ મારે નહિ, શરીરમાં રોગ છે, મારે નહિ. એના કારણે મને કાંઈ થાતું નથી. એવા **'નીતિકે અનુસાર મુજે ભય આદિ ન હોવે ન સહી...'** ભય ન હો તો ન હો. એમાં કાંઈ મારે વાંધો નથી. **'પરંતુ જો જન્મસે લગાકર અપનાઈ ગઈ થી...'** જન્મથી માંડીને આ શરીર મારું... મારું... મારું... અનાદિથી અભેદ તરીકે સ્વીકાર્યું હતું. અનાદિથી શરીર મારું, વાણી મારી, દેશ મારો, કુટુંબ મારા એમ અનાદિથી મેં પરવસ્તુને અપનાવી હતી. એટલે પોતાની માની હતી.

**'ઔર ભલે હી જિન્હેં મૈંને ભેદ-ભાવનાકે બલસે છોડ દિયા હૈ,...'** જરીક વાત બીજી કહે છે. મેં ભેદજ્ઞાનથી, શરીર નહિ, કર્મ નહિ, પુણ્ય-પાપ નહિ, પરપદાર્થ નહિ, હું તો આત્મા જ્ઞાન અને આનંદ છું એમ ભેદજ્ઞાન દ્વારા મેં શરીર પ્રત્યેની મમતા વર્તમાનમાં તો છોડી દીધી છે. **'ઐસી દેહાદિક વસ્તુએં...'** દેહ આદિ. શરીર, બાયડી, છોકરા, કુટુંબ, મકાન, પૈસા **'ચિરકાલકે અભ્યસ્ત-અભેદ સંસ્કારકે વશસે...'** પણ મારે ઘણા કાળનો અભેદ સંસ્કાર છે અને વળી સ્ફુરી આવે કે અરેરે..! મેં આ છોડ્યું, સારું ન કર્યું. એમ શંકા આવે કે નહિ જ્ઞાનીને? જ્ઞાનીને એવી શંકા આવતી નથી. ભાઈ! ઘણા કાળથી શરીરને આપણું માન્યું, ઘણા કાળથી એને પોષ્યું, પોષણ કર્યું. સહાય કરીને ખવરાવ્યું, પીવરાવ્યું, ધોવરાવ્યું, નવરાવ્યું. હવે આને દીકરા-દીકરી, કુટુંબ-પરિવાર ૫૦-૫૦ વર્ષ સુધી પાલવ્યા, પોષ્યા, આ મકાનો પણ જેમાં ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષથી રહીને સાફસૂફ બધું કરાવીને મેં બધું છોડ્યું. તો ગયા કાળના સંસ્કારને લઈને વળી ઓરતો તો નહિ થાયને કે મેં આ છોડ્યું એ ઠીક નહિ? છે શેઠી?

**'ઐસી દેહાદિક વસ્તુએં...'** સ્ત્રી, કુટુંબ, શરીર, મકાન, પૈસો, આબરૂ, કીર્તિ મેં ભેદજ્ઞાનથી—પર મારા નથી એમ દૃષ્ટિથી તો મેં છોડી દીધું છે. પણ પૂર્વ કાળના ઘણા સંસ્કાર અને અભેદને લઈને મેં બહુ પોતાને પરની વસ્તુ માની અને હું બહુ રઝળી અને રખડ્યો હતો, તો એવા સંસ્કારને વશે **'પશ્ચાતાપ કરનેવાલી હો સકતી હૈ કિ અપની ઈન ચીજોંકો મૈંને ક્યોં છોડ દિયા?'** એવો ઓરતો અને પશ્ચાતાપ થઈ શકે છે કે નહિ? ધર્મીને ગયા કાળના પદાર્થો પહેલા પોતાના માન્યા હતા. અને એને સંસ્કાર આપીને ભાવ વગેરે મિથ્યાત્વ સેવ્યા હતા. અત્યારે ભેદજ્ઞાન દ્વારા એ મારી ચીજ નથી. ગમે તેમ થાવ, મારે ને એને

કાંઈ છે નહિ. પણ પૂર્વના અભેદ સંસ્કાર લઈને વર્તમાનમાં એમ ન થઈ જાય કે અરર..! આ છોડ્યું એ સારું ન કર્યું? એમ તો કાંઈ પશ્ચાતાપ તો ન થાય? કે ના.

**'ભાવક-ભાવના કરનેવાલા સ્વયં હી પ્રતિબોધ હો સોચતા હૈ...'** ભાવના કરનેવાલા પોતાની મેળાએ પ્રતિબોધ કરીને સોચે છે—વિચારે છે. **'કિ નહીં, ઐસા નહીં હો સકતા હૈ,...'** મને ગયા કાળનો અભેદ સંસ્કાર હતો અને અત્યારે મેં ભેદજ્ઞાન કર્યું માટે ગયા કાળની ચીજ છોડી એનો મને ઓરતો અને પશ્ચાતાપ થાય એમ મને બની શકતું નથી. શું આ પ્રશ્ન ઉઠાવ્યો સમજાય છે કાંઈ? ભાઈ! ગયા કાળમાં આમ શરીરને એવું રાખ્યું, સુવરાવ્યું બરાબર અને બાયડી છોકરા આમ નવા તાજા તાજા લૂગડા આપે, નવરાવે, ધોવરાવે અને આમ ઊના ઊના દાળ-ભાત કરીને આપે, શિરા, સેવ ઘડપણમાં બધી ઘરે આપે અને આ બધી ચીજું આવનારા અરે..! મેં આને છોડી દીધા. હવે મારા કોઈ સહાયક રહ્યા નહિ. આ મેં છોડી દીધા અને કોઈ સહાયક જગતમાં રહ્યું નહિ. શરીરની દૃષ્ટિ છોડી, હવે શરીર પણ મારું કહ્યું કરે નહિ. અરે..રે..! આ છોડી દીધું એ કરતા કાંઈ સાથ રાખ્યો હોત તો મને ઠીક પડત. એમ જ્ઞાનીને પશ્ચાતાપ ઓરતો થાય કે નહિ? શેઠી! આ અપવાસ નથી કરતા? ચોવિહારો અપવાસ કર્યો પછી વિચાર નથી આવતો? આ ચૈત્ર મહિનો, ધોમ તડકો અને ચોવિહારો અપવાસ કરી નાખ્યો. ત્રેવિહારો કર્યો હોત ને પાણીની છૂટ રાખી હોત ને. થોડી પાણીની છૂટ રાખી હોત તો પાણીનો વાંધો નહોતો. એમ ઓરતો તો ન થાય. આ બધી ચીજો મારી નહિ, એકલો હું આત્મા. તો આ કોઈના હાથ છોડ્યા અને પૂર્વે હાથ ઘણા કર્યા હતા અને એને લઈને ઠીક પડે, કુટુંબ આવીને સેવા કરે, પ્રતિકૂળ હોય તો દવા લાવે, ડોક્ટર લાવે, પૈસા ખર્ચે, ઉપાડીને મોટરમાં એમ ને એમ આખો ને આખો ઊભો લઈ જાય. ચાલી ન શકે તો આમ નાખીને લઈ જાય. આ મોટરમાં શું કહેવાય આ?

મુમુક્ષુ :— એમ્બ્યુલન્સ.

ઉત્તર :— હા, એમ્બ્યુલન્સમાં એમાં. ભાઈ ચાલી શકે નહિ. બાપા! તમે કાંઈ હલશો નહિ તમતમારે, પડ્યા રહો તમતમારે. પાંચ ગાઉ, દસ ગાઉ લઈ જવા છે. આ બધા સાધનો મેં છોડ્યા અને મારા કરીને માન્યા હતા એનો હવે ઓરતો તો ન થાય ને જ્ઞાનીને? કહો, શેઠી! કહે છે કે ના. સાંભળ.

भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपि पुद्गलाः।
उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा।।३०।।

**'અર્થ :- મોહસે મૈંને સમસ્ત હી પુદ્ગલોંકો બાર બાર ભોગા,...'** પહેલી વાત એ યાદ કરે છે. મેં મિથ્યાત્વભાવમાં સ્ત્રી, કુટુંબ, પરિવાર, દાગીના, લૂગડાં, શરીર, મકાન બધા આબરૂ, કીર્તિ, બંગલા, બાગ, બગીચા, ફૂલઝાડ એવા, દીકરા મારા, દીકરી મારી, આમ બધા કહળ્યા કુટુંબ ભેગા થઈને મારા છાતીએ આમ કરીને.. બાપા! તમે ન હો તો

મને ઠીક ન પડે. તમે મારા હૈયાના હાર. એમ કરીને મેં અનંત વાર ભોગવ્યા મિથ્યાત્વભાવે. **'ઔર છોડા.'** અને વર્તમાન હું ભેદજ્ઞાનથી છોડી દઉં છું. સમજાણું કાંઈ? અને અનંત વાર ભોગવ્યા અને અનંત વાર મેં અજ્ઞાનભાવે પણ છોડ્યા હતા. બરાબર છે? અનંત વાર આવા શરીર આવી ગયા છે અને અનંત વાર પૈસા આવી ગયા, અનંત વાર કુટુંબ આવી ગયું, અનંત વાર મકાન-બકાન ઠાઠ-માઠ આમ કરી રાખ્યું હોય ને. એ બધી ચીજો અરેરે..! આમ સગવડતાની હતી. મેં વર્તમાન ભેદજ્ઞાનથી છોડી, પણ પૂર્વના સંસ્કારને લઈને ઓરતો તો ન આવે ને? અરેરે..! ઘરે બૈરા હતા. એ માવજત કરતા. એ કહેતા હોં, રહેવા દ્યો તમે ત્યાગ કરવો. તમારું શરીર એમ કામ નહિ કરે. આટલી સંભાળ અહીં કરી એવી ત્યાં નહિ થાય. શેઠી! સારણગાંઠ ચડી હોય. અહીં બધી મદદ કરે, ફલાણા ભાઈ ને ઢીંકણા ભાઈ. પછી (કહે), અરેરે..! ઉતાવળથી મેં દીક્ષા લઈ લીધી અને મારી સંભાળ કરનારા કેટલા ખમ્મા... ખમ્મા.. ખમ્મા (કરતા હતા). બળખો નીકળે તો હાથમાં ઝીલે. હથેળીમાં બળખા ઝીલે. એવી સેવા કરનારા. અરે..! મેં મારા કરીને માન્યા હતા. અજ્ઞાનપણે મેં માન્યા હતા અને અજ્ઞાનપણે મેં અનંત વાર છોડ્યા હતા. હવે તો ભેદજ્ઞાન દ્વારા મેં એને છોડ્યા છે. કહો, સમજાણું કાંઈ?

**'ભોગ ભોગકર છોડ દિયા.'** ભોગનો અર્થ અહીં નિમિત્તથી કથન છે. પર પદાર્થનું કાંઈ આત્મા ભોગવી શકતો નથી. પણ પરપદાર્થ મારે અનંત વાર સંયોગે આવ્યા. અનંત વાર સ્ત્રી, કુટુંબ, પરિવાર, શરીર, વાણી, મન, લક્ષ્મી, સોના, રૂપાના દાગીના, લૂગડા-બુગડા, મોટરું ને ઠાઠ ને આ સમજ્યા ને? આ બાગ ને બગીચા ને મોટી ઘોડાગાડીયું. કહો. એવા અનંત વાર મારી પાસે આવ્યા. મેં મમતા... મમતા... મમતા... કરીને પાછા છોડ્યા. એ ચીજ રહી નહિ.

**'અબ જૂઠનકે લિયે (માનિન્દ)...'** આ તો એંઠ છે, આ તો એંઠ છે. એ ચીજ કાંઈ મારી નથી. એંઠ તો કૂતરા પણ ખાતા નથી. વમન કરે વમન આમ. ઓહો..! એ માણસ ખાય? એંઠની માફક જૂઠનકે લિયે. 'માફક' આવ્યું હોં! જૂઠું છે ને જૂઠું—એઠું. એંઠાની માફક **'ઉન પદાર્થોંમેં મેરી ક્યા ચાહના હો સકતી હૈ?'** મેં ઓકીને કાઢી નાખ્યું એની ઈચ્છા મને કેમ હોય? એમ સમ્યગ્જ્ઞાની પરપદાર્થની ઈચ્છા નથી કરતો એનું કારણ (શું)? કે મેં જેને ઓક જાણીને, એંઠુ જાણીને છોડી દીધું છે. એ જૂઠાને કોણ ખાય? અરે..! મારવાડમાં તો એ જુઠું—એંઠુ હોય એને ભંગ્યો પણ ન ખાય. નહિ? હમ કો જૂઠન દેતે હો. નહિ. શું કહેવાય એ? પતરાવાળાનું હોય ને. એમાં એંઠુ-બેઠું પડ્યું હોય તો લાવો ભંગીને આપીએ. નહિ. જૂઠન હમકો દેતે હો. માલ તાજા હો તો દો હમેં.

અહીં કહે છે કે ધર્મીજીવ વિચાર કરે છે. ધર્મી સમ્યગ્દૃષ્ટિ વિચાર કરે છે, અરે..! હું તો એકલો આત્મા જ અનાદિનો હતો. અજ્ઞાનમાં પણ અનંત પદાર્થ મારી પાસે આવેલા,

મેં ભોગવીને અનંત વાર છોડ્યા. આ કાંઈ નવી ચીજ નથી. અનંત વાર દીકરાઓ.. ૨૫-૫૦.. મોટો રાજા થયો તો હજારો રાજકુમાર એવા કલૈયા કુંવર જેવા, ઇન્દ્રના અવતાર જેવા. એવા છોકરાઓ હજારો-હજારો એક એક મને થયા. એ મારા દીકરા અને હું એનો બાપ માની માનીને મરી ગયા બધા. મેં અનંત વાર એને છોડ્યા અને અનંત વાર માનીને ગ્રહણ કર્યા. મકાન. પાંચ પાંચ લાખ, પચાસ પચાસ લાખ, કરોડ-કરોડ, અબજોના મકાન મોટા. આમ મોટા ઓહોહો..! દેખાવ આમ .. પચાસ સો વર્ષ. એ મકાનમાંથી નીકળવું ન ફાવે. અને એના બધા લાકડા-બાકડા ને એના શું કહેવાય..? સમજાય છે? પાલિશ કરેલા માથે હોયને? ચડવાના દાદરા. દાદરા પાલિશ, લાકડા પાલિશ, બારણા પાલિશ, બારીઓ પાલિશ. હવે એ મકાનમાંથી નીકળવા. કહે છે કે એવા અનંત વાર મેં ભોગવ્યા અને અનંત વાર મેં છોડ્યા. એને ને મારે કાંઈ સંબંધ છે નહિ. એ ક્રિયા હું કરી શકતો નથી. મને સુખનું કારણ નથી અને મને એ દુઃખનું કારણ નથી. એ તો મેં માન્યું હતું કે આ સુખનું કારણ અને માન્યું (હતું કે) પ્રતિકૂળતા છે એ દુઃખનું કારણ. એ ચીજો અનંત વાર મારા ભોગવવામાં આવી ગઈ છે. સમજાણું કાંઈ?

**'ઉન પદાર્થોમેં મેરી ક્યા ચાહના હો સકતી હૈ?'** એંઠની ચાહના શું? આવે છે ને આમાં નથી આવતું? આત્મસિદ્ધિમાં નથી આવતું? 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન' પછી? 'જે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.' શું કહ્યું? 'સકલ જગત છે એંઠવત' આખી દુનિયા મારે તો એંઠું છે—જૂઠન છે. કેમ કે આખી જગતની બધી ચીજો મારી પાસે અનંત વાર આવી છે અને અનંત વાર મેં મમતા કરીને ભોગવી અને મમતા કરીને પાછી છૂટી ગઈ. અરે..! છૂટી ગઈ તો મમતા, ભોગવી તોપણ મમતા. એવા એંઠાની મને—જ્ઞાનીને ભાવના હોઈ શકતી નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ! સ્વર્ગની ઇચ્છા થાય કે નહિ? એમ કહે છે. મુનિને, જ્ઞાનીને સ્વર્ગની ઇચ્છા થાય કે નહિ? કાંઈક વૃત્તિ બાકી રહે અને સ્વર્ગમાં જાવું છે. સમજાય છે? ના. એ અનંત વાર સ્વર્ગના દેવો અને દેવાંગનાઓ અને એના વૈમાનો અને ઋદ્ધિઓ અનંત વાર ભોગવી. સમજાય છે? અને અનંત વાર મેં છોડી દીધી છે. એની સાથે મારે કાંઈ સંબંધ છે નહિ.

આવે છે ને? નથી છેલ્લું પદ શ્રીમદ્‌માં? પરમાણુ અને સર્વાર્થસિદ્ધિ 'સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.'

રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો,
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્‌ગલ એક સ્વભાવ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

એક પરમાણુથી માંડીને સર્વાર્થસિદ્ધના દેવોના ભવ મારા નહિ.. મારા નહિ. એ ભવ તો જડની પર્યાય છે. એ જડમાં શરીર અને જડનો ભવ (મારા નહિ). મારા આત્મામાં તો

જ્ઞાનાનંદથી હું ભરેલો છું. એવી અંતરની દૃષ્ટિમાં ધર્મીને પરપદાર્થ સ્વર્ગમાં જાવું પડે, કોઈ વૃત્તિ બાકી રહે અને જાવું પડે પણ એ પદાર્થની ઈચ્છા જ્ઞાનીને છે નહિ. કહો, સમજાય છે કાંઈ? અજ્ઞાનીને ઈચ્છા મટતી નથી અને જ્ઞાનીને એ જાતની ઈચ્છા થતી નથી.

સર્વ દુઃખનું મૂળ ઈચ્છા છે એ અહીં વાત કરવા માગે છે. ઈચ્છા જ નથી મને. આ કાલે શરીર આવું રહે તો ઠીક અને કાલ માતા-પિતા કુટુંબ આવી સગવડતા આપે તો ઠીક, એની પાસે પૈસા ઘણા છે, હું ત્યાગી થઈ ગયો. કાંઈ રોગાદિ આવે તો કાંઈ મદદ મને કરે, ઘરમાં તો કરતા પણ હવે ત્યાગી થઈને કાંઈ મદદ કરે એમ કાંઈ ઈચ્છા, ધર્મી કહે છે, મને ત્રણ કાળમાં થતી નથી. એને ઘરે તે પરમાણુનું થવું હશે તે થાશે. એની પર્યાયમાં મારો અધિકાર નથી.

**'અર્થાત્ ઉન ભોગોંકે પ્રતિ મેરી ચાહના-ઈચ્છા હી નહીં હૈ.'** દૃષ્ટિના વિષયની વાત કરે છે હોં! અસ્થિરતાનો જરી રાગ જ્ઞાનીને આવે એની અહીં ઈચ્છાની ઈચ્છા નથી. ઈચ્છાની ઈચ્છા નથી. પણ ઈચ્છા થાય તેની ઈચ્છા કરે તો એને સ્વર્ગની ઈચ્છા અને ભોગની ઈચ્છા છે, તે જ્ઞાનીને હોતી નથી.

**'અવિદ્યાકે આવેશકે વશસે...'** અનાદિ અજ્ઞાનના આવેશના વશમાં. આવેશ નામ તેની પ્રેરણાથી, અજ્ઞાનના આવેશની પ્રેરણાથી **'અનાદિકાલસે હી મુજ સંસારીજીવને કર્મ આદિકે રૂપમેં સમસ્ત પુદ્‌ગલોંકો બાર બાર પહિલે ભોગા,...'** લ્યો, અહીં તો કર્મને પણ. આઠ કર્મના રજકણો પણ મારી પાસે અનંત વાર આવી ગયા. શાતાપણે, અશાતાપણે, જશકીર્તિપણે, અપજશકીર્તિપણે એવા રજકણો પણ અનંત વાર મારી પાસે કર્મરૂપે આવ્યા. મારે ને એને શું છે? એ અનંત વાર રજકણો ઔદારિક શરીર, વૈક્રિયક શરીર, બાદરપણું, પર્યાપ્તપણું આદિ ઘણા પ્રકારની પ્રકૃતિઓપણે પરમાણુના પરિણમન થઈને મારી પાસે આવ્યા અને છૂટી ગયા. મારે અનંત વાર એવા કર્મ આદિ **'રૂપમેં સમસ્ત પુદ્‌ગલોંકો...'** કર્મનું રૂપ, શરીરનું રૂપ, સ્ત્રીનું રૂપ, કુટુંબનું રૂપ, દુશ્મનનું રૂપ એવા અને પૈસા સોનામહોર આદિ, દાગીના અને લૂગડા એવા રૂપમાં બધા પુદ્‌ગલો **'બાર બાર પહિલે ભોગા,...'** ભોગવ્યાનો અર્થ જડને કાંઈ આત્મા ભોગવી શકતો નથી. પણ ભોગવવાનો મેં ભાવ કર્યો હતો માટે ભોગવ્યા એમ કહેવામાં આવે છે. હું તો આત્મા છું. મારો અનુભવ અને ભોગવટો તો મારામાં છે. હું જ્ઞાન ને આનંદ ને શુદ્ધ છું. એનો અનુભવનાર, ભોગવનાર મેં પરપદાર્થને અજ્ઞાનભાવે જે અનંત વાર ભોગવ્યા હતા, હવે મને એની ચાહના છે નહિ. કહો, સમજાણું કાંઈ?

**'પીછા ઉન્હે નીરસ (કર્મત્વાદિ રહિત)...'** કર્મ પણ અનંત વાર મારી પાસે આવી ગયા આઠ કર્મો. એનો અનુભાગ બંધ થઈ, રસ થઈને છૂટી ગયા. કર્મના રસ વિનાના થઈને છૂટી ગયા. આવ્યા અને ગયા, આવ્યા ને ગયા. તો મને શાતા બંધાય તો ઠીક, મને અશાતા ન બંધાય તો ઠીક, મને સ્વર્ગનો દેહ મળે તો ઠીક, મને મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાનના સમીપમાં

જાઉં એવો દેહ મળે તો ઠીક, એવી ભાવના જ્ઞાનીને હોતી નથી.

મુમુક્ષુ :— ...

ઉત્તર :— ક્યાં છે ભગવાન? ભગવાન તો અહીં છે. ત્યાં ભગવાન (પાસે) જાશે... પણ પોતે પોતા તરફની દૃષ્ટિ અને અનુભવ નહિ કરે ત્યાં સુધી ભગવાન કરશે શું? શું ભગવાન કોઈનું કાંઈ કરી દે છે? એ તો દૃષ્ટિ કહે છે.

'**(કર્મત્વાદિ રહિત)કર...**' અથવા કર્મ બંધાયેલા એ છૂટી ગયા મને અનંત વાર. કોની મમતા કરું? અને અનંત વાર શરીર એવા આવ્યા. પુષ્ટ, રુષ્ટ રૂપાળા સુંદર. જીવડા પડ્યા શરીરમાં, ઈયળું પડીને શરીર છૂટી ગયા. અનંત વાર એવા શરીર આવ્યા. પુદ્ગલનો પ્રવાહ એના ક્રમે બદલ્યો અને હું તો જ્ઞાતા-દૃષ્ટા હતો. પણ માન્યું હતું કે મેં આને ભોગવ્યા અને આને અનુભવ કર્યા અને મેં મેળવ્યા અને મેં છોડ્યા. એ હવે મારામાં છે નહિ. મેં મેળવ્યા પણ નથી, છોડ્યા પણ નથી અને હવે પછી ન આવે તો મને એનો ઓરતો ને પશ્ચાતાપ નથી. કારણ કે મેં ભેદજ્ઞાન દ્વારા એને જુદા પાડ્યા છે. કહો, સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો શરીર, મન, વાણી ને બધું સરખું હોય ને, ભલે મેં છોડ્યું પણ હવે શરીર સરખું રહે ને તો મને સાધન તરીકે ધર્મમાં તો કામમાં આવે. ના. એ સાધન છે જ નહિ. કહો, સમજાણું કાંઈ? આ શરીર-બરીર અનુકૂળ પડે તો કાંઈક કર્મ એવા બંધાય સારા ને એને લઈને અનુકૂળ સાધન બહારના મળે. અને બહારના સાધન ભગવાન મળે તો આપણને સરખું (આવી જાય). એ ઈચ્છા મને નથી, ધર્મી કહે છે. મારી ભાવના તો જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન આનંદ અને શુદ્ધ છું એની અંદરની મારી ભાવના (છે), બીજી મારી ભાવના છે નહિ.

'**(કર્મત્વાદિ રહિત)કર-કરકે છોડ દિયા.**' આદિ બધામાં લેવું હોં! કર્મ, શરીર, આ દાળ, ભાત, રોટલા, શાક ખાધા અને વિષ્ટા તરીકે છૂટી ગયા. સ્ત્રીઓ પણ જુવાન, લગન કર્યા, વૃદ્ધ થઈ, મરી ગઈ. ચક્રવર્તી પાસે પણ છન્નું હજાર સ્ત્રી હોય છે. કેટલીક વૃદ્ધ થઈ જાય, છૂટી જાય તો નવી આવે. દીક્ષા લઈ લે તો બીજી નવી આવે. ઓલી એક કોર વઈ જાય. એમ અનાદિ કાળમાં અનંત વાર પરપદાર્થને મારા માની ભોગવ્યા હતા. મેં છોડી દીધા. એનું સ્વરૂપ એનું, મારું સ્વરૂપ મારું. છોડવાની વ્યાખ્યા એમ નથી કે આ શરીરના કટકા જુદા કરી નાખવા. છોડવાની એવી વ્યાખ્યા નથી કે બાયડી-છોકરામાંથી ભાગીને ચાલ્યો જાય જંગલમાં તો છોડ્યું કહેવાય. એમ નહિ. અંતરના દૃષ્ટિના ભેદજ્ઞાન દ્વારા છોડવું એ મેં અનાદિ કાળથી પરની એક્તાબુદ્ધિથી છોડ્યા નહોતા, એ ભેદજ્ઞાન દ્વારા હવે છોડી દઉં છું. કહો, સમજાણું કાંઈ?

'**સમસ્ત પુદ્ગલોંકો બાર બાર પહિલે ભોગા, ઔર પીછા ઉન્હેં નીરસ (કર્મત્વાદિ રહિત)કર કરકે છોડ દિયા. જબ ઐસા હૈ, તબ સ્વયં ભોગકર છોડ દિયે ગયે**

**જૂઠન-ઉચ્છિષ્ઠ ભોજન,...**' એંઠું ભોજન અને '**ગંધ, માલાદિકોંમેં...**' ફૂલની માળા આમ કરી હોય. પરસેવો એને અડે, ગંધ મારે. સવારમાં પહેરીને બે કલાક ગંધ આવી તો છોડી દે. સુંઘ્યા જ કરતો જ હશે? સારા ગજરા હોય ફૂલના. નાખ્યા હોય હાર. અરે..! બગડી ગયા બાપા. એ ગંધ મારે છે. છોડી દયો. મેં એવા ગંધને, સારા ભોજનને '**માલાદિકોંમેં જૈસે લોગોંકો ફિર ભોગનેકી સ્પૃહા નહીં હોતી,...**' એ ગંધાયેલી ચીજને, ઉચ્છિષ્ટને ઓકેલી ચીજની મનુષ્યને ઈચ્છા હોતી નથી. એમ મને પરપદાર્થ છૂટી જાય તેની ઈચ્છા હોતી નથી. આવો, જાવો એને કારણે આ બધું હોય. આમ તો ઠીક. ભાઈ! કાંઈક શરીર હોય ને તો શરીર ઠીક હોય તો જાત્રા થાય. શરીર સારું ન હોય તો જાત્રા થાય નહિ. લ્યો! એવી તો ઈચ્છા જ્ઞાનીને થાતી હશે કે નહિ? વાડીભાઈ!

અહીં તો કહે છે કે જાત્રાનો ભાવ પણ જ્યારે એને આવવાનો હોય ત્યારે આવે છે. એના રાગને લાવું એવો ભાવ હોતો નથી. તો આ શરીર સારું રહે તો હું આવા કામ કરી શકું એવી બુદ્ધિ અજ્ઞાનીની હોય છે. જ્ઞાનીની બુદ્ધિ હોતી નથી. '**ઉચ્છિષ્ઠ ભોજન, ગંધ, માલાદિકોંમેં જૈસે...**' ગંધ માલા વગેરે. માંસ સડી જાય શરીરમાં જુઓને. આમ લોકો નથી કહેતા સડે ત્યારે? અરેરે..! હવે માણસ છૂટી જાય તો સારું હવે, આ માટી હવે માર્ગ આપે તો સારું. ગંધાઈ જાય. એવી ગંધાય.

કીધું હતું ને એક ફેરી. એક ગામમાં ગયા. આ રાતે મરવાનું. શરીર ગંધાય. ગધેડું સડે એવું ગંધાય. આ શરીર. બાયડીએ કહ્યું કે આ મહારાજ આવ્યા છે સવારે તો ઉઠી જશે. તમે બાધા લઈ લ્યો. કહે, આજ નહિ, કાલે વાત. અને આમ ખાટલે પાસે ઉભો હતો. સડી ગયેલો બધો. એ દવા કરે પણ એ મટવાના ન હોય એ ત્રણ કાળમાં મટે નહિ. એને કારણે જે સડેલી અવસ્થા... સ્ત્રીએ કહ્યું.. અવસ્થા થઈ ગયેલી, છોકરા ઘરે. અમે તો એક દિ' રહેવાના નાના ગામડામાં. બીજે દિ' તો સવારમાં જવાના. કહે, આજ નહિ. આજ કાંઈક વાર આવો છે. રાતે મરી ગયો. રાતે જ્યાં અમે સૂતા હતા ત્યાં પોકરાણ સાંભળી કે ફલાણા ભાઈ મરી ગયા. એમ બધું નામ ઠામ જાણીએ છીએ. કહેવાનું ન હોય. સમજાય છે? ફલાણાભાઈ મરી ગયા. મમતા મમતા. અરે..! પણ આવા સડેલા શરીર અનંત વાર આવ્યા અને માખણ જેવા આમ રૂપાળા લાગે છે એ સડી ગયા અનંત વાર. તારું સ્વરૂપ છે નહિ, એમાં સુખ છે નહિ. એમાં દુઃખ પણ નથી અને સુખ પણ નથી. પ્રતિકૂળતામાં કલ્પનાથી દુઃખ માને છો, અનુકૂળતામાં કલ્પનાથી સુખ માને એ બધી ભ્રમણા છે. જ્ઞાની વિચારે છે કે '**જૂઠન-ઉચ્છિષ્ઠ...**' નામ જૂઠું. અને '**ગંધ, માલાદિકોંમેં..**' ભોગવીને છોડી દે છે '**લોગોંકો ફિર ભોગનેકી સ્પૃહા નહીં હોતી,...**' અરે..! મોટી આ કેળના નથી કરતા મોટા માંડવા અને પછી કેળ સૂકાઈ જાય, ફૂલ નાખે છે. ટોપલાના ટોપલા અને જ્યાં ગંધાય (તો) નાખી દ્યો, નાખી દ્યો કરે છે કે નહિ? ફૂલના ટોપલાના ટોપલા નાખી દે.

જે સુગંધ માટે લાવ્યા હતા એ દુર્ગંધ થઈ તો નાખી દે. એમ બધા પદાર્થો. હું તો એક આત્મા. મારો દેશ પણ નથી, કુટુંબ પણ નથી, શરીર પણ નથી, કર્મ પણ બાંધેલા આઠેય મારા નથી કે જેથી હું ઈચ્છા કરું કે આવું કર્મ હોય તો અને આવું શરીર હોય તો સારું. એવી કલ્પના જ્ઞાનીને હોતી નથી.

'**ઉસી તરહ ઈસ સમય તત્ત્વજ્ઞાનસે વિશિષ્ટ હુએ મેરી...**' એ સમયે તત્ત્વજ્ઞાન સે ખાસ '**મેરી ઉન છિનકી હુઈ રેંટ (નાક) સરીખે...**' નાક-નાક. નાકની છીંક આવે છે ને. શું કહે છે એને? તમારી ભાષા આવી ગઈ? છિનકી હુઈ નાક. નાકની લાળ. લીંટ લીંટ કરીને કાઢી નાખી હોય, એ ફરીને નાકમાં ચડાવતો હશે? એવો તો સારી રીતે નીકળ્યો હોય એમાં. અરે..! મોટો નીકળી ગયો. મારો ઘટી ગયો અહીંથી. અહીંથી બે-ત્રણ રૂપિયા ભાર નીકળી ગયો. લાવ લઈ લઉં પાછો, આ શરીરનો ભાગ ઘટી ગયો. એમ વિચાર થાતો હશે? એમ ધર્મીજીવને.. માલચંદજી! બળખો નથી નીકળતો? આટલો બળખો નીકળે. એમ થઈ જાય. ફરીને લે નહિ. અરે..! પણ આ શરીરનો એક ભાગ નીકળી ગયો, મારું શરીર ઓછું થઈ ગયું. અરે..! ગઈ બલા. એ કાંઈ મારા સ્વભાવમાં છે નહિ. અને મારી રાખી રહે નહિ અને મારી ટાળી ટળે નહિ. એમ અનંત વાર મેં ભોગવ્યા પણ અત્યારે '**તત્ત્વજ્ઞાનસે વિશિષ્ટ હુએ...**' શું કહે છે? હું તો તત્ત્વજ્ઞાનથી ખાસ મારી બુદ્ધિમાં ફેર પડી ગયો. એ જડ જુદા, ચૈતન્ય જુદા. આસ્રવ મલિનભાવ જુદો અને નિર્મળ આત્મા જુદો. આસ્રવ પુણ્ય-પાપના પરિણામ હેય છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ તે ઉપાદેય છે. શરીર તે મારા જ્ઞાનનું જ્ઞેય છે. અને નિશ્ચયથી મારા જ્ઞાનનું જ્ઞેય તો મારો આત્મા છે. એ તો વ્યવહાર જાણવા લાયક છે.

એમ તત્ત્વજ્ઞાનની ખાસ બુદ્ધિથી '**મેરી ઉન છિનકી હુઈ રેંટ (નાક) સરીખે પુદ્ગલોંમેં...**' નાકની લિંટ નિકળી જાય તેમ એ બધા પુદ્ગલો મારી દૃષ્ટિમાં ભેદજ્ઞાન દ્વારા છૂટી ગયા. હવે એ ફરીને લેવાય (નહિ). ... જ્ઞેય છે અને નિશ્ચયથી મારા જ્ઞાનનું જ્ઞેય તો મારો આત્મા છે. એ તો વ્યવહાર જાણવા લાયક છે. ... દૃષ્ટિમાં ભેદજ્ઞાન દ્વારા છૂટી ગયા. હવે એ ફરીને લેવાનું મને મન થાય નહિ. કહો, દાખલા પણ કેવા આપ્યા છે? ઓલો ન આપ્યો? એંઠાનો અને ગંધ આદિનો આપ્યો અને આ નાકની લીંટ. આમ સરખો નથી કાઢતા સરખાઈનું. સરખાઈનું કાઢી લે તો એને એમ થઈ જાય કે શરીરનો એક અવયવ ઘટી ગયો? શરીરનો એક અંશ ઘટ્યો એમ માને છે? મારો આત્મા જ્ઞાનાનંદ અને પવિત્ર છે. એના પરના ભેદનાજ્ઞાનમાં જે વસ્તુ મેં છોડી એને લેવાની અને આકાંક્ષા અને મને ઓરતો થતો નથી. છોડી માટે અરેરે..! હવે શું થશે? એમ ઓરતો થતો નથી.

'**પુદ્ગલોંમેં ક્યા અભિલાષા હો સકતી હૈ? નહીં નહીં,...**' નાકની લીંટમાં જેમ અભિલાષા નહિ, એમ જ્ઞાનીને પરપદાર્થ છોડ્યા એની અભિલાષા જ્ઞાનીને હોતી નથી. 'હરગિજ

**नहीं.**' હરગીજ નહિ એટલે શું? બિલકુલ નહિ. બરાબર નહિ. '**भैया! जब कि तुम मोक्षार्थी हो तब तुम्हें निर्ममत्वकी भावना करनी चाहिये.**' લ્યો, છેલ્લો સરવાળો. જો તું આત્માને પરથી ભિન્ન કરવાની ભાવનાવાળો હો, પરથી ભિન્ન છો તેવી રીતે ભિન્ન કરવાની ભાવનાવાળો હો તો પરની મમતા છોડીને નિર્મમત્વપણે આત્મામાં એકાગ્ર થવું જોઈએ. આનું નામ ઈષ્ટ ઉપદેશ અને હિતનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ?

કથામાં એવા ઘણા એવા અધિકાર આવે. વૃદ્ધાવસ્થાએ છોડ્યું અને પાછળથી ઓરતો કરે. એવું આવે. એમ કહે અરે..! બૈરા કહેતા હતા, દીકરા કહેતા હતા, હવે નહિ પાળી શકો હોં! મેં માન્યું નહિ. શરીર જીર્ણ થયું. માટે ઓલા બૈરાને સંભારે. કાં છોકરાને (સંભારે). મૂરખ છે. એને સંસારમાં પરિભ્રમણના બધા લખણ છે. જ્ઞાની સમ્યગ્દષ્ટિ શ્રાવક સંસારમાં હોય, જેને પરથી જુદા દૃષ્ટિમાં કર્યા એને પોતાના લાભદાયક (માની) લેવાની ઈચ્છા અને આ નુકસાનકારક છે માટે છોડવાની ઈચ્છા એવી જ્ઞાનીને હોતી નથી. ૩૦મી થઈ.

**सब पुद्गलको मोहसे, भोग भोगकर त्याग।**
**मैं ज्ञानी करता नहीं, उस उच्छिष्टमें राग।।३०।।**

એ શ્લોક શીતલપ્રસાદનો છે. એમાં નથી. '**सब पुद्‌गलको मोहसे,**' જગતના જેટલા પુદ્‌ગલો મારા આત્મા સિવાય બીજા કર્મ, શરીરાદિની મમતા સે. '**भोग भोगकर त्याग**' મેં ભોગવી ભોગવીને અનંત વાર (છોડ્યા). રૂપાળા શરીર, માખણ, જાંબુ, મૈસૂબ અનેક પ્રકારના જગતના પકવાનની ચીજો ખાઈ ખાઈને એંઠ કરી, વિષ્ટા કરીને અનંત વાર (ભોગવ્યા). મારો આત્મા અમૃતસ્વરૂપ છે. મેં એને અનંત કાળમાં કોઈ દિ' જાણ્યો નથી. એ હવે જાણવાને કારણે હું પરપદાર્થની ઈચ્છા કરતો નથી. '**मैं ज्ञानी करता नहीं,**' શું નહિ કરતા? '**उस उच्छिष्टमें राग**' એ એંઠમાં હવે હું પ્રીતિ અને રુચિ કરતો નથી. એ મારા અને મને લાભ થાય એવી ઈચ્છા કરતો નથી.

---

यहाँ पर शिष्य कहता है कि वे पुद्गल क्यों बँध जाते हैं? अर्थात् जीव के द्वारा पुद्गल क्यों और किस प्रकार से हमेशा बन्ध को प्राप्त होते रहते हैं?

आचार्य उत्तर देते हुए कहते हैं :—

कर्म कर्महिताबन्धि जीवो जीवहितस्पृहः।
स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति।।३१।।

कर्म कर्म हितकर है, जीव जीवहितकर।
निज प्रभाव बल देखकर, को न स्वार्थ करतार।।३१।।

अर्थ :— कर्म कर्म का हित चाहते हैं। जीव जीव का हित चाहता है। सो ठीक ही है, अपने अपने प्रभाव के बढ़ने पर कौन अपने स्वार्थ को नहीं चाहता। अर्थात् सब अपना प्रभाव बढ़ाते ही रहते हैं।

विशदार्थ—कभी जीव बलवान होता है तो कभी कर्म बलवान हो जाते हैं। इस तरह जीव और कर्मों का पहिले से (अनादि से) ही बैर चला आ रहा है। ऐसा कहने से मतलब यह निकला कि पूर्वापार्जित बलवान, द्रव्यकर्म, अपना यानी द्रव्यकर्म का हित करता है अर्थात् द्रव्यकर्म, जीव में औदयिक आदि भावों को पैदा कर नये द्रव्यकर्मों को ग्रहण कर अपनी संतान को पुष्ट किया करता है, जैसा कि अमृतचंद्राचार्यने पुरुषार्थसिद्धियुपाय में कहा है—

'जीवकृतं परिणामं०' 'परिणममानस्य०'

जीव के द्वारा किये गये परिणाम जो कि निमित्तमात्र हैं, प्राप्त करके जीव से विभिन्न पुद्गल खुद ब खुद कर्मरूप परिणम जाते हैं। और अपने चेतनात्मक परिणामों में से स्वयं ही परिणमने वाले जीव के ल ए वह पौद्गलिककर्म सिर्फ निमित्त बन जाता है। तथा कालादि लब्धि से बलवान हुआ जीव अपने हित को अनन्त सुख का कारण होने से उपकार करने वाले स्वात्मोपलब्धिरूप मोक्ष को चाहता है। यहाँ पर एक स्वभावोक्ति कही जाती है कि 'अपने अपने माहात्म्य के प्रभाव के बढ़ने पर स्वार्थ को अपनी-अपनी उपकारक वस्तु को कौन नहीं चाहता? सभी चाहते हैं'।।३१।।

---

અહીં શિષ્ય કહે છે કે—'તે પુદ્ગલો કેવી રીતે બંધાય છે? એટલે કે જીવ દ્વારા પુદ્ગલો શા માટે અને ક્યા પ્રકારે હંમેશા બંધને પ્રાપ્ત થતાં રહે છે?'

ગુરુ કહે છે :—

કર્મ કર્મનું હિત ચહે, જીવ જીવનો સ્વાર્થ,
સ્વ પ્રભાવની વૃદ્ધિમાં, કોણ ન ચાહે સ્વાર્થ. ૩૧.

અન્વયાર્થ :— [कर्म कर्महिताबन्धि] કર્મ કર્મનું હિત ચાહે છે, [जीवः जीवहितस्पृहः] જીવ જીવનું હિત ચાહે છે. [स्वस्वप्रभावभूयस्त्वे] પોતપોતાનો પ્રભાવ વધતાં, [कः वा] કોણ [स्वार्थे] પોતાનો સ્વાર્થ [न वाञ्छति] ન ઇચ્છે?

ટીકા :— 'कत्थवि... बहराई'।

'કોઈ વખત જીવ બલવાન થાય છે, તો કોઈ વખત કર્મ બલવાન થાય છે. એ રીતે જીવ અને કર્મને પહેલેથી (અનાદિથી) વિરોધ અર્થાત્ વૈર ચાલ્યું આવ્યું

છે.'

આ કથનાનુસાર પૂર્વોપાર્જિત બલવાન કર્મ (દ્રવ્યકર્મ), કર્મનું એટલે પોતાનું જ હિત કરે છે, અર્થાત્ જીવમાં ઔદયિકાદિ ભાવોને ઉત્પન્ન કરી નવાં નવાં દ્રવ્યકર્મોનું ગ્રહણ કરી પોતાના સંતાનને (પ્રવાહને) પુષ્ટ કરે છે (ચાલુ રાખે છે), એવો અર્થ છે.

તથા પુરુષાર્થસિદ્ધિયુપાયમાં કહ્યું છે કે :—

'જીવકૃત પરિણામને નિમિત્તમાત્રરૂપ પામીને (જીવથી ભિન્ન) અન્ય પુદ્ગલો સ્વયં જ કર્મરૂપ પરિણમે છે.' ૧૨.

નિશ્ચયથી પોતાના ચેતનાત્મક પરિણામોથી સ્વયં જ પરિણમતા જીવને પણ તે પૌદ્ગલિક કર્મ નિમિત્તમાત્ર થાય છે. ૧૩.

તથા કાલાદિ લબ્ધિથી બલવાન થયેલો આત્મા, જીવને પોતાને જ હિતરૂપ તથા અનંતસુખના કારણપણાને લીધે ઉપકારક એવા મોક્ષની આકાંક્ષા કરે છે.

અહીં દૃષ્ટાન્ત કહે છે—'स्वस्वेत्यादि०'

પોતપોતાનું માહાત્મ્ય અધિકતર વધતાં, પોતાના સ્વાર્થને અર્થાત્ પોતાને ઉપકારક વસ્તુને કોણ ન ઇચ્છે? અર્થાત્ સર્વે ઇચ્છે છે—એવો અર્થ છે.

તથી જાણ કે કર્માવિષ્ટ (કર્મથી બંધાયેલો) જીવ કર્મોનો સંચય કરે છે (નવાં કર્મ ગ્રહણ કરે છે).

ભાવાર્થ :— આ જીવને અનાદિ કાળથી કર્મ સાથે સંબંધ છે. પૂર્વસંચિત કર્મના ઉદયકાળે જીવ જો પોતાનું આત્મસ્વરૂપ ભૂલી કર્મના ઉદયમાં જોડાય અર્થાત્ તેમાં આત્મબુદ્ધિ કરે તો જૂનાં કર્મ—નવા કર્મના આસ્રવમાં નિમિત્ત થાય છે. જ્યારે જીવ કર્મોદયમાં જોડાય છે ત્યારે કર્મની બળજોરી છે એમ કહેવાય છે, પણ જ્યારે જીવ કર્મવિપાકને એકતાબુદ્ધિએ ભોગવતો નથી, ત્યારે જૂનાં કર્મનો ઉદય નવા કર્મ-બંધમાં નિમિત્ત થતો નથી. તે સમયે એમ કહેવાય કે જીવના બળવાન પુરુષાર્થ આગળ કર્મનું કાંઈ ચાલતું નથી.

કર્મ તો જડ છે. તેને તો સુખ-દુઃખ નહિ હોવાથી હિત-અહિત હોતું નથી, પણ જીવના હીનાધિક પુરુષાર્થની અપેક્ષાએ તે બળવાન કે બળહીન કહેવાય છે. જીવના વર્તમાન પુરુષાર્થ ઉપર જ કર્મના બળનું માપ વ્યવહારે અંકાય છે. કર્મનો જ્યારે સંચય થાય છે ત્યારે કર્મ પોતાનું હિત ઇચ્છે છે, એમ કહેવાય છે. તે જડ હોવાથી તેને ચાહના કે ઇચ્છા હોતી નથી. કર્મ કર્મનું હિત ઇચ્છે છે એટલે કર્માવિષ્ટ જીવ કર્મનો સંચય કરે છે—એવો ટીકાકારનો કહેવાનો ભાવ છે.

જ્યારે આ જીવ સ્વ-સ્વરૂપનું ભાન કરી, પરથી હઠી સ્વસન્મુખ તરફનો પુરુષાર્થ જેમ જેમ વધારતો જાય છે, તેમ તેમ તેનું (જીવન) બળ વધતું જાય છે અને

કર્મનું નિમિત્તપણું તૂટતું જાય છે. એ સમયે જીવની સબળતા થઈ અને કર્મની નિર્બળતા થઈ; એમ કહેવામાં આવે છે.

જ્યારે જીવ સ્વસ્વરૂપથી ચ્યુત થઈ પર તરફનું-કર્મ, નિમિત્તાદિ તરફ વલણ કરી પરની સાથે એકતાબુદ્ધિરૂપ ઊંધો પુરુષાર્થ કરે છે, ત્યારે તે કર્મને સ્વયં વશ થઈ જાય છે. એ સમયે જીવની નિર્બળતા છે અને કર્મની તે કાળે સબળતા છે, એમ કહેવામાં આવે છે.

પરની સાથે એકતાબુદ્ધિ આદિ થતાં જીવને રાગ-દ્વેષાદિ થાય છે. આ રાગ-દ્વેષાદિના નિમિત્તે કર્મબંધ સ્વયં થાય છે. એ રીતે કર્મની સંતતિ ચાલુ રાખવામાં જીવ સ્વયં જ અપરાધી છે; કર્મ કે નિમિત્તોનો તેમાં કાંઈ દોષ નથી. કર્મનું સબળપણું કે નિર્બળપણું કહેવું તે વ્યવહારનયનું કથન છે.

'અજ્ઞાનીજીવના પરિણામને નિમિત્ત કરીને પુદ્ગલો કર્મપણે પરિણમે છે અને પુદ્ગલકર્મને નિમિત્ત કરીને અજ્ઞાનીજીવ પણ પરિણમે છે. એમ જીવના પરિણામને અને પુદ્ગલના પરિણામને પરસ્પર માત્ર નિમિત્ત-નૈમિત્તિકભાવ છે, પણ પરસ્પર કર્તા-કર્મભાવ નથી.' ૩૧.

---

## ગાથા-૩૧ ઉપર પ્રવચન

હવે જરી ગાથા સમજવા જેવી આવી છે. જરી કઠણ છે ગાથા. '**यहां पर शिष्य कहता है कि वे पुद्गल क्यों बंध जाते हैं?**' પછી તારી ભાવનામાં એ પુદ્ગલ બંધાઈ કેમ જાય છે? અનાદિકાળના પુદ્ગલનું બંધન કેમ થાય છે? '**जीवके द्वारा पुद्गल क्यों और किस प्रकारसे हमेशा बंधको प्राप्त होते रहते हैं?**' અનાદિ કાળના આવરણો આવ્યા જ કરે, આવ્યા જ કરે, કર્મ બંધાયા જ કરે એનું શું કારણ?

'**आचार्य उत्तर देते हुए कहते हैं :-**' જુઓ! આ જગતમાં ભ્રમણા કરાવે એવો જરી શ્લોક (જે) ન સમજે એને છે.

कर्म कर्महिताबन्धि, जीवो जीवहितस्पृहः।
स्व-स्वप्रभावभूयस्त्वे, स्वार्थं को वा न वाञ्छति।।३१।।

શું કહે છે જરી શાંતિથી સમજવા જેવું છે.

'**अर्थ :- कर्म कर्मका हित चाहते हैं.**' જડને ખબર છે હિત ચાહું છું? શબ્દ તો આ પડ્યો છે. શેઠિયા! કહે છે કે કર્મ કર્મનું હિત ચાહે. જુઓ હેમરાજજી! એનો અર્થ કે

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ તરફની રુચિ અને પ્રેમ ન કરે અને કર્મના નિમિત્તનું જોડાણ કરે તો એ નવા બંધાયા વિના કેમ રહે? સમજાય છે કાંઈ? **'કર્મ કર્મકા હિત ચાહતે હૈં.'** કર્મનું (હિત) એટલે મારી સામું જોવે અને હું એને છોડું એમ બને નહિ. સમજાણું કાંઈ? કર્મ કર્મનું હિત ચાહે છે. કર્મનું જોર હોય ત્યારે કર્મ બંધાયા જ કરે એમ કહે છે. એટલે આત્મા પોતાના સ્વભાવને ન જાણતા એ વિકારી પર્યાય કરીને કર્મના નિમિત્ત સામું જોવે છે અને નિમિત્તને અવલંબે અને નિમિત્તનો આદર ને સત્કાર કરે છે તો કર્મ જાણ. કર્મ નવા બંધાયા વિના રહેતા નથી. એ કર્મે કર્મનું હિત કર્યું કહેવાય છે. સમજાણું કાંઈ? માલચંદજી! શું કહ્યું? દેખો! આ ગાથામાંથી બધા લ્યે છે.

જે કર્મનો ઘણો પ્રભાવ પહેલા નિગોદથી માંડીને પંચેન્દ્રિય ન થાય ત્યાં સુધી કર્મનો પ્રભાવ આત્મા ઉપર રહે છે. અને પછી આત્માનો ક્ષયોપશમ થયો અને પુરુષાર્થ, કાળાદિ એ તો બધું આત્માનું જોર દેખાય. કર્મ વખતે કર્મનું જોર, આત્મા વખતે આત્માનું જોર. એમ છે નહિ. એ તો અનાદિ કાળથી નિગોદથી માંડીને આત્માએ પોતાના સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કર્યો નહિ એટલે કર્મના જડ તરફના ઉદયનો આવકાર આપ્યો, કર્મના ઉદયના નિમિત્તને આવકાર (આપ્યો). આવકાર સમજાય છે? આવકાર નથી સમજતા? આદર. કર્મના નિમિત્તનો આદર કર્યો એટલે કર્મ નવા બંધાયા વિના રહે નહિ. એમ કર્મે કર્મનું હિત કર્યું એમ કહેવામાં આવે છે. ઓહોહો..!

જુઓ, બપોરે ગાથા. છેને? પોતાના કારણે ... જીવ અખંડ આનંદમૂર્તિ સુખી અને પરિણમનભાવે, પરિણમનભાવે, પારિણામિકભાવે પોતાની પર્યાયના વિકારને નિરપેક્ષપણે પરની અપેક્ષા વિના કરે છે. એવી અપેક્ષા છોડી દઈને. નિમિત્તના એકલા જોરમાં જેણે આદર આપ્યો (કે) આ કર્મ હોય ને.. અરે..! મને કર્મ વિકાર કર્યા વિના ન ચાલે. એમ જેણે માનીને નિમિત્તનો આવકાર અને સત્કાર આપ્યો તો નવા કર્મ બંધાયા વિના રહે નહિ. કોણ એવો હોય કે જેની સામું જોવે... ગરીબ માણસ હોય ને રાજાએ સામું આમ જોયું કે ઓહોહો..! ખુશી ખુશી બતાવે કે વાહ વાહ સાહેબે આજે તો મારી સામું જોયું. આજ તો નિહાલ થઈ ગયા. એમ કહે છે કે કર્મ જડ છે એની સામું જોઈને જેણે એને આદર આપ્યો, કર્મ નવા બંધાણા એ કર્મે હિત કર્યું કર્મનું. પર્યાયમાં ગુલાંટ ખાઈ ગયો. સમજાય છે કાંઈ?

જુઓ! આમાંથી ઘણા વાત કાઢે છે કે કર્મનું જોર હોય ત્યારે આત્માનું જોર ચાલે નહિ. આત્માનું જોર હોય ત્યારે કર્મનું જોર ચાલે નહિ. એમ છે નહિ. ત્રણે કાળે આત્મા પોતાના ઊંધા પુરુષાર્થથી રખડી રહ્યો છે ત્યારે કર્મને નિમિત્ત બનાવ્યું છે. સ્વભાવ પુરુષાર્થથી કરે ત્યારે કર્મનું નિમિત્ત એને કારણે નિમિત્તનો અભાવ થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે ને? નહિ? ૮૩મી ગાથામાં નહોતો આવ્યો? કે દરિયાના મોજા ઉછળે એમાં વાયરો તરંગમાં નિમિત્ત છે. તરંગ ઉઠે એમાં પવન નિમિત્ત છે. ન ઉઠે એમાં પવનનો અભાવ નિમિત્ત

છે. એમ આત્માને કર્મનો વિપાક સંસાર અવસ્થામાં નિમિત્ત છે અને મોક્ષ અવસ્થામાં તેનું અસંભવરૂપ નિમિત્ત છે. સંસારમાં કર્મના ઉદયનું સંભવરૂપ નિમિત્ત છે અને મોક્ષમાં તેના અસંભવ એટલે તેના અભાવરૂપ નિમિત્ત છે. પણ તારા કારણે એ બધું નિમિત્ત થાય છે. એમ આત્મા પોતાના પુરુષાર્થને સંભાળે નહિ. જ્ઞાયકમૂર્તિ આત્મા છું એમ જોવે નહિ, એની ઉપર રુચિ અને પ્રતીત કરે નહિ અને કર્મના ગાણા ગાયા કરે. કર્મને ગાણા ગાયા કરે. કર્મ... કર્મ... કર્મ... કર્મ..

એમાં તો ઈ આવે છે, 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' આવે છે કે નહિ? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ.' એકલી અગ્નિ ઉપર કોઈ ઘણ મારે? પણ લોઢામાં અગ્નિ જાય તો ઘણ મારે. એમ એકલો આત્મા ચૈતન્ય જ્ઞાનસ્વરૂપમાં કોઈ દુઃખ થાતું નથી. પણ પોતાનો સ્વભાવ ચૂકીને ભૂલ કરે એ કર્મનો સંગ કરે છે. ભૂલ કરે તે સંગ કરે. સંગ કરતાં કર્મે પોતે હિત કર્યું એમ અહીંયાં કહેવામાં આવે છે. માલચંદજી! દેખો! અહીંયાં એ વાત. દેખો! બપોરની વાત. આ ઠેકાણે આ પણ સાચું અને ઈ ઠેકાણે ઈ સાચું એમ છે. આ ઠેકાણે કઈ અપેક્ષા કહેવી છે એને સમજતા નથી.

'**અર્થ :— કર્મ કર્મકા હિત ચાહતે હૈ.**' ચાહતે એટલે એને ઈચ્છા હશે? પાઠમાં તો એમ છે, જુઓ! '**कर्महिताबन्धि**' છેને? સમજાણું કાંઈ? '**कर्महिताबन्धि**' છેને? '**कर्महिताबन्धि**' હિત ચાહતે હૈં, શબ્દ મૂક્યો છે એમાં. હિત ચાહે છે. તે જડ કર્મને ચાહના હશે? એ તો માટી—ધૂળ છે, પરમાણુ છે. ચાહે છે એનો અર્થ કે એની સામું જોવે અને જોડાણ કરે અને નવા ન બંધાય એમ બને નહિ. એ તો ઈચ્છા જીવને થાય છે. અહીં જડને કહે છે. ચાહની ઈચ્છા કે તું જ્યારે કર્મના નિમિત્તના ઉદયના દૃષ્ટિમાં (જોડાય કે) અરેરે..! મારે કર્મનું જોર બહુ. એમ તેં ગાણા ગાયા. કર્મના ગાણા ગાયા, કર્મની સ્તુતિ કરી કે કર્મ અમને રખડાવે, કર્મ અમને રખડાવે બાપા! અને કર્મને લઈને અમે રખડી મરીએ છીએ. એમ કર્મના ગાણા ગાય અને કર્મ બંધાય નહિ અને કર્મ નવા (આવે નહિ) એમ કરીને પરંપરામાં તને ન રખડાવે એમ બને નહિ. એમ કહેવામાં આવે છે. કર્મ છૂટી... તારા આદરે વાત અને તારે અધિકારે બધી વાત છે. લ્યો, આવું વાંચીને પછી લાકડા નાખી દે. હવે એ શ્લોક આપ્યો છે, હોં!

કદાચિત્ '**જીવ બલવાન...**' એટલે કે આત્માના સ્વભાવનો આદર કરે ત્યારે જીવ બળવાન કહેવાય છે અને '**કભી કર્મ બલવાન...**' એમાં કર્મનો આદર આપે ત્યારે કર્મ બળવાન છે એમ કહેવામાં આવે છે. ઓહોહો..! ભારે ભાઈ શબ્દ. બધા કહે છે, અર્થ ફેરવી નાખો છો. એમ કહે છે. આ તો વિરુદ્ધ થઈ ગયું. એક સમયનું પરિણમન તારે કારણે (છે જેમાં) નિમિત્તની પણ અપેક્ષા નથી. વિકાર તું કરે તો રખડ એ વાત નિશ્ચય અને સત્ય છે. વળી

કહે, આ ઠેકાણે કે કર્મને લઈને આત્માને રખડવું (થાય છે). તો આ પણ સત્ય અને એ પણ સત્ય? બે વિરુદ્ધ વાત થઈ. એમ હોઈ શકે નહિ. જરી ગાથાના અર્થોમાં સમજ્યા વિના... અરે..! અમારે કર્મનું જોર. એ કર્મનું જોર કહે છે એ કર્મના ગાણા ગાય. એને નવા બંધાયા વિના રહે જ નહિ. અમારે હજી ઘણા ભવ કર્મમાં બાંધ્યા હશે એ કરવા પડશે. ઈ કર્મમાં જોર આપે છે.

મારા સ્વભાવમાં ભવ જ નથી. જ્ઞાનસ્વભાવી આત્મામાં ભવ જ નથી. ભવ ક્યાંથી આવશે? એમ ન માનતા, કર્મમાં કાંઈક જોર હશે અને એટલા ભવ કરવા પડે તો એણે કર્મના ગાણા ગાયા. એટલે નવા કર્મ બંધાઈને ભવ થયા વિના રહેશે નહિ. એ કર્મે કામ કર્યું હિતનું. પોતાનો આદર આપે અને એ છૂટી જાય. કર્મનો આદર આત્મા આપે અને એ છૂટી જાય એમ બને? વાઘરણ જેવી આવતી હોય કે સાધારણ ખૂહણ. મોટો રાજા ચક્રવર્તી બોલાવે. સમજાય છે? આવ... આવ... આવ.. દાતણ લાવી કે નહિ? ત્યાં તો ખુશી થઈ જાય. આહાહા..! આજ રાજાએ મને બોલાવી હતી. દાતણ દેવા ગઈ હતી. ખોળામાં રોટલી પણ ભરી હતી. માગે ત્યારે રોટલી આપે છે ને. દરબાર બેઠા હતા. કહે, ફલાણી! ખુશી થઈ ગઈ. ફૂલી મ્હાય નહિ. ઘરે જઈને કહે કે આજ તો મહારાજા સાહેબે (બોલાવી). પણ કાંઈક દાતણ-બાતણમાં કાંઈ કારણ હશે તો તને બોલાવી હશે. તને ત્યાં માન આપવા બોલાવી નહોતી.

એમ અહીંયાં કર્મને આદર જેણે આપ્યો કે કર્મ છે, કર્મ છે. એને લઈને વિકાર કરવો પડે. કર્મના પ્રમાણમાં વિકાર કરવો પડે અને કર્મ હોય તો જ વિકાર થાય. એવા જેણે કર્મના ગાણા ગાયા ત્યાં કર્મની ચાહના (થઈ કે) ઓહોહો..! રાજાએ મને બોલાવી. આત્માએ મારો આદર આપ્યો. આ તો એક અલંકાર (કરીને) વાત કરી છે. ચાહના, ત્યાં ચાહના ક્યાં હતી? એ જાતનો અનુબંધ કર્મનો આદર આપે એટલે કર્મનો અનુબંધ નવા નવા થયા જ કરે.

અને જીવ બલવાન હોતા હૈ. હું તો આત્મા શુદ્ધ ચૈતન્ય છું. મારે અને રાગને કાંઈ સંબંધ નથી. ક્ષણિક ઉપાધિ અને નિત્યાનંદની સામે તો પછી કર્મનો સંબંધ મારે છે નહિ. એ વખતે જીવ બળવાન કહેવાય છે. અને કર્મનો આદર આપે ત્યારે એને જીવે આદર આપ્યો એટલે કર્મ બળવાન છે એમ આરોપથી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ આમાં? મોટો ભાઈ આ જુઓ શ્લોક અહીં છે હોં પૂજ્યપાદસ્વામીનો. તમારી નિશ્ચયની વાત આવે ત્યારે તમે ઘોડા થઈ જાવ સરખાઈના. અને આવી અમારી વાત ક્યાંક આવે કદાચિત્... એમ કહે છે હોં! તારી ક્યાંય આવતી નથી. સાંભળ તો ખરો હવે.

અપને અપરાધ સે. પોતાના અપરાધથી ભૂલીને જ્યારે કર્મનો આદર આપે (તો) નવા કર્મ બંધાયા વિના રહે નહિ. એની વાત કરવા માગે છે. ભાનેય કે દિ' કર્મને હતું? અમે કોણ છીએ? જગતની ચીજ કોણ છીએ એવી કર્મને ખબર નથી. અમે તે કર્મરૂપે પરિણમ્યા

છીએ કે શરીરરૂપે થયા છીએ કે એંઠાપણે થયા કે મેસુબપણે થયા, પુદ્‌ગલ ખબર છે? હાથને ખબર છે કે અમે આ રીતે થયા છીએ? લાકડીને ખબર છે? રજકણ બંધાયેલા એને ખબર છે? ખબર નથી ઈ ચાહે? વાડીભાઈ! જુઓ! આ બધું આવ્યું છે તમારે.

**'ઈસ તરહ જીવ ઔર કર્મોંકા પહિલેસે (અનાદિસે) હી બૈર ચલા આ રહા હૈ.'** લ્યો! જીવ અને કર્મનું અનાદિથી વેર ચાલ્યું આવે છે. આ કર્મનો આદર આપે તો એ માથું કાપ્યા વિના રહે નહિ. એટલે નવા બંધન કર્યા વિના રહે નહિ. અને આત્માનો આદર આપે એટલે કર્મ છૂટ્યા વિના રહે નહિ. એમ અનાદિથી ચાલ્યું આવે છે. કહો, માલચંદજી! પાઠ આવો છે હોં!

**कत्थवि बलिओ जीव कत्थवि कम्माइ हुंति बलियाइ।**
**जीवस्स य कम्मस्स य पुव्वविरुद्धाइ वहराइ।।**

અનાદિનું વેર ચાલ્યું આવે છે. શ્લોક છે એ. વાડીભાઈ!

અહીં તો કીધું ને. કોઈ વખતે કર્મનું જોર છે. એનો અર્થ? કે કર્મ તરફની તારી દૃષ્ટિ પડી છે, તને આત્મા શું તે સૂઝતું નથી. એટલે તને કર્મ જ સૂઝે છે. નજરમાં કર્મ... કર્મ... કર્મ... ભગવાને કીધા કર્મ. તારી નજરમાં કર્મ પડ્યું અને એ નજરથી છૂટી જાય એમ બને નહિ. નવું જ બંધાય છે. તારે તો નવું જ બંધાય. કર્મ કર્મનો પ્રવાહ છોડશે નહિ એમ કહે છે. આ કર્મને જ્યાં સુધી આદર આપીશ ત્યાં સુધી કર્મનો પ્રવાહ બંધ નહિ થાય. એ કર્મે હિત કર્યું એમ કહેવામાં આવે છે. અને આત્મા પોતાના સ્વભાવનો પ્રવાહ, ચૈતન્યમૂર્તિ પ્રવાહ જ્ઞાન અને આનંદના પૂરે થયેલો, જ્ઞાન અને શાંતિના સ્વભાવથી પૂર્ણ થયેલો, એમ જ્યાં પોતાનો આદર અને પ્રવાહનો સત્કાર કર્યો (તો) કર્મનું બળ નિમિત્તપણે જે કહ્યું હતું એ પણ રહેતું નથી.

**'ઈસ તરહ જીવ ઔર કર્મોંકા પહિલેસે (અનાદિસે) હી બૈર ચલા આ રહા હૈ.'** જુઓ! આ સમજવા જેવી વાત છે શેઠી! જુઓ! આ બધા પંડિતો પૂછે છે આમાંથી. દેખો! કોઈવાર કર્મનું બળ અને કોઈવાર આત્માનું. અહીં તો તમે સદાય આત્માની ભૂલ... આત્માની ભૂલ... આત્માની ભૂલ (કહો છો). કોઈ દિ' નિમિત્તની મુખ્યતા તો કાંઈ કરતા નથી. કોઈ વખતે નિમિત્તની મુખ્યતાથી, કોઈ વખતે ઉપાદાનની મુખ્યતાથી કામ ચાલે છે. જુઓ દેખો! એમાં એમ કહ્યું છે. એમ છે નહિ. સદાય આત્મા પોતાના ઊંધા ઉપાદાનને કારણે કર્મનો આદર આપે છે તો કર્મે કર્મનો અનુબંધ કર્યો, પ્રવાહ ચલાવ્યો, બંધન કર્યું, શ્રેણી ચલાવી અને ચિદ્‌વિલાસમાં આવે છે. ચિદ્‌વિલાસમાં કહ્યું છેને. કોઈ કોઈ .. નિશ્ચયથી .. એમ કહેવામાં આવે છે. તારા ભાવથી તું રખડ્યો. કર્મને લઈને કોઈ ત્રણ કાળમાં રખડતું નથી. અને જીવ પોતાના સ્વભાવની સંભાળ કરી, પોતાની સામે... ઉદયભાવ આદિ પેદા કરે. નિમિત્તમાં જોડાણ કરે અને વિકાર ન થાય? કર્મના નિમિત્તમાં જોડાણ કરે અને વિકાર

ન થાય એમ બને?

માટે કહે છે કે '**ઔદયિક આદિ ભાવોકો પૈદા કર...**' નિમિત્તથી કથન છે. '**નયે દ્રવ્યકર્મોંકો ગ્રહણકર અપની...**' નવા નવા કર્મની પ્રજા તને થયા જ કરશે. એનો આદર આપીશ તો. '**જૈસા કિ અમૃતચંદ્રાચાર્ય...**' સર્વ પદાર્થમાં અનંતા અનંતા ગુણની જેટલી વર્તમાન પર્યાય થાય એ બધી પર્યાયનો એને સ્વકાળ લબ્ધિ કહેવાય છે. અહીં કાળાદિ લબ્ધિ સ્વભાવની લેવી છે. '**કાલાદિ લબ્ધિસે બલવાન હુઆ...**' એટલે પુરુષાર્થની જાગૃતિ... કાળાદિ લબ્ધિનો અર્થ જે સમયે આત્માએ પુરુષાર્થ કર્યો તે સમયને કાળલબ્ધિ કહે છે. જે સમયે આત્માએ જ્ઞાનાનંદ છું એવો પુરુષાર્થ કર્યો તે સમયની પર્યાયના કાળને કાળલબ્ધિ કહે છે. તે સમયને નિયત અને ભવિતવ્ય કહે છે. સ્વભાવ ને પુરુષાર્થ પોતામાં કર્યો. એ ચાર આવી ગયા. એ વખતે કર્મના નિમિત્તનો અભાવ કર્મને કારણે હોય છે. એવા પાંચેય સમવાય એક સમયમાં આવી જાય છે. સમજાય છે કાંઈ?

'**કાલાદિ લબ્ધિસે...**' પાંચ બોલ થયા ને? કાળ, સ્વભાવ, નિયતિ.. સમજ્યા ને? પુરુષાર્થ અને કર્મનો અભાવ. એવી લબ્ધિ નામ પ્રાપ્તિના બળવાન હોવાથી '**અપને હિત કો અનંત સુખકા કારણ હોનેસે...**' પોતાના હિતને. હું શુદ્ધ આનંદ (છું). મારા સ્વભાવમાં આનંદની શક્તિનું ધામ છું એવી રુચિ અને પરિણતિ અને શ્રદ્ધા કરી એ આત્માએ ઉપકાર કર્યો પોતાને. '**ઉપકાર કરનેવાલે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષકો ચાહતા હૈ.**' પોતાના ઉપકાર, પોતાની મોક્ષલબ્ધિ પૂર્ણ દશાને પોતે આપી. કોઈ એને અટકાવતું નથી. પોતાની ભાવના પોતે કરે ત્યારે પોતાના બળવાનથી પોતે મોક્ષ કરે છે. કર્મ મોળા પડ્યા માટે બળવાન થાય છે એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**અપને હિત કો અનંત સુખકા કારણ હોનેસે...**' કોણ? '**ઉપકાર કરનેવાલે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષ...**' મોક્ષમાં અનંત સુખ છે. એ મોક્ષની અભિલાષા કોણે કરી? બંધનની અભિલાષા કરી તો બંધન વધે અને મોક્ષની અભિલાષા કરે તો આત્માનો સ્વભાવ પુષ્ટિ થાય અને બંધન ઘટતું જાય. બે વાત એમ છે. બંધનની ભાવના કરે તો બંધન વધશે. મોક્ષની ભાવના કરે તો મોક્ષ અને આત્માની શુદ્ધિ વધશે. એ તારા હાથના અધિકારની વાત છે. કહો, સમજાણું કાંઈ?

'**સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષ...**' પાછી મોક્ષની વ્યાખ્યા કરી છે. મોક્ષ એટલે શું? એક તો અનંત સુખનું કારણ હોવાથી મોક્ષ જ ઉપકારરૂપ છે અને સ્વાત્મોપલબ્ધિ—આત્માના પૂર્ણ આનંદની ઉપલબ્ધિ—પ્રાપ્તિ એનું નામ મોક્ષ. મોક્ષ ક્યાંય લટકવું અને ક્યાંય જાવું એ નથી. આત્માનો અંદર સ્વભાવ પૂર્ણ આનંદ અને શુદ્ધ છે એની પૂર્ણ પ્રાપ્તિ એનું નામ મોક્ષ.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

ભગવાન ત્રિલોકનાથે ટૂંકામાં આ બતાવ્યું છે.

'**યહાંપર એક સ્વભાવોક્તિ કહી જાતી હૈ કિ અપને અપને માહાત્મ્યકે પ્રભાવકે બઢનેપર સ્વાર્થકો અપની અપની ઉપકારક વસ્તુકો કૌન નહીં ચાહતા?**' દુનિયા કહેને? અમારા પટમાં આવ્યો હવે અમે કેમ અમારો એમ કે પ્રભાવ ન કહીએ. તારા પટમાં આવ્યો. પટ સમજ્યાને? શેરીમાં.. કહે છેને? છોકરા હોય છે કે નહિ? જેની શેરીમાં જાય ઓલા દબાવે શેરીવાળા. એમ અહીં કહે છે કે કર્મના પટમાં આવ્યો, જડના આદરમાં આવ્યો તો અમે જોર કરશું અને તારા પટમાં ચૈતન્યમાં જા તો એ જોર ઘટીને તારું જોર વધી જશે. વજુભાઈ! થાય છે કે નહિ છોકરાઓને? નાના નાના છોકરા એવા હોય છે હોં! એ પાંચ છોકરા ભાળેને જ્યાં અને એકલો ભાળે તો કાંઈક ઠોસા મારે, કે કાંઈક મારે. એ છોકરો આવ્યો હતો આપણો. એમ કહે છે, કર્મના પટમાં એટલે કે એના આદરમાં જો આવ્યો તો કર્મ જોર કર્યા વિના અને નવું બંધાયા વિના રહેશે નહિ. એમ દુનિયા કહે છે. એમ આમાં કર્મની ઇચ્છા કરીશ તો કર્મ વધશે અને આત્માની ભાવના કરીશ તો આત્માની પુષ્ટિ થશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

फिर भावना करनेवाला सोचता है कि देहादिक के सम्बन्ध से प्राणियों को क्या होता है? क्या फल मिलता है? उसी समय वह स्वयं ही समाधान भी करता है कि—

दुःखसन्दोहभागित्वं संयोगादिह देहिनाम्।
त्यजाम्येनं ततः सर्वं मनोवाक्कायमकर्मभिः।।२८।।

प्राणी जा संयोगते, दुःख समूह लहात।
याते मन वच काय युत, हूँ तो सर्व तजात।।२८।।

अर्थ :— इस संसार में देहादिक के सम्बन्ध से प्राणियों को दुःख-समूह भोगना पड़ता है—अनन्त क्लेश भोगने पड़ते हैं, इसलिये इस समस्त सम्बन्ध को जो कि मन, वचन, काय की क्रिया से हुआ करते हैं, मन से, वचन से, काय से छोड़ता हूँ। अभिप्राय यह है कि मन, वचन, काय का आलम्बन लेकर चंचल होने वाले आत्मा के प्रदेशों को भावों से रोकता हूँ। 'आत्मा मन, वचन, काय से भिन्न है', इस प्रकार के अभ्यास से सुखरूप एक फलवाले मोक्ष की प्राप्ति होती है और मन, वचन, काय से आत्मा अभिन्न है, इस प्रकार के अभ्यास से दुःखरूप एक फल वाले संसार की प्राप्ति होती है, जैसा पूज्यपादस्वामीने समाधिशतक में कहा है—'स्वबुद्धया यतु गृह्णीयात्०'

'जब तक शरीर, वाणी और मन इन तीनों को ये 'स्व हैं-अपने हैं' इस रूप में ग्रहण करता रहता है। तब तक संसार होता है और जब इनसे भेद-बुद्धि करने का अभ्यास हो जाता है, तब मुक्ति हो जाती है'।।२८।।

---

ફરી ભાવક (ભાવના કરનાર) વિચારે છે કે સંયોગથી શું (ફળ)? એનો અર્થ એ છે કે દેહાદિના સંબંધથી પ્રાણીઓને શું ફળ આવે?

તે જ સમયે તે સ્વયં જ સમાધાન કરે છે :—

દેહીને સંયોગથી, દુઃખ સમહૂનો ભોગ,
તેથી મન-વચ-કાયથી, છોડું સહુ સંયોગ. ૨૮.

અન્વયાર્થ :— [कर्म कर्महिताबन्धि] આ સંસારમાં [जीवः जीवहितस्पृहः] દેહાદિકના સંબંધથી પ્રાણીઓને દુઃખસમૂહ ભોગવવું પડે છે (અર્થાત્ અનંત દુઃખ ભોગવવાં પડે છે), તેથી તે સમસ્ત (સંબંધને) મન-વચન-કાયથી હું તજું છું.

ટીકા :— દુઃખોનો સંદોહ (સમૂહ)—તેનું ભોગવવાપણું અહીં એટલે આ સંસારમાં સંયોગને લીધે અર્થાત્ દેહાદિના સંબંધને લીધે હોય છે (—અર્થાત્ દેહાદિના સંબંધને

લીધે પ્રાણીઓને અનેક દુઃખો ભોગવવાં પડે છે). તેથી તે સર્વ સંયોગને (તેના પ્રત્યેના રાગને) હું સંપૂર્ણપણે છોડું છું. શા વડે કરવામાં આવતા (સંબંધને)? મન-વચન-કાયની ક્રિયાથી, મનોવર્ગણાદિના આલંબનથી આત્મપ્રદેશોના પરિસ્પન્દ દ્વારા (કરવામાં આવતા સંબંધને) જ હું છોડું છું. આનો અભિપ્રાય એ છે કે મન-વચન-કાય પ્રતિ (તેના આલંબનથી) પરિસ્પન્દ થતા આત્માના પ્રદેશોને હું ભાવથી રોકું છું, કારણ કે સુખ-દુઃખ જેનું એક ફળ છે તેવા મોક્ષ-સંસારનું તેવા ભેદાભેદનો અભ્યાસ મૂલ છે. (—અર્થાત્ આત્મા, મન-વચન-કાયથી ભિન્ન છે—એવા ભેદ-અભ્યાસથી સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે અને આત્મા, મન-વચન-કાયથી અભિન્ન છે—એવા અભેદ અભ્યાસથી દુઃખરૂપ સંસારની પ્રાપ્તિ થાય છે).

તથા 'સમાધિતંત્ર'—શ્લોક ૬૨માં કહ્યું છે કે :—

'જ્યાં સુધી શરીર, વાણી અને મન-એ ત્રણને 'એ મારાં છે' એવી આત્મબુદ્ધિથી (જીવ) ગ્રહણ કરે છે ત્યાં સુધી સંસાર છે અને જ્યારે તેમનાથી ભેદ-બુદ્ધિનો (અર્થાત્ આત્મા શરીરાદિથી ભિન્ન છે—એવી ભેદબુદ્ધિનો) અભ્યાસ કરે છે, ત્યારે મુક્તિ થાય છે.'

ભાવાર્થ :— દેહાદિના સંબંધને લીધે સંસારમાં પ્રાણીઓને અનેક દુઃખ ભોગવવાં પડે છે. માટે જીવે તે દેહાદિ સાથેની એકતાબુદ્ધિને સર્વથા છોડવી જોઈએ, અર્થાત્ મન-વચન-કાયનું આલંબન છોડવું જોઈએ અને સ્વસન્મુખ થઈ એવા પરિણામ કરવા જોઈએ કે જેથી મન-વચન-કાયનું અવલંબન છૂટી આત્મા અવિકારી થાય અને છેવટે આત્માના પ્રદેશોનું પરિસ્પંધન પણ અટકી જાય.

જ્યાં સુધી શરીર-મન-વાણીમાં આત્મબુદ્ધિ છે, ત્યાં સુધી સંસારની પરંપરા ચાલુ રહે છે, પરંતુ મન-વચન-કાય આત્માથી ભિન્ન છે, એવા ભેદવિજ્ઞાનના અભ્યાસથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. ૨૮.

---

**આસો સુદ ૪, રવિવાર તા. ૭.૧૦.૧૯૫૬**
**ગાથા-૨૮, ૨૯ પ્રવચન-૬ (૮૧૦)[૧]**

આ ઈષ્ટોપદેશ છે. એની ૨૮મી ગાથા ચાલે છે. શિષ્યે એમ પૂછ્યું છે કે અથવા ધર્મી શું કરે છે પોતાના ભાવમાં? 'ફિર ભાવના કરનેવાલા સોચતા હૈ કિ દેહાદિક સંબંધ

૧. www.vitragvani.com પ્રમાણે પ્રવચન ૮૧૦

**સે પ્રાણીઓ કો ક્યા હોતા હૈ? ક્યા ફલ મિલતા હૈ? ઉસી સમય સ્વયં હી સમાધાન ભી કરતા હૈ.**' ધર્મીજીવ પોતામાં પરપદાર્થના સંબંધે શું મળે છે અને પરપદાર્થના સંબંધ તોડે સ્વભાવમાં (જોડાવાથી) શું ફળ થાય છે? આ સંસારને વિષે દેહાદિક નામ કાર્મણ, તૈજસ, ઔદારિક આદિ આ શરીર છે એના '**સંબંધસે પ્રાણિયોંકો દુઃખસમૂહ ભોગના પડતા હૈ.**' શું કહ્યું?

આ આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આમ જ્ઞાન અને ચૈતન્ય નિર્મળ સ્વરૂપ છે એનો અંતર સંબંધ ન કરતાં અંદર કાર્મણ શરીર, તૈજસ અને ઔદારિક આદિ છે, એવા સ્વજ્ઞાન શરીરનો સંબંધ ન કરતાં, પર શરીરના સંબંધ સાથે એકત્વબુદ્ધિ કરે એ જ મહા દુઃખના સમૂહનું કારણ છે. એ દુઃખને ભોગવવું પડે છે. બહુ ટૂંકું કહ્યું છે. આત્મામાં સંયોગ સંબંધે જે પૃથક્ વસ્તુ ... આ ઔદારિક આદિ છે, એમાં સંબંધ કરે કે એની ક્રિયા હું કરું અને એને લઈને મને કંઈક લાભ થાય એવા કર્મના સંબંધમાં, એના ઉદયમાં કે આ ઔદારિક શરીરમાં પર તરફના વલણનો ભાવ એ જ દુઃખના સમૂહને ભોગવવાનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ટૂંકું.

'**અનંત ક્લેશ ભોગને પડતે હૈં,...**' લ્યો! અહીં તો સંયોગ સંબંધે રહેલી ચીજ એનું અવલંબન કરતાં, એનો આશ્રય કરતાં જીવને અનંત દુઃખ, મિથ્યાત્વ આદિ કષાયોનું અનંત દુઃખ ભોગવવું પડે છે. સમજાણું? '**ઈસલિયે ઈસ સમસ્ત સંબંધકો...**' હું એ સંબંધને છોડું છું, ધર્માત્મા કહે છે. એ કાર્મણ શરીર, ઔદારિક શરીર એની જે અવસ્થા અને જે થાઓ તે એને કારણે એમાં થાવ. મારે ને એને કાંઈ સંબંધ છે નહિ. કારણ કે હું તો એક જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યસ્વભાવ છું. એવા મારા સ્વભાવ સાથે મારે સંબંધ છે. આમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ પોતાના આત્મામાં ભાવના કરે છે.

'**સમસ્ત સંબંધકો જો કિ મન, વચન, કાયકી ક્રિયાસે હુઆ કરતે હૈં,...**' મન, વચન અને કાયા, એનું અવલંબન લઈને એ પરમાં સંબંધ થાય છે તેને '**મનસે, વચનસે, કાયસે છોડતા હૂં.**' એટલે કે પર તરફના ત્રણે યોગનો જે સંબંધ પર તરફ થાય એ બધાને છોડીને હું જ્ઞાતા-દૃષ્ટામાં સંબંધ કરું છું. બહુ ટૂંકું. કહો, સમજાય છે કાંઈ? આ મન, વચન અને કાયા અને કાર્મણ શરીર અને ઔદારિકમાં આમ સંબંધ કરવો એ અધર્મભાવ છે. શેઠી! અને જ્ઞાતા ચૈતન્યમૂર્તિ અનંત જ્ઞાનનો, આનંદનો કંદ છું એવો સ્વભાવ સાથે સંબંધ કરવો એ અનંતા ક્લેશ અને દુઃખના નાશનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? સંયોગ સંબંધે દુઃખ અને સ્વભાવ સંબંધે સુખ. આવી વ્યાખ્યા છે. બહુ ટૂંકી.

આ તો ઈષ્ટોપદેશ છેને. ઈષ્ટ નામ આત્માના હિતકરનો ઉપદેશ. આત્માનું હિત કેમ થાય. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ કેવળજ્ઞાની તીર્થંકર ભગવાને હિત કેમ કર્યું અને હિત કેમ કહ્યું. ભગવાને હિત કેમ કર્યું અને હિત કેમ કહ્યું. ... આ સંસારમાં કાર્મણ શરીર આદિ મન,

વાણી, દેહ. અહીં મન, વાણી, દેહમાં જોડાય છેને. આમ જોડાણ કરેને ત્યારે એને કાર્મણ શરીર દેહાદિમાં જોડાણ થયું કહેવાય છે. અને એના જોડાણમાં પછી ભલે પુણ્ય કે પાપ ભાવ થાવ એ બધો અહિતકર, દુઃખદાયક અને દુઃખને ભોગવવાનો જ ઉપાય છે. એમ વ્યાખ્યા કરી છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં આમ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનો અંતર સંબંધ કરતાં સ્વભાવની એકાગ્રતાથી શાંતિ, સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર પ્રગટે છે. અને પરનો સંબંધ કરતા આત્માને અંદરમાં પુણ્ય ને પાપની વિકલ્પ ને ક્લેશમય વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. એ ક્લેશમય વૃત્તિને ઠીક માનતા મિથ્યા ભ્રાંતિ અને દુઃખનો અનુભવ કરવો પડે છે. કહો, સમજાય છે કાંઈ?

એ '**મન, વચન, કાયકી ક્રિયાસે હુઆ કરતે હૈં,...**' મન, વચન અને કાયનું અવલંબન લઉં તો પરપદાર્થનો સંબંધ થાય છે. '**ઈસલિયે મનસે, વચનસે, કાયસે છોડતા હૂં.**' ત્રણ યોગનો સંબંધ જ છોડું છું. એમ કહે છે લ્યો ટૂંકામાં. ઓહોહો..! આ મનના સંબંધમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પુણ્ય-પાપના ભાવ થાય એ મનના સંબંધે દુઃખદાયક છે, અહિતકર છે. ઈષ્ટ નથી. સમજાય છે કાંઈ? મોહનભાઈ! શું સમજાય છે આમાં? અહીં મન છે ને મન? અહીં છાતીમાં આઠ પાંખડીને આકારે એવા કમળના આકારે મન જડ છે. કહે છે કે એનું આલંબન લેવા જ્યાં પરપદાર્થનો સંયોગ કરવા જાય ત્યાં એમાં પુણ્ય અને પાપના ક્લેશમય વિકારો જ ઉત્પન્ન થાય છે. એટલે કાર્મણ શરીર અને ઔદારિક શરીર તરફ એનું વલણ જતાં એકલો વિભાવભાવ જ ઉત્પન્ન થાય છે. એ વિભાવભાવ જ અનંત ક્લેશ અને દુઃખનું કારણ છે. ઓહો..! સમજાણું કાંઈ?

'**અભિપ્રાય યહ હૈ કિ મન, વચન, કાયકા આલમ્બન લેકર ચંચલ હોનેવાલે આત્માકે પ્રદેશોંકો ભાવોંસે રોકતા હૂં.**' એટલે આ આત્મા—હું એક જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય છું એના અવલંબન દ્વારા, મન, વચન અને કાયાના અવલંબન દ્વારા જે શુભાશુભભાવ થતા હતા એને સ્વભાવના અવલંબન દ્વારા એ બેય ભાવને હું રોકું છું. એમ ઉપદેશમાં તો એ આવે ને. મન, વચન અને કાયા એના વલણમાં, કાયાના વલણમાં કાંઈ પૂજા, ભક્તિ કે વ્રતનો શુભભાવ થતો હોય કે એના વલણમાં હિંસા, જૂઠું, ચોરીનો થાય, વાણીમાં સત્ય બોલું એવો શુભભાવ થાય, અસત્ય બોલું એવો અશુભ થાય, મનમાં જોડાણથી ભક્તિ, વ્રત, નિયમના વિકલ્પો ઉઠે તપસ્યા ત્યાગના. અને હિંસા, જૂઠની વૃત્તિ ઉઠે એ બધા પર તરફના ભાવના વલણમાં એકલો વિકારભાવ જ ઉત્પન્ન થાય છે. એમાં જરીએ આત્મધર્મ અને શાંતિ છે નહિ. કહો, સમજાય છે કાંઈ? એ શુભાશુભભાવ એ મન-વચન-કાયાના પર તરફના અવલંબનથી ઉત્પન્ન થાય છે. માટે તે અવલંબનને છોડી નિરાલંબ પરની અપેક્ષાએ નિરાલંબ ચૈતન્યમૂર્તિ હું આત્મા છું એમ સ્વભાવનું અવલંબન કરીને એ શુભાશુભભાવને હું

રોકું છું. એનું નામ ધર્મ અને શાંતિ કહેવાય છે. ઓહો..! કહો, સમજાણું કાંઈ?

અહીં તો હજી મન, વચન અને કાયાથી કાંઈક કરવું છે અને એનાથી લાભ મેળવવો છે. કાંઈક મન-વચન બેય સારા મળ્યા હોય. મન અહીં મળ્યું છે ને મન? ભાઈ! મન મળે તો લાભ થાય, વાણી મળે તો લાભ થાય, દેહ મળે તો લાભ થાય અને કાર્મણ કાંઈક બંધાય, કાર્મણ શરીર કાંઈક સારું બંધાય તો લાભ થાય. કહે છે કે એ બધો પરાલંબી ભાવ એ એકાંત દુઃખદાયક છે. એકાંત દુઃખદાયક છે. પછી એમાં શુભભાવ હો કે અશુભ હો. એ પરના અવલંબનના લક્ષે કોઈ દિ' શુદ્ધતા પ્રગટે નહિ. પરના અવલંબનના આશ્રયે કદી ત્રણ કાળમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે જ નહિ. સમજાય છે કાંઈ?

**'આત્મા મન, વચન કાયસે ભિન્ન હૈ,...'** આત્મા મન, વાણી અને શરીર, કાર્મણ એના સંયોગ સંબંધથી જુદો છે. અંતર દૃષ્ટિ કરતાં એ આત્મા પૃથક્ ત્રણ કાળે ત્રણ લોકમાં એ મન, વાણી ને દેહના રજકણો અને કાર્મણ શરીરથી જુદો છું, એમ અંતર ભાવના કરતાં પરનો સંયોગ છૂટે અને સ્વભાવનો સંબંધ થાય તેને ઈષ્ટ હિતકારી ઉપાય કહે છે. કહો, સમજાય છે કાંઈ? ..ભાઈ! બહુ ઝીણું ભાઈ. આ તો હજી સહેલું છે હોં બપોર કરતાં જરી. સમજાણું?

આમ બે પદાર્થ છે. એક કોર રામ પ્રભુ. એક સમય સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણ શાંતિથી ભરેલો આત્મા અને એક બાજુ શરીર, વાણી, મન, કર્મ, કાર્મણ, મન, વચન અને કાયા આ દેહાદિ બધું. એ આત્મા અંતર્મુખના વલણને છોડીને પરસન્મુખ થઈને જેટલું અવલંબન મન, વાણી, દેહનું કરે, અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રનું અવલંબન કરવા જાય ત્યાં મનનું અવલંબન આવે અને તેમાં વિભાવની જ ઉત્પત્તિ થાય છે. અને એ વિભાવ દુઃખદાયક જ છે. સીધી વાત છે. સમજાય છે કાંઈ? ભીખાભાઈ! ભીખાભાઈ દાંત કાઢે છે. આમાંથી કાઢ્યું પાછું. પણ એ જ અહીં કહે છે. અહીં તો ચોખ્ખી વાત છેને.

**'दुःखसंदोहभागित्वं, संयोगादिह देहिनाम्'** એમ છેને? **'त्यजाम्येनं ततः सर्वं, मनोवाक्कायकर्मभिः'** આ આત્માને પરના સંબંધના જોડાણ, પર સંબંધને લઈને નહિ, પણ પોતે પરનો સંબંધ કરે માટે દુઃખ થાય છે. એ તો ચીજ તો ચીજ જ છે. શરીર, વાણી, મન, કાર્મણ, ઔદારિક છે ઈ છે. પણ એનો આમ સંબંધ કરે છે, અવલંબન લે છે એ જ દુઃખ અને પરિભ્રમણ અને સંસારના રખડવાના ક્લેશનો ઉપાય છે.

એ **'આત્મા મન, વચન કાયસે ભિન્ન હૈ,...'** જુદો છે. **'ઈસ પ્રકારકે અભ્યાસસે સુખરૂપ એક ફલવાલે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...'** બહુ ટૂંકું. ભગવાન આત્મા સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ થયા એમના હુકમમાં, વાણીમાં આવ્યું અને એમણે એમ પ્રાપ્ત કર્યું કે આ આત્મા મન, વચન અને કાયા એનાથી તદ્દન જુદો છે એટલે એના અવલંબનને લેવાની તને જરૂર નથી. તારા લાભ માટે મન, વચન અને કાયાનો આધાર અને અવલંબન અને

આશ્રય લઉં એ આત્માના સ્વભાવ માટે જરૂર છે નહિ. એનાથી હું ભિન્ન છું. મન, વચન, કાયાની ક્રિયાથી, તેના કાર્યોથી, તેના અવલંબનના ભાવથી, એનાથી જુદો એટલે એના તરફનું અવલંબન એવો ભાવ એનાથી પણ હું જુદો છું. એવા આત્માને એવા અભ્યાસથી. મન, વચન અને કાયા અને કાર્મણથી જુદો છું અને પોતાના જ્ઞાન અને આનંદ સ્વભાવથી ભરપુર છું એવી આદત પડવાથી અંતરના અભ્યાસથી, અંતરના અનુભવથી સુખરૂપ '**એક ફલવાલે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ.**' એમાંથી સુખરૂપ એક જ ફળ જેનું, એક જ ફળ સુખ. બીજું ફળ નહિ. આત્માની પૂર્ણાનંદની શાંતિ એક ફળની પ્રાપ્તિ આ ઉપાયથી મળે છે. કહો, સમજાણું કાંઈ?

'**ઔર મન, વચન, કાયસે આત્મા અભિન્ન હૈ,...**' આ મન, વાણી અને દેહ. આત્મા એનું અવલંબન લઈ શકે છે અને એમાં લાભ થાય છે એવી જે બુદ્ધિ. મન, વાણી, દેહનો કાંઈ અંશ તો આત્માને લાભ કરે કે નહિ? સારા સાધન મળ્યા એ કાંઈ લાભ કરે કે નહિ? એમ જે મન, વચન અને કાયાથી પોતાને લાભમાં માને એ મન, વચન અને કાયાને આત્મા સાથે એક માને છે. '**ઈસપ્રકારકે અભ્યાસસે...**' એ પ્રકારના અભ્યાસથી '**દુઃખરૂપ એક ફલવાલે સંસારકી પ્રાપ્તિ હોતી હૈ,...**' ભારે વાત ભાઈ! લ્યો! મન ને વચન ને કાયા એનું અવલંબન લેવાથી, એનો અભ્યાસ કરવાથી '**દુઃખરૂપ એક ફલવાલે સંસાર...**' ક્યાંય સંસારમાં સુખ મળે એવું છે નહિ. અહીં તો કાઢી નાખ્યું બધું. જાધવજીભાઈ! લ્યો, આ પૈસા મળે અને એનાથી સુખ મળે એમ નથી. કહે છે, દુઃખ છે.

જેટલું મન, વચન અને કાયા... ભગવાન આત્મતત્ત્વ તો જુદું તત્ત્વ અને આ તો જડ, માટી તત્ત્વ છે. એ અજીવ તત્ત્વના તરફના અવલંબનના જે ભાવ થાય, પછી શુભ હો કે અશુભ હો, પુણ્ય હો કે પાપ હો, દયા દાન હો કે હિંસા હો, એ બધા ભાવ એ પુણ્ય અને પાપના તરફનો પર તરફના અભ્યાસનો ભાવ દુઃખરૂપ એક ફળવાળો (છે). એમાં તો એક પ્રકારનું ફળ. દુઃખરૂપ જ એક પ્રકારના ફળની પ્રાપ્તિ છે. એકલું દુઃખ? ભારે વાત ભાઈ!

આત્મા મન, વચન દેહાદિથી ભિન્નની અંતર ભાવના કરવાથી, એના અભ્યાસથી એક ફળવાળું સુખ એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને મન, વચન, કાયા અને કાર્મણ શરીરના અંતરના અવલંબન દ્વારા જે કાંઈ અભ્યાસ ને આદત ને એને ટેવ પડે એમાંથી એક ફળવાળું દુઃખ એવા સંસારની પ્રાપ્તિ થાય છે. ઓહો..!

અહીં તો કહે છે કે મનના અવલંબનમાં કોઈ દયા, દાન, વ્રતના, ભક્તિના પુણ્ય પરિણામ આવ્યા. આ એના ફળમાં સંસારની એક જ દુઃખરૂપ ફળ પ્રાપ્તિ છે. એમાં ક્યાંય સુખરૂપના ફળની પ્રાપ્તિ નથી. મોહનભાઈ! આ પૈસાવાળા સુખી છે એ ભૂલતા હશે આચાર્યો? ભૂલી નહિ જતા હોય? અરે..! આ પૈસાવાળા પાંચ, પચાસ લાખ હોય, કરોડ હોય, બીજાને મદદ કરે, સુખી થાય. સાંભળ વાત. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આમ આત્મા જ્ઞાનની

મૂર્તિ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. એના અવલંબનને છોડીને જેટલો મન, વચન અને કાયાના સંબંધમાં તારો પુણ્ય-પાપનો ભાવ થાય એના ફળમાં એકાંત દુઃખની સંસારની પ્રાપ્તિ છે. એમાં અંશે પણ ધર્મની પ્રાપ્તિ છે નહિ. ઓહોહો..! કહો, શેઠિયા! બરાબર હશે? માલચંદજી! આ બધી ક્રિયા ઉડાવી દે છે આ તો.

ભગવાન આત્મા એક સમય સેકન્ડનો અસંખ્યમો ભાગ, એના બે ભાગ. એ આત્મા મન, વાણી, દેહની સાથે આમ સંબંધ કરીને જેટલો ભાવ ઉત્પન્ન કરે એ બધો એના ફળમાં સંસાર દુઃખરૂપ જ મળે છે. શેઠી! આ પરપદાર્થનું અવલંબન મન, વચન અને કાયાના અવલંબન વિના લક્ષ પરમાં ન જાય. માટે પર તરફના અવલંબનમાં એકાંત દુઃખના ફળની પ્રાપ્તિ છે એમ કહે છે. એકાંત દુઃખ. એ કહ્યું ને. સાંભળ્યું નહિ? '**દુઃખરૂપ એક ફલવાલે સંસારકી પ્રાપ્તિ હોતી હૈ,...**'

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..! સુખ બતલાતે હૈ ઉસકો.

અહીં તો બે ભાગ છે. એક કોર આત્મા રામ અને એક કોર બધું આ ગામ. શરીર, વાણી, મન બધું, દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ પરિવાર, દેશ બધું. આત્મા પોતાના સ્વરૂપ શુદ્ધતાનો સંબંધ છોડીને જેટલો સંબંધ પરપદાર્થના અવલંબનમાં કરે, એના ફળમાં એક જ દુઃખ, દુઃખ ને દુઃખ જ છે. એમાં સુખના અંશની ગંધ એમાં છે નહિ. પછી પુણ્ય હો કે પાપ હો. બેય દુઃખના જ કારણ અને દુઃખ ફળ જ છે. ભારે વાત ભાઈ.

બે કટકા કર્યા અહીં તો. મન, વચન, કાયાથી જ્યાં જુદો તો મન, વચન, કાયાની ક્રિયા હું કરું અને એને લેખે લગાડું. મન, વચન અને કાયાનો સદુપયોગ કરું, મને આવો મનુષ્યદેહ મળ્યો. મન મળ્યું, વાણી મળી, એનો સદુપયોગ કરું, એવી જે બુદ્ધિ એ પરપદાર્થમાં જોડાણની બુદ્ધિ એકાંત દુઃખના ફળને પ્રસવે—જન્મે એવી છે. એમાં દુઃખ સિવાય કાંઈ જરીએ સુખ છે નહિ. ઓહો..! કહો, ભગવાનજીભાઈ! કહો, સમજાય છે કે નહિ આમાં?

બે વાત લીધી. આત્મા પરથી ભિન્ન છે. શરીર, વાણીની ક્રિયાથી જુદો, કાર્મણથી જુદો. આમ જુદાનો અભ્યાસ કરવાથી એકાંત સુખરૂપ મોક્ષની પ્રાપ્તિ અને પરપદાર્થનું એકપણું એનાથી લાભ થશે એવી માન્યતાથી એનો સંબંધ કરે, (તે) એકાંત દુઃખની પ્રાપ્તિ. એક કોર સંસારફળ અને એક કોર મોક્ષફળ—બે વાત છે. ત્રીજી વાત છે નહિ. વચલા વાંધાની વાત આમાં નથી. કહો, સમજાણું કાંઈ?

'**જૈસા કિ પૂજ્યપાદસ્વામીને સમાધિશતકમેં કહા હૈ–**' એ સમાધિશતકમાં શ્લોક આવી ગયો છે. '**જબ તક શરીર, વાણી, ઔર મન ઈન તીનોંકો યે સ્વ હૈં-અપને હૈં ઈસ રૂપમેં ગ્રહણ કરતા રહતા હૈ.**' મન, વચન અને કાયા. મન છાતીમાં છે જડ માટી. જેમ આ કોડો છે આ કાળો-ધોળો આ, એ માટી છે એમ અહીં છાતીમાં એક મન

છે. આ વાણી છે બોલાય એ જડ જડ ભાષા. અને શરીર. એ '**તીનોંકો યે સ્વ હૈં-**' એ મને કંઈક લાભ કરશે, કંઈક લાભ કરશે. મન મળ્યું ક્ષયોપશમ આપે, વાણી મળી સાચા ઉપદેશથી લાભ થાય, કાયા મળે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવાનો લાભ થાય. એવા મન-વચન-કાયાને એ મારા, મને લાભ કરે '**અપને હૈં ઈસ રૂપમેં ગ્રહણ કરતા રહતા હૈ.**' એમ સ્વ હૈ. એ રૂપે એને જે માને છે '**તબ તક સંસાર હોતા હૈ,...**' ત્યાં સુધી એને પરિભ્રમણ અને સંસારની ઉત્પત્તિ થાય છે. ઓહોહો..!

'**ઔર જબ ઈનસે ભેદ-બુદ્ધિ કરનેકા અભ્યાસ હો જાતા હૈ,...**' મન, વચન અને કાયાથી પણ છૂટો છું. એ ક્રિયા મારી છે જ નહિ. હાલવું, ચાલવું, બોલવું, મનના રજકણોનું ફરવું એ ક્રિયા બધી જડની છે. મારામાં છે નહિ. એનાથી જુદા પડીને જ્ઞાનનો જેટલો અભ્યાસ કરે '**તબ મુક્તિ હો જાતી હૈ.**' બહુ વાત ટૂંકી કરી નાખી, લ્યો. શરૂઆતમાં પણ પરથી છૂટા પડીને એકાંત સ્વનો અભ્યાસ તે મુક્તિનું કારણ અને પછી પણ ક્રમે ક્રમે જેટલો પરથી છૂટો પડે, પછી રાગ રહે જ્ઞાનીને—વ્યવહાર, એનાથી પણ જેટલો છૂટો પડે, છૂટો પડે તે મુક્તિનું કારણ છે. એમાં રોકાઈ જાય એટલું બંધનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ? બહુ ટૂંકી વ્યાખ્યા કરી આ તો ઈષ્ટોપદેશમાં અને સમાધિશતકમાં.

**प्राणी जा संयोगते, दुःख समूह लहात।**
**याते मन वच काय युत, हूँ तो सर्व तजात।।२८।।**

હિન્દી શ્લોક છે ઓલામાં છે. '**प्राणी जा संयोगते**' આ આત્મા જે મન, વચન, કાયા ને કાર્મણના શરીર ને ઔદારિક શરીરના અને વાણીના સંબંધથી. એનો સંબંધ કરવાના ભાવથી. એમ. '**दुःख समूह लहात**' દુઃખનો સમૂહ તે લઈને અનુભવ કરે છે. '**याते मन वच काय युत**' મન, વચન અને કાયા સહિત '**हूँ तो सर्व तजात**' ત્રણેને છોડીને જ્ઞાનાનંદ તરફનો અભ્યાસ અને અનુભવ કરું છું. આ જ્ઞાનાનંદનો અભ્યાસ મન, વચન અને કાયાનો આશ્રય છોડીને કરવો, એને ધર્મ ને સમ્યગ્દર્શન ને જ્ઞાન-ચારિત્ર કહે છે. એને મુક્તિનો માર્ગ (કહે છે). બાકી બધા પરિભ્રમણના માર્ગ છે. કહો, સમજાણું કાંઈ?

'**ફિર ભાવના કરનેવાલા સોચતા હૈ...**' વળી ધર્મી... જુઓ! આ સમ્યગ્દષ્ટિની ભાવના. સમ્યગ્દષ્ટિની ભાવના એવી નથી કે હું મન, વચન અને કાયાને અવલંબુ એટલું મને સુખ થાય. હું પરનો આશ્રય લઉં એટલો મને કંઈક લાભ થાય એવી ભાવના મિથ્યાદષ્ટિની છે. સમ્યગ્દષ્ટિને એ ભાવના છે નહિ. સમ્યગ્દષ્ટિ ધર્મીની (ભાવના તો એમ છે કે) જેટલો મન, વચન અને કાયાથી ભિન્નનો મારો અંતર અનુભવ, પરથી જુદાઈનો અનુભવ એ જ મને મુક્તિનું કારણ છે. અને મિથ્યાદષ્ટિ જેટલા મન, વચન, કાયાના સારા સાધન મળ્યા, સારો ઉપયોગ કરીએ, સદુપયોગ કરીએ, મનુષ્યનો દેહ મળ્યો, મન મળ્યું, વાણી મળી, જાણે પૈસા મળ્યા, સારા મકાન મળ્યા, આબરૂ-બાબરૂ મળી તો એની સિફારિશથી દુનિયા પાસે સારા

કામ કરાવવા. એવો પરપદાર્થના અવલંબનનો ભાવ એકાંત દુઃખદાયક, દુઃખદાયક જ છે. સંસારને પ્રસવે અને જન્મે એવો છે. એમાંથી આત્માને શાંતિનું કાંઈ કારણ નથી. કહો, ભીખાભાઈ બરાબર હશે? આ બધું જગત શું ચાલે છે આ?

'**ફિર ભાવના કરનેવાલા...**' ધર્મી પોતાને માટે વિચારે છે '**કિ પુદ્ગલ-શરીરાદિકરૂપી મૂર્ત દ્રવ્યકે સાથ જૈસા કિ આગમમેં સુના જાતા હૈ, જીવકા સંબંધ હૈ. ઉસ સંબંધકે કારણ હી જીવકા મરણ વ રોગાદિક હોતે હૈં,...**' એ સંબંધને કારણે જીવને દેહ છૂટી જાય અને હું મરી ગયો એમ માને, શરીરમાં રોગ આવે તો રોગ થયો, નિરોગ હોય તો નિરોગ થયો, આંખ ફૂટી તો હું ફૂટી ગયો, ટાંગો તૂટી ગયો તો મારો ટાંગો તૂટી ગયો. એના સંબંધને લઈને અજ્ઞાની અનાદિની આવી કલ્પના કરી રહ્યો છે.

'**તથા મરણાદિ સંબંધી બાધાયેં ભી હોતી હૈં.**' શરીરનો સંબંધ હોય તો શરીરના વિયોગે મરણ પણ થાય. મરણ એટલે એ જાતનું. અને શરીરના સંબંધમાં એ જાતનો રોગ પણ થાય. '**તબ ઈન્હેં કૈસે વ કિસ ભાવનાસે હટાયા જાવે?**' ધર્મી સમ્યગ્દૃષ્ટિ વિચારે છે એને કઈ ભાવનાથી હવે આ પરને હટાવ્યું જાય? એનાથી છૂટ્યું જાય. '**યહ ભાવના કરનેવાલા સ્વયં હી સમાધાન કર લેતા હૈ કિ–**'

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।
नाहं बालो न वृद्धोहं, न युवैतानि पुद्गले।।२९।।

સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ પોતામાં એમ વિચાર કરે છે કે '**મેરી મૃત્યુ નહીં તબ ડર કિસકા?**' એ તો શરીરનો વિયોગ થાય. એ તો પર ચીજ હતી. એનો સંબંધ થયેલો એ સંયોગનો વિયોગ થાય છે. કાંઈ મારા સ્વભાવનો સંયોગ હતો એનો વિયોગ મને થતો નથી. અરે..રે..! શરીર જો બે વર્ષ હોત ને તો કાંઈક સારા કામ કરત. મૂઢ છો. શરીરથી સારા કામ પરપદાર્થના સંબંધથી કરવા એની દૃષ્ટિ સંયોગી દુઃખદાયક અજ્ઞાન અને પરિભ્રમણનું કારણ છે.

'**મેરી મૃત્યુ...**' અરેરે..! મૃત્યુ આવ્યું હવે. શરીર છૂટી જશે. શરીર રહેશે નહિ. એમ ડર અજ્ઞાનીને લાગે છે. જ્ઞાનીને ડર લાગતો નથી. મારું મૃત્યુ નથી. હું તો અનાદિઅનંત જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ભાવપ્રાણથી જીવનારો (છું). ચૈતન્યના ભાવપ્રાણે મારું જીવન (છે). મારું જીવન કાંઈ શરીરને લઈને, પાંચ ઈન્દ્રિયો, મન, વચન ને કાયા શ્વાસ ને આયુષ્ય એવા દસ પ્રાણ જડના એને લઈને મારું જીવન નથી. અરે..! આયુષ્ય હવે ક્ષય થવા આવ્યું. હવે આ છોડવું (પડશે). સમજ્યાને? નથી કહેતા શું કહે છે એ? રાતવાસો... હવે મરવાની સન્મુખ થઈ ગયા. અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગ શરીર ઉપર છે. એના વિયોગને મૃત્યુ માને છે. જ્ઞાનીની દૃષ્ટિ અનાદિઅનંત જ્ઞાનમૂર્તિ ચૈતન્ય છું (એના ઉપર છે). સંયોગોના છૂટવાથી કાંઈ મને મૃત્યુ નથી.

'**મુજે વ્યાધિ નહીં,...**' બીજો પ્રશ્ન. આ રોગ આવે ને શરીરમાં. લ્યો, આ રોગનો

મંત્ર. ભગવાનજીભાઈ! આ શરીરમાં રોગ આવે એનું શું કરવું? કાંઈ મંત્ર-તંત્ર હશે? દોરા-ધાગા? ભાઈ, દોરો બાંધી દો અને રોગ મટી જાય. હા. ક્યો? '**મુજે વ્યાધિ નહીં,...**' એ શરીરમાં રોગની અવસ્થા થાય, મારા આત્મામાં નહિ. આત્મા તો જ્ઞાનઘન અરૂપી છે. શરીર માટી ને ધૂળ માંસ ને હાડકા છે. એમાં રોગ ને વ્યાધિ ને ઊલ્ટી ને ઝાડા, તાવ.. બુખાર-બુખાર. તાવ આવે છે ને? બુખાર આવે છે. આહાહા..! ગોટલા ચડે. શું કહેવાય એ? કોલેરા. ગોટલા ચડે, આમ લોહી નિકળે, ચાલ્યું જાય લોહી નાકમાંથી, ...માંથી, પેશાબ બંધ ન થાય, કબજિયાત થઈ જાય, છૂટે નહિ. પીડા... પીડા... પીડા... ઢોરને થાતા નથી? બળદને. બળદને થાય છે. અહીં મરી ગયો હતો ઢોર. ચારસો-પાંચસો ..પેશાબની વ્યાધિ. તરફડી તરફડીને મરી ગયો. તરફડીને. અને એ.. મહા પીડા.

અહીં કહે છે, '**મુજે વ્યાધિ નહીં,...**' શરીરમાં થતી અવસ્થા મારામાં નથી. મારા હોવાપણામાં શરીર નથી. અને શરીરના હોવાપણામાં હું નથી. એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવ શરીરની વ્યથા, પીડા, વ્યાધિ '**મુજે વ્યાધિ નહીં, તબ પીડા કૈસે?**' જુઓ! આ પીડા ટાળવાનો ઉપાય. વાડીભાઈ! દૃષ્ટિ ફેરવ. શરીરમાં રોગ થયો એનું દુઃખ નથી. 'આ રોગ મને થયો' એવી માન્યતાના અસત્ભાવનું દુઃખ છે. થાય છે તો જડમાં—આમાં અને કહે છે કે મને થયું. આ તો જડ છે. આ તો પડ્યું રહેશે થોથા. સ્મશાનમાં રાખ થાશે. આ ક્યાં તારી ચીજ છે? અરે..! મને રોગ! તે મૂઢ મિથ્યાદૃષ્ટિ ધર્મનું નામ ધરાવે અને શરીરને રોગ થાય તો એમ માને કે અરે..! મને થયો... મને થયો... મને થયો. તારા અસ્તિત્વ, તારી હયાતીમાં એ રોગની અવસ્થા આવી છે? તારી હયાતી તો અરૂપી જ્ઞાનસ્વરૂપ છે. એમાં રોગની અવસ્થા પેઠી છે? એની અવસ્થા તો ત્યાં થઈ રહી છે.

ધર્મીજીવ,... '**મુજે વ્યાધિ નહીં, તબ પીડા કૈસે?**' વ્યાધિ જ મારા આત્મામાં અડતી નથી. વ્યાધિનો એક અંશ મારા આત્માને સ્પર્શતો નથી. ભારે વાત ભાઈ! વિંછીનો ડંખ... સમજાય છે? કે સર્પનું ઝેર એ તો માટી છે, પુદ્ગલ છે. એની અવસ્થા શરીરમાં થતાં જડની અવસ્થા છે. એ જડની અવસ્થાથી મને દુઃખ ત્રણ કાળમાં નથી. ત્યારે દુઃખ શેનું છે? એ અવસ્થાના સંબંધમાં એકાંત જ્ઞાનનો ઉપયોગ રોકી દઈને આ મને થાય છે એવા ભાવ એ કરે છે. જેટલા દરજ્જે રાગ અને દ્વેષ થાય છે, જેટલે દરજ્જે પરપદાર્થમાં પ્રીતિ છે, એટલે દરજ્જે પ્રતિકૂળતામાં એને દ્વેષ થાય.

જેટલા પ્રમાણમાં શરીરમાં તેને પ્રેમ છે, એટલા પ્રમાણમાં પ્રતિકૂળતા વખતે દ્વેષ છે. આ એનું ત્રાજવું. આ એનું માપ. જેટલા પ્રમાણમાં શરીર પ્રત્યે અનુકૂળતામાં રાગ, એટલા જ પ્રમાણમાં રાગ ન ટાળે ત્યાં સુધી એવા પદાર્થ પ્રત્યે પ્રતિકૂળતામાં એટલા પ્રમાણમાં દ્વેષ. સમજાય છે કાંઈ? આનું દુઃખ નથી. એમાં અનુકૂળની માન્યતા એટલી જ પ્રતિકૂળતામાં દ્વેષનો અંશ. કહો, બરાબર છે શેઠી! શું કરવું ઓલી સારણ ચડે ત્યારે?

અહીંયાં કહે છે, **'મુજે વ્યાધિ નહીં, તબ પીડા કૈસે?'** શરીરની અવસ્થા પલટતા... પાણી આમ ચાલ્યું જતું હોય નદીને કાંઠે અને એમાં કોઈ લોહી ને માંસ ચાલ્યું જાય અને ગામનો જોનાર (એમ કહે), અરે..રે..! અમારે ગામને પાદર આ માંસ ને હાડકા. આ તો પહેલું મરી ગયું અને તણાય છે આમાં. અહીં કોણે નાખ્યું? પણ એ તો ચાલ્યું જાય છે, એ તારા ગામમાં ક્યાં અને તારા પાદરમાં ક્યાં છે? એમ શરીરની અવસ્થા, પાણીના લોઢમાં જેમ માંસ ને હાડકા તણાતા હોય અને અજ્ઞાની માને કે આ મારા, મારા ગામની પાદર મને થાય છે. એમ આ શરીરની અવસ્થા આત્માને પાદર જાણે નજીક હોય એટલે મને થાય તેવી માન્યતાનું તેને દુઃખ થાય છે. પાદર સમજો છો? પાદર શું કહે છે? ગામને પાદર. નિકટ. બસ, એ પાદર. ગોંદરે કહે અમારે.

અરે..! શરીરનો વિયોગ એ તો સ્વભાવના સંબંધને બતાવે છે. એ તો સંયોગી ચીજ હતી તો વિયોગે ગઈ. મારો જ્ઞાનપ્રાણ છે એ કાંઈ સંયોગી નથી કે જેથી કરીને એનો વિયોગ થાય. હું તો જાણનાર-દેખનાર ચૈતન્ય ભાવપ્રાણે જીવતો આત્મા, એને મરણનો ભય નહિ અને નિરોગ સ્વરૂપ મારા આત્મામાં છે. રાગનો પણ રોગ મારા સ્વરૂપમાં નથી. એવા સ્વરૂપની દૃષ્ટિમાં **'મુજે વ્યાધિ નહીં, તબ પીડા કૈસે?'** ધર્મી આમ વિચાર કરે છે.

**'ન મૈં બાલક હૂં,...'** સમ્યગ્દૃષ્ટિ વિચારે છે કે હું બાળક નથી. બાળક તો ખરો કે નહિ? શરીર બાળક હોય આઠ વર્ષનું, દસ વર્ષનું તોય સમ્યગ્દૃષ્ટિ હોય છે. આઠ વર્ષના, દસ વર્ષના બાળકનો જીવ પણ ધર્માત્મા હોય છે. અહીંયાં ભગવાન બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સીમંધર ભગવાન તીર્થંકરના સમવસરણમાં આઠ આઠ વર્ષની બાલિકાઓ, આઠ આઠ વર્ષના રાજકુમારો પણ સમ્યગ્દર્શનને પામે છે. અરે..! અમારો આત્મા બાળક નહિ. અમે બાળક નહિ. એ તો દેહ માટીની અવસ્થા છે. બાળક એટલે કે અવયવો કુણા અને કોમળ, કુમળા અવયવો એ તો જડની અવસ્થા છે. હું બાળક છું નહિ.

**'ન બૂઢા હૂં,...'** વૃદ્ધ હું નથી. શરીરની અવસ્થામાં જીર્ણતા દેખાય, કાળાના ધોળા દેખાય એ તો માટીની, ધૂળની અવસ્થા છે. એનું હોવાપણું મારા આત્મામાં નથી. અને મારો આત્મા એમાં નથી. માટે હું વૃદ્ધ છું નહિ. **'ન જવાન હૂં.'** જુવાન-જુવાન. ૨૫ વર્ષનો, ૩૦ વર્ષનો, ૪૦ વર્ષનો. જુવાન કોણ? પ્રભુ! એ તો દેહની અવસ્થા છે. બાપુ! એ જુવાન અવસ્થા વઈ જશે અને વૃદ્ધાવસ્થા એવી આવે. આમ કડ વળી જાય, ઓઠિકણ લીધા વિના બેસાય નહિ, નાકમાંથી લાળ હાલે, મોઢામાંથી લાળ નીકળે, આંખમાંથી ચીપડા નીકળે, કાને સંભળાય નહિ, ચવાય નહિ. આહાહા..! બાપા! ઘડપણ જેવા દુઃખ નહિ. એમ કહે છે ને? મૂઢ છો? ઘડપણ કોના? શરીરની અવસ્થા છે. એ તો માટીની અવસ્થાને કાળે એ આવ્યા વિના રહેશે નહિ. દાંત-બાત પડી જાય છે કે નહિ? એકેય દાંત રહેતા નથી કેટલાકને તો ૩૫-૩૫ વર્ષે. ઘણા રાખવાનો ભાવ હોય. કેટલાકને ૮૦ વર્ષે એક દાંત જાતો

નથી. એ શું આત્માનું કાર્ય છે? પણ ખાતા બરાબર આવડ્યું હશે. માવજત કરતા (આવડ્યું હશે) માટે દાંત સારા (રહ્યા) એમ હશે કે નહિ? ઊના ઊના ચા બહુ ઊના ઊના પીવે ને એના દાંત વહેલા પડી જાય, એમ માણસ વાતું કરે છે. સમજાય છે? ઊના ઊના ફળફળતા બહુ પીવે તો પેઢા ઓલા થઈ જાય. પણ એ પેઢા નીકળવાને ટાણે નીકળ્યા વિના રહે નહિ. લાખ તારા ઉપાય કર ને. એ જડની પર્યાય છે. એ વૃદ્ધાવસ્થા શરીરની અવસ્થા છે. એ જુવાન અવસ્થા હતી એ પલટીને વૃદ્ધાવસ્થા થઈ. બાળ અવસ્થા પલટીને જુવાન થઈ. એ બધી એની અવસ્થા છે. મારામાં છે નહિ. આમ પ્રથમ ધર્મી સમ્યક્ પામતા પહેલી આવી ભાવનામાં રોકાય છે. મારે કાંઈ નથી. દેહ વૃદ્ધાવસ્થા નહિ, જુવાન પણ નહિ અને બાળક પણ નહિ.

'**યે સબ બાતેં (દશાયેં) પુદ્ગલમેં હી પાઈ જાતી હૈં.**' લ્યો! એ તો બધી પુદ્ગલની અવસ્થા છે. શરીરનો વિયોગ-મૃત્યુ, શરીરમાં રોગ, બાળ, યુવાન અને વૃદ્ધ એ તો જડની અવસ્થા છે. એ મારામાં છે નહિ. એનો અર્થ છે. એ અર્થ તો ટૂંકો કર્યો છે ભાઈ આમાં. ૨૯ ગાથામાં. ઓલામાં પણ હશે. શબ્દાર્થ તો હશે ને. ૨૯ છે. ૨૯ ગાથાનો. શબ્દાર્થ આડોઅવળો છે.

'**एकोहं निर्ममः शुद्धः**' '**ઈત્યાદિરૂપસે જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ, ઐસા જો મૈં હૂં,...**' પાઠમાં તો '**न मे मृत्युः**' લીધું છેને. હવે અસ્તિથી લે છે કે હું છું કોણ? ધર્મી માને છે કે હું છું કોણ? '**જિસકા સ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ, ઐસા જો મૈં હૂં,...**' એક હૂં. શુદ્ધ છું, નિર્મમ છું, પવિત્ર છું, અભેદ એકાકાર છું. એવા આત્માની અંતર દૃષ્ટિ થઈ છે એને આત્મા અને તેને સમ્યગ્દર્શન કહે છે. '**ઉસકા પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...**' લ્યો! '**एकोहं निर्ममः**' આવ્યું હતું ને? પહેલા આવ્યું હતું કે નહિ? '**एकोहं निर्ममः**' ૨૭મી ગાથામાં. એક છું, નિર્મમ છું, શુદ્ધ છું, જ્ઞાની છું, યોગી ગમ્ય છું. જેટલા સંયોગભાવ આવે એ મારાથી પર છે. ૨૭મી ગાથામાં આવ્યું હતું. એ અસ્તિથી સિદ્ધ કર્યું છે સમ્યગ્જ્ઞાનીએ.

એક આત્મા શુદ્ધ ચૈતન્ય, પર પ્રત્યેનો મમત્વ વિનાનો મારો આત્મા. એવો જે નક્કી કર્યો. એવા આત્માને '**પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...**' એને પ્રાણત્યાગરૂપ મરણ હોતું નથી. '**કારણ કિ ચિત્શક્તિરૂપ ભાવપ્રાણોંકા કભી ભી વિછોહ નહીં હો સકતા.**' મારા પ્રાણ તો મારી પાસે છે. હું જાણનાર-દેખનાર, સુખ અને સત્તા. જાણનાર-દેખનાર આનંદ અને હોવાપણું એ મારા આત્માના પ્રાણ છે. એ પ્રાણથી કોઈ દિ' જુદો થયો નથી. કહો, સમજાણું કાંઈ? મરણ ટાણે આમ દેહ જાય. હવે હું બાપુ બે દિ'નો મહેમાન છું હોં! બસ! નાશ થઈ જશે તારો? હવે બે દિ' નો મહેમાન છું. વૃદ્ધ વળી એમ કહે, એક પછેડી બાપુ ખાલી છે હોં! છોકરાને કહે, બાપા! હમણા જુદું ન કરશો. મારું નાક કપાશે. હું મર્યા

પછી તમારે ગોલણગાડા ભલે જુદા પડવા હોય તો પડજો. જાધવજીભાઈ! એમ માણસ વાતું કરે. હમણા બાપા જુદા ન પડો. બાપુ! આ મારું નાક જાશે હોં! માટે પછી તમારે જુદા પડજો. અહીં કહે છે કે કોણ જુદા પડે અને કોણ મરે? કોણને પછેડીવાર રહે?

આત્મા તો જ્ઞાનપ્રાણ, ચૈતન્યપ્રાણ, હોવાવાળા સત્તાપ્રાણ અને આનંદ શક્તિ, એના પ્રાણથી જીવતો હું છું. મારું મરણ કોઈ દિ' છે નહિ. શરીરનો સંયોગ તે વિયોગ છે. મારા સ્વભાવ સત્તા, સુખ ને જ્ઞાન એ મારા પ્રાણનો સંયોગ નથી, એ તો મારો સ્વભાવ છે. સંયોગ નથી તો એનો વિછોહ (વિચ્છેદ) ને નાશ કોઈ દિ' થતો નથી. સમજાણું કાંઈ? જુઓ! આમાં ધર્મીની ધર્મદૃષ્ટિ કેવી હોય એવી ઓળખાણ આપે છે. જ્યાં મન-વચન ને કાયા સારા હોય, થોડો કાળ વધારે રહે અને બીજાના કામ કરવા માટે કદાચિત એકાદ ભવ કરવો પડે તોપણ વાંધો નહિ. કહે છે કે મૂઢ છે. પરપદાર્થના સંબંધથી લાભ માનનાર મોટો મૂઢ અને અજ્ઞાની પરિભ્રમણ કરનાર છે. ભાઈ! કેમ કે હું તો પરના સંબંધ વિનાની ચીજ છું. પછી પરના સંબંધને કાંઈક કાર્યકર તો હોઈ શકું. ભાઈ! મને મારા પૂરતું કામ સોંપજો હોં! એમ કહે છે ને? કામ મોટા આવી પડ્યા હોય તો કહે મારા પૂરતું કામ સોંપજો. તું કોણ છો? કે ભાઈ! હું આ શરીર, વાણી અને મન. તો શરીર, વાણી ને મન એને કામ સોંપવા છે તારે? એ તો એની ક્રિયા પ્રમાણે થયા કરે છે. ત્યારે કહે કે હું આત્મા. ત્યારે તારું કામ શું હોય તારું? તારું કામ તને શું સોંપવું? કે જે થાય તેને જાણવું-દેખવું એ તને કામ સોપું. શેઠી! મોઢા આગળ બેસાડે કે નહિ તમારી જેવા ડાહ્યા હોય એને મોઢા આગળ? રાખો કહે કે આ મોઢા આગળ બે જણાને. ભાઈ! અમારા પૂરતું કામકાજ હોય તો ચીંધજો, હોં!

અહીં ભગવાન કહે છે કે તારા પૂરતું કામ શું છે? કે તું તો જ્ઞાનાનંદ ચૈતન્ય આનંદ અને સુખસ્વરૂપ છો. એની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કર એ તારું કાર્ય છે. તારે માટે આ સોંપવામાં આવે છે. બીજું તારે માટે (નથી). કારણ કે તું નથી એમાં તને કેમ સોંપવું? વાણી શરીર, મન, એનો ત્યાગ એ તો થવા કાળે થાય. એ તને સોંપાય? કે એલા! રાખજે, ધ્યાન રાખીને હોં! બરાબર ખાજે-પીજે ને બરાબર સંભાળ કરજે. જુઓ! ધ્યાન રાખજો હોં! ભલામણ નથી કરતા? છોકરાનું ધ્યાન રાખજો, રેલમાં આમ કરજો. રેલમાં જાય ને? માથું બહાર નીકળવા દેશો નહિ, ટોપી-બોપી પહેરી હોય તો બહાર નીકળવા દેશો નહિ. ટોપી પડી જાય પછી ચાલતી રેલે ક્યાં લેવા જેવી? કેટલી ભલામણ કરે. ...ભાઈ! જૂના માણસ કરે કે નહિ? ધ્યાન રાખજો, છોકરાને વચમાં બેસાડજો, તમે મોઢા આગળ બેસજો બારણા પાસે. ઓલી કોર બારણામાં વચમાં બેસાડજો. માથું બહાર નીકળે નહિ. પાણી-બાણી લેવા જાય તો લોટો તમે લેવા જાજો, આ બેને મોકલશો નહિ. કોણ જાણે ઉલળી પડે. ભારે કામ સોંપ્યા. મા-બાપને પ્રેમ તો થાય કે નહિ?

મુમુક્ષુ :— ...

ઉત્તર :— એ કહે છે કે એનો તમને શું મોહ છે?

.. જે રીતે થવાના એ આત્મા રાખી શકે કે રોકી શકે કે કરી શકે, ત્રણ કાળમાં નહિ. કોને તું સોંપે છો? સમજાય છે કાંઈ? કેમ ફાવાભાઈ? સોંપે કે નહિ? મનહર તો હુશિયાર છે. તમને પૂછે એવો નથી. આમ રાખે, બહુમાન રાખે. રાગ રહે. જો ધ્યાન રાખજે. બેટા! ધ્યાન રાખજે. બાપા! ધ્યાન રાખજે એમ કહે. બેટા ન કહે. બાપા! ધ્યાન રાખજે. હવે બાપા તમારા કરતા હું હોંશિયાર છું. રળી દે છેને બધું કામ...

મુમુક્ષુ :— બાપો..

ઉત્તર :— છોકરાને કહે બાપા કહે ધ્યાન રાખજે હોં બાપા. શું ધ્યાન રાખવાનું કહે છે ભાઈ? આ શરીર-બરીરનું ધ્યાન રાખો, ભાઈ! ખાવા-પીવામાં સંભાળ રાખવી. નહિતર પછી આમ થઈ જાય. પરદેશના કામ, ત્યાં એકલા જાવા, એકાદ માણસ સાથે હોય. ત્યાં દવા-દારૂ કેમ .. ધ્યાન રાખજે. કહે છે કે ભગવાન! જેણે દેહના કાર્યોને આત્માના માન્યા છે એને એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. કહો, ભીખાભાઈ! શું છે આ? દુનિયાથી ભારે ઊંધું ભાઈ!

કહે છે કે પ્રાણત્યાગ. મારામાં પ્રાણ કેવો? પ્રાણ એટલે જીવનનું કારણ, મારા ટકવાનું કારણ, આત્માને ટકવાનું કારણ. એ આત્મા ટકી રહે છે એ તો જ્ઞાન, દર્શન, આનંદ અને સત્તા હોવાપણાથી ટકી રહ્યો છે. એનો કોઈ દિ' નાશ થતો નથી અને કોઈના નાશ થવા કાળે શરીર ને બીજો આત્મા એને રાખી શકે (એમ) ત્રણ કાળમાં કરી શકતો નથી. બીજાના પ્રાણ પણ જ્ઞાન, દર્શન ને આનંદ એની પાસે છે. એના શરીરના વિયોગ કાળે શરીરનો વિયોગ થાય. એ અજ્ઞાની માની બેસે કે હું મરી ગયો એ તો એની માન્યતાની ભૂલ છે. કાંઈ શરીરનો વિયોગ એને દુઃખનું કારણ નથી. એની માન્યતા એને દુઃખ કરે છે કે હું મરી જાઉં છું, ભાઈસાહેબ, મરી જાઉં છું. પણ કોણ મરે? ત્રણે કાળે રહેનારો જ્ઞાનસ્વભાવ સત્તાવાળો આત્મા મારે પ્રાણનો ત્યાગ અંતરના ભાવનો હોતો નથી. બાહ્ય ત્યાગ તો મારામાં છે જ નહિ. એ ચીજ જ મારામાં નથી તો એને છોડવું એમ (બને નહિ) અને છૂટતાં દુઃખ થાય એ મારામાં છે નહિ.

'**કારણ કિ ચિત્શક્તિરૂપ ભાવપ્રાણોંકા કભી ભી વિછોહ નહીં હો સકતા. જબ કિ મેરા મરણ નહીં, તબ મરણ કે કારણભૂત...**' જરી દાખલો આપ્યો છે. મરણ નહિ. '**મરણ કે કારણભૂત કાલે નાગ...**' દુનિયા કહે છે ને? પાઠમાં છે હોં! '**कृष्णसर्पादिभींति**' કાળો નાગ આમ મોટો હોય ને. કાલે શામજીભાઈ કહેતા હતા ભાઈ. કાળી નાગણ નીકળી હતી. નીકળી હશે આમ ફેણ મારીને. ગરમી બહુ હતી ને. પકડીને નાખી આવ્યા. ગરમી હોય તો... માણસ હોય ત્યાં બધું આવે. આવે કે નહિ? માણસ હોય તો એકલા નથી ફરતા જંગલમાં? જંગલમાં મોટા સર્પ જોયા છે. એવા સર્પ. અમે

તો છેટે જઈએ જંગલમાં, એવા સર્પ જોયા ક્યાંય ભાળ્યા ન હોય. એ મોટા ચાર-પાંચ-છ હાથનો લાંબો અને આવડો જાડો લાલચોળ. પાણી પીતો હતો. .. આમ ઉડીને .. બોટાદની વાત છે. ઘણા જંગલમાં પડ્યા હોય. માણસ ન હોય ત્યાં એકલા પડ્યા હોય. એ એક જીવ છે કે નહિ? એ જીવ અને શરીર જુદા છે પણ બે (છે એમ) ભાન છે નહિ.

અહીં કહે છે કે **'કાલે નાગ આદિકોંસે મુજે ભય ક્યોં?'** દુનિયા તો એમ કહે છે ને એય..! કાળો નાગ .. આહાહા..! શું છે? એ પ્રાણ જ દેહના છે, એ પ્રાણ જડના છે. પાંચ ઈન્દ્રિયો મન, વચન અને કાયા, શ્વાસના એ જડ, માટી, ધૂળ છે. એ ધૂળનો વિયોગ થાય તો મારામાં ક્યાં હતો એ? માટે આમ .. દેખીને હાય... હાય...! શું છે હાય-હાય? કાળો નાગ દેખીને આમ જાય ને.. હાય-હાય. છોકરાને થયું હતું ને? એક મોઢના છોકરાને દુકાનમાં સર્પ કરડ્યો હતો. દુકાનમાં અહીંયા. કરડ્યો એટલે એકદમ કોણ જાણે દુકાનમાંથી આવ્યો મોટો જબ્બર, કરડીને વયો ગયો. એક આમ બોલ્યો બાપા! બાપ તો નહોતો પણ હવે હું જીવીશ નહિ. સર્પ મોટો આવડો. લઈ ગયા અહીંથી સિહોર. ત્યાં રસ્તામાં મરી ગયો. પછી વળી એક ઓલો હતો ઉતારનાર. શું કહેવાય? વાદી. મને બોલાવ્યો હોતને. હવે નાખ્યા સાલ. મને બોલાવ્યો હોત ને તો હું રાખી દેત હોં! ત્યાં ક્યાંક કરી દેત. પછી તો એને બોલાવ્યો હતો ખરો ઓલો સર્પ પકડવા. દુકાનમાં સર્પ હતો.

અહીં કહે છે, અજ્ઞાનીને સર્પના, કાળા નાગના ભય છે. પ્રાણ જવાને કાળે જશે અને તે પ્રાણ તો મારામાં તો છે નહિ. મારામાં હોય એ જાય તો મને ભય થાય. મારામાં તો એ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ પુદ્ગલની.. પાઠમાં આવ્યું ને? **'પુદ્ગલમેં હી પાયી જાતી હૈ.'** **'न युवैतानि पुद्गले'**. એ તો પુદ્ગલની દશા, જડની અવસ્થા છે. સર્પ હો કે સર્પનું કરડવું હો કે શરીરમાં.. એ તો જડની (અવસ્થા છે), મને કાંઈ છે નહિ.

**'કાલે નાગ આદિ...'** આદિ એટલે એ પ્રમાણમાં ... મોટા કાળા એવા થાય છે. કાળા વિંછી લાંબા આવડા. એવા વિંછી. મરી જ જાય, કરડે ને મરી જાય. એક મરી ગયો નહિ? ગઢડામાં નહિ? લાઠીવાળો છોકરો. વિંછી કરડ્યો ને ભાઈ, છોકરો મરી ગયો. બહુ વિંછી આકરો. બહુ વિંછી. છોકરો જુવાન. એવો વિંછી કરડે. એવા વિંછી થાય છે. એક ફેરી મેં જોયું હતું. આવડો લાંબો વિંછી અને કાળો આવડો મોટો. આમ ચાલ્યો જાય અંદર. એ કરડે તો મરી જ જાય. પણ એ આયુષ્ય પૂર્ણ થવાનો કાળ હોય ત્યારે એવું નિમિત્ત હોય. પણ એ તો પ્રાણ જડના છે. મારા પ્રાણમાં કોઈ દિ' કોઈ કરડતું પણ નથી અને એનો વિયોગ મને કોઈ દિ' થતો નથી.

**'અર્થાત્ મૈં કિસીસે ભી નહીં ડરતા હૂં.'** મારામાં જ્યાં શરીર જ નથી, શરીરની અવસ્થા નથી તો મને ડર શેનો? **'ઈસી પ્રકાર વાત, પિત્ત, કફ આદિકી વિષમતાકો વ્યાધિ કહતે હૈં,...'** લ્યો! એ વાત, પિત્ત ને કફ—ત્રણની વ્યાધિ એ તો જડમાં થાય

છે. મને થતી નથી. વાયુનો પ્રકોપ છે, કફનો પ્રકોપ છે, પિત્તનો પ્રકોપ છે. એમ નથી કહેતા? પિત્તનો આને પ્રકોપ છે તો માથે આમ થાય છે. વાયુનો પ્રકોપ છે. એ કહે છે કે એની વિષમતા... અર્થાત્ ત્રણ (સમતોલ) હોય તો રોગ ન રહે. ત્રણમાં જ્યાં ફેરફાર થાય એટલે વ્યાધિ કહે છે. **'ઔર વહ મુજે હૈ નહીં,...'** એ પુદ્‌ગલમાં છે, મારામાં નથી. જુઓ! આ ઉપાય. ભગવાનજીભાઈ! રોગ મટાડવાનો ઉપાય આ છે. બીજો નથી. કહો, સમજાણું કાંઈ? રવિભાઈ! જુઓ! આ વૈદું આવે છે. અહીં જુઓ આવી જાતનું વૈદું. અફર વૈદું. ઓલામાં તો .. વળી જાય. પચાસ હજાર ખર્ચ્યા. કેટલા હજાર ખર્ચ્યા એક જણે. કોલસાવાળો હતો ને કો'ક અહીંયાં. છોટાલાલ જમનાદાસ. કેટલા બબ્બે હજારના દનીયા. જ્યાં થયું ને છેલ્લે ખલાસ. ઉપડો. ધૂળ પચાસ હજાર, લાખ, શું પચાસ લાખ નાખે તો કોણ રોકતું હતું. એની અવસ્થા પૂરી થવાને કાળે. પ્રાણ છૂટવાના જે સમયે છૂટવાના. ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરવી શકે નહિ. લાખ તારા કરોડ ઉપાય કર. પણ એ મારામાં જ નથી. ધર્મી વિચારે (છે), કોને વિયોગ થાય?

**'ઔર વહ મુજે હૈ નહીં, કારણ કિ વાત આદિક મૂર્તપદાર્થસે હી સંબંધ રખનેવાલે હૈં.'** વાયુ, કફ તો જડની સાથે સંબંધ છે. મારી સાથે છે? આત્મા તો અરૂપી છે, જ્ઞાનસ્વરૂપી છે. અરૂપી જ્ઞાનસ્વરૂપી. એ જડની વ્યાધિનો સંબંધ આત્માને છે નહિ. એમ ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ આમ ભાવના કરે છે. અજ્ઞાનીને તો આમ જરી થાય તો હાય-હાય મરી ગયા. અરેરે..! આ નહિ હવે રોગ મટે હોં! ભાઈ! રોગના ઘણી વાર હુમલા આવે છે. પણ આ હુમલો કોઈ જુદી જાતનો લાગે છે. આમાં બચાવનો કોઈ ઉપાય મને દેખાતો નથી. કોના બચાવનો? ભાઈ! તું તો આત્મા છો. અને જ્ઞાન એટલે જાણનાર-દેખનાર સ્વભાવવાળો છો. એમાં આ પુદ્‌ગલની વિષમતાથી વ્યાધિ થાય. લ્યો, અહીં તો ઉડાડી દીધું. વ્યાધિ થાય એ દુઃખમાં નિમિત્ત તો ખરું કે નહિ? વ્યાધિ થાય એ દુઃખમાં નિમિત્ત (તો છેને?) ના. આ તું દુઃખભાવ કર તો એને કારણ નિમિત્ત કહેવાય, નહિતર એને નિમિત્ત કહેવાય નહિ. આ મારો દેહ છૂટ્યો એમ માન તો તને નિમિત્ત દેહ છૂટવાનું (કહેવાય). ભાઈ! મારા મગજને.. મગજ ગાંડુ થઈ ગયું છે. ગાંડા પણ થઈ જાય છેને. બફમ થઈ જાય. બહુ ... લવારો થઈને ભૂલી જાય. એ મગજ ઉપર વાત ચડ્યું માટે નથી. એના જ્ઞાનનો ઉપયોગ તેના જડના અસ્તિત્વમાં જોડી દીધો છે. અને મારું જ્ઞાનસ્વરૂપ છે એમાં જોડતો નથી. માટે હું ગાંડો થઈ જઈશ એમ અજ્ઞાનીને ભાસે છે. જાણનાર જે ઉપયોગ વેપાર એને પરમાં આમ જોડી દે. અરેરે..! મને આમાં કાંઈક થાય છે હોં! એ અહીં નળી-નળી, રગ-રગ આમાં કાંઈક થાય છે. કરકરકરરર થાય છે. અને કરતાં કરતાં મારું ચક્કર ફરી ગયું. ભાન નથી, ભાન નથી. જ્ઞાનસ્વરૂપ અરૂપી અને આ તો હાડકા. આ તો સ્મશાનમાં રાખ થાય ખબર નથી? ઘણાના થઈ ગયા અને ઘણાના થાય છે અને થાશે.

'**જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી?**' એ મારામાં નથી. એ મને જ નથી. મને નથી તો વ્યાધિ શેની? એનામાં હોય તો વ્યાધિ મને શેની? જડમાં હોય તો મને શેની અને મને નથી તો મને વ્યાધિ શેની? '**ઉસી તરહ મૈં બાલ વૃદ્ધ આદિ અવસ્થાવાલા ભી નહીં હૂં.**' લ્યો, હું બાળક પણ નથી. અરે..! હું કોમળ શરીર, ... બાળક. મા-બાપ હોય તો મોટા કરે ઉછેરીને. બાપા! બાળક અરે..રે..! મા-બાપ વિનાના થઈ ગયા. એમ નથી કહેતા? નાની ઉંમરમાં થાય. ઓલામાં પણ આવે છે કે નહિ? બહેન મરી .. ગીત ગાય આવે છે ને? ભાઈ મરે. .. એમ કાંઈ કહે છે. ઓલા આવે છે રામચંદ્રજીનું. આવે છે ને લક્ષ્મણનું. એવું આવે છે. ઘણા વર્ષ પહેલા શીખેલા ત્યાં પાલેજ. બહેન મરે ત્યાં દિશા જાય. એ દિશા તરફ. ભાઈ મરે ભવ હારીએ, બહેની મરે દિશા જાય. નાનપણામાં જેની મા મરે એને ચારેય દિશાના વા વાય. એમ ભાઈ કહેવાય છે. દુનિયામાં એમ કહેવાય છે. કોને વા? બાળકપણું જ હું નથી.

સમ્યગ્દષ્ટિ આઠ વર્ષની કન્યાને આત્માનું ભાન થયું હોય. બાળક કોણ છે? અમે તો આત્મા છીએ. અમને કોઈ નષ્ટ કરી શકતું નથી. આધાર અમારો ચૈતન્ય શરણ છે. અમને કોઈ વૃદ્ધાદિ, બાળાદિ અવસ્થા અમારામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? અંજના સતી મહા પતિવ્રતા. એના પેટમાં પુત્ર હતો—આ હનુમાન. સમજાય છે? છતાં પતિ.. સાસુએ એને કાઢી મૂકેલા જંગલમાં. એકલા જીવ સોતા રાણી.. મહા પતિવ્રતા સતી. અરે..! અમે આત્મા છીએ. આ શું? આ પ્રતિકૂળતા હો, એને ઘરે રહી. જરી રાગ આવે તો વળી દુઃખ જરી લાગે. પણ અંદરમાં અમે તો એકલા આત્મા (છીએ). જંગલમાં હોય તોપણ એકલા અને રાજમાં હોય તોપણ એકલા. અમારું કોઈ છે નહિ. એવી સતીઓ જંગલમાં રહેતા આત્માના જ્ઞાનમાં મોજ કરતી હતી. મોજ કરે છે. આ અમારો કોઈ પૂર્વનો પુણ્યનો ઉદય... લઈ ગયા

એમ સીતાજી. હુકમ કર્યો રામચંદ્રજીએ જાવ. ઓલાને કહે, જંગલમાં લઈ જાઓ. અરે..! નાથ! શું હુકમ? છોડી દો તમે. બધા કહે છે કે આવો અન્યાય રામચંદ્રજી કરે? રાવણને ઘરે રહેલીને રાખે? છોડી દ્યો એને. જંગલમાં લઈ ગયા પછી. માતા! રામચંદ્રજીનો હુકમ છે કે અહીંયાં છોડી દેવામાં આવે. રોવે... રોવે... રોવે.... માતા! રામચંદ્રજીનો હુકમ છે. ભાઈ! મુંઝા નહિ. ધર્મનું શરણ છે. કહેજે રામચંદ્રજીને, આત્માનું શરણ.. મને છોડી ધર્મને ન છોડે. જંગલમાં. બે જીવ તો પેટમાં છે. લવ અને કુશ. એ ધર્માત્મા આનંદ જ્ઞાનમાં રમતા હતા. પણ રાગ હજી પૂર્ણ ટળ્યો નથી. માતા! તને મૂકી આ સિંહ અને વાઘની વચમાં. રોવે... રોવે... રોવે... ઓલો રથનો (હાંકરનાર) ભાઈ! તેં રાજનો હુકમ .. છે. એ પ્રમાણે કરજે. મારી ચિંતા ન કરીશ. અમે આત્મામાં આનંદમાં છીએ. ઓહોહો..! સમજાય છે કાંઈ? કહેજે રામચંદ્રજીને કે લોકને ખાતર મને તજી, લોકને ખાતર ધર્મ ન તજે.

ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિનો જે અનુભવ કરો છો એમાં રહેજો. રાગાદિ લોકની

દરકાર કરશો નહિ. એ વખતે ધર્મ શરણ સંભાર્યું છે. સમજાણું કાંઈ? પ્રતિકૂળતા હો તો એને ઘરે, અમે તો અમારા આત્મ-ઘરમાં છીએ. અમે અમારા ઘરમાંથી બહાર નીકળીને બીજા દુઃખના કારણ એમ માનતા નથી. કહો, સમજાણું કાંઈ? જુવાન અવસ્થા હો, વૃદ્ધ અવસ્થા હો, બાળ અવસ્થા હો. .. અવસ્થા હો. ધર્મીજીવ.. રાગ હોય ત્યાં સુધી અમુક ક્રિયા હોય છે પણ અંતરમાં રાગ ને ક્રિયાથી પૃથક્ આત્માને અનુભવી રહ્યા છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એની પૂર્ણતાની અમને પ્રાપ્તિ નથી માટે જરી રાગાદિ થાય પણ તેની હેયબુદ્ધિ જ્ઞાનીને વર્તે છે. દેહાદિની અવસ્થા અમને નથી. અમે બાળ પણ નથી, વૃદ્ધ પણ નથી, જુવાન પણ નથી.

**'તબ બાલ વૃદ્ધ આદિ અવસ્થાઓંસે પૈદા હોનેવાલે દુઃખોં-ક્લેશોંસે મૈં કૈસે દુઃખી હો સકતા હૂં?'** બાળક છે માટે આ દુઃખ થાય. કોઈ સાંભળે નહિ મારી વાત. દીકરી જ્યારે રાંડે ત્યારે દુનિયા 'દુઃખી છે' એમ કહી દે. દુઃખાણી. પણ શેની દુઃખાણી? દુઃખાણી છે જ ક્યાં? .. એને ધણી ન મળે, બાપા! એને દુઃખ છે. બાપા! દુઃખ એ નથી. આત્મા જ્ઞાનાનંદ છે એની દૃષ્ટિ કરે તો સંયોગ તો વિયોગે જાય છે, વિયોગને કારણે. ધણી જ કે દિ' આત્માને હતો તો વયો ગયો છે? સહજાનંદ પોતે ચૈતન્યસ્વામી છે. જ્ઞાનાનંદનો હું સ્વામી છું. રાગનો પણ સ્વામી નથી તો પરનો સ્વામી અને પર મારો સ્વામી, પરનો સ્વામી અને પર મારો સ્વામી એ જ્ઞાનીની દૃષ્ટિમાં છે નહિ. સમજાણું કાંઈ?

**'બાલ વૃદ્ધ આદિ અવસ્થાઓંસે પૈદા હોનેવાલે દુઃખોં-ક્લેશોંસે મૈં કૈસે દુઃખી હો સકતા હૂં? અચ્છા યદિ મૃત્યુ વગૈરહ આત્મામેં નહીં હોતે, તો કિસમેં હોતે હૈં?'** મૃત્યુ, રોગ, બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા જો આત્મામાં નથી તો ક્યાં થાય છે? 'ઈસકા જવાબ યહ હૈ કિ...' '**एतानि पुद्गले**' એ તો જડમાં થાય છે, માટીમાં થાય છે. આત્મામાં છે નહિ. એમ પુદ્‌ગલ અને આત્માને અંતર ભિન્ન કરીને ભાવના કરવી એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. અને પરની સાથે જોડાણ કરીને ભાવના કરવી લાભની એ મિથ્યાત્વ અને દુઃખનો માર્ગ છે.

**'યે મૃત્યુ-વ્યાધિ ઔર બાલ વૃદ્ધ આદિ દશાએં પુદ્‌ગલ-મૂર્ત શરીર આદિકોંમેં હી હો સકતી હૈં. કારણ કિ યે સબ મૂર્તિમાન પદાર્થોંકે ધર્મ હૈ.'** મૃત્યુ એ શરીરનો ધર્મ, રોગ એ શરીરનો ધર્મ. બાળ, યુવાન, વૃદ્ધ એ શરીરનો સ્વભાવ. એનો સ્વભાવ કહો કે ધર્મ કહો. મારા આત્મામાં છે નહિ. એમ પરથી ભિન્નતાની ભાવના, (સ્વની) એકાગ્રતા, એકાંત સુખના ફળની પ્રાપ્તિ છે. અને પરની સાથે એકબુદ્ધિથી જરી પણ લાભ માનવો એકાંત સંસારના દુઃખના ફળની પ્રાપ્તિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)